
પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

સંસ્થાપક : રવિશંકર રાવળ

કુમાર

વર્ષ : એકોતેરમું
ડિસેમ્બર
ઓગણીસસો અઠ્ઠાણું

તંત્રી : ધીરુ પરીખ
સળંગ અંક
આઠસો એકાવન



એક શિલ્પાકૃતિ • લાગે છે ને કોઈ આધુનિકતાવાદી કલાકારનું સર્જન ? પરંતુ વાસ્તવમાં ૩૦૦૦ વર્ષ પૂર્વે કોઈ અનામી કલાકારે તાંબાના પતરાને કોરીને કરેલી આ છે માનવાકૃતિ (વારાણસી : 'ભારત કલા કેન્દ્ર')



મડોના અને શિશુ : માતા મેરી અને શિશુ એ યુરોપના ચિત્રકારોનો પ્રિય વિષય રહ્યો છે. અહીં આપેલું આ ચિત્ર ૧૫મી સદીમાં ઈટલીની ફ્લોરેન્ટાઈન સ્કૂલના ચિત્રકાર સૅન્ડ્રો બોટિસેલી દ્વારા તૈયાર થયેલું છે. રેનેસાં કાળના આ ચિત્રકાર સૅન્ડ્રોએ પોતાની કારકિર્દીનો આરંભ કોઈ સોનીને ત્યાં શિખાઉ કારીગર તરીકે કરેલો. એણે પ્રશિષ્ટ તેમજ ધાર્મિક વિષયોનાં અનેક ચિત્રો કરેલાં છે, તેમાંનું આ એક જાણીતું ચિત્ર છે. શિશુની માતા તરફ મંડાયેલી અને માતાની શિશુ પર મંડાયેલી અર્ધનીમિલિત આંખો માતૃવાત્સલ્યનું ભાવાત્મક આલેખન કરે છે. આ ચિત્રની રંગશૈલી અને પાત્રોની અંગાંગ-સંયોજના વાસ્તવ સાથે કલ્પનાનો સુમેળ કરે છે.

કુમાર
KUMAR
Editor : DHIRU PARIKH
Phone : 2143745
પૂરા પરિવારનું સુરુચિપૂર્ણ સર્વલક્ષી સામયિક
An Encyclopedic Family Magazine of High Taste
1454, Raipur Chakla, Ahmedabad - 380 001. INDIA

અનુરોધ-પત્ર

સુજ્ઞ સ્નેહીશ્રી,

આપ ઘણા સમયથી 'કુમાર'ના ગ્રાહક રહ્યા છો. આપ એ પણ જાણો છો કે 'કુમાર'ને પંચોતેર વર્ષ પૂરાં થશે. કલાગુરુ રવિશંકર રાવળે સ્થાપેલું અને પીઢ પત્રકાર બચુભાઈ રાવતે સંવર્ધેલું 'કુમાર' માસિક, વચ્ચે ત્રણેક વર્ષના વિરામ સિવાય, એકધારું સંસ્કારપોષક અને જ્ઞાનવર્ધક વાચનસામગ્રી પીરસતું આવ્યું છે. એનું સર્વક્ષેત્રીય (ઇન્સાઇક્લોપીડિક) કાઠું ઉત્તરોત્તર ગજું કાઢતું રહ્યું છે. અમને શ્રદ્ધા છે કે એનું વાચન આપને સંતર્પક રહ્યું હશે.

આ ૭૫મા વર્ષના વિશિષ્ટ અવસરે અમે આપને આ પત્રથી અનુરોધ કરીએ છીએ કે આપ જો ગ્રાહક તરીકે બંધ હો તો આપનું લવાજમ રૂ.૧૦૦ મોકલી આપી આપનું ગ્રાહકપદ તાજું કરાવી લેશો. આપ જો ગ્રાહક તરીકે ચાલુ હો તો નવા વર્ષનું લવાજમ મોકલી આપી ગ્રાહકપદ તાજું રાખી આ સંસ્કારપત્રને પ્રોત્સાહક થશો.

પરદેશનું લવાજમ હવાઈમાર્ગે રૂ.૭૫૦ અથવા ડૉલર ૨૦ અથવા પાઉન્ડ ૧૫ રાખવામાં આવ્યું છે. લવાજમનો ડ્રાફ્ટ / ચેક 'કુમાર કાર્યાલય લિ.'ના નામનો લખવા વિનંતી છે. બહારગામની બૅન્ક પરના ચેક ઉપર રૂ.૧૫ = ૦૦ બૅન્ક - કમિશનના ઉમેરશો.

આ અવસરે એક બીજી પણ ખાસ વિનતિ કે આપ એક નવા ગ્રાહક મેળવી આપી આપનો સદ્ભાવ સક્રિય રીતે પ્રકટ કરશો.

અમને શ્રદ્ધા છે કે અમારી આ અપીલનો આપના તરફથી સાનુકૂળ પ્રતિભાવ સાંપડી રહેશે.

આપના આગોતરા આભાર સાથે.

સ્નેહાધીન

તંત્રી : **'કુમાર'**

હીરાલાલ હરીલાલ ભગવતી (ચેરમેન)
ભાલચંદ્ર રતિલાલ શાહ
બિહારીલાલ પોપટલાલ શાહ
(ડિરેક્ટરો)

દેહદાન

રક્તદાન, ચક્ષુદાન, ચર્મદાન અને દેહદાનનો ઇતિહાસ તાજો છે. પોતાનાં સગાં માટે પોતાનું લોહી આપવા તેનાં સ્વજનોને સમજાવવું એ કપરું કામ હતું. બહારથી ગમે તેટલા પૈસા ખર્ચી લોહી મેળવવા દર્દીનાં સગાં તૈયાર હતાં, પણ પોતાનું લોહી આપવા કોઈ રીતે તૈયાર ન હતાં. ધીમે ધીમે સમજાવટથી અને તેની જરૂરીઆત અવારનવાર પોતાના કુટુમ્બમાં ઊભી થતાં, બીજાં પણ લોકો લોહી આપી આ સેવા બજાવે છે તો આપણે પણ કેમ ન આપી શકીએ એ ભાવનાથી લોકોમાં લોહી આપવાની વૃત્તિ જાગવા માંડી. બીજાના લોહી દ્વારા અનેક રોગો આપણા કુટુમ્બનાં સભ્યોને લોહી આપ્યા પછી થઈ શકે છે તે જાણ્યા પછી પોતાનું લોહી આપવા માટે સગાંઓમાં ઇચ્છા થવા લાગી. આમ રક્તદાનની પ્રવૃત્તિ છેલ્લાં વીસ વર્ષથી વધારે પ્રચલિત બની છે. આ જ વસ્તુને આગળ વધારતાં નવું સૂત્ર આવ્યું - 'યુવાનીમાં રક્તદાન, મૃત્યુ બાદ ચક્ષુદાન - ચર્મદાન અને છેવટનું દેહદાન.'

ભાવનગરમાં દેહદાનની પ્રવૃત્તિ ૧૯૬૨ની સાલથી શરૂ થયેલી. તે માટેનો યશ શિશુવિહારના મુ. માનભાઈ ભટ્ટને જાય છે. ખૂબ જૂજ પ્રમાણમાં મળતાં આ રીતનાં દેહદાનની પ્રવૃત્તિ ૧૯૮૦ પછી વધારે વ્યવસ્થિત અને મોટા પાયા પર વિકસી. મેડિકલ કૉલેજમાં ક્યારેય પણ મૃતદેહની છત થયેલ જ નથી. હવે તો મેડિકલ કૉલેજ સિવાય આયુર્વેદ, હોમિયોપથી અને નૅચરોપથીનો અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે પણ મૃતદેહની ખૂબ જરૂર પડે છે.

જ્યાં જ્યાં મેડિકલ કૉલેજ છે તે તે સ્થળે મૃતદેહને તરત પહોંચાડવો શક્ય છે, છતાં પણ દૂરની જગ્યાએથી મેડિકલ કૉલેજ સુધી તેને પહોંચાડવો મુશ્કેલ બને છે. આમ છતાં, તબીબી તરકીબોથી તેને જાળવી શકાય છે.

<u>દેહદાન માટે નીચેની બાબતો જરૂરી છે :</u>

(૧) દેહદાતાનાં સગાંસંબંધીઓનું આ દેહદાન માટેનું મંજૂરીપત્ર. (૨) ફેમિલી ડૉક્ટરનું સર્ટિફિકેટ કે દેહદાતાનું મૃત્યુ કુદરતી કારણસર થયેલ છે, અને તેમાં કોઈ અકસ્માત કે ભેદી કારણ સમાયેલ નથી. (૩) મૃતદેહને મેડિકલ કૉલેજમાં લઈ જવાની મંજૂરી આપતું સ્થાનિક પોલીસ વડાનું મંજૂરીપત્ર. (૪) મેટાડોર, શબવાહિની કે ઍમ્બ્યુલન્સ દ્વારા મૃતદેહને કૉલેજમાં લઈ જવાય છે. (૫) છેલ્લે મૃતદેહની માનપૂર્વકની અર્પણવિધિ અને સ્વીકારવિધિ. દેહદાન દિવસના કે રાત્રિના કોઈ પણ વખતે વિના વિલંબે થવું જરૂરી છે. તે માટે સેવાભાવી કાર્યકરોની મદદ વગર આ શક્ય બનતું નથી. ક્યાંય પણ આ કાર્ય પૂરી ઝડપથી પૂરું કરી શકાય નહિ તો આ પ્રવૃત્તિને ઠેસ લાગતાં વાર લાગતી નથી. ઉપરની દરેક પ્રવૃત્તિ માટે તમારે ઠેર ઠેર પૈસાની જરૂર પડે છે. એ કોણ આપે? આ માટે દેહદાન આપનારનાં સગાંઓ પાસે પૈસા માગી શકાતા નથી. તેઓની એવી લાગણી જોવાઈ છે કે, અમે દેહને તો દાનમાં આપી છીએ અને તેની ઉપર આ દક્ષિણા! માટે કોઈ સંસ્થાના નેજા હેઠળ આ પ્રવૃત્તિ ચલાવવી અને તે માટે જરૂરી પૈસાનું ભંડોળ ઊભું કરવું જોઈએ. આ પ્રવૃત્તિ જારી રહી શકે તે માટે સ્થાનિક વર્તમાનપત્રોમાં તેની યોગ્ય જાહેરાત થવી જરૂરી છે. ભાવિ દેહદાતાઓએ પોતાનાં વસિયતનામાં કરાવી લેવાં અને દેહદાતાના ફોટાવાળાં સર્ટિફિકેટ તેમની પથારી પર રહે તે રીતે મઢાવીને મૂકવાં જરૂરી છે. ઘણી વાર અચાનક અવસાનના સમયે દેહદાતાની ઇચ્છાને તેનાં સગાંઓ આઘાતમાં ભૂલી જતાં હોય છે ત્યારે આ લગાવેલી યાદી તેમને ખૂબ ઉપયોગી બને છે.

કુદરતી મોતને વરેલ કોઈ પણ વ્યક્તિ દેહદાન કરી શકે છે. આ માટે મૃત વ્યક્તિએ કદાચ પોતાની ઇચ્છા વ્યક્ત ન કરી હોય પણ તેનાં સગાં ઇચ્છે તો તેઓ મૃતવ્યક્તિનું દેહદાન કરી શકે છે. ઘણા પ્રસંગોમાં ભાગ્યશાળી વ્યક્તિએ મૃત્યુ બાદ દેહને મેડિકલ કૉલેજમાં આપવા ઇચ્છા વ્યક્ત કરી હોય પણ તેમનાં મૃત્યુ બાદ સગા ના પાડે તો દેહદાન થઈ શકતું નથી.

દેહદાન ખૂબ અમૂલ્ય વસ્તુ છે. સારાં કુટુમ્બનાં સમજુ માણસો આ પ્રવૃત્તિ અપનાવે તે જરૂરી છે. આ પ્રવૃત્તિથી પર્યાવરણની સમતુલા જળવાઈ રહે છે. એક મૃતદેહને બાળવા માટે લગભગ બેથી ત્રણ ઝાડનાં લાકડાંની જરૂર પડે છે. સ્મશાનમાં જવા-આવવાની વિધિમાં પણ સમયની બચત થાય છે.

આ મૃતદેહનો ઉપયોગ પ્રથમ વર્ગમાં ઍનૅટૉમીમાં તો થાય છે પણ પછી પેથોલૉજી અને સર્જરીમાં થાય છે. મૃતદેહનાં ડિસેક્શન થઈ ગયેલા ભાગોને ભેગાં કરી બાળવામાં આવે છે. અને વધેલાં હાડકાંનો પણ અભ્યાસમાં ઉપયોગ થાય છે. મૃતદેહના કોઈ પણ અંગનો ટ્રાન્સપ્લાન્ટ માટે ઉપયોગ નથી થતો.

ત્યારે તેનો ઉપયોગ બીજા માટે થાય તે ખૂબ જરૂરી છે - તે વાતને ઉપાડી લઈએ. વધુ માહિતી માટે નીચેના સરનામે સંપર્ક કરી શકાય :

ડૉ. ભરત જે. ભીમાણી

દીવાનપરા રોડ, ભાવનગર - ૩૬૪૦૦૧

એક 'કુમાર' પ્રેમી સજ્જન તરફથી સ્થાનસમર્પિત

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૧મું | અંક ૧૨

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

* કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
* અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
* લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
* સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
* ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહક નંબર લખવાથી પત્રવ્યવહારમાં વિલંબને ટાળી શકાશે.

ડિસેમ્બર ૧૯૯૮

અંકનિર્દેશ

કુમાર સળંગ અંક ૮૫૧

ચિત્રો		
એક શિલ્પાકૃતિ (પૂર્ણરંગી શિલ્પ)		પૂઠું-૧
મડોના અને શિશુ (ચિત્રકાર : સેન્દ્રો બોટિસેલી)		પૂઠું-૨
કાવ્યો		
જળ નયનમાં !	ભાનુપ્રસાદ પંડ્યા	૭૯૭
નજર વળતી પાછળ ફરી...	હરિહર જોશી	૭૯૭
જે કૈં મળે સુંદર મળે	મૌન બલોલી	૭૯૭
શમણાં વીણવા હાલી	મહેશ મકવાણા	૭૯૭
ચરિત્ર		
સર સુરેન્દ્રનાથ બેનરજી	ડૉ. જયકુમાર ર. શુક્લ	૭૯૯
નોબેલ પારિતોષિક વિજેતા અમર્ત્ય સેન	પ્રા. રમેશ બી. શાહ	૮૧૭
આલ્ફ્રેડ બર્નાર્ડ નોબેલ	પ્રા. સુરેશ ર. શાહ	૮૨૦
જ્યોતિર્ધર કનૈયાલાલ મુનશી-૧૭	જયન્તીલાલ મહેતા	૮૨૭
વાર્તા-લઘુકથા-ધ્યાનકથા		
માણસ છે	રમેશ ર. દવે	૮૦૨
ગુરુ બજુવાનું જીવનચરિત્ર (ધ્યાનકથા)	બહાદુરભાઈ જ. વાંક	૮૧૩
ભાગેડુ	હરિત પંડ્યા	૮૩૧
વસિયતનામું (લઘુકથા)	દુર્ગેશ ઓઝા	૮૪૩
લેખો		
'જે નક્કી કરી લીધું....' (માનવ થાઉં તો ઘણું)	સુધીર દેસાઈ	૭૯૮
ઇતિહાસધારા	અશોક હર્ષ	૮૦૪
લિયોનિદ્ તોફાનો	પ્રહ્લાદ છ. પટેલ	૮૦૪
સંગીતશાસ્ત્ર - ૨૦	ડૉ. હસુ યાજ્ઞિક	૮૦૭
નળસરોવર પર આવતાં પક્ષીઓ	પ્રો. કે.બી. ભટ્ટ	૮૧૩
આવો, શીખીએ અંગ્રેજી -૧૬	ધનુભાઈ મહેતા	૮૧૪
અમેરિકામાં ભારતીયો : આત્મઓળખની ખોજમાં - ૭	પ્રા. પ્રવીણ ન. શેઠ	૮૨૨
અંતે સ્મિત (સ્થિર નદી, સરતાં નીર)	પ્રીતિ સેનગુપ્તા	૮૩૪
૧૯૯૮ સંબંધિત ગણિત-અંકયંત્રો	માધવજી દેવળિયા	૮૩૬
પેટ્રોલિયમ (હોમિયોપથીનું ઔષધશાસ્ત્ર)	હેમેન્દ્ર એ. શાહ	૮૩૯
પસ્તીનાં પાનાં	ડો. પ્ર. ચુ. વૈદ્ય	૮૪૦
વિભાગો		
વાચકો લખે છે...		૭૯૬
અતીતમાં અવગાહન (નળસરોવર-વિજયશંકર કામદાર, પંચામૃત-ડૉ. શિવપ્રસાદ)		૮૦૯
કલાવાર્તા (ડૉ. સુરેશ શેઠ - નટુ પરીખ)		૮૩૭
સાહિત્યસંપર્ક (ગુજરાતી સાહિત્યકાર પરિચયકોશ - ધી.પ., પ્રાપ્ત પ્રકાશનો,		૮૪૨
પ્રસંગપરાગ (તમારી સંમતિથી)	વિનોદ અધ્વર્યુ	૮૪૪
ભોયરીંગણી (આયુર્વેદ અને ઔષધ - ૧૧)	સ્વ. વૈદ્ય નવીનભાઈ ઓઝા	૮૪૫
માધુકરી (પ્રો. મોહનલાલ લ. દાંતવાલા - રોહિત શુક્લ,		૮૪૫
મોંઘવારી અને સરકાર - બિ.પો. શાહ)		૮૪૭
છેલ્લું પાનું		૮૪૮

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ,
બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દેસાઈ ઑફસેટ, ૪૬, શિવશક્તિ એસ્ટેટ, હોટેલ પ્રેસ્ટીજની પાછળ, નારોલ ચોકડી પાસે, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે ડોલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૭૫૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૨ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૩ - ૦૦

વાચકો લખે છે

ઑગસ્ટ ૧૯૯૮ના સળંગ અંક ૮૪૭માં વૈદ્યસાહેબ (વિદ્યાનગરમાં વિજ્ઞાનમાં અને એન્જિનીઅરિંગમાં અમારા પ્રોફેસર)નાં પસ્તીનાં પાનાં વાંચતાં યુવાનોને પ્રેરક ઘણું ઘણું મળી રહે છે. કેટલાક મુદ્રણદોષ પ્રત્યે ધ્યાન ખેંચું છું.

તેમાં અમેરિકન વાહનવ્યવહારની તા. ૩-૬-૧૯૮૮ હશે તેવી જ રીતે શિવકુમાર જોશીના અવસાનની તારીખ પણ ૮-૭-૮૮ જોઈએ, ૧૯૯૮ નહિ.

તેમાં શ્રી સુરેશભાઈ (વલ્લભ-વિદ્યાનગરમાં છ મહિના અમારા પ્રોફેસર રહેલા) જોશીના ઉલ્લેખમાં તેમણે ગુજરાતી સાહિત્યની જૂથબંધીનો ઉલ્લેખ કરેલો છે તેનો હું સાક્ષી છું. એ જ અંકમાં 'ઝૂલતા મિનારા'ના લેખમાં પહેલી કૉલમમાં 'આવા મિનારા સન ૧૪૪૫માં રાજપુર વિસ્તારમાં બનેલ...' એમ લખેલ છે અને બીજી કૉલમના ચિત્રમાં સને ૧૪૫૪ લખાયેલું છે. આમ સાલવારીમાં બેમાંથી એક સાલ ખોટી છે. ઇતિહાસની દૃષ્ટિએ સ્પષ્ટતા કરવી જરૂરી છે. (આંકડામાંની સરતચૂક બદલ ક્ષમા પ્રાર્થીએ છીએ. સાલ ૧૪૪૫ જોઈએ. - તંત્રી)

બહાદુરભાઈ વાંકની ધ્યાનકથાઓ ખૂબ જ પ્રેરક રહે છે. 'કુમાર' - અવસ્થામાં જ જો 'ધ્યાન' વિષે પ્રેરણા મળે તો તે 'ફૂલ' સદા તાજું રહે.

યુ.એસ.એ.નું ઊંચામાં ઊંચું બિલ્ડિંગ 'સીઅર્સ ટાવર્સ' ચિકાગોમાં આવેલું છે તે ૧૧૦ માળનું ને ૧૪૫૪ ફૂટ ઊંચું છે. અમેરિકાના અવનવા અંશોમાં મુ. વાસુદેવભાઈએ આપેલ માહિતીમાં દોષ છે. તેમાં ૧૦૩ લિફ્ટ છે - ૧૬ બે માળવાળી, તેની ઊંચાઈ ટી.વી. એન્ટેના સાથે ૧૭૦૭ ફૂટ છે. અમેરિકાનું ઊંચામાં ઊંચું મકાન ટૉરેન્ટો (કૅનેડા)માં સી.એન. ટાવર્સ ૧૮૨૧ ફૂટ છે. - અમે બન્ને ટાવર્સ જોયા છે. તેના ઉપર ૩૫૦ ફૂટનું એન્ટેના છે. મોટામાં મોટું પેઇન્ટિંગ 'નૉર્થ કોરાલ્ડ નહિ નોર્થ કૅરોલિના'માં આવેલ છે. - પુષ્કરભાઈ ગોકાણી (દ્વારકા)

ભાઈ મનસુખ સલ્લાની લઘુકથા 'ખોટો આરંભ' આધુનિક ધારાસભ્યનું માનસ છતું કરે છે. આમ તો તે કટાક્ષબાણ જ છે, પણ જેને તે વાગવું જોઈએ તેને તે વાગતું નથી એવી જાડી ચામડીના તેઓ હોય છે.

અથક લગનીથી કાર્ય કરનારને હતાશાની પળો વીતાવવાની હોય છે, પણ તેવી પળો વચ્ચે ય તેઓ હળવાશભરી રમૂજ માણી તેમાંથી જ બળ મેળવી પુનઃ પ્રવૃત્ત થઈ જાય છે એનું દૃષ્ટાંત આ લઘુકથા રજૂ કરે છે. - લલિત શાહ (સુરેન્દ્રનગર)

'કુમાર' ઑક્ટોબર ૧૯૯૮ના અંકમાં સ્વ. જયંતીલાલ મહેતા અંગે સંમુચિત નોંધ લેવાઈ તે ખૂબ યોગ્ય થયું. સ્વ. જયંતીભાઈ સાહિત્ય પદારથના જાણતલ અને સહૃદય વાચક તો હતા જ, પણ તેમનું પોતાનું સર્જન-વિવેચન પણ ધ્યાનપાત્ર છે. માણસ તરીકે સ્નેહાળ અને શબ્દ સાથે કામ પાડનારાઓ સાથે તો વિશેષ સ્નેહભાવ દાખવનારા હતા. કલકત્તા ખાતે સાહિત્યનું છેલ્લું અધિવેશન યોજાયું ત્યારે તેમનાં પત્નીની ગંભીર બીમારીને કારણે તેમને અમદાવાદમાં જ રોકાવું પડેલું; પરંતુ કલકત્તા જઈ રહેલા સાહિત્યકારોને મળવા રેલવે સ્ટેશને આવેલા. તેમની નિખાલસતા અને બુદ્ધિની તીક્ષ્ણતા તરત જ જણાઈ આવતી. જેવા પ્રેમાળ એવા જ આનંદી. છેલ્લે છેલ્લું તેમનામાં જોવા મળતું આધ્યાત્મિક વલણ પણ તેમની પ્રવાસ-કથામાં જોવા મળે છે. વડીલ છતાં મિત્ર એવા આ સાહિત્યસેવીની સ્મૃતિને અભિવંદું છું. શ્રી વૈદ્યસાહેબનો ખજાનો તમે 'કુમાર'નાં પાનાં પર મૂકતા રહો છો તે એક મોટું કામ થઈ રહ્યું છે. અંક મળતાં જ પહેલું એ વાંચું છું.- હરિકૃષ્ણ પાઠક (ગાંધીનગર)

શ્રી ધનુભાઈની અંગ્રેજી શીખવા અંગેની લેખમાળા એટલી સરસ રીતે લખાઈ છે કે અત્યાર સુધીનાં આવાં લખાણોને ટપી જાય તેવી છે. જેમનું થોડુંક સારું અંગ્રેજી હોય તેવાં માતાપિતા આની મદદથી પૂરતી પૂર્વતૈયારી સાથે પોતાનાં બાળકોને શીખવી શકે. મોટી ઉંમરના વિદ્યાર્થી તેના અભ્યાસથી પોતાનો વિષય જાતે સુધારી શકે.

શ્રી ધનુભાઈ સંમતિ આપે તો તમે આગોતરા ગ્રાહક નોંધી આ લેખમાળા સળંગ પુસ્તકરૂપે છાપો તો 'કુમારો'ની સાચી સેવા થઈ ગણાય. (લેખમાળા પૂર્ણ થયે તે પુસ્તકાકારે પ્રકટ થશે જ, પરન્તુ આયોજિત લેખમાળાને અગાઉથી જ પુસ્તકરૂપે રજૂ કરી દેવી તે ઉચિત નથી. - તંત્રી) - પોપટભાઈ બારોટ (અમદાવાદ)

કૌશલકળાના અગાઉના લેખનાં બે ચિત્રોમાંથી એકમાં બે રક્ષક જેવા, માણસો એક પાટિયું પકડીને ઊભા છે. એક સ્ત્રી બેઠી છે. રક્ષકો તો કેવળ પૂતળાં છે. જ્યારે જાદુગર મોટો પડદો સ્ત્રી તથા રક્ષકો ઢંકાઈ જાય એમ ઢાંકી પછી હલાવી લઈ લે છે ત્યારે સ્ત્રી હોતી નથી. બીજા ચિત્રમાં પાછળનો ભાગ બતાવવાનો. બન્ને રક્ષકો પાછળની બાજુ હોય, જેમાં પડદો હલાવાતો હોય ત્યારે સ્ત્રી ઝડપથી ઊભી થઈ એકમાં ગોઠવાઈ ઊભી રહી જાય. - રવીન્દ્ર ભટ્ટ (ભાવનગર)

'કુમાર'નાં અત્યાર સુધીનાં વાર્ષિક સાંકળિયાંઓની ફોટોકૉપિ કરાવીને હાથવગી રાખવાનો વિચાર તો શ્રી રમેશ શાહ (૭૦૩, નૂતન નિવાસ, ભટાર માર્ગ, સુરત-૩૯૫૦૦૧)ને આવ્યો, પણ એ સમયે એમણે અન્ય વાચકોને પણ સંભાર્યા. આવા વાચક જે સામયિક પામે એ ધન્ય છે.

'કુમાર'ના જૂના અંકો ઉથલાવતી વખતે જેવો રોમાંચ હું અનુભવું છું એવો અનુભવ અનેક જ્ઞાનરસિક વાચકોનો પણ હશે. એક સામગ્રીસમૃદ્ધ અંકોની ચાવીરૂપ સાંકળિયાં વરસોવરસ 'કુમાર'માં આપવાની પરંપરા કેટલી બધી વાચક-સહાયક છે તેનો આજે ખ્યાલ આવે છે. પણ હવે જરૂર છે એ પરંપરાને એક ડગલું આગળ વધારીને 'કુમાર'નાં આજ સુધીનાં તમામ વાર્ષિક સાંકળિયાંઓને સંકલિત કરવાની. - જયન્ત મેઘાણી (ભાવનગર)

(અનુસંધાન પૃ. ૮૪૪)

જળ નયનમાં ! / ભાનુપ્રસાદ પંડ્યા

[મન્દાક્રાન્તા-હરિણી • સૉનેટ]

ઊભાં ઊભાં નીરખું જનને કૌતુકે શેરીનાકે :
ઊંચી કાયા લગીર નમીને ન્યાળતા લાંબી ડોકે
ધીમે ધીમે સ્થવિર નીસર્યા-ચાલમાં ઊષ્ટ્ર ભાળું!
લાંબો ચહેરો તબડક ઘસે, કાય ભારે કસેલી,
ભાસે કે આ હયકુલ યુવા! કોઈ તન્વી ત્વરાથી
આવી એવી દગથી મૃગલી શું સરી ગૈ બજારે?
ઊંચે ઘાંટે અવિરત બકે ખાંસતા શ્વેતકેશી
ટૂંકી ચાલે, મુખ ઊંચું કરે - હાસ્ય વૈશાખનંદી!

વિરમું હસતાં : દેખું પ્રૌઢા ચલે ગતિગૌરવા,
ગગનવરણી આછી સાડી શિરે સરખી કરે,
કર પર ચૂડી હાથીદાંતી દિસે કૃશકાય તે
વદન હસતું, ચાંલ્લો મોટો, જુએ મુજ પે જરી.
પલટી ટીખળી મારી દૃષ્ટિ ક્ષણે ચરણે પડી,
જળ નયનમાં! ભાસી એમાં દિવંગત માવડી!

નજર વળતી પાછળ ફરી... / હરિહર જોશી

[શિખરિણી • સૉનેટ]

ઠર્યો દીવો છે...ટે. ટમટમ થતો રાત સરકી,
વહી આવ્યું પાસે હરખભર ઝાંખું ભળકડું,
પડેલી વર્ષાથી મઘમઘ બની ગામ છલક્યું
સુગંધો પહેરીને વનનું વરવું રૂપ ઊઘડ્યું.

જવારા જેવાં સૌ, તરુવર હલ્યા, કેફ છલક્યો,
સર્યું ગાડું ધીમે હરિતવરણું મૌન મલક્યું,
ગયાં ઊગી ભીનાં સ્મરણ : મનમાં મોર ટહુક્યા
થયાં રાજી શેઢા, નભથી નમણાં ફૂલ વરસ્યા.

થયા પોચા પ્હાડો, સકલ સીમની સોડ પમરી,
ધીમેથી વીંટાયું દુકૂલ સરકી વહાલ ઝપટે,
હવાનું લ્હેરાયું; - પરિચય-મઢ્યા ગંધનકશે
ઊડ્યું ચાંચે લૈને ધનુ વરુણનું સારસ કશે!

ભીનેરા રોમાંચે તરસ પ્રગટી : ભોંય પલળી
તમે ના સાથે તો નજર વળતી પાછળ ફરી!

જે કૈં મળે સુંદર મળે / મૌન બલોલી

[ગઝલ]

ભીડમાં એકાંતનો અવસર મળે,
ઘર વગરનાને ખરેખર ઘર મળે.

ચાર ભીંતો વચ્ચે ના રાહત વસે,
શાંત મનને હર કદમ પર ઘર મળે.

ધૂનમાં સૌ પોતપોતાની ફરે,
લબ્ધિ નહિતર જ્યાં ને ત્યાં હાજર મળે.

શહેરમાં ટેકાની લત સૌને હતી,
કોઈ પણ કેવી રીતે પગભર મળે!

મુજ વિહોણું જગ કદી પણ ન હતું,
જે મળે તે મારું રૂપાંતર મળે.

મોકળું મન હોય જો 'ખામોશ', તો
માર્ગમાં જે કૈં મળે સુંદર મળે.

શમણાં વીણવા હાલી / મહેશ મકવાણા

[ગાન]

રૂપલે મઢી ફાગણ રાતે હાથ હવાનો ઝાલી
અડધી રાતે બાઈ રે હું તો શમણાં વીણવા હાલી.

સોળ ચોમાસાં ઠાલવી દીધાં
ઓણ ચોમાસું પીધું
આભની ટાઢી જલધારાએ
અંગ દઝાડી દીધું.

વહેતી જાઉં હું જ બે-કાંઠે, ગામની નદીયું ખાલી
અડધી રાતે બાઈ રે હું તો શમણાં વીણવા હાલી.

છાબડી મારી છલકે ભેળી
હું ય ઘણી ઢોળાઉં
માઢ ને મેડી, ફળિયું-શેરી,
સીમ સુધી ફોરાઉં.

પગલે પગલે ઢોળતી આવી ધૂળમાં જોબન લાલી
અડધી રાતે બાઈ રે હું તો શમણાં વીણવા હાલી.

માનવ થાઉં તો ઘણું

'મેં નક્કી કરી લીધું કે મારે રોકાઈ જવું'

સુધીર દેસાઈ

ઘણી વાર વિચાર આવે છે કે, આ કેવી વિચિત્રતા છે કે માનવી જ પોતે કહે છે કે માનવ થાઉં તો ઘણું! એક સમય એવો હતો જ્યારે દેવો અદેખાઈ કરતા હતા કે દેવ થવા કરતાં માણસ થવું વધારે સારું છે. આજે સમય બદલાયો છે. કદાચ અસુરને આજે થાય કે હું અસુર થયો એના કરતાં માણસ થયો હોત તો વધારે ક્રૂરતા આચરી શકત.

અને એટલે જ કવિને કહેવું પડ્યું છે કે, 'માનવ થાઉં તો ઘણું.' દેવ થવાની જરૂર નથી. આટલું પણ આજે પૂરતું છે. દેવને વધારે મોટાં કાર્યો કરવાં પડે. માનવીને તો એના ગજા જેટલાં કાર્યો કરવાનાં છે.

દસકાઓ પહેલાંનો એક પ્રસંગ મને યાદ છે : એક વિધવા માનો એકનો એક છોકરો પરદેશ નોકરી માટે ગયો. છોકરો હોંશિયાર, એટલે એક પૈસાદાર માનવીએ એને પોતાની એકની એક દીકરી જે પરદેશમાં જ ઊછરી હતી એને પરણાવી. આ છોકરો સામાન્ય સ્થિતિનો. એને પૈસાદાર થવાનો મોહ હતો. મા બિચારી છોકરાની રાહ જુએ. છોકરો તો પરદેશ. આ બાજુ આવવાનું નામ જ ના લે. અને એ વિધવા મા અંતે ગાંડી થઈને મરી ગઈ.

સ્કૂલમાં અમે આ લીટીઓ ભણ્યા હતા એ હજી યાદ છે :

પીપળ પાન ખરંતાં, હસતી કુંપળિયાં;
મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડિયાં.

જીવનમાં વારા ફરતી વારો આવે જ છે. જેવું કરીએ તેવું પામીએ. બીજી આવી જ પંક્તિઓ યાદ આવી ગઈ :

જેવી કરે છે કરણી, તેવી તુરત ફળે છે;
બદલો બૂરા ભલાનો, અહીંનો અહીં મળે છે.
વાવ્યા વિના ન ફળશે, આપ્યા વિના ન મળશે;
ઇનસાફ એનો કુદરત, અહીંનો અહીં કરે છે.

આ જે છોકરો પરદેશ હતો એને બાળકો થયાં, પણ પછી એ પરદેશમાં પરણેલી છોકરી જોડે એને ફાવ્યું નહીં અને પેલી છોકરીએ છૂટાછેડા લીધા. બાળકો પણ એની જ પાસે રહ્યાં. આ ભાઈ પાસે એનાં પોતાનાં બાળકો નથી.

હમણાં એક પરદેશનો પ્રસંગ વાંચ્યો : 'તમારો દીકરો આવ્યો છે.' નર્સે વૃદ્ધ માનવીને કહ્યું. પેલા વૃદ્ધ માનવીએ માંડ આંખો ખોલીને જોયું. એને બહુ ઓછી શુદ્ધિ હતી. એને આગલી રાત્રે જ મેસિવ હાર્ટ એટેક આવ્યો હતો. એને ઝાંખું ઝાંખું દેખાતું હતું. એણે જોયું કે નેવીનાં કપડાંમાં એક યુવાન એની સામે ઊભો હતો.

વૃદ્ધ માનવીએ ધીમે ધીમે એનો હાથ ઊંચો કરીને એ માનવી તરફ લંબાવ્યો. પેલા યુવાને એના હાથમાં એ વૃદ્ધનો હાથ પકડીને દબાવ્યો, પ્રેમ વ્યક્ત કરવા. એટલી વારમાં નર્સ પેલા યુવાનને બેસવા માટે ખુરશી લઈ આવી.

આખી રાત પેલો યુવાન એ વૃદ્ધનો હાથ પકડીને બેસી રહ્યો. પેલો યુવાન થોડી વારે આશ્વાસનના ધીરજ આપતા શબ્દો ધીમે ધીમે બોલતો હતો. પેલો વૃદ્ધ કંઈ બોલી ન શક્યો પણ એણે પેલા યુવાનનો હાથ પકડી રાખ્યો હતો. આખી રાત ઑક્સિજનની બોટલોનો અવાજ, રાત્રીના સમયના કર્મચારીઓની અવરજવરનો અવાજ થતો રહ્યો. અને પેલો નેવીનો પોશાક પહેરેલ યુવાન શાંતિથી પેલા વૃદ્ધનો હાથ પકડીને બેઠો હતો.

થોડા થોડા સમયને અંતરે નર્સ આવતી અને એણે જોયું કે પેલો યુવાન થોડી થોડી વારે પેલા વૃદ્ધને કંઈક આશ્વાસનના શબ્દો કહે છે. એણે હજી પેલા વૃદ્ધનો હાથ પોતાના હાથમાં પકડી રાખ્યો છે. રાત્રી દરમિયાન એ નર્સ ઘણી વાર આવી ગઈ અને દરેક વખતે પેલા યુવાનને એણે થોડો વખત આરામ લેવાનું કહ્યું : 'તમે થાક્યા-પાક્યા આવ્યા છો, થોડી વાર આરામ કરી લો.' પણ પેલા યુવાને પ્રેમથી દરેક વખતે ના જ પાડી.

વહેલી સવારે પેલો વૃદ્ધ મૃત્યુ પામ્યો. પેલા યુવાને હળવેથી પેલા વૃદ્ધનો હાથ જે એના હાથમાં હતો તે પથારીમાં મૂક્યો. અને પછી નર્સને બોલાવવા ગયો. નર્સ આવી અને એ વૃદ્ધ માનવીને ત્યાંની વિધિઓ પતાવવા લઈ ગઈ. નર્સે આવીને તરત જ પેલા યુવાનના પિતાના મૃત્યુ બદલ દિલસોજી બતાવી.

પેલા યુવાને એને અધવચ્ચે જ અટકાવતાં કહ્યું, 'તમે કોની વાત કરો છો?'

'આ જે તમારા પિતા ગુજરી ગયા એને માટે કહું છું.'

'ના. ના. એ મારા પિતા નથી. મેં તો એમને મારી જિંદગીમાં ક્યારેય જોયા નથી.' પેલા યુવાને સ્પષ્ટતા કરી.

'પણ... તો પછી જ્યારે હું તમને એમની પાસે લઈ આવી ત્યારે કેમ કંઈ બોલ્યા નહીં? નર્સે આશ્ચર્યથી પૂછ્યું.

'હું સમજી ગયો હતો કે કંઈ ગોટાળો થયો છે, જેમણે મને સમાચાર આપ્યા હતા એમનાથી. એમણે મને ઉતાવળમાં અહીં મોકલી આપ્યો. વાત એમ છે કે, મારા જ નામનો મારા જ ગામનો બીજો પણ એક યુવાન ત્યાં છે. અને અમારા નંબરો પણ લગભગ સરખા છે. એટલે આ ગોટાળો થઈ ગયો. એમણે ભૂલથી મને મોકલી આપ્યો. હું એટલું સમજી ગયો હતો કે વૃદ્ધને દીકરાની જરૂર હતી. અને એનો દીકરો તો અહીં હતો નહીં. મેં એ પણ જોયું કે આ વૃદ્ધ ખૂબ બીમાર છે. અને એમને ખબર પડે એમ નથી કે આ સામે છે તે એમનો દીકરો છે કે બીજું કોઈ છે. હું એમનો દીકરો નથી

(અનુસંધાન પૃ. ૮૪)

કૉંગ્રેસના મવાળવાદી દેશનેતા

સર સુરેન્દ્રનાથ બેનરજી

ડૉ. જયકુમાર ર. શુક્લ

ગાંધીજીના દક્ષિણ આફ્રિકાથી સ્વદેશાગમન અગાઉ ભારતના મહત્ત્વના દેશનેતાઓમાં દાદાભાઈ નવરોજી, ફિરોજશા મહેતા, સુરેન્દ્રનાથ બેનરજી, ગોપાળ કૃષ્ણ ગોખલે, લાલા લજપતરાય, લોકમાન્ય ટિળક વગેરેનો સમાવેશ થતો હતો. બંગાળના સુરેન્દ્રનાથ બેનરજી કૉંગ્રેસના મવાળવાદી આગેવાન હતા. તે સમયના નેતાઓ બંધારણીય માર્ગો દ્વારા સાંસ્થાનિક દરજ્જાનું સ્વરાજ સ્થાપવાના હિમાયતી હતા. હોમરૂલ આંદોલનના નેતાઓ પણ સાંસ્થાનિક સ્વરાજ માગતા હતા.

સુરેન્દ્રનાથનો જન્મ ૧૦ નવેમ્બર, ૧૮૪૮ના રોજ કલકત્તા નજીક મણિરામપુર મુકામે કુલીન બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેમના પિતા દુર્ગાચરણ પ્રખ્યાત ડૉક્ટર હતા. સુરેન્દ્રનાથ ધ પરેન્ટલ એકેડેમિક સ્કૂલમાંથી મેટ્રિક પાસ થયા બાદ સંત એન્ડ્ર્યુ કોલેજમાંથી કલકત્તા યુનિવર્સિટીના બી.એ. થયા. પરદેશગમન કરનારને ન્યાતબહાર મૂકવામાં આવતા એ જમાનામાં, તેઓ માર્ચ ૧૮૬૮માં વધુ અભ્યાસાર્થે ઇંગ્લંડ ગયા અને ૧૮૭૧માં આઈ.સી.એસ.માં પાસ થયા. તે અગાઉ ફેબ્રુઆરી ૧૮૭૦માં તેમના પિતાશ્રીનું અવસાન થયું હતું.

ભારત પાછા ફર્યા બાદ તેમની સિલહટમાં એસિસ્ટંટ મેજિસ્ટ્રેટ તરીકે નિમણૂક કરવામાં આવી. આ દરમિયાન એક નાનકડી ઔપચારિક ભૂલ માટે બ્રિટિશ સરકારે ૧૮૭૪માં તેમને બરતરફ કર્યા. વાસ્તવમાં અંગ્રેજ અમલદારો પોતાના વર્તુળમાં ભારતીયોના પ્રવેશને અત્યંત ઈર્ષાની નજરે જોતા હતા, તેનું આ પરિણામ હતું. સુરેન્દ્રનાથ માટે બરતરફી ખૂબ આઘાતજનક ઘટના હતી. છતાં ઉજ્જવળ કારકિર્દી માટે તેમણે ઈંગ્લંડ જઈને બેરિસ્ટરીનો અભ્યાસ પૂરો કર્યો. પરન્તુ બરતરફીનો વાંધો કાઢી તેમને બેરિસ્ટર થતા અટકાવવામાં આવ્યા. આ બનાવોથી પોતે નિરાશ ન થયા, પણ એમને ખાતરી થઈ કે, આ બધી પીડાઓનું મૂળ કારણ એક જ છે, અને તે એ કે અમારી પોતાની જન્મભૂમિમાં જ અમે ગુલામ છીએ. આ મનોવ્યથાના ફલસ્વરૂપ તેમણે પોતાના લાચાર દેશબંધુઓની સેવાર્થે પોતાનું સમગ્ર જીવન સમર્પણ કરવાનો દૃઢ નિર્ધાર કર્યો. તેમણે એડમંડ બર્ક, મેઝિની તથા બીજા ઉદારમતવાદી ચિંતકો અને દેશભક્તોના ગ્રંથોનો અભ્યાસ કર્યો. તેમના જીવન ઉપર આ વાચનની ઊંડી અસર પડી.

જૂન ૧૮૭૫માં ભારત પાછા ફર્યા બાદ તેમણે મેટ્રોપોલિટન ઇન્સ્ટિટ્યૂશન, ફ્રી ચર્ચ કૉલેજ અને છેલ્લે પોતે સ્થાપેલી રિપન કૉલેજમાં અંગ્રેજીના પ્રાધ્યાપક તરીકે કામ કર્યું. આ દરમિયાન વિદ્યાર્થીઓ તથા યુવકો સમક્ષ તેમણે કલકત્તામાં



સુરેન્દ્રનાથ બેનરજી - યુવાનવયે

તથા અન્યત્ર દેશની એકતા, મેઝિનીનું જીવન અને બોધ, શિવાજી તથા શીખોનો ઇતિહાસ વગેરે ટોપિક્સ પર અસરકારક પ્રવચનો આપ્યાં. માતૃભૂમિના ઉત્કર્ષ વાસ્તે પોતાનાં જીવન સમર્પણ કરવા તેઓ યુવકોને હાકલ કરતા. તેઓ એક સમર્થ વક્તા હતા અને તેમનાં પ્રવચનો સાંભળીને યુવકો દેશભક્ત બની જતા. મહાન રાષ્ટ્રવાદી નેતા બિપિનચન્દ્ર પાલે તેમના વિદ્યાર્થીજીવન દરમિયાન સાંભળેલ સુરેન્દ્રનાથના પ્રવચન વિષે લખ્યું છે, તેનાથી અમારી દેશભક્તિ ઘણી વધારે મજબૂત બની અને અમારી બ્રિટિશવિરોધી લાગણી તથા કડવાશ દૃઢ બન્યાં. શ્રોતાઓએ તેમનું પ્રવચન સાંભળીને રાષ્ટ્રપ્રેમની તીવ્ર લાગણી અનુભવી. તત્કાલીન પ્રસિદ્ધ અને લોકપ્રિય વક્તા કેશવચંદ્ર સેનનાં પ્રવચનોથી સામાજિક સુધારાવાદી બનેલા શિક્ષિત યુવકો સુરેન્દ્રનાથની વક્તૃત્વશક્તિના પ્રતાપે રાષ્ટ્રવાદી બની ગયા.

સુરેન્દ્રનાથે આનંદમોહન બોઝ સાથે 'ધી ઇન્ડિયન એસોસિયેશન' નામની સંસ્થા ૨૬ જુલાઈ, ૧૮૭૬ના રોજ સ્થાપી. તેમાં તેમણે કોઈ હોદ્દો સ્વીકાર્યો નહિ. છતાં અનેક સભાઓ યોજીને યુવકોમાં જ્વલંત દેશપ્રેમ તથા આત્મસમર્પણનો પ્રચાર કર્યો. ઈંગ્લંડમાં લેવાતી ઇન્ડિયન સિવિલ સર્વિસની પ્રાવેશિક પરીક્ષાની વયમર્યાદા ૨૧થી ઘટાડીને ૧૯ની કરવામાં આવી ત્યારે ઈંગ્લંડમાં દાદાભાઈ નવરોજી (૧૮૨૫-૧૯૧૭) અને ભારતમાં સુરેન્દ્રનાથે તેનો સખત વિરોધ કર્યો. સુરેન્દ્રનાથે

તેની વિરુદ્ધ દેશવ્યાપી ચળવળ ઉપાડી. તેમણે ઉત્તર,પશ્ચિમ તથા દક્ષિણ ભારતનાં શહેરોનો પ્રવાસ ખેડી ત્યાં વિશાળ સભાઓ સંબોધીને વયમર્યાદા ઘટાડવાનો વિરોધ કર્યો. તેમનો પ્રચારપ્રવાસ વિજયયાત્રા સમાન લેખાયો.

તેમણે 'બંગાળી' નામના અંગ્રેજી સામાહિકનું છાપખાનું ૧૮૭૯માં ખરીદી તેના તંત્રી અને માલિક બન્યા. કલકત્તા હાઇકોર્ટના અંગ્રેજ મુખ્ય ન્યાયાધીશે એક હિંદુને તેના પૂજાવિધિના દેવને અદાલતમાં રજૂ કરવા હુકમ કર્યો, ત્યારે સુરેન્દ્રનાથે પોતાના સામાહિકમાં તે હુકમની ટીકા કરી. તેથી તેમને અદાલતનો અનાદર કરવાના આરોપ હેઠળ બે મહિનાની જેલની સજા કરવામાં આવી (૧૮૮૩). તેનાથી સમગ્ર દેશમાં તેમને પ્રસિદ્ધિ મળી. વિદ્યાર્થીઓએ તેમને થયેલી સજાના વિરોધમાં એ દિવસે અદાલત સમક્ષ તોફાન કર્યું. કલકત્તાના અખબાર 'સ્ટેટ્સમેને' આ સજાને વખોડી કાઢી. એ દિવસે કલકત્તામાં લોકોએ તરત હડતાલ પાડી અને વિશાળ વિરોધસભા યોજવામાં આવી. આગ્રા, ફૈઝાબાદ, અમૃતસર, લાહોર, પુણે અને દેશનાં બીજાં નગરોમાં લોકોએ જાહેરસભાઓ ભરીને તેમને કરવામાં આવેલી સજાને વખોડી કાઢી.

કૉંગ્રેસની સ્થાપના ડિસેમ્બર ૧૮૮૫માં મુંબઈમાં કરવામાં આવી, તે જ સમયે 'ધી ઇન્ડિયન ઍસોસિયેશન' તરફથી કલકત્તામાં હિંદી રાષ્ટ્રિય પરિષદ બોલાવવામાં આવી હતી. તેથી સુરેન્દ્રનાથ કૉંગ્રેસના પ્રથમ અધિવેશનમાં હાજર ન રહી શક્યા. પરન્તુ ત્યાર બાદ તેઓ પરિષદના મિત્રો સાથે કૉંગ્રેસમાં ભળી ગયા અને ૧૯૦૭ની સુરતની બેઠકપર્યંત એટલે કે વીસ વરસ સુધી તેમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. એપ્રિલ ૧૮૯૦માં રાજકીય સુધારા માટે દબાણ કરવા તથા ભારતનાં લોકોની આકાંક્ષાઓથી બ્રિટિશ પ્રજાને માહિતગાર કરવા કૉંગ્રેસના એક પ્રતિનિધિમંડળમાં તેઓ ઇંગ્લંડ ગયા. ત્યાં રૂઢિચુસ્ત અંગ્રેજોની સભાને સંબોધતાં તેમણે જણાવ્યું : 'યુરોપની અત્યારની જ્ઞાનવાન મનાતી પ્રજાઓના વડવાઓ જ્યારે જંગલોમાં અને ઝાડીઓમાં રખડતા હતા, ત્યારે અમારા પિતૃઓએ મહાન સામ્રાજ્યો તથા ઉચ્ચ પ્રકારનાં નગરોની સ્થાપના કરી હતી. તેમણે નીતિશાસ્ત્રની, ધર્મની અને સંસ્કૃત ભાષાની એવી પદ્ધતિઓ ઘડી હતી, જે હાલના સુધરેલા વિશ્વને નવાઈ પમાડે છે...સર હેન્રી મેઈને જણાવ્યું છે કે, 'સ્વરાજની સંસ્થાઓના સૌપ્રથમ વ્યવહારુ દૃષ્ટાંતો હિંદના પૂર્વકાલીન લખાણોમાંથી મળે છે. અમારી ગ્રામપંચાયતો તો દેશના ડુંગરા જેટલી પ્રાચીન છે.'

સુરેન્દ્રનાથ ૧૮૭૬માં કલકત્તા મ્યુનિસિપલ કૉર્પોરેશનના સભ્ય તરીકે ચૂંટાયા હતા. લૉર્ડ કર્ઝને કૉર્પોરેશનનું લોકશાહી સ્વરૂપ નાબૂદ કરવા કલકત્તા કૉર્પોરેશન ઍક્ટ ઘડ્યો. તેના વિરોધમાં તેમના સહિત કૉર્પોરેશનના ૨૮ સભ્યોએ ૧૮૯૯માં રાજીનામાં આપ્યાં. તે અગાઉ ૧૮૯૩માં કૉર્પોરેશને તેમને પ્રાંતિક ધારાસભામાં ચૂંટીને મોકલ્યા હતા. ત્યારથી ૧૯૦૧ સુધી તેઓ બંગાળના ધારાસભ્ય રહ્યા હતા. ધારાસભ્ય તરીકે તેમણે કલકત્તા કૉર્પોરેશન ઍક્ટના વિરોધમાં તથા બંગાલ મ્યુનિસિપલ ઍક્ટમાં ઉદાર સુધારા કરાવવા માટે સરકાર સામે બંધારણીય લડત ચલાવી હતી.

પુણે મુકામે ૧૮૯૫માં ભરાયેલા કૉંગ્રેસના અધિવેશનના પ્રમુખપદે તેમની વરણી કરવામાં આવી. પ્રમુખપદેથી બોલતાં તેમણે કૉંગ્રેસની પ્રવૃત્તિ, તેનું સાર્વલૌકિક (cosmopolitan) સ્વરૂપ, તેનું બંધારણ, ધારાસભાના સુધારા, દેશની આર્થિક સ્થિતિ અને ગરીબાઈ, લશ્કરનું ઘણું વધારે ખર્ચ, દેશનો ઔદ્યોગિક વિકાસ, જાહેર નોકરીઓનું ભારતીયકરણ વગેરે અનેક બાબતોને આવરી લીધી હતી. કૉંગ્રેસના આધારભૂત સ્તંભ તરીકે તેમણે મુખ્યત્વે બે બાબતોને મહત્ત્વ આપ્યું હતું : (ક) બધી ઉચ્ચ સરકારી નોકરીઓના ભારતીયકરણ માટે સ્પર્ધાત્મક પરીક્ષા ઇંગ્લંડ સહિત ભારતમાં પણ લેવી, (ખ) વહીવટીતંત્ર ક્રમશઃ પ્રજાના પ્રતિનિધિઓને સોંપી દેવું.

સરકારના નિમંત્રણથી, વેલ્બી કમિશન સમક્ષ જુબાની આપવા સુરેન્દ્રનાથ ૧૮૯૭માં ઇંગ્લંડ ગયા. એનું કામ ભારતના ખર્ચની તપાસ કરવાનું તથા ઇંગ્લંડ અને ભારત વચ્ચેના આર્થિક સંબંધને વ્યવસ્થિત કરવાનું હતું. તેમણે દરરોજ, ૧૦ થી ૫ વાગતા સુધી ગ્રંથાલયમાં બેસી અભ્યાસ કરીને, પંદર દિવસ આવશ્યક સામગ્રી ભેગી કરીને પોતાની રજૂઆતનું લખાણ તૈયાર કર્યું. લંડનમાં વેલ્બી કમિશને સતત પાંચ કલાક કરેલી ઊલટ તપાસમાં તેમણે તેજસ્વી જવાબો આપ્યા.

માર્ચ, ૧૯૦૦માં સુરેન્દ્રનાથે પોતાના અંગ્રેજી સામાહિક 'બંગાલી'ને દૈનિક બનાવ્યું. તેના વ્યવસ્થાપક તારાપ્રસન્ન મિત્ર મહેનતુ તથા ખંતીલા હોવાથી આ દૈનિકની નોંધપાત્ર પ્રગતિ થઈ.

અમદાવાદમાં ૧૯૦૨માં યોજાયેલા કૉંગ્રેસના અધિવેશનનું પ્રમુખપદ તેમણે સંભાળ્યું. ગુજરાતમાં તથા કોઈ પ્રાંતનું પાટનગર ન હોય એવા શહેરમાં ભરાયેલું આ પ્રથમ અધિવેશન હતું. આ અધિવેશનની સ્વાગત સમિતિના પ્રમુખ ગુજરાતના મવાળવાદી આગેવાન દીવાન બહાદુર અંબાલાલ સાકરલાલ દેસાઈ (૧૮૪૪-૧૯૧૪) હતા. અમદાવાદના લોકોએ સુરેન્દ્રનાથનો બાદશાહી સત્કાર કર્યો. કોઈ વિજેતા રાજવી કે સેનાપતિને પાટનગર પાછા ફરતાં જે આવકાર મળે એનાથી વધારે ઉત્સાહયુક્ત તે આવકાર હતો. પોતાના ભાષણમાં તેમણે સ્વદેશીને ઉત્તેજન આપવાની તથા રાષ્ટ્રિય ઉદ્યોગોને રક્ષણ આપવાની અને સંગીન પાયા પર મૂકવાની માગણી કરી. કાર્યક્ષમતાના બહાના હેઠળ ઉચ્ચશિક્ષણ આપતી યુનિવર્સિટીઓ ઉપર કબજો જમાવવાના સામ્રાજ્યવાદી ગવર્નર જનરલ કર્ઝનના પ્રયાસની તેમણે ઝાટકણી કાઢી. આ ઉપરાંત દેશમાં વધતી જતી ગરીબી, વારંવાર પડતા દુકાળો, ઔદ્યોગિક

વિકાસ પ્રત્યે સરકારની બેદરકારી, આકરા જમીન મહેસૂલ વગેરે પ્રશ્નો વિષે તેમણે અભ્યાસપૂર્ણ પ્રવચન કર્યું.

૧૯૦૫માં શરૂ થયેલ બંગભંગ અને સ્વદેશીની ચળવળમાં તેમણે આગેવાની લીધી હતી. તે દરમિયાન બારિસાલમાં એક સરઘસમાંથી પોલીસે તેમની ધરપકડ કરી. તેમણે મેજિસ્ટ્રેટની તોછડાઈ અને અપમાનનો નમ્રતાપૂર્વક વિરોધ કરવાથી, કોર્ટનું અપમાન કરવાના આરોપ હેઠળ રૂ.૨૦૦/-નો અને પરવાનગી વિના સરઘસ કાઢવા માટે તથા વંદેમાતરમ્ પોકારવાના ગુના માટે રૂા.૨૦૦/-નો દંડ કરવામાં આવ્યો. આ સજાએ તેમને સમગ્ર દેશમાં લોકપ્રિય બનાવ્યા. તેઓ બારિસાલથી કલકત્તા પાછા ફર્યા ત્યારે આખે રસ્તે દરેક સ્ટેશન પર લોકોનાં ટોળાં એમનાં દર્શન કરવા અને તેમને ફૂલહાર કરવા એકઠાં થયાં હતાં. સુરેન્દ્રનાથ પાકા બંધારણવાદી હતા અને સ્વદેશીની ચળવળમાં ગળાડૂબ હોવા છતાં ક્રાંતિકારી ચળવળથી દૂર રહ્યા હતા.

પોતાના પ્રગતિશીલ અંગ્રેજી વર્તમાનપત્ર 'બંગાલી'ના સંપાદક તરીકે એમને જૂન ૧૯૦ માં લંડનમાં યોજવામાં આવેલ ઇમ્પિરિયલ પ્રેસ કોન્ફરન્સમાં ઉપસ્થિત રહેવાનું નિમંત્રણ મળ્યું. ત્યાં પત્રકારોની એક સભામા બંગાળમાં પ્રસરેલ ક્રાંતિકારી પ્રવૃત્તિ માટે ભારતીય અખબારોને જવાબદાર ગણવામાં આવ્યા ત્યારે તેમણે કહ્યું, '...અરાજકતાવાદ, જો હું કોઈને માઠું લગાડ્યા વિના કહું તો પૂર્વના દેશોનો નથી; પણ પશ્ચિમનો છે! પશ્ચિમમાંથી ઊંચકી લાવીને વાવેલો એ ઝેરી છોડ છે...' તેમણે ત્યાં વધુ સમય રોકાઈને સ્વદેશીની ચળવળના સમર્થનમાં પ્રચાર પણ કર્યો હતો. વિલિયમ વેડરબર્ને યોજેલા સમારંભમાં તેમણે જણાવ્યું, '...ભાગલાવિરોધી ઝુંબેશ જ્યાં સુધી ભાગલા પાછા ન ખેંચાય, અથવા તો તેમાં સુધારો થાય નહીં ત્યાં સુધી ચાલુ જ રહેવી જોઈએ. ભાગલા એ અમારું મુખ્ય દુઃખ છે. અમારા વર્તમાન અજંપાનું એ મૂળ કારણ છે.' ડિસેમ્બર ૧૯૧૧માં બંગાળનું વિભાજન દૂર કરવામાં આવ્યું. તે સાથે પાટનગર કલકત્તાને બદલે દિલ્હીને બનાવવાની જાહેરાત કરવામાં આવી.સુરેન્દ્રનાથ ૧૯૧૩માં રૉયલ ઇમ્પિરિયલ કાઉન્સિલના (કેન્દ્રની ધારાસભા) સભ્યપદે ચૂંટાયા ત્યારે તેમણે અધ્યાપકપદનો ત્યાગ કર્યો. શિક્ષણના વ્યવસાયને તેઓ પવિત્ર કાર્ય માનતા અને પૂર્ણ તૈયારી વિના કદી વર્ગમાં જતા નહિ. કેન્દ્રની ધારાસભામાં તેમણે ન્યાયતંત્ર અને કારોબારીને અલગ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો; પરન્તુ સરકાર-નિયુક્ત સભ્યોની બહુમતીને લીધે એ પ્રસ્તાવ પસાર થયો નહિ. ૧૯૧૪માં યુરોપમાં પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે બ્રિટિશ સામ્રાજ્યને મદદ કરવા, તેમણે બંગાળના વિવિધ વિસ્તારોમાં લોકો સમક્ષ, ૩૦ થી વધારે સભાઓમાં, લશ્કરમાં ભરતી થવા માટેનાં ભાષણો આપ્યાં. તેના ફળસ્વરૂપે એમને ૬૦૦૦ રંગરૂટો મળ્યા હતા.



સુરેન્દ્રનાથ બનરજી વૃદ્ધાવસ્થાએ

મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડના બંધારણીય સુધારા (૧૯૧૯)ને સ્વરાજ્યના પ્રથમ સોપાન તરીકે સુરેન્દ્રનાથે અને સૌ મવાળોએ સ્વીકાર્યા, કારણ કે તેઓને એવો ભય લાગતો હતો કે, આપણે જો આ સુધારા નહિ સ્વીકારીએ તો, આટલા સુધારા મળે છે તે પણ જશે! નવા જમાનાના નવા આદર્શો સેવતી પેઢી (જહાલ)ની આગેવાની સુરેન્દ્રનાથ કરી શકે એમ ન હોવાથી, તેઓ કૉંગ્રેસમાંથી છૂટા થઈ ગયા. હોમરૂલ ચળવળ અને ભારતના રાજકીય મંચ પર થયેલા ગાંધીજીના ઉદયથી લોકોએ મવાળવાદીઓના કાર્યક્રમમાંથી શ્રદ્ધા ગુમાવી હતી. કૉંગ્રેસમાંથી અલગ થઈ જવાની સાથે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાંથી પણ તેઓ ફેંકાઈ ગયા. બંગાળની ધારાસભાની ચૂંટણીમાં તેઓ વિના વિરોધે ચૂંટાયા. ત્યાર બાદ જ જાન્યુઆરી, ૧૯૨૧ના રોજ તેઓ બંગાળની સરકારમાં આરોગ્ય તથા સ્થાનિક સ્વરાજ્ય ખાતાના મંત્રી નિમાયા. વળી, એ સમયે તેમને સરકારે 'સર'નો ખિતાબ એનાયત કર્યો. તે સાથે મહાન રાષ્ટ્રિય નેતા તરીકે ઘણા મહત્ત્વના બનાવોવાળી તેમની ઉજ્જવળ કારકિર્દીનો અંત આવ્યો. તે સમયે લોકોનું નેતૃત્વ જહાલ નેતાઓના હાથમાં સરી ગયું હતું અને સમસ્ત ભારતમાં અસહકારનો જોરદાર પવન ફૂંકાયો હતો. તેથી મંત્રીપદનાં ત્રણે વરસ દરમિયાન તેમણે લોકમતનો સામનો કરવો પડ્યો હતો. આરોગ્ય ખાતાના મંત્રી (પ્રધાન) તરીકે તેમણે મેલેરિયા નાબૂદી માટે પગલાં ભર્યાં. સ્થાનિક સ્વરાજના મંત્રી તરીકે સ્થાનિક સંસ્થાઓમાં લોકોનું પ્રતિનિધિત્વ વધારવાનાં અને અમલદારોની સંખ્યા ઘટાડવાનાં પગલાં લીધાં. એ સંસ્થાઓના પ્રમુખ ચૂંટાયેલા સભ્ય જ હોય એવું એમણે કાયદાથી ઠરાવી આપ્યું. લોકોને સત્તા અને જવાબદારી બંને વધારે મળે એવી જોગવાઈ તેમણે કરી આપી. પોતે મંત્રી હતા, તે

(અનુસંધાન પૃ. ૮૪૭)

માણસ છે

રમેશ ર. દવે

બે-ચાર દિવસ તો એને આમ ઊભા રહેતાં સારું લાગ્યું. આખા દિવસની, વાંસ-વળીઓ મેટાડોરમાં ભરો-ઊતારો, માપ મુજબ ખાડા ગાળો ને હાથ ચડ્યું તે ઈંટ-રોડું-પથ્થર ધરબીને વળીઓ ખોડો, વાંસડાને કાથીથી બાંધીને માંડવો તૈયાર કરીને એને સીંચીને અધ્ધર બાંધો, માથે ચંદરવો ને ફરતી કનાત બાંધો, દરવાજે આછાં ગુલાબી કે ભડક લાલ-લીલા રંગનાં કમાન ને ઘુમ્મટ ઊભાં કરો - આ બધાંમાં 'ગુમાન, આ લાવ ને ગુમાન, પેલું મૂક!-'ની દોડાદોડી પછી આમ એક જગ્યાએ સ્થિર ઊભા રહેતાં આરામ મળતો. જોકે ભાલાવાળો હાથ એકધારો કાટખૂણે રાખતાં અકડાઈ જતો ને અકળામણ થઈ આવતી પણ એ સામું મન મનાવતો કે બીજાં બધાંની જેમ દોડાદોડીમાંથી તો છૂટ્યાને! એક આ સામે લગાવેલી સામટી હેલોજિન લાઈટ એની આંખોને આંજી દેતી. જે બાજુ જુઓ ...ધે અજવાળાનો ધોધ આંખોને ભરી દે, જાણે કોઈ ભાઈબંધ રમતાં રમતાં બાઝી પડતાં, મૂઠી ભરીને રેતી ન ફેંકી હોય? પણ એ લાઈટને લીધે તો આવતાં-જતાં બધાંની, ખાસ તો નાનાં-મોટાં છોકરાં ને જુવાન છોકરીઓની નજર... ગુમાનને થઈ આવ્યું : 'ઘરે હોત, તો તો એ જુવાનડી જ બોલ્યો હોતને! સૂરદેઈને એ હંમેશ...'

એ પોતે ભલે આમતેમ થાય પણ એના ભાઈબંધો તો એની ઈર્ષા જ કરતા. કલ્યાણસિંહ અને ભૈરોસિંહે તો કીધું પણ ખરું : 'તારે તો બેય પાની મોજ, એક તો અમારી જેમ ટાંટિયાતોડ નહીં કરવાની ને બીજું આ રેશમી-અતલસી વાઘા પહેરીને, માથે સાફો બાંધીને એ...યને રાજપૂતી ઠાઠથી એવી રીતે ઊભા રહેવાનું કે આવતાંજતાં બધાંની નજર તારી ઉપર મંડાય...'

'ને લાગ આવે તો ગમતી બાઈની સામે આંખેય મિચકારી લેવાય!' - કિશોરને બીજી બધી કરતાં આ વાતની લ્હાય વધારે રહેતી.

'હા, પહેલાં આપણો ગુમાન એને ગમતી જુવાનડી તરફ આંખનો ઉલાળો કરે, વળતો નાનો શેઠ ગુમાનને જોડે જોડે મારે, બસ પત્યું!' - ખેતશીનો હિસાબ હંમેશાં રોકડો જ રહેતો.

'પણ મને તો એનો લાંબો ભાલો ગમે છે. ભલેને પિતળપાનું વીંટ્યું છે. પણ અજવાળામાં એ ચળકે છે કેવો ઝગઝગાટ! જાણે નવો ઈસ્ટીલનો જ નો બનાવ્યો હોય!' - પરબતસિંહે આંખો પહોળી કરતાં કહ્યું.

આ બધી વાતોમાં ગુમાન એની અકળામણ ઘડીભર ભૂલી જતો. પણ વળી પાછું થતું : 'આ બધા કેવા સુખી છે? પોતે ક્યારેક તાવનું બહાનું કાઢીને આ કિશોરને કે પરબતને પોતાની જગ્યાએ, રંગીન ચૂડીદાર, બંધગળાની કિનખાબી શેરવાની, કેડ ઉપરની રેશમી ભેટ સિતારાટાંકેલી, ગળામાં ભલેને ખોટાં પણ મોટાં મોતીનો ચમક ચમક થતો હાર, કાનમાં કુંડળ, ને માથે લેરિયાનો સાફો, મોઢે પફ-પાઉડર... (નાના શેઠ ભારે શૉખીન છે. એમને એમ કે કરવું તો બધું પૂરું કરવું. એક દિવસ આ બધી નાની-મોટી ડબ્બીઓ અને શીશીઓ લઈ આવ્યા ને પોતે જ બધું કેમ ક્યાં વાપરવું-લગાડવું એ શીખવ્યું હતું!) ને આંખે પાછું આંજણ આંજીને ઊભા રાખી દેવા જોઈએ. પછી ભલેને આંખનો ઉલાળો કરે, પંપાળવો હોય તો ચકચકતો ભાલો પંપાળ્યા કરે; પણ પોતે તો છૂટે! એણે દેશમાં જઈને આ આંજણની વાત સૂરદેઈને કરી હતી ત્યારે એ મોઢા આડે ચૂંદડીનો છેડો રાખીને હસી પડી હતી : 'મરદ મૂછાળો થઈને આંખમાં આંજણ આંજ છ? લાજ નૈ આવતી?'

'ત્યાં મારી સારુ સૂરમો કોણે ઠારી મૂક્યો હોય તે આંજણ ન આંજું! આ બધા તો જોયાના તોલ છે જોયાના - એમાં આંજણ શું કે સૂરમો શું!'

પણ વળતી પળે જ સૂરદેઈને કહ્યું હતું : 'સારું ભા, સારું! માણસોનાં ઠોબરાં તો ધોવાં-વીંછળવાં નથી પડતાંને!' એને ડુંગરપુરિયા દીઠાય ગમતા નથી. મરદ થઈને ઠામ-વાસણ ને પોતાં કરવાનાં. પોતે સિસોદિયો રાજપૂત છે - એ વાતનું ભાન ગુમાનસિંહ ક્યારેય ન ભૂલે. એની સૂરદેઈને ભારે મમત રહેતી. ગામની નિશાળમાં માસ્સાબે રાણા પ્રતાપનો પાઠ ચલાવ્યો હતો ત્યારે એની, તેલનાં કચોળાં જેવી આંખો કેવી વધુ ને વધુ મોટી થતી ગઈ હતી? એ દૃશ્ય ગુમાન કદી નહીં ભૂલે. એમાંય જ્યારે માસ્સાબે સિસોદિયા કુળની વાત કરી ત્યારે તો ગુમાનને ય થઈ આવ્યું હતું : 'હં...વાત એમ છે ત્યારે!' ને હજુ તો પોતાનાં ખભા ને છાતી ખૂલતાં આવતાં હતાં તો ય ગુમાનથી સરખામણી થઈ ગઈ હતી : માસ્સાબાની વાત સાવ સાચી છે, આ જોને મારાં છાતી-ખભા! છે ને અસ્સલ રાજપૂતી! અને પોતે પ્રતાપનો નાનો ભાઈ શક્તિસિંહ હોત તો કેવું સારું હતું? - એવી મનની મોજે મન ભર્યું ભર્યું થઈ ગયું હતું !

એમ તો છીપ્પર સમાણી છાતી, લીંબુની ફાડ જેવી આંખો અને ભોગળ જેવા હાથ-ખભાની વાત તો એણે કૉલેજમાં 'ઓખાહરણ' શીખતી વખતે ય વાંચી હતી. એ વખતે અનિરુદ્ધ પણ યુદ્ધનાં દૃશ્મોમાં દેખાવા માંડ્યો હતો... પણ આજે તો એ બધું પાછું ફરી ઇતિહાસ થઈ ગયું! ગુમાનસિંહથી એક લાંબો નિસાસો નખાઈ ગયો...

ભણીગણીને હાઈ સ્કૂલમાં ઇતિહાસના ટીચર થવાનું નાનું

એવું સપનું પાળ્યું હતું. પોતે ય માસ્સાબની જેમ ઇતિહાસનો શિક્ષક થશે અને છોકરાંઓને ચિત્તોડગઢ લઈ જઈ રાણાની પ્રતિમા સામે એના જ વતનના આકાશ તળે પ્રતાપ અને એના અટંકી સિસોદિયા કુળની કથા કહેશે! વહેલી સવારે ઊઠીને કરાતી દંડ-બેઠકની કસરતથી ખભા ને છાતી તો આ પહોળાં પથ્થર થયાં. પણ, પણ... ગાંડપણે ય કઈ હદ સુધીનું હતું? હજુ તો મૂછો ફૂટતી આવતી હતી ને થોભિયાં તો ઠીક, મારા ભાઈ; પણ તોય એનો કટ રાણા પ્રતાપની છબીમાં છે એવો જ રાખ્યો હતો. પણ બધું જ પલટાઈ ગયું મિલ બંધ થતાંની સાથે! નીચેનો એક પથ્થર ખસ્યો ને એમાં આખો ગઢ કડડભૂસ થતાં ખરી પડ્યો. ભૈબંધો તો બધા મિલમજૂર હતા. પણ પોતે એકલો મૅટ્રિક પાસ હતો એટલે છોટા સાહેબે એને સેમી ક્લાર્કમાં મૂક્યો હતો. પગાર તો બધાંના સરખા પણ કામ... અરે, કામ તો મારા ભાઈ ઠીક, પણ માણસ ભણેલ-ગણેલ છે એટલું લેખામાં લેવાય એ કંઈ કમ વાત છે! રાતપાળી ફાવી ગઈ હતી. સવારે છૂટીને નાહીધોઈ નાસ્તો કરીને સૂઈ જવાનું. અગિયાર વાગ્યે ઊઠીને, સામંતે કરેલાં જાડી રોટલી ને રસાદાર તમતમતું શાક ખાઈને સીધા કૉલેજ. સાડાત્રણ સુધી વર્ગો ને પછી લાઇબ્રેરીમાં. સાંજે શાક-પાંદડું-તેલ-મસાલા લઈને રૂમે. સામંત એનાથી મોટો હતો તોય, 'તું ભણને... હું છું એ તો!' - કહી કામની ના પાડતો. 'તું ભણને' - કહેતાં સામંતની આંખોમાં ગુમાનને 'માસ્સાબ' વંચાતા હતા.

પણ બધું ય વેરવિખેર થઈ ગયું, આકડાના માંડવાની જેમ! સામંતે દેશમાં જઈને ચાની લારી કરી ને પોતે અહીં 'શ્રી અંબિકા ડેકોરેટર્સ ઍન્ડ હાયરર્સ'માં મજૂર. ના, સેમી ક્લાર્ક પણ નહીં! મનમાં હતું : 'મજૂરી કરતાં કરતાં ય બી.એ. કરી લઈશ. પણ દિવસ આખાની તનતોડ મજૂરી પછી ફિલમ જોવા જવાનાય હોશકોશ નહોતા બચતા. ઘરેથી, સૂરદેઈ પાસે લખાવેલો કાગળ આવે છે ત્યારે એને થાય છે : 'આ દિવસના ચોવીશને બદલે ચોત્રીસ કલાક હોત તો હજુ એકાદ-બે ઠેકાણે સો-દોઢસોનું કામ શોધી કાઢત. પૈસા વિના કોઈનું કંઈ ચાલતું નથી. બધા ખેલ પૈસો જ પડાવે છે ને પૈસાથી જ પડે છે!'

બીજાની શું કામ? એની ખુદની વાત જ કરોને ! આખા દિવસની આ હડિયાપાટી પછી ય નાના શેઠે એને આમ મંડપના દરવાજે દ્વારપાલની જેમ (જોકે આમ રાજમહેલના વિશાળ દરવાજે, આભે અડતાં ને ચોકડી પાડેલાં ભાલાં રાખીને ઊભા રહેનારને પ્રતિહાર કે દ્વારપાલ કહેવાય એ વાત તો બધાંને એણે પોતે જ કહેલી!) જરકસી જામો ને સાફો બાંધીને ઊભા રહેવાનું કહ્યું ત્યારે એક વાર તો એને આ મશ્કરી બદલ એક ઝાપટ મારીને નાના શેઠની બત્રીસી તોડી નાખવાનું મન થઈ આવ્યું હતું. પણ એમની વળતી વાત : આમ એક જગ્યાએ ઊભા ઊભા લ્હેર કરવાના પૂરા ત્રીશ રૂપિયા દઈશ - સાંભળીને મશ્કરી કે અપમાન જે કહો તે બધું, પાણીમાં મીઠું ઓગળે રોટલો ઘડતી વખતે, એમ ઓગળી ગયું હતું ને મન મહિનાના વીશ નહીં તોય દસ દિવસે ય આવી દરવાનગીરી કરવાની મળે તો સીધા ત્રણસો વધારાના મળે ને તો... માને પડતી હાડમારી કંઈક ઓછી થાય. માની વાત આવતાંની સાથે જ ગુમાન આગળો વાસી દે છે. મન ઢીલું થઈ જાય ને પછી બીક લાગે કે મરદમૂછાળા થઈને બે માણસ વચ્ચે રોવું આવી જશે કે શું? દેશમાં મા એકલી જે રીતે પિલાઈ રહી છે તે...

પહેલે દિવસે તો બધું; બધું કહેતાં બધું : આ રંગીન કપડાં, સાફો ને હાથમાં પકડેલો ભાલો - બધું બહુ ગમ્યું હતું. અંદર અંદર આ મશ્કરીનું ઝીણું શૂળ હતું જ, પણ નવી વાતે મન પાછું નહોતું પડ્યું. નવું નવું નવ દા'ડાની ય મઝા હોય કદાચ. પણ પછી સાવ નવરાધૂપ, એકની એક પોઝિશનમાં કડક ઊભા રહેતાં કંટાળો આવવા માંડ્યો હતો અને મનનું તો એવું કે ગમતી વાતે ગમતાં કારણ ગોતી કાઢે ને ન ગમતી વાતે; ગમે તેટલું મનાવોને તમે; ગઢના કાંગરાની એક એક કાંકરી ખેર્યા જ કરવાનું હરદમ.

તોય આમ વિચારવાની વાતે એક સુખ હતું કે તમારો સમય ક્યાં પસાર થઈ જાય; ખબર જ ન પડે. ક્યારેક તો એમ પણ થતું : 'એ વિચારતો રહે... વિચારતો રહે ને એમ જ સવાર પડી જાય તો કેવું! આમ પણ સાચું પૂછો તો હવે એણે વિચાર્યા સિવાય બીજું કરવાનું પણ શું હતું? એને એ સમજાતું નહોતું કે માણસ જેવા માણસે ઊઠીને દુનિયા પહેરાવે એ અને એવા વાઘા પહેર્યા કરવાના! એના મનનો ખટકો ઉપર તરી આવ્યો. આ ઝાકઝમાળ રોશનીમાં, ફાટેલાં લૂગડે દીધેલાં થીગડાં જેવા દેખાતા આકાશના ક્યારેક ક્યારેક વિલાતી સંધ્યાએ દેખાઈ જતા રતુંમડા શુક્રના તારા સાથે એ પોતાની જાતને સરખાવ્યા કરતો... ક્યાં પોતાના કુળને દીપાવનાર રાણા પ્રતાપ ને ક્યાં આ ડાગલાગીરી કરતો પોતે! માણસ કહેતાં લાખેણા માણસનું કાંઈ મૂલ જ નહીં? આખો દિવસ ધનુ માસ્તર દોડાવે એમ દોડવાનું - જાણે ગુમાનને પગે પગરખાંને બદલે પૈડાં ન હોય! 'ગુમાન કાથી લાવ, ગુમાન ખીલી ને પકડ લાવ... આ હથોડી પડી ગઈ ગુમાન, અંબાવ તો!' ઠીક છે કરી લો શેઠાઈ, બીજું શું પણ આ ગુમાનની મિલની નોકરી ફક્ત બે...બે જ વરસ ટકી ગઈ હોતને તો...તો...

કેવાં કેવાં અરમાન હતાં? શિક્ષક થઈશ ને રફતે રફતે ચિતોડગઢની હાઇ સ્કૂલમાં ઇતિહાસ ભણાવતો હઈશ. ઇતિહાસ એટલે આ વંશાવળી ને સાલવારીનું કોરું કબ્રસ્તાન નહીં! અટંકી વીરોનાં કેસરિયાં ટાણે જય એકલિંગજીની ગગનભેદી રણહાકે ગુંજતો અને કુળવધૂઓમાં જૌહરની રાતી જ્વાળાઓથી

(અનુસંધાન પૃ.૮૪૩)

ઈતિહાસધારા

અશોક હર્ષ

ભારતના અંતિમ હિન્દુ સમ્રાટ પૃથ્વીરાજ ચૌહાણે કનોજના રાજવી અને પોતાના મસિઆઈ ભાઈ જયચન્દની પુત્રી સંયોગિતાના કરેલા હરણ અને તેનું વેર લેવા જયચન્દે મુહમ્મદ ઘોરીને નિમંત્ર્યાનું ને તેના હાથે પૃથ્વીરાજ મરાયાનું ચંદ બારોટે 'પૃથ્વીરાજ રાસો'માં જણાવ્યું છે અને આપણા ઇતિહાસમાં તે એક હકીકત તરીકે સ્વીકારી લેવામાં આવેલ છે. અલબત્ત, પૃથ્વીરાજ હણાયેલો ઘોરીના હાથે, પરંતુ તેના આક્રમણ સાથે સંયોગિતાના કહેવાતા હરણને કશો સંબંધ હોવાનું શંકાસ્પદ છે.

'પૃથ્વીરાજ રાસો' કરતાં વિશ્વસનીય 'પૃથ્વીરાજવિજય'માં સંયોગિતાનો ક્યાંય નામનિર્દેશ નથી, એટલું જ નહિ, પૃથ્વીરાજના શાસન પરના સમકાલીન ફારસી ગ્રંથોમાં પણ સંયોગિતાહરણનો કશો નિર્દેશ નથી. નયનચન્દ્રસુરિના 'રંભા-મંજરી' નાટકમાં જયચન્દ્ર નાયકપદે છે, પણ સંયોગિતાનો કશો જ ઉલ્લેખ નથી, જ્યારે 'હમીર મહાકાવ્ય'માં પૃથ્વીરાજના વિગતવાર વર્ણનમાં પણ આ પ્રસંગનો ઉલ્લેખ નથી.

મૂળ લાટીય અપભ્રંશમાં લખાયેલ 'પૃથ્વીરાજ રાસો'ની આજે એકે નકલ ઉપલબ્ધ નથી, પણ પાછળની સુધારાવધારા થયેલી નકલો જ ઉપલબ્ધ છે, 'સુરજનચરિત'માં પૃથ્વીરાજની રાણી તરીકે સંયોગિતાનું નહિ પણ કમલાવતીનું નામ આવે છે. આ પરથી સંયોગિતા ઐતિહાસિક પાત્ર હોવા બાબતમાં શંકા રહે છે.

મુગલ સમ્રાટ શાહજહાંની* ત્રણ પુત્રીઓમાંની સૌથી મોટી પુત્રી જહાનઆરા સુંદર અને ઉદાર એટલી જ પિતૃવત્સલ હતી. પત્ની મુમતાઝ મહલના અવસાન પછી લગભગ નિરાધાર જેવા શાહજહાંનો એ જ એકમાત્ર આધાર હતી. ઔરંગઝેબ એનાથી ડરતો રહેતો. પિતા શાહજહાંને તેણે આઠ વર્ષ સુધી તેના દેહાંત પર્યંત આગ્રાના કિલ્લામાં રાખ્યો ત્યારે તેનો એકમાત્ર સથવારો જહાનઆરા રહેતી. તેનું ઈ.૧૬૮૧માં અવસાન થતાં ઔરંગઝેબે હાશ અનુભવી.

શાહજહાંની બીજી બે પુત્રીઓમાંની રોશનઆરા તો પહેલેથી જ ઔરંગઝેબને પડખે હતી. તે જહાનઆરા જેટલી સુંદર નહોતી તેમ ઉદાર પણ નહોતી. સ્વભાવે અટપટી હોઈને ઔરંગઝેબ સાથે તેને સારું બનતું. ત્રીજી સૌથી નાની પુત્રી હતી ગોહરઆરા જે સાલસ સ્વભાવની હોઈ રાજકીય ખટપટોથી દૂર જ રહેતી. ત્રણે બહેનો આજીવન કુંવારી રહેલી.

શાહજહાં જેને રાજ્યની લગામ સોંપવા માગતો હતો એ એના સૌથી મોટા પુત્ર દારાને હરાવીને કેદ કર્યા પછી તેને આજીવન કારાવાસ આપવો કે મૃત્યુદંડ એ સવાલ ઊભો થતાં રોશનઆરાએ તેને વહેલામાં વહેલી તકે મૃત્યુદંડ આપવાની ભલામણ કરેલી, દારાની આ સજાનો ઈ.૧૬૫૯ના સપ્ટેમ્બરની ૧૫મીએ અમલ કરવામાં આવ્યો. □

બિચારો નિર્દોષ તોફાનો

પ્રહ્લાદ છ. પટેલ

વિશ્વનું વિરાટ સ્વરૂપ અનાદિ, અગમ અને અગોચર રહ્યું છે. આવા વિશ્વમાં અસંખ્ય ઘટનાઓ ઘટી રહી છે. કેટલીક ઘટનાઓ આજે આપણે પૃથ્વી ઉપર રહીને જોઈ-નોંધી રહ્યા છીએ તે કરોડો-અબજો વર્ષ પહેલાં ઘટેલી. વર્તમાનમાં દૂર અંતરિક્ષમાં બનતી ઘટનાઓ આટલાં જ વર્ષો પછી જાણવા મળશે. દૂરદૂર બનતી ઘટનાઓના સમાચાર વિદ્યુતચુંબકીય તરંગો દ્વારા મળતા હોય છે. જે કોઈ પ્રયુક્તિ વડે આવા તરંગો આપણે ઝીલીએ તે સમય દરમિયાન ઘટના-સ્થળનું સ્વરૂપ અને સંભવતઃ ઇતિહાસ પણ બદલાઈ ગયો હોય છે. અબજો તારાવિશ્વો (ગૅલૅક્સી)નું આ વિશ્વ છે. આપણું તારાવિશ્વ એટલે આકાશગંગા. તેની વિશાળતાનો પણ પાર નથી. આકાશગંગાની એક તરફ ટચૂકડું આપણું સૂર્યમંડળ. ધન-ધાન્ય પૂરાં પાડતી આપણી પૃથ્વી અને પ્રકાશ તથા ઊર્જા પૂરી પાડી જીવસૃષ્ટિ ટકાવી રાખનાર સૂર્ય વિષે પણ ઘણું જાણવાનું બાકી છે. સૂર્યને કેન્દ્રમાં રાખીને બુધ, શુક્ર, પૃથ્વી, મંગળ, ગુરુ, શનિ, યુરેનસ, નૅપ્ચ્યૂન, પ્લૂટો અલગ અલગ કક્ષામાં નિયત સમય સાથે ભ્રમણ કરે છે. કેટલાક ગ્રહોને ઉપગ્રહો છે, જે તેમની આસપાસ ભ્રમણ કરે છે. આ સાથે કેટલાક ધૂમકેતુઓ અલગ અલગ સમયના નિયત ગાળે સૂર્ય અને પૃથ્વીની પાસે (ઉપર નહીં) મુલાકાતે આવે છે અને ભિન્ન ભિન્ન અસરો છોડતા જાય છે.

એક માન્યતા પ્રમાણે ધૂમકેતુઓ સૂર્યમંડળને ફરતે આવેલા વાયુઓના વાદળમાંથી ઉદ્‌ભવે છે. આવા વાયુ-વાદળમાંથી છૂટા પડેલા ધૂમકેતુઓ ગુરુત્વાકર્ષણબળને કારણે સૂર્યમંડળની અંદર ધકેલાય છે. બીજી માન્યતા પ્રમાણે સૂર્ય તેની કક્ષામાં હોય ત્યારે વાયુ-વાદળ અને રજકણોને તેના ગુરુત્વાકર્ષણબળ વડે આકર્ષે છે અને આવા કણો જમા થઈને ધૂમકેતુની ન્યૂક્લિઅસ રચે છે.

ધૂમકેતુને મુખ્ય ત્રણ અંગ છે - ન્યૂક્લિઅસ, ફૂમતું અને પૂંછડી. લગભગ બધા જ ધૂમકેતુઓનું દ્રવ્ય તેમની ન્યૂક્લિઅસમાં સમાયેલું હોય છે. આ દ્રવ્ય મહદંશે બરફ, થીજેલા પદાર્થો અને રજકણો ધરાવે છે. ધૂમકેતુની ન્યૂક્લિઅસનો વ્યાસ આશરે ૧૬-૧૭ કિલોમીટર જેટલો હોય છે. તે સૂર્યની પાસે થઈને પસાર થાય છે ત્યારે તેના દ્રવ્યનું સૂર્યની ઉષ્માને કારણે બાષ્પીભવન થાય છે. પછી તેનું ફૂમતું (કૉમા) બને છે. ધૂમકેતુ આગળ વધે તેમ આ દ્રવ્ય ફેલાતાં પૂંછડી બને છે.

કેટલાક ધૂમકેતુઓ ૩ થી ૨૫ વર્ષના આવર્તસમય સાથે દેખા દે છે. આવા આશરે ૮૦ ધૂમકેતુઓ નોંધાયા છે. કેટલાક ૨૫ થી ૨૦૦ વર્ષનો આવર્ત-સમય ધરાવે છે. તેમાં હેલીનો

ધૂમકેતુ નોંધપાત્ર છે. તે દર ૭૬ થી ૭૯ વર્ષે દેખાય છે. છેલ્લે ૧૯૮૬માં તે દેખાયો હતો. તે રીતે હેલ-બૉપ છેલ્લે ૧૯૯૭માં દેખાયો હતો.

આ વર્ષે 55P / ટેમ્પલ-ટટ્ટલ ધૂમકેતુએ ભારે ઉત્તેજના ફેલાવી. ૧૮૬૫માં વિલિયમ ટેમ્પલે અને ૧૮૬૬માં હૉરેસ ટટ્ટલે આ ધૂમકેતુ શોધી કાઢ્યો તેથી તે ટેમ્પલ - ટટ્ટલ (ટી.ટી.) તરીકે ઓળખાય છે. આ ધૂમકેતુ લંબવર્તુળાકાર કક્ષામાં ગતિ કરે છે. આશરે ૩૩.૩ વર્ષમાં તે એક ચક્કર પૂરું કરે છે. ૨૮ ફેબ્રુઆરી, ૧૯૯૮ના રોજ આ ધૂમકેતુ પૃથ્વીની ભ્રમણકક્ષામાં થઈને પસાર થયો. ૧૭/૧૮ જાન્યુઆરી, ૧૯૯૮ના રોજ તે પૃથ્વીથી આશરે ૫.૩ કરોડ કિલોમીટર અંતરે હતો. સૂર્યની પાસે થઈને પસાર થતાં સૂર્યની ગરમીને કારણે તેની પૂંછડીના ભાગનું દ્રવ્ય ઓગળી તેનાથી છૂટું પડ્યું. આ દ્રવ્ય ટેમ્પલ-ટટ્ટલ ધૂમકેતુ તેના માર્ગ ઉપર છોડતો ગયો. તેના રિબન જેવા પટાવાળા ભાગમાં થઈને પૃથ્વી પસાર થાય ત્યારે તેને ધૂળ તથા બરફના ગઠ્ઠાઓનો સામનો કરવો પડે છે. ૧૭ નવેમ્બર, ૧૯૯૮ના રોજ રાત્રે ૨ક. ને ૧૦ મિ. (યુનિવર્સલ ટાઈમ - UT પ્રમાણે ૨૦ ને ૪૦ મિ.) એ ઉલ્કાપાતની ચરમસીમાનો સમય રહ્યો. આ વિષે વધુ માહિતી નીચેના કોઠામાંથી મળી શકે તેમ છે :

વર્ષ	તારીખ / મહિનો	(UT)સમય
૧૯૬૬	૧૭, નવેમ્બર	૧૨ ક. ૦૦ મિ.
૧૯૯૮	૧૭, નવેમ્બર	૨૦ ક. ૪૦ મિ.
૧૯૯૯	૧૮, નવેમ્બર	૦૧ ક. ૫૦ મિ.
૨૦૦૦	૧૭, નવેમ્બર	૦૮ ક. ૦૦ મિ.

ટેમ્પલ-ટટ્ટલ ધૂમકેતુ દર ૩૩.૩ વર્ષે સૂર્ય પાસેથી પસાર થાય છે ત્યારે તેનો બરફ ઓગળતાં રજના નક્કર કણો, કાટમાળ સ્વરૂપે ૨ લાખ કિલોમીટર સુધી ફેંકાય છે. પૃથ્વીની ભ્રમણકક્ષા પાસે ધૂમકેતુ આવે છે ત્યારે ઉલ્કાની વર્ષા થાય છે. ૧૯૬૬માં પ્રતિ કલાકે ૧.૫ લાખ ઉલ્કાઓ પડી હતી. આવી ઉલ્કાઓને ખરતા તારા પણ કહે છે. આ ઉલ્કાપાત ગણતરી કરતાં બે કલાક મોડો થયો હતો.

૧૮૩૬માં થયેલ ઉલ્કાપાત અગ્નિવર્ષા જેવો હોઈ લોકો ભારે ભયભીત થઈ ગયા હતા.

ઘણાં વર્ષો પહેલાં મહારાષ્ટ્રના બુલઢાણા જિલ્લાના મેહેકર તાલુકાના લોણાર ખાતે મોટી ઐતિહાસિક ઉલ્કા પડેલી. તેને કારણે તે જગાએ ક્રુસિબલ(કુલડી) આકારનો મોટો ખાડો પડ્યો અને ત્યાં જગપ્રસિદ્ધ લોણાર સરોવરનું નિર્માણ થયું. સરોવરની ફરતે ૧૩૦ મીટર ઊંચી ભેખડો છે. તેની ઊંડાઈ ૯૦ થી ૧૨૦ મીટર જેટલી છે. આ સરોવરનું પાણી ખૂબ ખારું છે.

આશ્ચર્યની વાત તો એ છે કે તેની પાસે આવેલા કૂવાઓનું પાણી મીઠું છે. લોણાર સરોવરનાં ખારાં પાણીનો ભેદ આજે ચોક્કસપણે જાણી શકાયો નથી.

એક માન્યતા પ્રમાણે ૧૯૦૮માં રશિયાના મધ્ય સાઈબેરિયામાં તુંગુસ્કા નદીની નજીક ધૂમકેતુનો મોટો ટુકડો પડ્યો. પરિણામે ૨૦૦૦ ચોરસ કિલોમીટર વિસ્તારમાં ચીડ વૃક્ષોનું વન જમીનદોસ્ત થઈ ગયું. આ ઘટના પછી થોડા સમય સુધી યુરોપ અને સાઈબીરિયા ઉપરનું રાત્રિ આકાશ અસાધારણ રીતે તેજસ્વી બન્યું હતું.

સુરેન્દ્રનગર જિલ્લાના ધજાળા ગામ પાસે ૧૯૭૬ના જાન્યુઆરીની ૨૮મી તારીખે રાત્રે એક ઉલ્કા પડી હતી. આ ઉલ્કાનો તેજલિસોટો આશરે ૧૫૦ કિલોમીટર સુધી દેખાયો હતો. અમદાવાદની ભૌતિક અનુસંધાન પ્રયોગસાળા (PRL) અને અન્ય સંશોધન સંસ્થાઓએ આ ઉલ્કાનો અભ્યાસ હાથ ધર્યો હતો. તેની આવરદા ૪.૫ અબજ વર્ષ જેટલી અંદાજવામાં આવી છે અને તે સૂર્યમંડળના ગ્રહોની ઉંમર જેટલી છે. ૧૮૮૨ના ફેબ્રુઆરીની ત્રીજી તારીખે હંગેરીમાં એક લાખ નાના પથ્થરો (ઉલ્કાઓ) પડ્યા હતા.

ઉત્તર અમેરિકાના એરિઝોના રાજ્યના વિન્સલો નજીક મોટી ઉલ્કા પડતાં ત્યાં ૧ કિ.મી. વ્યાસ અને ૧૭૫ મીટર ઊંડો ખાડો પડી ગયો.

૧૮ નવેમ્બર, ૧૯૯૮ના રોજનો ઉલ્કાપાત એ કંઈ પ્રથમ ઘટના નથી. દરરોજ અસંખ્ય ઉલ્કાઓ પડતી હોય છે, પણ ઉલ્કા પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશતી હોય છે. તે બધી તેજરેખાઓ છોડતી નથી. મોટા ભાગની ઉલ્કાઓ સૂક્ષ્મ કણોની બનેલી હોય છે. ગુરુત્વાકર્ષણબળને કારણે તે ૬૫ થી ૭૧ કિ.મી. / સેકન્ડની ઝડપથી પૃથ્વી તરફ આવે છે. પ્રચંડ ઝડપને કારણે વાતાવરણના ઘર્ષણને કારણે સળગી ઊઠતા લિસોટા રચે છે. ઉલ્કા ઘણી મોટી હોય તો તેજલિસોટો લાંબા સમય સુધી દેખાય છે. ઘણીખરી ઉલ્કાઓ પૃથ્વીની સપાટીથી આશરે ૧૦૦ કિ.મી.ની ઊંચાઈએ બળીને ભસ્મ બની જાય છે. ઉલ્કાવર્ષાનું મૂળ સૂર્યની આસપાસ પ્રદક્ષિણા કરતી ઉલ્કાધારામાં રહેલું છે. ઉલ્કાધારાની ઉલ્કાઓ પૃથ્વી તરફ આકર્ષાતી હોય છે. ઉલ્કાધારાઓ ધૂમકેતુમાંથી છૂટો પડેલો ભંગાર છે.

ધૂમકેતુ ટેમ્પલ-ટટ્ટલ સાથે લિયોનિદ્ ઉલ્કાભ (meteoroids) સંકળાયેલ છે. આ ઉલ્કાઓને લિયોનિદ્ એટલા માટે કહેવાય છે કે તે લિયો(સિંહ) રાશિમાંથી નીકળતી દેખાય છે. આ ધૂમકેતુ સૂર્યની નજીક આવે તેમ તે મધમાખીઓના ઝુંડની જેમ ઉલ્કાઓ છોડતો જાય છે. આ વૈશ્વિક પદાર્થો (ઉલ્કાઓ)નું વિતરણ પોઈન્ટિંગ-રોબર્ટસન ઘટના દ્વારા નિયંત્રિત થાય છે. આ ઘટના મુજબ, બધા કણોની ઘનતા સમાન હોય ત્યારે, નાના કણો સૂર્ય તરફ અને મોટા કણો સૂર્યથી દૂર જાય છે. પૃથ્વી ૧૪ થી ૨૦ નવેમ્બર વચ્ચે ઉલ્કાક્ષેત્રમાંથી પસાર થાય ત્યારે તેના ઉપર ઉલ્કાની વૃષ્ટિ થાય છે. દર ૩૩.૩ વર્ષે આ

ઉલ્કાવૃષ્ટિ તોફાની બને છે. તેને લિયોનિડ્ તોફાન કહે છે.

૧૯૬૬માં ટેમ્પલ-ટટ્લ સૂર્યની નજીક થઈને પસાર થયો ત્યારે ૧૭ નવેમ્બર, ૧૯૬૬ના રોજ લિયોનિડ્ તોફાન થયેલ. તે ઘણું તીવ્ર તોફાન હતું. તે થતાં તે સમયે લોકો અને વિજ્ઞાનીઓમાં આજના જેટલી ઉત્તેજના ન હતી. કારણ સ્પષ્ટ છે. ૧૯૬૬માં પૃથ્વીની આસપાસ ભ્રમણ કરતા સેટેલાઇટ-ની વસ્તી ઘણી ઓછી હતી. એટલે નુકસાનની શક્યતાઓ નહીંવત્ હતી. આથી ૧૯૬૬નું લિયોનિડ્ તોફાન તીવ્ર હોવા છતાં તેનું ઐતિહાસિક મહત્ત્વ નથી.

૧૪ થી ૨૦ નવેમ્બર, ૧૯૯૮ના સમયગાળામાં આવું લિયોનિડ્ તોફાન અપેક્ષિત હતું. અત્યારે આશરે ૬૦૦ સેટેલાઇટ પૃથ્વીના ગુરુત્વાકર્ષણ ક્ષેત્રમાં કાર્યરત છે. ઉલ્કાઓ (રજકણો) સેટેલાઇટ સાથે અથડાય ત્યારે તેને વિવિધ રીતે નુકસાન થવાનો સંભવ છે. સેટેલાઈટ અથવા અવકાશયાનની બાહ્ય સપાટી ઉપર અતિ સૂક્ષ્મ ઉલ્કા પ્રચંડ વેગથી (૭૧ કિ.મી. / સેકન્ડ) અથડાય ત્યારે ઊંચા તાપમાનને કારણે તેની વરાળ બની પ્લાઝમામાં રૂપાંતરિત થાય છે. પ્લાઝમા એટલે ધન અને ઋણ વિદ્યુતભારો(ઇલેક્ટ્રોન)નો સમૂહ. અવકાશયાન ઉપર આ પ્લાઝમા સ્થિરવિદ્યુત વિદ્યુતભારની અસર કરે છે. પરિણામે યાનની અંદરના વિદ્યુત પરિપથ શોર્ટ થાય છે. તેથી કમ્પ્યૂટરની ચિપ્સ અને તેના પરિપથમાં ભારે ખલેલ પહોંચે છે. પરિણામે સમગ્ર તંત્રમાં ભંગાણ સર્જાય છે.

પ્રથમ સ્પૂટનિક અવકાશમાં તરતો મૂક્યો ત્યારથી જ તેમના ઉપર ઉલ્કાપાતની સંભવિત અસરો સામે તકેદારી રાખવામાં આવે છે. યાન સાથે અથડાતી નાની-મોટી ઉલ્કાઓ સામે સુરક્ષાના ઉપાયો પહેલેથી જ વિચારી રાખવામાં આવે છે. કોઈ પણ યાન કે ઉપગ્રહને થતું નુકસાન ઉલ્કા અથડામણોની સંભવિતતા, ઉલ્કાનો વેગ, ઉપગ્રહની આંતરિક રચના, આડછેદનું ક્ષેત્રફળ, ઉપગ્રહમાં રાખેલાં ઉપકરણોની સંવેદિતા, તોફાનની દિશા સાથે યાનનું નમન વગેરે બાબતો ઉપર આધારિત છે. આ વખતે અને આ તબક્કે ઉલ્કાઓની અથડામણની સંભાવનાનો અભ્યાસ કરવાનો ખાસ હેતુ રહ્યો હતો, જેથી ભવિષ્યમાં તેની સામે રક્ષણાત્મક જોગવાઈઓનો વિચાર કરી શકાય, તે અટકાવવાની કાર્યવિધિ વિકસાવી શકાય.

દૂરસંવેદનશીલ સેટેલાઈટ (IRS) ધ્રુવની નજીક લગભગ વર્તુળાકાર પથમાં ઉપર ૮૩૦ કિલોમીટર ઊંચાઈએ ભ્રમણ કરે છે; વૈજ્ઞાનિક અભ્યાસના હેતુઓ માટે સ્રોસ(SROSS-C2) એ લંબવર્તુળાકાર (૪૩૦Am, ૫૮૦Am) કક્ષામાં ભ્રમણ કરે છે અને સંદેશાવ્યવહારનો સેટેલાઈટ (INSAT) ભૂસ્થિર કક્ષામાં ભ્રમણ કરે છે. આપણા આ સેટેલાઈટ કુદરતમાં કલાત્મક રીતે ઘૂમી રહ્યા છે અને વૈજ્ઞાનિક કામગીરી બજાવી રહ્યા છે. સૂક્ષ્મ પ્રક્રિયાઓ કરનાર ઉપકરણો તેમાં રાખેલાં છે. સેટેલાઈટ અવકાશમાં ઘૂમતો હોય ત્યારે અવકાશના સંપર્કમાં આવતું તેનું ક્ષેત્રફળ ૧૨ થી ૧૪ મીટર^2 જેટલું ઓછું છે, જ્યારે રશિયન અવકાશયાન મીરનું ક્ષેત્રફળ ૫૦૦ મીટર^2 જેટલું વધારે છે. વધુ બાહ્ય ક્ષેત્રફળ ધરાવતા યાન ઉપર ઉલ્કાપાતની અસર થવાનો વધુ સંભવ છે. સેટેલાઈટમાં ઇલેક્ટ્રોનિક અને વિદ્યુત-પ્રકાશીય સંવેદિતા ધરાવતી પ્રયુક્તિઓ છે. તેને આયનો અને પ્લાઝમા ભારે નુકસાન પહોંચાડે છે. આથી આપત્તિજનક ભંગાણ, ચૂવાક (leakage), બાષ્પીય ક્ષણિક ભડકો, પ્રજ્વલન, વિકૃતિ, તરલ-દૂષણ, ઉષ્મીય-રોધન નુકસાન અને ઘસારો વગેરે થાય છે. આ બધી મુશ્કેલીઓ ભારતના ઉપગ્રહોને પણ નડી શકે છે. તે છતાં ઉપગ્રહ સાથે ઉલ્કાની અથડામણોની સંભાવના નહીંવત્ છે. ઉપગ્રહની સૌર-પાંખને તો એથીય ઓછું નુકસાન થાય તેમ છે, કારણ કે ઉલ્કાપાત પાંખની ધાર આગળ થવાનો છે. આપણા ઉપગ્રહોની અંદર એવી રચના કરેલી છે જે ક્ષતિ સામે સક્ષમ રીતે કાર્યરત રહે છે. ભૂતકાળનાં અવલોકનોને આધારે લિયોનિડ્ તોફાન ૧૯૯૯ અને ૨૦૦૦ના નવેમ્બરમાં વધુ પ્રબળ બને તે હકીકતને નકારી શકાય નહીં. લિયોનિડ્ તોફાન પહેલાંના અભ્યાસ પ્રમાણે ૧૮ નવેમ્બર, ૧૯૯૮ની ઉલ્કાવર્ષા ભવ્ય આકાશી ઘટના બનશે અથવા તદ્દન સામાન્ય બનાવ તરીકે લુપ્ત થઈ જશે. આપણે અને સમાચાર માધ્યમોએ આ કથનના પૂર્વાર્ધ ઉપર ખૂબ ભાર મૂક્યો અને ઉત્તરાર્ધને નજરઅંદાઝ કર્યો છે.

૧૮ નવેમ્બર, ૧૯૯૮ની રાત્રે આતશબાજી જેવી ઉલ્કા-ઘટના જોવા લોકો ધાબે ચડી ગયાં, બહાર મેદાનોમાં ગયાં. લોકોને તેવું જોવા ન મળ્યું. બેજિંગ અને બેન્ગકૉકમાં અપેક્ષિત ઉલ્કાવર્ષા જોવા મળી. કલકત્તામાં નાના પથ્થર રૂપે ચાર-પાંચ ઉલ્કાઓ હાથ લાગી, જેનો અભ્યાસ ચાલુ છે. ભુજ (કચ્છ)માં ઉલ્કાવર્ષા ઠીકઠીક પ્રમાણમાં જોવા મળી. અમદાવાદ-પૂનામાં થોડાક ઝાંખા લિસોટા જોવા મળ્યા પણ આતશબાજી જોવા ન મળી. આમ, પ્રજા નિરાશ થઈ પણ અવકાશ-વિજ્ઞાનીઓએ રાહતનો દમ ખેંચ્યો, કારણ કે ઉપગ્રહોને આપત્તિનો સામનો કરવાનો વારો આવ્યો નહીં. આવું કેમ બન્યું?

ખ્યાતનામ ખગોળવિદ ડૉ. જયંત નારલીકરના મત પ્રમાણે ઉલ્કાવૃષ્ટિ ન દેખાવાનું કારણ વાદળછાયું આકાશ અને પ્રકાશનું પ્રદૂષણ છે. અન્ય સ્થળોએ લીધેલાં અવલોકનો ઉપલબ્ધ થતાં આ બાબતો ઉપર વધુ પ્રકાશ પાડી શકાશે.

એવું પણ મનાય છે કે ધૂમકેતુના ઉલ્કાક્ષેત્રમાં પૃથ્વી સંપૂર્ણપણે દાખલ થઈ નથી. ગણતરીની ભૂલને કારણે ઉલ્કાવર્ષા સૂર્યોદય ટાણે અથવા ત્યાર બાદ થઈ હોય તો પણ ન દેખાય. પૂર્વમાં માત્ર સિંહ રાશિમાંથી ઉલ્કાવર્ષા જોવા મળે તેવી ગણતરી વિરુદ્ધ અંશતઃ ઉલ્કાપાત બધી જ દિશાઓમાંથી જોવા મળે છે.

ટૂંકમાં, ભૌતિક વાસ્તવિકતાઓને સૈદ્ધાંતિક વિશ્લેષણના ચોકઠામાં બંધ બેસાડવાનું કાર્ય અત્યંત જટિલ છે. કેટલીક વખત સિદ્ધાંત અને વાસ્તવિકતા વચ્ચે ઘણું વધારે અંતર હોય છે, જે આજે માણસ જાણતો નથી પણ જાણવા માટે નિરાશ થયા વિના પ્રયત્નો જારી રાખવા પડશે . બ્રહ્માંડમાં ઘણું બધું સકારણ બનતું હોય છે. □

સંગીતશાસ્ત્ર - ૨૦

ડૉ. હસુ યાજ્ઞિક

ભારતીય રાગ અને સિમ્ફની

રાગની સામાન્ય વ્યાખ્યા 'રંજયતે ઈતિ રાગમ્' એવી છે. એટલે કે મનનું રંજન કરે, કર્ણપ્રિય લાગે તેવી સ્વરવાળી રચના તે રાગ. આ સંજ્ઞા કે લક્ષણ કોઈ પણ ગેય ઢાળને ય આપી શકાય. લોકગીત, સુગમ ગીત, નિશ્ચિત ઢાળથી ગવાતી દેશીઓ, વિવિધ પ્રકારના માત્રામેળ, અક્ષરમેળ, રૂપમેળના છંદોના ઢાળ વગેરેમાં પણ સ્વરની રંજન કરે એવી રચના હોય છે. પરંતુ આવો કોઈ ઢાળ, તે રાગ નથી, એવું બની શકે કે એવા ઢાળમાં પ્રયુક્ત સ્વરમાં, એના વિશિષ્ટ એવા સ્વર એકમમાં કોઈ રાગના જ સ્વરોનો આધાર હોય. પરંતુ એવો ઢાળ સંપૂર્ણ રાગ નથી. વસંતતિલકા, શાર્દૂલવિક્રીડિત, ત્રોતક, ભુજંગી વગેરે જે પરંપરાગત ઢાળમાં ગવાય છે તેમાં વિશિષ્ટ એવા રંજક સ્વરએકમો છે, પણ તે ઢાળ પોતે વિવિધ પ્રકારે વિસ્તરી શકે, એવો રાગ નથી.

રાગ સિદ્ધ થાય છે તેમાં આવી દેશીઓ, ઢાળો, લોકસંગીતની ધૂન, ગીતના ઢાળ વગેરેનાં મૂળ, ખાતપોત અને પ્રેરણા હોય છે. જ્યારે કોઈ ગેય ઢાળ પ્રમાણમાં સર્વ કોઈ ગાઈ-ઝાલી શકે એવો સરળ હોય તે સાથે જ મધુર હોય, કર્ણપ્રિય હોય તો તેની પરંપરા ચાલે છે. અને એવો ઢાળ લોકપ્રિય બનતાં તે જ ઢાળમાં વિવિધ રચનાઓ ગવાતી થાય છે. આવી રચનાઓમાં તે ઢાળનું જે મુખ્ય રૂપ, રંગ કે માળખું હોય એ આ પરંપરા જાળવી રાખે તે સાથે એમાં વ્યક્તિ-વ્યક્તિએ અને સમય-સમયે અવનવું ઉમેરાતું જાય અને મુખ્ય ઢાળના સ્વર માળખામાં જ વિશેષ એવું સિદ્ધ થતાં તે ઢાળ જ વિસ્તારક્ષમ બને અને એક જ મૂળભૂત આધારરૂપ એવા ઢાળમાંથી થોડા જુદા પડતા નવા ઢાળ પણ જન્મે. આમ થતાં આવા મુખ્ય ઢાળના જ સ્વરોનો જેમાં ઉપયોગ હોય અને મુખ્ય ઢાળવાચક સ્વરએકમો સાથે બીજાં નવાં અંગો પણ ઉમેરાયાં હોય એવા ઢાળના કુળની પરંપરા ચાલે, અને કોઈ એક આવા ઢાળની સુદીર્ઘ પરંપરા જ કોઈ વિશિષ્ટ રાગનું સ્વરૂપ બાંધે છે અને નવા રાગને જન્મ આપે છે. બોલીના પ્રયોગોને લક્ષમાં લઈને કોઈ વૈયાકરણી તેનાં લક્ષણો બાંધે અને એ બોલીમાંથી 'ભાષા'નો જન્મ થાય, એક શિષ્ટ અને સર્વસાધારણ એવું માળખું એમાં સિદ્ધ થાય એ રીતે આવા એકકુળના વિવિધ ઢાળોને આધારે જ એમાં કયા કયા કેટલા સ્વરો છે, એ સ્વરોનો લગાવ કયો છે, એનો પારસ્પરિક સંબંધ કેવો છે, તેનાં પૃથક્કરણને આધારે જ તેનું બંધારણ પ્રકટ થાય છે અને તે બંધારણ જ કાળક્રમે નવા રાગને જન્મ આપે છે. યુરોપનું અને ભારતનું સંગીત મૂળ તો એક જ સ્રોતમાંથી જન્મ્યું છે. આપણું ભારતીય શાસ્ત્રીયસંગીત તથા પશ્ચિમનું સંગીત ભારતોપિય કુળનું છે. એમાં પાયાનું સામ્ય છે. તિસ્ત્ર અને ચતસ્ત્ર જાતિના તાલ, બાર સ્વર ને એનાં પાંચ મુખ્ય અને સાત કોમળ-તીવ્ર સ્વરૂપ, એનું બનતું સ્વરસપ્તક, સમાન છે. પ્રાગૈતિહાસિક કાળનાં એનાં શિંગડું હોર્ન જેવાં વાદ્યો પણ સમાન છે. તંતુવાદ્યો, વાદ્યોની શરીર-રચના, હવા-ઘર્ષણ-તંતુનો ઉપયોગ સમાન છે. કોર્ડ્ઝમાં પણ ષડજ-મધ્યમભાવ અને ષડજ-પંચમભાવ નિહિત છે. પરંતુ ભારતીય શાસ્ત્રીય સંગીતમાં રાગ છે, તેવા પશ્ચિમમાં રાગ નથી. પરંતુ ત્યાં જે સિમ્ફની છે, તે આ પ્રકારના રાગનું જ રૂપ છે. ભારતમાં વિવિધ ઢાળોના પ્રયુક્ત સ્વરોના પૃથક્કરણ થયાં ને એને આધારે તેનું સ્વરબંધારણ નિશ્ચિત થયું અને તેને નિશ્ચિત રાગ તરીકે જ, છંદની જેમ જ, નિશ્ચિત કરીને, એના જ બંધારણગત સ્વરો અને તેના વિશિષ્ટ સ્વરજૂથોને પ્રયોજીને ગાવાની પરંપરા શરૂ થઈ. પશ્ચિમની સિમ્ફની પણ એક પ્રકારની વિવિધ રાગમાં નિબદ્ધ એવી વિશિષ્ટ પ્રકારની ભાવાનુભૂતિનું સ્વરસ્વરૂપ છે. એક પ્રકારે તો તે પણ ભારતીય પ્રશિષ્ટ સંગીતનો ખયાલ જ છે. ખયાલમાં ગાયક મનોગત ભાવને સ્વરના લયબદ્ધ સહારે વિવિધ આકાર આપે છે. એક પ્રકારની વિશિષ્ટ મનોદશા, મનઃસ્થિતિ કે સંવેદનાને તે સ્વરના માધ્યમે રજૂ કરે છે. અને એવા ભાવને ઘૂંટીને એને વિવિધ પ્રકારે સઘન અને આસ્વાદ્ય બનાવે છે. સિમ્ફની પણ કલાકારના મનોગતના, એના ભાવના સ્વરથી સિદ્ધ થતાં સ્વરૂપો છે. પરંતુ ભારતીય શાસ્ત્રીય સંગીતમાં કલાકાર પોતાના ભાવસંવેદનને મૂર્ત કરતાં કોઈએક નિશ્ચિત રાગ સ્વરૂપને વળગી રહે છે. અને એ રાગના જ સ્વરોની સીમામાં રહીને, રાગના સ્વરૂપને જાળવીને પોતાના ભાવસંવેદનને મૂર્ત કરે છે. આની સામે પશ્ચિમનો કલાકાર એવા કોઈ બંધનને સ્વીકાર્યા વગર એના મનનો જે ભાવ છે તેને પોતાના કલામાધ્યમે મૂર્ત કરે છે. આમ કરતાં એ નિશ્ચિત સ્વરજૂથની રચનામાં પોતાના સંવેદનને આકાર આપે છે. કવિતામાં, ખાસ ઊર્મિકાવ્યમાં, કલાકારને એના સંગીતમય વિચારના ભાવસંવેદને કોઈ એક લયયુક્ત પંક્તિ સ્ફુરે છે ને એ મુખડાને આધારે જ પછી અનુગામી કડીઓ, પંક્તિઓ સંકળાતાં જાય છે. તો સિમ્ફનીમાં કલાકારને આનું જ સ્વરજૂથ લયબદ્ધ મુખડું સ્ફુરે છે ને પછી એ સાથે એ જ 'મૂડ'ને આકાર આપતી સ્વરરચના સંકળાય છે. આમાં ભાવપરિવર્તન થાય છે ત્યારે એ રચનામાં વળાંક આવે છે. આથી સિમ્ફની કોઈ એક જ થાટના કહી શકાય એવા રાગમાં રહેતી નથી, પરંતુ ભિન્નભિન્ન થાટમાં જેનો સમાવેશ થઈ શકે એવી રચનાઓ એમાં હોય છે. કોઈ પણ સિમ્ફનીમાં તમે ભારતીય રાગસંગીતના અનેક રાગોના સ્વરજૂથો જોઈ શકશો. ક્યાંક માલકૌંસ, ક્યાંક

ભૈરવી, ક્યાંક બૈરાગી, ક્યાંક શિવરંજની, ક્યાંક જયજયવંતી! સાગ઼, રેગરે઼, ગમગ઼, માધનિ઼, મારે઼ગ - એવાં અનેક સ્વરસ્વરૂપો એમાં જોવા મળશે ને ત્યાં ભારતીય રાગની છાયા જોવા મળશે. સાગ, સાગ઼, ગપ, ગ઼પ, ધમ, ધગ, સ્વરો, કોર્ડરૂપે એનો વિનિયોગ થાય છે તે આ પૂર્વ-પશ્ચિમના સંગીતનું પાયાનું સામ્ય છે. પશ્ચિમના સંગીતે મેલડિને બદલે હાર્મનિને મહત્ત્વ આપ્યું. વિવિધ ઢાળના ગણિતને આધારે સંગીતને રાગમાં ન બાંધતાં એને સ્વતન્ત્ર જ રહેવા દીધું. સમજવા માટે કહીએ કે ભારતીય શાસ્ત્રીય રાગ-સંગીત છંદોબદ્ધ રચના જેવું છે જ્યારે પશ્ચિમનું સિમ્ફનીનું સ્વરૂપ અછાંદસ રચના છે. રચના અછાંદસ હોય એથી કંઈ લયથી મુક્ત બનતી નથી, અને ભાવ તથા લયને બાંધી રાખનારું સૂક્ષ્મ એવું બંધન એ સ્વીકારે જ છે. એવું ન થાય તો અછાંદસ રચના કાવ્ય ન બને. સિમ્ફનીમાં પણ આ પ્રકારનું છે.

ભારત-યુરોપીય મૂળના સંગીત તરીકે ભારતના સંગીતમાં રાગનો વિકાસ પણ વેદોત્તર કાળમાં થયો છે. વેદકાળે તો રચનાઓના વર્ગીકરણમાં સ્વરસંખ્યા જ દષ્ટિમાં રાખવામાં આવી છે. આર્ચિકગાન એટલે કોઈ મુખ્ય એક સ્વર અને નિકટવર્તી શ્રુતિઓ સાથે ગવાતી ઋચાઓ. ગાથિક એટલે બે સ્વરોના આધારે ગવાતી રચનાઓ અને બે થી વિશેષ સ્વરોની જે રચના ગવાઈ તે સામવેદમાં આવી. એક કે બે સ્વરની રચનાઓ આમ તો એક પ્રકારનું પઠન જ છે. કોઈ પણ રાગ વગર પોતાના કાવ્યને કવિ રજૂ કરે છે ત્યારે એના પાયા કોઈ એક-બે સ્વર અને શ્રુતિઓ હોય છે. વેદની ઋચામાં પણ નીચેના કૃષ્ટસ્વર એટલે નિ઼ થી આરંભાતી ઋચાઓ. કોઈનો સ્વર ઊંચો હોય તો એટલો સ્વર ઊંચો આવે પરંતુ એમાં બીજા સ્વરો ન હોય અર્થાત્ તે ગેય ઢાળ ન બને. પરંતુ યજ્ઞને વિશિષ્ટ ઉત્સવવિધિનું સ્થાન મળતાં ઋચાગાનનો આરંભ થયો અને સામગાનથી જાતિગીતો અસ્તિત્વમાં આવ્યાં. જાતિ એટલે સ્વરસંખ્યા. જે ઢાળમાં પાંચ સ્વરો પ્રયોજાય તે ઓડવજાતિ, જે રચના છ સ્વરોનો ઉપયોગ કરે તે ષાડવજાતિની અને જેમાં સપ્તકના સાતે સ્વરો પ્રયોજાય તે સંપૂર્ણ જાતિ.

ભારતીય શાસ્ત્રીય સંગીતમાં રાગનો આરંભ પછીના કાળે થયો, તેનો નિશ્ચિત સમય કહી શકાય તેમ નથી. વેદોત્તર કાળે કયા સમયગાળામાં રાગો અસ્તિત્વમાં આવ્યા અને તેની સંખ્યા કેટલી હતી, તે રાગનાં નામ કયાં હતાં અને તેના બંધારણમાં પ્રયોજાતા સ્વરો કયા હતા - એ વિશે ચોક્કસ કહેવું મુશ્કેલ છે. અને કોઈ રાગનું નામ મળે અને તેમાં પ્રયોજાતા સ્વરોના ઉલ્લેખ મળે તેને આધારે પણ આ રાગો તે કાળમાં કેવી રીતે ગવાતા હતા, તે કહી ન શકાય કેમ કે તે વખતનું સપ્તક આજના શુદ્ધ સપ્તક કરતાં જુદું હોવાનો સંભવ છે. આધુનિક સમયે આપણા સપ્તકમાં શુદ્ધ 'ગ' છે તે પ્રાચીન-મધ્યકાલીન શુદ્ધ સપ્તકમાં નીચો અર્થાત્ કોમળ 'ગ઼' હોવાની સંભાવના છે. વેદકાળમાં અનેક પ્રકારનાં વાદ્યોનો વિકાસ થઈ ચૂક્યો હતો, તેના ઉલ્લેખો મળે છે પરંતુ ત્યારે જાતિગાનની જ પરંપરા હતી. મતંગમુનિ 'બૃહદ્દેશી' આઠમી સદીમાં આપે છે. અહીં દેશીનો અર્થ જ વિવિધ ઢાળમાં ગવાતી દેશીઓ છે. વેદકાલીન જાતિગાન પછી ગ્રામપદ્ધતિ આવી અને ગ્રામ-રાગો આવ્યા. સાતમી સદીમાં 'નારદીય શિક્ષા'મળે છે. અને આઠમી સદીના નારદકૃત 'સંગીતમકરંદ'માં ૨૦ પુરુષરાગ, ૨૪ સ્ત્રીરાગ અને ૨૫ નપુંસકરાગ મળે છે. રાગોનું આ વર્ગીકરણ સ્પષ્ટ કરે છે કે આ ગાળામાં રાગસંગીત પૂર્ણવિકસિત બન્યું છે. ઓછામાં ઓછું ચોથી સદીથી રાગસંગીત આરંભાયું, એટલે કે દેશીઓના આધારે વિશિષ્ટ એવા સ્વરજૂથોનું નિશ્ચિત બંધારણ ધરાવતા રાગનો આરંભ થયો હશે, એવી સંભાવના થઈ શકે. પછીના ગાળામાં, દસમી-આગિયારમી સદીના અનેક ગ્રન્થોમાં રાગનાં નામ વગેરે મળે છે. તેરમી સદીના ઉત્તરાર્ધમાં તો સારંગદેવ (ઈ.૧૨૧૦ થી ૧૨૪૭) ૨૬૪ રાગોનું રાગ,ઉપરાગ, ગ્રામરાગ, પૂર્વપ્રસિદ્ધ ભાષાંગરાગ, પૂર્વપ્રસિદ્ધ ઉપાંગરાગ, પૂર્વપ્રસિદ્ધ રાગાંગરાગ, ભાષારાગ, વિભાષારાગ, ક્રિયાંગરાગ એવું વર્ગીકરણ આપે છે. પંદરમી સદીમાં લોચન 'રાગતરંગિણી'માં ૧૨ જનકમેળ રાગ સાથે ૭૫ જન્યરાગ આપે છે. આમ, દસમી થી પંદરમી સદીના ગાળામાં તો રાગ વિશે વિવેચન કરતા ગ્રન્થો, શાસ્ત્રો રચાયા; એથી સ્પષ્ટ થાય છે કે દશમી સદી સુધીમાં તો રાગસંગીત સમૃદ્ધ અને વિકસિત બની ચૂક્યું હતું. અને રાગના ગ્રહ, અંશ, ન્યાસ, તાર, મંદ્ર, અપન્યાસ, સંન્યાસ, વિન્યાસ, અલ્પત્વ અને બહુત્વનો સ્વરસંદર્ભે વિચાર થઈ ચૂક્યો હતો.

રાગ વિવિધ પ્રકારનાં વર્ગીકરણો દ્વારા પણ ભારતીય રાગસંગીતનાં વિવિધ પાસાંઓનો સૂક્ષ્મ વિચાર કરવામાં આવ્યો છે. આ પ્રકારના વર્ગીકરણમાં રાગના શુદ્ધ, છાયાલગ અને સંકીર્ણ એવા ત્રણ પ્રકારો પાડ્યા છે. જે રાગમાં એના સ્વરૂપ પર અન્ય રાગની કોઈ જ અસર ન હોય, એનું વૈયક્તિક સ્વરૂપ પ્રભાવી (ડોમિનન્ટ) હોય તે શુદ્ધરાગ. જો અન્ય રાગની છાયા હોય તો તે છાયાલક કે સાલંક રાગ. જે રાગ પોતાનું નિજી એવું સ્વરૂપ ધરવામાં બે કે વધારે રાગના સ્વરજૂથોનો ઉપયોગ કરે તે સંકીર્ણરાગ. (ક્રમશઃ)

અતીતમાં અવગાહન

૧૩૫ ચોરસ માઈલના વિસ્તારનો અફાટ જલરાશિ ધરાવતું અને શિયાળે છેક યુરોપ-અમેરિકાનાં સંખ્યાતીત યાયાવર પંખીઓનું ધામ બનતું ગુજરાતનું એક અદ્વિતીય સૌન્દર્યધામ

નળસરોવર

વિજયશંકર કામદાર

નામ સાંભળતાં લાગે કે વનવાસ વેઠતાં નળ-દમયંતી આ તરફ આવ્યાં હશે અને નળરાયના મનમાં રાણી પ્રત્યે શંકા પ્રેરનાર પેલાં માછલાં આ સરોવરમાંથી પકડ્યાં હશે, કે આવી જ કોઈ નળરાયની કથા સાથે આ સરોવર સંકળાયું હોઈ એનું નામ નળ - સરોવર પડ્યું હશે! પણ હકીકતે નળને ને આ સરોવરને કંઈ જ સંબંધ નથી.

અનેક રીતે વિશિષ્ટ એવા આ સરોવરના પટમાં સાત-આઠ ફૂટ લાંબી, પોચી, મુલાયમ ને અંદરથી પોલી સળીઓવાળું, બરુ જેવું ઘાસ મબલખ પ્રમાણમાં ઊગે છે. સંસ્કૃતમાં બરુને નડ કહે છે. 'નડ'નું 'નળ' થયું હોય એમ બને. અને જે ઘાસની આટલી વિપુલતા અહીં હોય એના નામ પરથી આ સ્થળ ઓળખાયું હોય એમ પણ બની શકે.

નળકાંઠાનો આ પ્રદેશ સૌરાષ્ટ્રના એક વિભાગ ઝાલાવાડની પૂર્વમાં આવેલો છે. ઉત્તરે વીરમગામ તાલુકો, દક્ષિણે ધંધુકા, પૂર્વે ધોળકા ને અમદાવાદ તાલુકા અને પશ્ચિમે ઝાલાવાડ. આ રીતે ઉત્તર અક્ષાંશ ૨૨ થી ૨૩ અંશ અને પૂર્વ રેખાંશ ૭૨ થી ૭૩ અંશની વચ્ચે આવેલા આ આખા પ્રદેશનો ઢાળ ઝાલાવાડથી શરૂ થઈ પૂર્વ તરફ ઊતરે છે. આથી ચોમાસામાં ઊભરાતાં પાણી બધાં આ બાજુ ઢળી આ સમગ્ર વિસ્તારને જળબંબાકાર કરી મૂકે છે. પાણીનો એ પટ એ વખતે ૧૩૫ જેટલા ચોરસ માઈલના વિસ્તારમાં પથરાઈ જાય છે. અને એ વિસ્તૃત જળરાશિનું દૃશ્ય દરિયા જેવું બની રહે છે. પણ પાણીની ઊંડાઈ તો માંડ માથોડું કે વાંસવા - છ થી દસેક ફૂટ ઊંડાં આ પાણી ઉનાળાના તાપમાં સુકાતાં જઈ એનો વિસ્તાર સંકોરાવા લાગે છે. સાથોસાથ એની ખારાશ પણ વધતી જાય છે.

અહીંની મુખ્ય વસ્તી પઢારની. એવી કિંવદંતી છે કે પઢાર અને પોશિંગ (યાયાવર પક્ષી) બંને સાથે નળમાં આવેલાં. બીડ એ જાણે પઢારનો 'રાષ્ટ્રિય ખોરાક'. જુવારબાજરાના લોટમાં પણ બીડનો લોટ ભેળવ્યા વિના એ ન ખાય. એ ઉપરાંત થેકની સારી પેદાશ. ચારેક માસ તો એના પર રોજી ચાલે. કહે છે કે હિંગળાદ માતા પઢારોને કોઈ કાળે દુકાળમાં અહીં લઈ આવી ત્યારે માથાના અંબોડામાં બીડની ગાંઠ પણ લાવેલી. અહીં આવીને એણે પઢારને વસાવ્યાં અને બીડની ગાંઠ પણ વાવી. પોતાના બાળ પઢારોના યોગક્ષેમની રક્ષા માટે એણે અહીં બેસણું કર્યું ને ત્યારથી પઢાર અહીં સ્થાયી થયા છે.


આખા યે સૌરાષ્ટ્રમાં નળની સ્પર્ધા કરે તેવું બીજું એકે સરોવર નથી. કાશ્મીરનાં રૂપમઢ્યાં દાલ અને શાલીમાર પણ આટલાં વિશાળ નથી. પઢારોની જીવાદોરી સમું આ નળસરોવર હમણાં સુધી સાવ અજાણ જેવું પડ્યું હતું. હજી યે ઘણાંને આ વિશાળ જળભંડારનો પૂરો પત્તો નથી. ત્યાં પહોંચવા માટે ચાર મુખ્ય માર્ગો છે : (૧) વીરમગામ-સુરેન્દ્રનગરના રેલમાર્ગ પરના લખતર સ્ટેશનેથી બસમાર્ગે તલસાણા થઈ રાણાગઢ જવાય છે. લગભગ ચૌદેક માઈલનું એ અંતર છે. (૨) ભાવનગર - સુરેન્દ્રનગરના માર્ગમાં લીમડી સ્ટેશનેથી પણ તલસાણા થઈ રાણાગઢ પહોંચાય છે. એ માર્ગ ચોવીસેક માઈલનો છે. રાણાગઢ એટલે નળસરોવરનું 'ટર્મિનસ'. (૩) અમદાવાદથી સાણંદ, વીંછીઆન અણિયાળી થઈ નળસરોવર. ૪૦ માઈલનો આ રસ્તો સાણંદથી ફંટાય છે. (૪) વીરમગામથી શાહપુર થઈને નળસરોવર જવાય; ૬૦ માઈલનો આ માર્ગ છે, પણ રાણાગઢથી નળસરોવર વધુ અનુકૂળ રહે છે.

નળકાંઠા અને નળસરોવરનું સૌથી મોટું આકર્ષણ તો તેના વિસ્તૃત જળરાશિને લીધે નહિ, પરંતુ તેને કાંઠે આવતાં હજારો યાયાવર પંખીઓને લીધે છે. દર વર્ષે શિયાળો નજીક આવતાં ઉત્તરના ઠંડા મુલકોનાં પંખીઓ અહીં આવી રહે છે. એમાં છેક સાઈબીરિયા, યુરોપ ને કેનેડાનાં પંખીઓ પણ હોય છે. હજારો માઈલની આવર્તયાત્રા કરી આવતાં આ પંખીઓની જે વિવિધતા અહીં જોવા મળે છે, એવી



ભારતભરમાં તો શું આસપાસના બીજા દેશોમાં પણ નથી મળતી. ગોરાઓ એના શિકાર અર્થે અહીં ધાડાબંધ ઊતરી પડતા ને હજારો પંખીનો ઘાણ બોલાવી જતા. એટલે જ તો તેઓ આ સ્થાનથી પરિચિત હતા. પણ આ ઉપરાંત, યાયાવર પંખીઓના આ સંગમતીર્થ પર પક્ષીનિરીક્ષકો માટે પણ એક વિશાળ અભ્યાસક્ષેત્ર ખૂલી જાય છે. રાજહંસ, બંગલા ને બતકાં, કાતગા ને આંતરા, સારસ ને ગલ, કુંજડાં ને ચિતરોડાં, પરેહ, હાહોળ, પેણ્ય, ઘોડો, ફરાંહો, બોડ્ય, થરંદ, ઘૂંઘટો, રેલ, ખેભા, સળી, કાજિડાં, ગેણા, કાળવેલિયા, ટમણી, ટીલવાં, ગૂગણાં એવાં કૈં કેટલાંયે પક્ષીઓનાં ધાડાં અહીં આવે છે. ત્યારે આખો નળકાંઠો એમના અનેકવિધ કલરવથી ગુંજી ઊઠે છે - ગાજી ઊઠે છે. વહેલી સવારે કે આથમતી સાંજે આ પંખીઓની હારથી આકાશમાં તોરણ બંધાઈ જાય છે, ને નીચે જમીન પર ઢાળેલી જળ-આરસીમાં એનાં પ્રતિબિંબ જે દૃશ્ય ઊભું કરે છે તેમાંથી કુદરતનું કાવ્ય જ સંભળાય છે. અજવાળી રાતે ચાંદનીમાં ચળકતો પાણીનો એ પટ ધરતી પર જાણે પારો ઢળી પડ્યો હોય એવો લાગે છે.

વિસ્તૃત પટમાં ફેલાએલાં આ પાણી પર વચ્ચે વચ્ચે આવેલા માટીના બેટડા પર છૈયાં ને બરુની વચ્ચે રહેતાં આ હજારો પરદેશી-પચરંગી પંખીઓનું દર્શન પણ એક લ્હાવો છે. એ બધાંનો વૈજ્ઞાનિક અભ્યાસ કરતાં ન આવડે તો કંઈ નહિ, એમનાં નામની ખબર ન હોય તો યે ચાલે, પણ એમનું વિશિષ્ટ વૈવિધ્ય પણ આપણું મન ભરી દેવા માટે પૂરતું છે. પઢારોએ બનાવેલા તરાપા પર હોડીમાં બેસી, નળનાં માથોડું ઊંડાં પાણીની સપાટી પર, આસપાસ છૈયાં, બરુ ને ઉંદરકનીથી છવાયેલા બેટડા અને અડખેપડખે તરતાં, હજારો પંખીઓની વચ્ચે વિહાર કરવાની કલ્પના પણ કેટલી રમ્ય છે! ને આ બેટડા! એ દરેક દરેક બેટ પર પઢારોએ માતાઓનાં બેસણાં સ્થાપ્યાં છે. બેટે બેટે લોકકલ્પનાની અજબ સર્જન-શક્તિએ કૈં કૈં રમ્ય ને રુદ્ર, કરુણ અને



કમનીય કથાઓ જોડી છે. ક્યાંક કોઈ દેવી બેઠી છે, ક્યાંક કોઈ રાજકુંવરે હરી લાવેલી રૂપાળી કુંવરીને બેસાડી રાખી છે! એક બેટ એવો યે છે કે જ્યાં કોઈ સાધુ પુરુષે મચ્છરનું મોં બાંધેલું. નળ સરોવરનો વિસ્તાર એટલે મચ્છરનું ઘર. સર્વત્ર એનું સામ્રાજ્ય જોવા મળે. એક લોકવાયકા એવી છે કે નળનાં પાણી કરડે ને મચ્છરની જેમ ઢીમણાં કરે. પણ પેલા સાધુવાળા બેટ પર જાઓ તો મચ્છર નામ નહિ, ને હોય તો ડંખે નહિ! ભરચોમાસે યે ત્યાં એક પણ મછરું નહિ! આ લાભ કાયમ ટકી રહે ને સાધુને પોતાનો વિચાર બદલવાની ફરી તક જ ન મળે એટલા સારુ એક દિવસ લોકોએ એને ઊંઘતા જ દાટી દીધા! અને એવી તો કંઈક કથાઓના માળા લોકોએ આ બેટ પર બાંધેલા છે. ઉનાળે યે એનો પથરાટ પચાસ ચોરસ માઈલનો તો ખરો. પાણી સુકાય ત્યારે ય અહીં ઢોર ચરવા આવે.

સુધરેલા જનસમાજથી હજી યે અલ્પપરિચિત આ નળસરોવરનું સ્વરૂપ નિત્યનૂતન હોવા છતાં ક્યારેક તો તેનું રૂપ-ઓઢણું ઓર આહ્લાદક બની જાય છે. આખાઢની મેઘનીતરી વહેલી સવારે કે શરદની નિરભ્ર રાત્રે ચંદ્ર જ્યારે આભની અટારીએ ચડ્યો હોય ત્યારે સરોવરનાં જળ જાણે પ્રફુલ્લ ડોલરની સેજ બિછાવી હોય એવાં માદક બની રહે છે. યાયાવર પંખીઓની વિશાળ વાસયેષ્ટી જેવા ગુજરાતના આ સૌંદર્યધામનાં દર્શન કરવાના અભિલાષ સૌ કોઈ રસપિપાસુ માટે સર્વથા યોગ્ય છે.


પંચામૃત

દૂધ, દહીં, છાશ, માખણ ને ઘી એ પૃથ્વીપરના પંચામૃતો છે. આ બધાં દ્રવ્યો રુચિકર, અગ્નિદીપક, વૃષ્ય, સ્નિગ્ધ, બલપ્રદ ને બૃંહણ છે. પ્રચલિત માન્યતા મુજબ ગાયનું દૂધ વાયડું નથી, ને દહીં ઠંડું નથી પણ ગરમ છે. વળી ઉપરનાં પાંચે દ્રવ્યોમાં દહીં મંગલકારી લેખાય છે. ફળોમાં નાળિયેરની જેમ પ્રવાહી ખાદ્યોમાં દહીં શુકનવંતુ ગણાય છે. આ તેના ખટમધુરા સ્વાદ, ખાદ્યપ્રાણ, પચનીયતા અને આંતરડાં ઉપરના શુભ ગુણોને જ આભારી હશે ને? દહીંની લસ્સી બારે માસ પી શકાય છે.

- ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી
(સળંગ એક ૪૫૯માંથી ટૂંકાવીને)

(૧)





(૨)



(૩)

નળસરોવર પર આવતાં પક્ષીઓ

૧. નાનો કજિયો (Little Cormorant) : પક્ષીની સાઈઝ ૫૧ સે.મી. નર-માદા સરખાં, સ્થાનિક / યાયાવર પક્ષી છે. મેલો કાળો રંગ ધરાવે છે. ગળાની ઉપરનો ભાગ મેલો સફેદ, ગરદન ટૂંકી-જાડી, ડાળીઓ પર લટકતું અથવા પાણીની ધાર પર બેઠેલું જોવા મળે છે. પાણી હોય ત્યાં કિનારાના ભાગોએ સમગ્ર ગુજરાતમાં જોવા મળે છે. ઘણુંખરું તે ટોળામાં જોવા મળે છે.

૨. સર્પગ્રીવા (Darter or Snake Bird) : આ પક્ષીની ચાંચ છીંકણી, ઉપરનો ભાગ કાળો અને પીંછાની અંદરનો ભાગ આછો આસમાની હોય છે. આ પક્ષી ઊડે ત્યારે ખૂબ સુંદર લાગે છે. સાઈઝ : ૯૦ સે.મી., નર-માદા સમાન, લાંબી કાળી સાપ જેવી ગરદન પર અણીદાર ચાંચ અને ડૂબકી મારવાની આદત. પાણીમાં તરતું હોય ત્યારે સાપ જેવી ગરદન બહાર રાખે સામાન્ય રીતે એકલું જોવા મળે છે. ગુજરાતમાં મીઠા પાણીનાં જળાશયોમાં જોવા મળતું સ્થાનિક પક્ષી છે.

૩. ગુલાબી / શ્વેત પેલિકન (Rosy or White Pelican) : આ પક્ષી સફેદ રંગનું, ચાંચ ખૂબ લાંબી અને ગુલાબી. માથું મોટું ને પગ ગુલાબી. તે યુરોપ બાજુથી આવે છે.

૪. ઢોર બગલો (Cattle Egret) : નર-માદા સરખાં, સ્થાનિક પ્રાણી. પીળી ચાંચ અને પીળાશ પડતા કાળા પગ અને બાકીનું શરીર બરફીલું સફેદ. ઢોરની આસપાસ જોવા મળે છે તેથી ઢોર બગલો કહે છે. પાણીમાં કિનારા ઉપર અને કાદવવાળાં ખેતરો કે પ્રદેશોમાં તથા અન્ય બગલાંઓની સાથે પણ જોવા મળે છે.

૫. ચિત્રિત બગલો (Printed Stork) : આ પક્ષી ઊડે ત્યારે અવાજ આવે છે અને જ્યારે તેઓ સમૂહમાં ઊડતાં હોય ત્યારે એક જ પ્રકારનો અવાજ સંભળાય છે જે પરથી તેને ઓળખી શકાય છે.


૬. ઢોંક (Openbill Stork) : ઢોંક પક્ષી તેની ચાંચ ભેગી કરે ત્યારે બે ચાંચની વચ્ચે જગ્યા પડે છે તેથી તેની ચાંચને ફાટેલ ચાંચ તરીકે ઓળખવામાં આવે છે અને તે ઉપરથી તેને ઓળખી શકાય છે.

૭. લઘુ મિનિવેટ (Small Minivet) : આ પક્ષી કેટલીક વનસ્પતિમાં થતાં જીવજંતુઓને ખાઈને રહે છે. પક્ષીનું આખું માથું, પીઠ અને પીંછાં કાળા રંગનાં, પેટનો ભાગ કેસરી અને પીળો હોય છે. આ પક્ષીનાં બચ્ચાં શરૂઆતમાં સફેદ રંગનાં પરંતુ જેમ મોટાં થાય તેમ ઉંમર પ્રમાણે રંગ અને વર્ણવાળાં થઈ જાય છે. આ પક્ષી અમેરિકામાંથી આવે છે.

૮. બતક (Brahminy Duck) : નર-માદામાં તફાવત જોવા મળે છે. નરને કાળી પૂંછડી અને ગળાની આસપાસ રીંગ હોય છે. જ્યારે માદાને આવી રીંગ હોતી નથી અને નર કરતાં માથું વધારે સફેદ હોય છે. સ્થાનિક / યાયાવર પક્ષી છે. જોડીમાં તે



(૪)




(૫)




(૬)



(૭)



(૮)



(૯)

નાના સમૂહમાં જોવા મળે છે.

૯. **સુરખાબ** (Flamingo) : તે બે પ્રકારનાં જોવા મળે છે : નાનાં સુરખાબ અને મોટાં સુરખાબ. ભારતમાં માત્ર કચ્છના મોટા રણમાં ઊછરે છે અને હજારોની સંખ્યામાં માળા બાંધે છે તેથી આ પ્રદેશને 'સુરખાબનગર' નામ આપવામાં આવ્યું છે. મોટા સુરખાબ લગભગ ૧.૪ મી. સાઈઝના હોય છે અને નાનાં સુરખાબ કરતાં વધુ ઘેરા રંગનાં જોવા મળે છે. સુરખાબ ઊડે છે ત્યારે તેની પાંખો અત્યંત સુંદર અને આકર્ષક લાગે છે.

૧૦. **Pintail** : અણીદાર પૂંછડી ધરાવે છે, તેથી તેને પીનટેલ કહે છે.

૧૧. **Wigeon** : આ પક્ષી કપાળ ઉપર પીળો ચાંદલો ધરાવે છે, તે પરથી તેને ઓળખવામાં આવે છે.

૧૨. **Common Crane** : સાઈઝ ૧.૪ મી. નર-માદા સમાન, યાયાવર પક્ષી. સારસ જેવું પણ સારસ કરતાં નાનું, સ્લેટિયો ગ્રે-કલર ધરાવે છે. ગળા અને ઉપરના ભાગે પહોળા સફેદ અને કાળા પટ્ટા જે આંખથી ગરદન સુધી લંબાયેલા હોય છે. સામાન્ય રીતે કૉમન ક્રેનની સાઈઝ ૧.૪ મી.ની હોય છે અને તેની આખી ગરદન કાળી તથા કાળી પૂંછડી પાછળ વળેલી હોય છે. કચ્છ-સૌરાષ્ટ્રમાં હજારોની સંખ્યામાં જોવા મળે છે. ખાસ કરીને બંધ તથા ખુલ્લાં મેદાનોમાં જોવા મળે છે.

૧૩. **ભગતડું** (Coot) : તેની ચાંચ ગુલાબી અને બાકીનું આખું શરીર કાળું હોય છે. તની લંબાઈ ૪૨ સે.મી., નર-માદા સરખાં, સ્થાનિક / યાયાવર, પૂંછડી સિવાયનું માથું સફેદ હોય છે. શિયાળામાં પાણી હોય ત્યાં બધે જોવા મળે છે. નળસરોવરમાં પ્રથમ આવનાર અને છેલ્લું જનાર પક્ષી છે. ટાલિયા માણસને 'કૂટ' પક્ષીની સાથે સરખાવી શકાય.


૧૪. **સારસ** (Sarus Crane) : સાઈઝ ૧.૫૬ મી. નર-માદા સરખાં, તે દેશનું સૌથી મોટું પક્ષી છે. માથું અને ઉપરની ગરદન લાલાશ પડતી બદામી રંગની, સામાન્ય રીતે સરોવર અને જળાશયોની પાસે ખેતરોમાં સાથે વિહરતી જોડીમાં જોવા મળે છે. સારસની જોડીને કોઈ ભાગ્યે જ પજવે છે.

૧૫. **કાળા માથાવાળું ઑરિએલ** (Black Headed Oriole) : આ પક્ષીની ચાંચ બહારથી અને અંદરથી લાલ, માથું કાળું, આંખ લાલ, આખું શરીર પીળું અને જ્યારે ચાંચ ઉઘાડે છે ત્યારે ખૂબ બિહામણું લાગે છે. ચાંચ બંધ હોય ત્યારે તેને જોવું ગમે છે. આ પક્ષી એશિયાનું છે.


૧૬. **શ્રાઈક** (Shrike) : આ પક્ષી ખૂબ વિચિત્ર લાગે તેવું છે. કારણ કે તેની ચાંચ, આંખ અને માથાનો કેટલોક ભાગ કાળો હોવાથી આંખ અને ચાંચ ઢંકાઈ જાય છે. ચાંચ વાંકી અને દાંતવાળી હોય છે. બીજું ગળું, છાતી, પેટ બધું એક જ થઈ ગયેલું લાગે છે. મૂળ રંગ સફેદ છે. પીઠની નીચેનો કેટલોક ભાગ પીળાશ પડતો અને પીંછાં આછાં અને લાંબાં હોય છે.



(૧૨)



(૧૦)



(૧૧)

ગુરુ બજુવાનું જીવનચરિત્ર

બહાદુરભાઈ જ. વાંક

એક દિવસ ગુરુ બજુવા પાસે જઈ તેમના પ્રત્યે અહોભાવ વ્યક્ત કરતાં હું બોલ્યો : 'ગુરુદેવ! હું આપનું જીવનચરિત્ર લખવા માગું છું તો આપ મને આપના વિશેની સઘળી માહિતી આપી શકો ખરા?'

'પણ મને મારા ભૂતકાળના જીવન વિશે કંઈ જ યાદ નથી, પછી હું તને મારા વિશે શું માહિતી આપી શકું?

'પણ આપને આપના જીવન વિશે કંઈક તો યાદ હશેને? આપ થોડીક પણ મને માહિતી આપી શકો તો પણ હું મારું કામ આગળ ધપાવી શકીશ. ને આગ્રહ કરતાં ઉમેર્યું : 'માટે મને થોડુંક તો આપના વિશે કહો ને કહો જ...'

'સાચું કહું? દિવસ દરમિયાન હું જે કંઈ કહું છું, એ પણ મને યાદ રહેતું નથી. પછી મને મારા ભૂતકાળના જીવન વિશે શું યાદ હોય?'

જરા નિરાશ થઈને મેં તેમને પૂછ્યું : 'તો પછી આપ યાદ શું રાખો છો?'

'કંઈ જ નહીં. સિવાય માત્ર હોંશ' બજુવાએ ભારપૂર્વક કહ્યું.

'તો હોંશને સ્મૃતિ ન કહી શકાય?' મેં પૂછ્યું.

'ના, હોંશ તો એવો પ્રજ્જ્વલિત અગ્નિ છે કે એમાં બધું જ કર્તૃત્વ સળગીને રાખ થઈ જાય.' ને જરા વિસ્તારથી સ્પષ્ટતા કરતાં તેમણે ઉમેર્યું : 'છતાંય એમાં રાખ પણ શેષ રહેતી નથી. રાખ એ જ તો છે સ્મૃતિ. સ્મૃતિ એ જ તો છે વિચારનું એક રૂપ. વિચાર તો છે સમયની નિષ્પત્તિ. ને સમય એટલે અજંપો-દ્વિધા-વ્યગ્રતા. એટલે હવે હું તને પૂછું છું - ભૂતકાળને યાદ રાખવાનો કોઈ અર્થ ખરો?'

છતાં મેં દલીલ કરી : ' સમય તો આપનું જીવન છે, છતાં સમયની આપ ઉપેક્ષા કેમ કરો છો?'

બજુવા બોલ્યા : 'સમય આપણું જીવન નહિ, પણ શાશ્વતિ સનાતનતા-એ જ તો છે આપણું જીવન' ને તેમણે મને પૂછ્યું : 'આ શાશ્વતિને પુસ્તકનાં બે પૂંઠાં વચ્ચે કેદ કરી શકાય?' □

---

(૧૩)



(૧૪)



(૧૫)





(૧૬)



(૧૭)



(૧૮)

૧૭. **કાળો કોશી** (Black Drongo) : નર-માદા સરખાં, પૂંછડી બે ભાગમાં વિભાજિત, આખા શરીરનો રંગ ચળકતો કાળો. હિન્દીમાં તેને 'કોટવાલ' કહે છે. અન્ય પ્રાણીઓના અવાજની મિમિક્રી કરતું સ્થાનિક પક્ષી છે.

૧૮. **દરજીડો** (Tailor Bird) : આ પક્ષી નાનકડું અને વનસ્પતિનાં જીવજંતુઓ ખાય છે. આ પક્ષી પોતાનો માળો ઝાડનાં પાંદડાંને સીવીને, ગૂંથીને બનાવે છે અને તેથી તેને 'ટેઇલર બર્ડ' કહે છે. આ પક્ષીની આંખ રાતી કાળી, ચાંચ સફેદ, પીઠનો અને માથાની ઉપરનો ભાગ પીળાશ પડતો, પીંછાં લાંબાં, પગ પણ શરીરના પ્રમાણમાં કંઈક લાંબા કહી શકાય તેવા હોય છે. આ પક્ષી આફ્રિકામાંથી આવે છે.

પ્રો. કે.બી. ભટ્ટ ('પરિસર'માંથી)

આવો, શીખીએ અંગ્રેજી (૧૬)

ધનુભાઈ મહેતા

Prepositions (પ્રેપઝિશન્સ) 'to', 'in', 'into', 'within', 'without', 'of', 'off', 'from', 'about', 'under', 'below'

શાળાકીય સ્તરે અંગ્રેજીના અભ્યાસક્રમમાં પાઠ્યપુસ્તક ભણવાનું હોય છે. પાઠ્પુસ્તકમાંના પાઠોનું તેમના અભ્યાસ - ક્રમના વ્યાકરણ સાથે સંકલન હોય છે અને આમ formal grammer (ફોર્મલ ગ્રામર) એટલે કે નિર્ભેળ વ્યાકરણ અને functional grammer (ફન્ક્શનલ ગ્રામર) એટલે કે વ્યવહારુ વ્યાકરણનો સમન્વય હોય છે.

રેવરન્ડ ટી એલ. વેલ્સે પાઠમાળામાં પણ થોડેઘણે અંશે આ પદ્ધતિ અપનાવી હતી. પાઠમાળાના પ્રત્યેક પાઠને પ્રારંભે વ્યાકરણના જે તે અંગના નિયમોની અને વ્યાખ્યાની નીચે અંગ્રેજી-ગુજરાતીનો શબ્દકોશ અને તેની નીચે ગુજરાતીનું અંગ્રેજી ભાષાંતર કરવાનાં વાક્યોના મનોયત્નો આપવામાં આવેલાં છે. મનોયત્નમાંનાં વાક્યો જે તે વ્યાકરણના નિયમો પર આધારિત હોય છે અને શબ્દકોશ પણ ગુજરાતીનું અંગ્રેજી કરવાની સરળતા પડે તે પ્રમાણેનો હોય છે. ભાષા શીખવા માટે આ પદ્ધતિ જ યોગ્ય છે. નિર્ભેળ વ્યાકરણના નિયમોવાળું પુસ્તક ભાષા શીખવામાં મદદ કરી શકે નહિ - આ એક મર્યાદા છે. પાઠ્યપુસ્તકના પાઠો શીખતા વિદ્યાર્થીઓનો શબ્દ, શબ્દસમૂહ, રૂઢિપ્રયોગ, કહેવતો વગેરેનો ભંડોળ સમૃદ્ધ બને છે. અને આ બધી સામગ્રી ભાષા બોલવા-લખવા માટેની વિદ્યાર્થીઓને સરળતા કરી આપે છે. આ લેખમાળામાં પણ મહદ્ અંશે આ પદ્ધતિ અપનાવવામાં આવી છે. જે તે વ્યાકરણના નિયમોને લગતાં ગુજરાતીનું અંગ્રેજી ભાષાંતર કરેલાં વિપુલ પ્રમાણમાં વાક્યો અને નવા શબ્દો, ક્રિયાપદના ભૂતકાળ, ભૂતકૃદંતનાં રૂપો વગેરે આપવામાં આવેલ છે, તે અંગ્રેજી શીખનારને ઉપકારક થઈ પડશે. 'પ્રેપઝિશન્સ' શીખતાં પણ આપણે ઉદાહરણરૂપ વાક્યો વિપુલ પ્રમાણમાં લીધાં છે, લેવાના છીએ. આટલી પ્રાસ્તાવિક ભૂમિકા બાદ હવે થોડાંક વધારે 'પ્રેપઝિશન્સ'નો આ પાઠમાં પરિચય કરીએ.

'to' (ટ-ટુ-ટૂ) વ્યંજનથી શરૂ થતા નામની પૂર્વે વપરાય ત્યારે 'ટ', સ્વરની પહેલાં વપરાય ત્યારે 'ટુ' અને ભાર દેવા માટે 'ટૂ' ઉચ્ચાર કરવો. 'To' એટલે 'ને', 'તરફ', 'ની દિશામાં', અમુક સ્થળ સુધી, 'ની નજીકને સ્થળે'. વળી, તે ગતિ પણ દર્શાવે છે. અને સંસ્કૃત અને ગુજરાતીની બીજી વિભક્તિના પ્રત્યયની ગરજ સારે છે. 'To' 'પ્રેપઝિશન' અનેકવિધ અર્થ દર્શાવે છે. તેથી તેનો વપરાશ બહોળો છે. ઉદાહરણ માટે વાક્યો લઈએ. આ વાક્યો આચમનરૂપ ગણવાં - સિન્ધુમાંનાં બિન્દુરૂપ.

અમે નિશાળે જઈએ છીએ. We go to school.
(અમુક સ્થળ તરફની ગતિ)
પણ અમે ઘરે જઈએ છીએ તેમાં 'We go home' થાય આને અપવાદ સમજવો.
હું તેની સાથે આ બાબતમાં રૂબરૂ વાત કરીશ (ને-અર્થમાં)
I shall talk to him personally in this matter.
(Personally - પર્સનલી - રૂબરૂ)
સેકન્ડે સેકન્ડ મારું કાંડાઘડિયાળ બરાબર છે. (ચોકસ)
My wrist-watch is exact to a second.
(exact - એક્ઝેક્ટ - બરાબર, ચોક્કસ)
ખાતામાં તે મારા કરતાં પદસ્થાને ઉપર છે.
He is senior to me in the department.
(senior - સીનિઅર - પદસ્થાને કે ઉંમરમાં ઊંચે)
હું તેના કરતાં ઉંમરમાં નાનો છું.
I am junior to him in age.
(junior - જૂનિઅર - પદ કે ઉંમરમાં નીચે)
આ ચા પેલી ચા કરતાં ચઢિયાતી છે.
This tea is superior to that one.
(superior -સૂપીરિઅર - ના કરતા ચઢિયાતું)
આ ચા તે ચા કરતાં હલકી છે.
This tea is inferior to that tea.
(infrerior - ઈન્ફીરિઅર - હલકું)
પાંચમાં પાંચ ઉમેરો.
Add five to five. (to add - એડ - ઉમેરવું)
વિદ્યાર્થીઓ શિક્ષકને ધ્યાનપૂર્વક સાંભળે છે.
Pupils listen to the teacher.
(to listen to - ટુ લીસન ટુ - ધ્યાનપૂર્વક શ્રવણ કરવું)
તે કીર્તિ ઝંખે છે. He aspires to fame.
(to aspire - એસ્પાયર - ઝંખના કરવી)
શિક્ષક જે કાંઈ શીખવે તેના પર બરાબર લક્ષ આપવું.
Attend to what the teacher teaches.
(to attend - અટેન્ડ - ધ્યાન આપવું, લક્ષ આપવું)
ભગવાન શંકરને નમન. Bow to Lord Shiva.
(to bow to - ટુ બાઉ ટુ - ને નમવું)
ખરચ કેટલું થશે? What will the cost come to?
(cost - કૉસ્ટ - કિંમત, to come to - થવું)
હાથીને આપણે ઘોડા સાથે ન સરખાવી શકીએ.
We can not compare an elephant to a horce.

(to compare to - કમ્પેર - સરખાવવું)
મને તમારી પ્રામાણિકતામાં વિશ્વાસ છે.
I trust to your honesty.
તમારા શેઠને વફાદાર રહો.
Be loyal to your master. (loyal - લૉયલ - વફાદાર)
બધા સાથે ન્યાયી બનો. Be fair to all.
(fair - ફેર - ન્યાયી, પક્ષપાત વગરના)
તે કામે લાગી ગયો અને યોજનાનું આયોજન કર્યું.
He set to work and planned the project.
(a project - પ્રોજેક્ટ - યોજના)
આ બાબતનો ખુલાસો વડી કચેરીએથી માગો.
Refer this matter to the head office.
(to refer to - રીફર - ખુલાસો માગવો)
સર્વ પ્રત્યે દયાભાવ રાખો. Be kind to all.
આખો દિવસ તમારી કોટડીમાં ગોંધાઈ ન રહો.
Do not confine yourself to your cabin.
(to confine - કન્ફાઇન - પૂરી રાખવું)
મને ચા કરતાં કૉફી વધારે પસંદ છે.
I prefer tea to coffee.
'In' અને 'into' - આ બે પ્રેપઝિશન્સને જોડીમાં શીખીએ :
'in' - ઈન - માં, - ની અંદર, માંહે, (અવકાશ, સમય કે સ્થિતિ - સ્થાનની હદ વચ્ચે) દાખલા તરીકે -
માતા રસોડામાં છે. (સ્થિતિ)
Mother is in the kitchen.
તે ભારે દેવામાં છે, પણ સ્વાસ્થ્ય સારું છે.
He is badly in debt but good in health.
(debt - ડેટ - દેવું)
પિતાજીએ હા ભણી.
Father answered in the affirmative.
આપના પત્રના સંદર્ભમાં જણાવવાનું કે તમારી અરજી ગણતરી હેઠળ છે.
I reply to your letter we beg to state that your application is under consideration.
(consideration - કન્સિડરેશન - ગણતરી)
આ છોકરાનું મગજ નબળું છે.
This boy is weak in the head.
હું સત્યમાં માનું છું. I believe in truth
(to believe - બીલિવ - માનવું)
ભોગવિલાસમાં રચ્યાપચ્યા ન હો.
Don't indulge in luxury. (to indulge in - ઇન્ડલ્જ - રચ્યાપચ્યા રહેવું, luxury - લક્ઝરી - ભોગવિલાસ)

'into' (ઇન્ટુ) - ગતિસૂચક ભાવ દર્શાવે છે.
એકાએક આચાર્યશ્રી વર્ગમાં ચાલી આવ્યા.
All of a sudden the principal walked into the classroom.
તમારા પડોશીના ઘરની બારીમાં ડોકિયું ન કરો.
Don't peep into the window of your neighbour's home. (to peep into - ટુ પીપ ઇન્ટુ - માં ડોકિયું કરવું)
તેના બે ભાગ કરો. Devide it into two.
(to devide - ડિવાઇડ - ભાગ કરવા)
ચોરોએ રાત્રે ઘરફોડ કરી. The thieves broke into the home at night. (a thief - થીફ - ચોર, thieves - થીવ્ઝ - ચોરો; to breake into - ટુ બ્રેક ઇનટુ - - ઘર - ફોડ કરવી, broke - ભૂ.કા. broken - બ્રોકન - ભૂ.કૃ.)
ટાપટીપ કરો.
Come into fashion. (fashion - ફેશન - ટાપટીપ)
તેને ભારે દેવું થઈ ગયું. He ran into a heavy debt.
શેઠ ક્રોધાવેશમાં આવી ગયા. The malik flew into rage.
(to fly into rage - ટુ ફ્લાઇ ઇનટુ રેજ - ક્રોધાવેશમાં આવવું, Flew - ફ્લ્યુ. ભૂ.કા. Flown -ફ્લૉન - ભૂ. કૃ.)

'within' - વિધિન - ની હદમાં, - ની બહાર નહિ, - થી વધારે નહિ. સત્તાની મર્યાદામાં રહીને વર્તો. At within your powers. વર્ગખંડની ચાર દીવાલોની વચ્ચેથી જ તમે દરેક વાત શીખી શકો નહિ. You can not learn everything within the four walks of the class room.
'within' નો વિરોધી શબ્દ છે 'without'. તેનો અર્થ થાય 'ના વગર કે ના અભાવે.' વાક્યમાં તે કેમ વપરાય તે શીખીએ.
ચોપડીઓ વગર નિશાળે ન જાવ.
Do not go to school without books.
આપણે હવા વગર જીવી શકીએ નહિ.
We can not live without air.

'of' - એવ, ઑવ્ - ઑફ- 'નો', 'ની', 'નું'માં માલિકીનો ભાવ, સંબંધક ભાવ, - માંથી બનેલું કે બનાવેલું, પૈકીનું. અને પ્રયોગ વાક્યો દ્વારા શીખીએ.
દશમસ્કંદ ભાગવતનું હૃદય છે. Dasamskand is the heart of the Bhagavat.
આ રાચરચીલું લાકડાનું બનાવેલું છે.
This furniture is made of wood.
બે છોકરીઓમાંની નાની ઘણી જ ચપળ છે.
Of the two girls the younger is very active.
તે કેન્સરથી મર્યો. He died of cancer.
આજુબાજુમાં ખિસ્સાકાતરુઓ ભટકે છે. તમારાં ખિસ્સાપાકીટ સંભાળો.
Pickpockets roam about, take care of your pockets. (a pickpocket - પિકપોકેટ - ખિસ્સાકાતરુ, to roam about - ટુ રોમ અબાઉટ - આમતેમ ભટકવું)

તેણે મને સારી શિખામણ આપી.
He gave me a good piece of advice.
(advice - એડ્વાઈસ - શિખામણ)
આ માણસને કાનની કચાશ છે.
This man is hard of hearing (to be hard of hearing - ટુ બી હાર્ડ ઑફ હીઅરિંગ - કાનની કચાશ હોવી, રૂઢિપ્રયોગ)
તેને ભણતાં ચૂંક આવે છે. He is sick of studying.
જપાનીઓને ફૂલોનો શૉખ હોય છે.
The Japanese are fond of flowers.
(to be fond of -ટુ બી ફોન્ડ ઑફ - શૉખ હોવો, અત્યંત ગમવું)
'off' - ઑફ - થી દૂર, પૂર્વ તૈયારી વગરનું, સહજ સ્થાન પરથી ભ્રષ્ટ. નિવૃત્ત, વાસી, ઊતરી ગયેલું.
આ ઘડિયાળનો કલાક-કાંટો બહાર નીકળી ગયો છે.
The hour hand of this clock has come of.
તમારાં પગરખાં બારણાં પાસે ઉતારો. પંખો બંધ કરો.
Put off your shoes at the gate. Put off the fan.
શેક્સ્પિયરે તેના 'મૅકબેથ' નાટકમાં લેડી મૅકબેથના મોંમાં 'put off' શબ્દસમૂહ બે જુદા જુદા ભાવમાં કેવો આલંકારિક રીતે નિષ્પન્ન કર્યો છે. જુઓ -
'I will first put off this light and then I will put off this light' પહેલું 'put off' - મીણબત્તી તરફ આંગળી ચીંધીને, 'પહેલાં હું આ બત્તી બૂઝવી નાખીશ' અને પછી રાજા ડંકન તરફ આંગળી ચીંધીને પછી હું આ બત્તી બૂઝવી નાખીશ' - અર્થાત્ આ રાજાની જિંદગી બૂઝવી નાખીશ.

'from' - ફ્રૉમ - માંથી, થી, થી માંડીને. જેમ કે
પંખી માળામાંથી ઊડ્યું. The bird flew from the nest.
તેને શરદી થઈ છે.
He is suffering from cold.
(to suffer from - સફર - સહન કરવું, cold - કોલ્ડ - શરદી)
તે સવારે ૮ થી ૧૦ ભણે છે.
He studies from 8 a.m. to 10 a.m.
તમે નખશીખ સજ્જન છો.
You are a gentelman from top to toe
(from top to toe - ફ્રૉમ ટૉપ ટુ ટો - નખશીખ, રૂઢિપ્રયોગ)
મુલ્લા નસરુદ્દીન બધાથી અનોખા હતા.
Mulla Nasruddin was different from others.
(different - ડિફરન્ડ - જુદું)
'about' - અબાઉટ - ની આસપાસ, ફરતે, પાસે, વિષે, એટલામાં ક્યાંક, આશરે, સુમારે. આ પ્રેપઝિશનના વાક્યપ્રયોગો શીખીએ.
ઘરમાં ઉંદરો દોડાદોડી કરતા હતા.
Mice were running about in the home.
અમે જવાની તૈયારીમાં હતા. We were about to go.
તે આશરે સાઠ વરસનો છે. He is about sixty years old.
સાંજ થવા આવી છે. It is about evening.
તમારી પ્રગતિ વિષે મને લખજો.
Write to me about your progress.
તે આટલામાં જ ક્યાંક હશે.
He must be somewhere here about.

Under - નીચે, કશાકની હેઠળ, નીચેની જગ્યાએ, ના હાથ નીચે - તાબામાં, ની અસર નીચે, પ્રભાવમાં ઘેરાયેલ, અમુક પ્રક્રિયામાંથી પસાર થતું, આધીન કે વશ, ની રૂએ કે અન્વયે. દા.ત.
બિલાડી ટેબલ નીચે છે. The cat is under the table.
ભારત અંગ્રેજોના શાસન હેઠળ હતું.
India was under the British rule.
તે મારા હાથ નીચે કામ કરે છે. He works under me.
સરોજિની નાયડુ ગાંધીજીના પ્રભાવ નીચે હતા.
Sarojini Naidu was under the influence of Gandhiji.
(influence - ઈન્ફ્લ્યુઅન્સ - પ્રભાવ, અસર)
પિનલ કોડના આ સેકશનને અન્વયે તેને મૃત્યુદંડ આપવામાં આવે છે.
He is sentenced to death under this section of the penal code. (to be sentenced to death - ટુ બી સેન્ટન્સ્ડ ટુ ડેથ - મૃત્યુદંડની સજા આપવી)
આ કામ માટે તે વયમાં નાનો છે.
He is under age for this job.
અમારું ઓછું મૂલ્ય ન આંકશો.
Don't underestimate us.
(to estimate - એસ્ટિમેઇટ - મૂલ્ય કરવું)
'below' - બિલો - ની નીચે, ને ન છાજે તેવું, થી નીચી કક્ષાનું.
આ ચિત્રને ટ્યુબ લાઇટની નીચે લટકાવો.
Put the picture below the tube light
જમીનની તળે પાણી હોવાની શક્યતા છે.
There is possibility of water under the ground.
નીચે થોડી વિગતો છે. Below are some details.
કોઈ વસ્તુની નીચેનો ભાવ દર્શાવવા માટે 'under' જ્યારે બે સ્થિત્યંતરો ઊંચાનીચાની સાપેક્ષતા દર્શાવવા 'below' વપરાય છે. એ ભેદ સમજવો.

આમ, પ્રેપઝિશન્સના અર્થ અને તેના વાક્યપ્રયોગો શીખ્યા. આમ કરતાં આપણને નવા શબ્દો, શબ્દસમૂહો, રૂઢિપ્રયોગો અને કહેવતોનો પરિચય થયો. લાગે છે કે અંગ્રેજી શિક્ષણની કેડીએ આપણે ઠીક ઠીક આગળ વધ્યા છીએ - વધવાના છીએ. (ક્રમશઃ)

નોબેલ પારિતોષિક વિજેતા અમર્ત્ય સેન

પ્રા. રમેશ બી. શાહ

ભારતનું નાગરિકત્વ ધરાવતા પ્રોફેસર અમર્ત્ય સેનને અર્થશાસ્ત્રના ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ પ્રદાન માટે રૂ. ચાર કરોડનું 'બૅન્ક ઑવ્ સ્વીડન પ્રાઇઝ ઇન ઇકોનોમિક સાયન્સ ઇન મેમરી ઑવ આલ્ફ્રેડ નોબેલ' મળ્યું તે ભારત માટે એક ગૌરવપ્રદ અને આનંદદાયક ઘટના ઘટી. વિવિધ ક્ષેત્રોમાં મહત્ત્વપૂર્ણ પ્રદાન માટે અપાતાં નોબેલ-પારિતોષિક મેળવનાર તે છઠ્ઠા ભારતીય છે એમ અખબારોએ નોંધ્યું. અર્થશાસ્ત્રના ક્ષેત્રે નોબેલ પ્રાઇઝ મેળવનાર તેઓ એશિયાના પ્રથમ અર્થશાસ્ત્રી છે.

શ્રી સેનનો જન્મ ૧૩ નવેમ્બર ૧૯૩૩ના રોજ શાંતિનિકેતન ખાતે થયો હતો. માતૃપક્ષે તેમના નાના ક્ષિતિમોહન સેન સંસ્કૃતના વિદ્વાન હતા, ગુરુદેવ ટાગોરના મંત્રી હતા. શ્રી સેનનું નામ ગુરુદેવે જ પાડેલ અને તેમણે એવી આગાહી કરેલી કે આ બાળક એક પ્રસિદ્ધ પુરુષ થશે. શ્રી સેનના પિતા આશુતોષ કૃષિવિજ્ઞાની હતા અને રાજ્યના 'પબ્લિક સર્વિસ કમિશન'ના અધ્યક્ષ હતા. આમ, બંને બાજુએથી શ્રી સેનને વિદ્વત્તાનો વારસો મળ્યો હતો. શાળામાં વિદ્યાભ્યાસ દરમિયાન શ્રી સેને સંસ્કૃતનો અભ્યાસ કરવાનો મનસૂબો સેવેલો, પરંતુ ઉચ્ચ શિક્ષણ માટે કલકત્તાની પ્રેસિડેન્સી કૉલેજમાં જોડાયા અને ઇન્ટરની પરીક્ષામાં પ્રથમ આવ્યા પછી અર્થશાસ્ત્રની પસંદગી કરી. દેશમાં સ્નાતક થયા પછી વધુ અભ્યાસ તેમણે ઇંગ્લંડની કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં ટ્રિનિટી કૉલેજમાં કર્યો.

શ્રી સેનને નોબેલ પારિતોષિકના સ્વરૂપમાં આંતરરાષ્ટ્રિય સ્વીકૃતિ સાંપડી તે અગાઉ પણ તેમને થોડા જુદા સ્વરૂપે આંતરરાષ્ટ્રિય સન્માનો સાંપડ્યાં હતાં. ૧૯૯૬ના વર્ષમાં તેઓ 'અમેરિકન ઇકોનોમિક ઍસોસિયેશન'ના પ્રમુખપદે પસંદ થયા હતા. તેમની અગાઉ અમેરિકાના નાગરિક ન હોય એવા કોઈ વિદ્વાનને એ પદ માટે પસંદ કરવામાં આવ્યા ન હતા. ૧૯૯૮માં તેઓ ઇંગ્લન્ડની જગવિખ્યાત કેમ્બ્રિજ યુનિવર્સિટીની ટ્રિનિટી કૉલેજમાં 'માસ્ટર' નિમાયા. તેમની પૂર્વે કોઈ અશ્વેત કે બ્રિટનના નાગરિક ન હોય એવા વિદ્વાન એ પદ માટે પસંદ થયા ન હતા.

શ્રી સેને સમગ્ર દુનિયામાં પ્રતિષ્ઠા ધરાવતી ઇંગ્લન્ડ અને અમેરિકાની યુનિવર્સિટીઓમાં પ્રોફેસર તરીકે અધ્યાપન - સંશોધન કર્યું છે એ હકીકત પણ તેમની પ્રકાંડ વિદ્વત્તાની દ્યોતક છે. તેમણે ૧૯૫૭ થી ૧૯૬૩ દરમિયાન ટ્રિનિટી કૉલેજમાં ફેલો તરીકે કામ કર્યું હતું, ૧૯૭૧ થી ૧૯૭૭માં તેઓ લંડન સ્કૂલ ઑવ્ ઇકોનોમિક્સમાં પ્રોફેસર હતા, એ પછીનાં ત્રણ વર્ષ ઑક્સફર્ડની નફિલ્ડ (Nuffield) કૉલેજમાં અધ્યાપક રહ્યા, ૧૯૮૦ થી ૧૯૮૭માં ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં ડ્રમન્ડ (Drummand) પ્રોફેસર હતા. એ પછીનો દસકો તેમણે અમેરિકાની હાવર્ડ યુનિવર્સિટીમાં લમોન્ટ (Lamont) પ્રોફેસર તરીકે વીતાવ્યો. ત્યાં તેઓ એકસાથે અર્થશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનના પ્રોફેસર હતા. શ્રી સેનની કારકિર્દીની આ રૂપરેખામાંથી એ સ્પષ્ટ થાય છે કે ભારતની યુનિ.ઓમાં તેમણે અધ્યાપક તરીકે બહુ ઓછાં વર્ષો ગાળ્યાં છે. તેમણે આરંભનાં બે વર્ષો (૧૯૫૬-૫૮) જાદવપુર યુનિવર્સિટીમાં અને ૧૯૬૩ થી ૧૯૭૧ દિલ્હી સ્કૂલ ઑવ ઇકોનોમિક્સમાં અધ્યાપક તરીકે કામ કર્યું હતું. આમ, ૧૯૭૧ પછી વાસ્તવમાં તેમણે ભારત છોડ્યું છે.



શ્રી સેન પ્રખર અભ્યાસી છે. તેમના કોઈ પણ લેખ કે પુસ્તકમાં તેમણે ટાંકેલા સંદર્ભોની યાદી ઘણી મોટી હોય છે. શ્રી સેન કેવળ અર્થશાસ્ત્રના જ વિદ્વાન નથી, તેઓ નીતિશાસ્ત્રના પણ પંડિત છે. અભ્યાસનાં આ બે ક્ષેત્રોમાં વાચન અને લેખનમાં અતિ વ્યસ્ત રહેતા હોવા છતાં બંગાળી સાહિત્ય અને સંસ્કૃતના ગ્રંથો વાંચવાનો સમય તેઓ મેળવે છે એટલું જ નહિ, દેશમાં બનતી નોંધપાત્ર ઘટનાઓ પર તેઓ લખતા રહે છે. બાબરી મસ્જિદ તોડી પાડવામાં આવી તેના પગલે દેશમાં જે કોમી રમખાણો ફાટી નીકળ્યાં તેને અંગે તેમણે 'ન્યૂ યૉર્ક રીવ્યૂ ઑવ્ બુક્સ'માં દેશના કોમી પ્રશ્નની તર્કબદ્ધ ચર્ચા કરી હતી. દેશે ગયા મે મહિનામાં જે અણુધડાકા કર્યા તેની તેમણે નૈતિકતાની ભૂમિકા પર ટીકા કરી હતી એટલું જ નહિ, દેશની સલામતીના સંદર્ભમાં પણ તેને અપ્રસ્તુત ગણ્યા હતા. મુદ્દો એ છે કે તેઓ દેશ-વિદેશના સાંપ્રત પ્રવાહોથી અલિપ્ત રહીને સાક્ષરી (ઍકેડેમિક) સંશોધન કરતા વિદ્વાન નથી, પરંતુ એક સંવેદનશીલ પ્રબુદ્ધ નાગરિક પણ છે.

અર્થશાસ્ત્રના ક્ષેત્રે અત્યંત પ્રતિષ્ઠિત સામયિકોમાં તેમના બસો જેટલા લેખો પ્રકટ થયા છે, તે એક બાજુ તેમની વિદ્યોપાસના સૂચવે છે તો બીજી બાજુ તેમની પ્રકાંડ વિદ્વત્તા સૂચવે છે. ઇંગ્લન્ડ-અમેરિકામાંથી પ્રકટ થતાં અર્થશાસ્ત્રનાં એવાં સામયિકોમાં તેમના લેખે પ્રકટ થતા રહ્યા છે, જે સામયિકો તેમને મળતા લેખોમાંથી ચોથા

ભાગના લેખો પણ પ્રકાશન માટે સ્વીકારતા નથી. અર્થશાસ્ત્રની જેમ 'માઇન્ડ', 'ફિલૉસૉફિકલ ક્વાર્ટર્લી' વગેરે ફિલૉસૉફીનાં વિશ્વવિખ્યાત સામયિકોમાં તેમના અનેક લેખો પ્રગટ થયા છે.

શ્રી સેનના લેખોના સંચયરૂપ અને સ્વતંત્ર કેટલાંક નોંધપાત્ર પુસ્તકો આ પ્રમાણે છે : 'કલેક્ટિવ ચૉઇસ ઍન્ડ સોશ્યલ વેલ્ફેર', 'ઑન ઇકોનોમિક ઇનિઇક્વોલિટી', 'પોવર્ટિ ઍન્ડ ફેમિન્સ', 'ચૉઇસ ઑવ્ ટેકનિક્સ', 'ઑન એથિક્સ ઍન્ડ ઇકોનોમિક્સ' વગેરેની સંખ્યા ૧૮ જેટલી છે. તેમાંનાં કેટલાંક નોંધપાત્ર તાજેતરમાં તેમણે બેલ્જિઅમના અર્થશાસ્ત્રી ઝાં ડ્રેઝ સાથે ભારતના વિકાસની સમીક્ષા કરતું પુસ્તક પ્રકટ કર્યું છે : 'ઇન્ડિયા : ઇકોનોમિક ડિવેલપમેન્ટ ઍન્ડ સોશ્યલ ઑપોર્ચ્યુનિટિ'.

શ્રી સેનના અભ્યાસના વિષયો અનેક છે, પરંતુ તેમને નોબેલ પારિતોષિક કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રના ક્ષેત્રે તેમના પ્રદાન માટે તેમજ સામાજિક પસંદગીના સિદ્ધાંત, ગરીબીના સૂચક આંક તથા દુષ્કાળના અનુભવમૂલક સંશોધન માટે આપવામાં આવ્યું છે. દુષ્કાળના અભ્યાસને બાદ કરતાં જે અન્ય ક્ષેત્રોના તેમના પ્રદાન માટે તેમને પસંદ કરવામાં આવ્યા છે તે અત્યંત સૈદ્ધાંતિક અને શાસ્ત્રીય સ્વરૂપનું છે. આ હકીકત નોંધવાનું એક પ્રયોજન છે. ડાબેરી વિચારધારા ધરાવતા કેટલાક લેખકોએ શ્રી સેનને મળેલા નોબેલ પારિતોષિકનો એવો અર્થ ઘટાવ્યો છે કે તે અર્થશાસ્ત્રના મુખ્ય પ્રવાહથી ચીલો ચાતરીને તેમણે આપેલા પ્રદાન માટે, ખાસ કરીને ગરીબો માટે તેમણે દાખવેલી સંવેદનશીલતા માટે તેમને તે આપવામાં આવ્યું છે. ડાબેરીઓના આ દાવામાં કશું તથ્ય નથી. એક વિજ્ઞાન તરીકે અર્થશાસ્ત્રના વિકાસમાં મૂલ્યવાન પ્રદાન કરનાર અર્થશાસ્ત્રીઓને નોબેલ પ્રાઇઝથી નાવાજવામાં આવે છે. વિજ્ઞાનના ક્ષેત્રે અમૂર્ત કે સૈદ્ધાંતિક સ્વરૂપે પ્રાપ્ત થતું જ્ઞાન સાક્ષરી સ્વરૂપનું હોઈ તે પ્રત્યક્ષ રીતે જ સમાજના પ્રશ્નોના ઉકેલના સંદર્ભમાં પ્રસ્તુત નથી હોતું. શ્રી સેને આપેલા પ્રદાનના એક મુદ્દાનો ટૂંકમાં નિર્દેશ કરવાથી આ બાબત સ્પષ્ટ થશે.

કોઈ એક દેશમાં ગરીબોનું પ્રમાણ નક્કી કરવા માટે માથાદીઠ આવક કે ખર્ચના ધોરણને સ્વીકારીને ગરીબીની એક રેખા નક્કી કરવામાં આવે છે. તેના કરતાં ઓછી આવક ધરાવતાં લોકોને ગરીબ ગણવામાં આવે છે. દા.ત., ગરીબીની રેખા માથાદીઠ માસિક આવક રૂ.૫૦૦ની નક્કી કરવામાં આવી હોય તો તેના કરતાં ઓછી આવક ધરાવતી વ્યક્તિઓને ગરીબ ગણવામાં આવે છે અને તેના આધારે દેશમાં ગરીબોનું પ્રમાણ અંદાજવામાં આવે છે. શ્રી સેને ગરીબીના આ માપને સુધારવાની કોશિશ કરી છે. તેમનો મુદ્દો આ પ્રમાણે છે : ધારો કે ગરીબોની રેખા નીચે જીવતાં અને માસિક માથાદીઠ રૂ.૩૦૦ની આવક ધરાવતાં કુટુંબોની આવક ઘટે છે અને માસિક રૂ.૪૫૦ની માથાદીઠ આવક ધરાવતાં કુટુંબોની આવક વધીને રૂ.૫૦૦ની સપાટી વટાવે છે. આ દાખલામાં દેખીતી રીતે દેશમાં ગરીબોની સંખ્યા ઘટી છે, પરંતુ જેઓ વિશેષ ગરીબ હતા તેમની ગરીબી વધુ ઘેરી બની છે. કેવળ ગરીબીની રેખા નીચે જીવતાં લોકોનાં માથાં ગણવાથી આ ફેરફાર પકડાતો નથી. આનાથી ઊલટું પણ બની શકે. તળિએ રહેલા ગરીબોની આવક વધે, પરંતુ એટલી ન વધે જેથી તેઓ ગરીબીની રેખા ઉપર પહોંચી જાય. આ દાખલામાં ગરીબોની સંખ્યા યથાવત્ રહે છે, પરંતુ કેટલાક ગરીબોની સ્થિતિ સુધરે છે. ગરીબીમાં થતાં આવાં પરિવર્તનોને માપવા માટેનો એક આંક શ્રી સેને સૂચવ્યો છે. સૈદ્ધાંતિક રીતે આ એક મહત્ત્વપૂર્ણ વિકાસ છે, પરંતુ વ્યવહારમાં તેનો ઉપયોગ કરવા માટે જરૂરી વિગતો સુલભ નથી હોતી. વળી, એ પણ સ્પષ્ટ છે કે ગરીબીનાં પરિવર્તનોને વધારે ચોકસાઈપૂર્વક માપવા માત્રથી ગરીબીનો ઉકેલ વધુ સરળ બનતો નથી.

શ્રી સેને નીતિશાસ્ત્રને (Ethuics) ના અભ્યાસ દ્વારા કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રને વિસ્તારવાની કોશિશ કરી છે. અર્થશાસ્ત્રના મુખ્ય પ્રવાહમાં વાસ્તવદર્શી (Positive) અર્થશાસ્ત્રની વિશ્લેષણ પદ્ધતિએ કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રના વિકાસને કુંઠિત રાખ્યો છે. શ્રી સેનનો પ્રયાસ નીતિશાસ્ત્રના આધાર પર કલ્યાણલક્ષી અર્થશાસ્ત્રને વિકસાવવાનો છે. જેને અર્થશાસ્ત્રનો મુખ્ય પ્રવાહ કહેવામાં આવે છે, તેમાં માનવવર્તન માટે એક ધારણા કરી લેવામાં આવેલી છે : 'માનવી અર્થપરાયણ છે, એટલે કે તે સ્વહિતથી પ્રેરાઈને જ વર્તે છે. તે પોતાના લાભને મહત્તમ કરવાનો અને પોતાના ખર્ચને ન્યૂનતમ કરવાનો પ્રયાસ કરતો રહે છે.' આ ગૃહીત પર રચાયેલું અર્થશાસ્ત્ર ફળદાયી નીવડ્યું છે એ મુદ્દાનો શ્રી સેને સ્વીકાર કર્યો છે, પરંતુ સમાજમાં પ્રસ્થાપિત નૈતિક સિદ્ધાંતો કે મૂલ્યોથી પ્રેરાઇને પણ માનવી વર્તી શકે એ પ્રકારની ધારણા પર આધારિત માનવવર્તનના અભ્યાસ દ્વારા અર્થશાસ્ત્રના કાર્યક્ષેત્રને વિસ્તારવાનો તેમનો પ્રયાસ છે, જો કે તેનો પ્રભાવ હજી અર્થશાસ્ત્રના મુખ્ય પ્રવાહ પર પડ્યો નથી.

ગરીબી અને વિકાસ અંગેના શ્રી સેનના વિચારોને સમૂહ માધ્યમોએ ભારે પ્રસિદ્ધિ આપી છે, પરંતુ શ્રી સેને નમ્રતાપૂર્વક જણાવ્યું હતું તેમ, પ્રસ્તુત ક્ષેત્રમાં અનેક અર્થશાસ્ત્રીઓએ પ્રદાન કર્યું છે અને 'તે એક કરુણતા છે કે બધાને નોબેલ પ્રાઇઝ આપી શકાતું નથી.' શ્રી સેને ગરીબીના આવકના પાસાને ગૌણ ગણ્યા વિના તેનાં અન્ય પાસાં પર ભાર મૂક્યો છે. ગરીબો શિક્ષણ અને આરોગ્ય જેવી રાજ્યની સેવાઓથી વંચિત રહેતાં હોય છે. તેમને અન્ય સામાજિક સેવાઓનો પણ અલ્પ લાભ જ મળતો હોય છે. કેવળ આવકની વૃદ્ધિથી જ આ બધી સેવાઓ ગરીબોને મળે એવું બધા દાખલાઓમાં બનતું નથી. ગરીબોની આ બધી વંચિતતાઓને શ્રી સેને આર્થિક વિકાસની પ્રક્રિયા સાથે સાંકળી છે. આ હેતુ માટે તેમણે વિકાસની વ્યાખ્યા જુદી રીતે નક્કી કરી છે. વ્યક્તિને પોતાની રીતે જીવન જીવવા માટે વિવિધ વિકલ્પો ઉપલબ્ધ થાય અને એ વિકલ્પોમાંથી પસંદગી કરવાની વ્યક્તિની ક્ષમતાઓમાં વધારો થાય તેને શ્રી સેને વિકાસ ગણ્યો છે. આમ, શ્રી સેનની વિકાસની વ્યાખ્યા વ્યક્તિલક્ષી છે. આમ કરીને તેમણે અર્થશાસ્ત્રમાં પરંપરાગત રીતે

જેને વિકાસ ગણવામાં આવ્યો છે તેને અપ્રસ્તુત ગણ્યો નથી. પરંપરાગત વ્યાખ્યા પ્રમાણે આર્થિક વિકાસથી થતી આવકવૃદ્ધિથી લોકોને વધુ વિકલ્પો પ્રાપ્ત થાય છે કેમ કે અર્થતંત્રમાં થતા વિકાસથી લોકો માટે અનેક નવી તકો સર્જાય છે. શ્રી સેનનો મુદ્દો એ છે કે કેવળ આવકની વૃદ્ધિથી જ સમાજમાં ઉપલબ્ધ વિકલ્પોમાંથી પસંદગી કરવાની વ્યક્તિની સ્વતંત્રતા કે ક્ષમતામાં વધારો થતો નથી. એક કુટુંબની આવક વધવાથી છોકરાઓને જેટલી તકો સાંપડશે તેટલી છોકરીઓને નહિ સાંપડે, સવર્ણ અને દલિત કુટુંબની આવક સરખી હોય તો પણ સવર્ણ કુટુંબના સભ્યો સમાજમાં ઉપલબ્ધ તકોનો જેટલા પ્રમાણમાં લાભ લઈ શકશે તેટલો લાભ દલિત કુટુંબના સભ્યો લઈ શકશે નહિ. આમ, સામાજિક અસમાનતા અને ભેદભાવોને નાબૂદ કર્યા વિના કેવળ આવકની વૃદ્ધિથી સમાજનાં બધાં સભ્યોને વિકાસની તકો પૂરી પાડી શકાય નહિ. આમાં શ્રી સેને કુટુંબમાં અને સમાજમાં સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે પ્રવર્તતી અસમાનતા પર ખૂબ ભાર મૂક્યો છે.

શિક્ષણ અને આરોગ્ય વ્યક્તિનાં જીવનધોરણનો એક મહત્ત્વનો ઘટક છે એટલું જ નહિ, તે સમાજમાં ચાલી રહેલી વિકાસની પ્રક્રિયામાં સામેલ થવાની લોકોની ક્ષમતામાં વધારો કરતી મહત્ત્વની બાબતો પણ છે. ગરીબોની સામેલગીરી સાથેનો વિકાસ સાધવા માટે બજારના માધ્યમ દ્વારા ચાલતી વિકાસની પ્રક્રિયામાં સામેલ થવાની ગરીબોની ક્ષમતા વધે એવાં પગલાં કેવળ રાજ્યે જ નહિ, સામાજિક સંગઠનોએ પણ ભરવાં પડે. આ માટે શ્રી સેને શિક્ષણ, આરોગ્ય સેવાઓ, જમીનની વધુ સમાન વહેંચણી, સ્ત્રીઓની સમાનતા વગેરે પર ભાર મૂક્યો છે.

દેશના આર્થિક વિકાસમાં બજાર અને રાજ્યની ભૂમિકા વિશેના શ્રી સેનના વિચારો ઉપરની ચર્ચામાંથી ફલિત થાય છે. રાજ્યે ઉત્પાદનનાં સાધનો પર માલિકી સ્થાપીને તથા ખાનગી ક્ષેત્રે થતી ઉત્પાદનપ્રવૃત્તિ પર નિયમનો મૂકીને વિકાસની પ્રક્રિયાને ચલાવવાની નથી, એટલે કે વેપારઉદ્યોગના ક્ષેત્રે રાજ્યે પ્રત્યક્ષ રીતે પ્રવેશ કરવાનો નથી, એ ક્ષેત્રો મહદંશે ખાનગી ક્ષેત્ર માટે જ રાખવાનાં છે. રાજ્યે તો ગરીબોની ક્ષમતાઓ અને સામર્થ્યોમાં વધારો થાય એ દિશામાં જ પગલાં ભરવાનાં છે. આમ, શ્રી સેન દૃઢ અર્થમાં સમાજવાદી કે રાજ્યવાદી નથી. ભારતની નવી આર્થિક નીતિના સંદર્ભમાં તેમને પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે તેઓ વૈશ્વીકરણ અને ઉદારીકરણની નીતિના હિમાયતી છે જ, પરંતુ તેની સાથે ભારતમાં શિક્ષણ અને આરોગ્ય જેવી સામાજિક સેવાઓ પ્રત્યે જે ઉપેક્ષા સેવવામાં આવી રહી છે તેના ટીકાકાર પણ છે. નવી આર્થિક નીતિમાં વેપાર ઉદ્યોગોનાં ક્ષેત્રે રાજ્યની વધુ પડતી સક્રિયતાને ઘટાડવામાં આવી છે, પરંતુ વિકાસની પ્રક્રિયામાં સામેલ થવાની ગરીબોની ક્ષમતા વધે એ દિશામાં રાજ્ય પૂરતા પ્રમાણમાં સક્રિય થયું નથી. શ્રી સેન એ વિશે સ્પષ્ટ છે કે, શિક્ષણ વગેરે સામાજિક સેવાઓ પાછળ રાજ્ય દ્વારા કેવળ ખર્ચ વધારવાથી ગરીબોને લાભ નહિ પહોંચે. શાળાઓ સાચા અર્થમાં કામ કરતી થાય અને સરકારી આરોગ્ય કેન્દ્રોમાંથી લોકોને સંતોષકારક સેવાઓ સાંપડે એવાં પગલાં પણ ભરવાં પડશે. અલબત્ત, એ પગલાં કેવાં હોવાં જોઈએ એ વિશે કોઈ માર્ગદર્શન શ્રી સેને આપ્યું નથી. દા.ત., રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને બિહાર જેવાં રાજ્યોમાં છોકરીઓ વધુ પ્રમાણમાં શાળામાં ભણતી થાય અને પ્રાથમિક શિક્ષણ પૂરું કરે એ માટે રાજ્ય શું કરી શકે એ પ્રશ્નનો ઉત્તર શ્રી સેન પાસેથી મળતો નથી.

દુષ્કાળ અને લોકશાહી વચ્ચેના સંબંધના શ્રી સેનના વિચારોને ઘણી પ્રસિદ્ધિ આપવામાં આવી છે. આ ચર્ચામાં અપૂરતા અને અનિયમિત વરસાદથી નિષ્ફળ જતા પાકને દુષ્કાળ સમજવાનો નથી. લોકો અનાજથી વંચિત રહીને ભૂખમરાનો ભોગ બનીને મૃત્યુ પામે તેને શાસ્ત્રીય ચર્ચામાં દુષ્કાળ ગણવામાં આવે છે. ચીન અને ભારત જેવા દેશોમાં પડેલા દુષ્કાળો અનાજની અછતનું પરિણામ ન હતું, પરંતુ ગરીબોના પક્ષે ખરીદશક્તિના અભાવનું પરિણામ હતું. દુકાળ અનાજનો નથી હોતો, ખરીદશક્તિનો હોય છે. શ્રી સેનનું આ તારણ નવું નથી. ભારતના પ્રસિદ્ધ અર્થશાસ્ત્રી સ્વ. ડી. આર. ગાડગીલે ભારતમાં ઔદ્યોગિક વિકાસ અંગેના ૧૯૨૪માં પ્રકટ થયેલા તેમના પુસ્તકમાં નોંધ્યું છે : 'ભારતમાં પડેલા દુષ્કાળો વિશે લખનાર બધા જ લેખકોએ ભારપૂર્વક નોંધ્યું છે કે, દુષ્કાળ રોજગારીના અભાવને કારણે સર્જાય છે, તેમાં અનાજની અછત ઝાઝી કારણભૂત નથી હોતી. પરંતુ ભારતમાં પરિવહન સેવાઓમાં સુધારો થયો તે પહેલાંના ભારત માટે આ વિધાન સાચું નથી કેમ કે ૧૮૬૮માં પડેલા રાજપુતાનાના દુષ્કાળમાં લોકોની પાસે ખરીદશક્તિ હોવા છતાં તેમને ભૂખમરો ભોગવવો પડ્યો હતો.' દુષ્કાળ ખરીદશક્તિનો સર્જાય છે એ મુદ્દાનો સ્વીકાર કરીને અંગ્રેજ શાસકો રાહતકામોનું આયોજન કરીને જરૂરતમંદ લોકોને ખરીદશકતિ પૂરી પાડતા હતા. અલબત્ત, અંગ્રેજ શાસકો અનુદાર રીતે રાહતકામો હાથ ધરતા હતા, તેમ છતાં, વીસમી સદીના પૂર્વાર્ધમાં, ૧૯૪૩ના બંગાળના દુષ્કાળને બાદ કરતાં શાસ્ત્રીય અર્થમાં દેશમાં કોઈ દુષ્કાળ પડ્યો ન હતો એ નોંધવું જોઈએ.

દુષ્કાળના સંદર્ભમાં ચીન અને ભારતની તુલના કરીને શ્રી સેને લોકશાહી અને દુષ્કાળ વચ્ચે જે સંબંધ પ્રસ્થાપિત કર્યો છે તેની મર્યાદા પણ તેમણે દર્શાવી છે. ચીનમાં ૧૯૬૦ના અરસામાં દુષ્કાળને કારણે બે થી ત્રણ કરોડ માણસો મૃત્યુ પામ્યા છતાં સરમુખ્યારશાહીને કારણે કોઈ અવાજ ઊઠ્યો નહિ. બહારની દુનિયાને એ કરુણ ઘટનાની જાણ દોઢેક દસકા પછી થયેલી. ભારતમાં લોકશાહી હોવાથી ભૂખમરાની સ્થિતિ સર્જાતાં જ અખબારો, વિરોધ પક્ષો અને સ્વૈચ્છિક સંગઠનો ત્યારે ઊહાપોહ મચાવીને સરકારને પગલાં ભરવાની ફરજ પાડે છે. તેને પરિણામે ભૂખમરાથી નિપજતાં મૃત્યુ ટાળી શકાય છે. બીજી બાજુ, ચીનમાં ગરીબીના સ્વરૂપમાં આંશિક ધોરણે કાયમ ભૂખમરો ભોગવતાં લોકોનું પ્રમાણ ભારતની તુલનામાં ઘણું ઓછું છે. ભારતની લોકશાહી ૩૦ થી ૪૦ ટકા લોકોના આંશિક ભૂખમરાને કાયમી ધોરણે સહી લે છે. આ હકીકતના સંદર્ભમાં ભારતની લોકશાહીનું મૂલ્યાંકન કેવી રીતે કરીશું ? વળી, એ પણ નોંધવું જોઈએ કે ચીનમાં

(અનુસંધાન પૃ. ૮૨૧)

આલ્ફ્રેડ બર્નાર્ડ નોબેલ

પ્રા. સુરેશ ર. શાહ.

જાતિ, ધર્મ, કોમ કે દેશના કોઈ પણ જાતના ભેદભાવ વગર, જેઓએ માનવજાતના ભલા માટેના કાર્યમાં ઉમદા ફાળો આપ્યો હોય તથા વિશિષ્ટ વસ્તુ-કાર્યનું પ્રદાન કર્યું હોય તેવાં જ્ઞાનીઓને, પ્રતિવર્ષે નોબેલ પારિતોષિક એનાયત કરાય છે. સાહિત્ય. ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ઔષધિ અને શરીરરચના અને શાંતિપ્રસાર એમ પાંચ ક્ષેત્રોમાં કરાયેલા ઉત્કૃષ્ટ કાર્ય માટે વિશ્વભરમાંથી સુયોગ્ય વ્યક્તિઓને પસંદ કરીને તેમનું સન્માન કરાય છે. અને આ અતિ પ્રતિષ્ઠિત પારિતોષિક એનાયત થાય છે. આ માટે તેઓએ કાંઈ અરજી કરવાની નથી હોતી. વિવિધ સંસ્થાઓ, એજન્સીઓ દ્વારા આ માટે સૂચનો મેળવવામાં આવે છે. અને તેમાંથી આવા વ્યક્તિવિશેષની પસંદગી કરાય છે. આ પુરસ્કારમાં એક સુવર્ણચંદ્રક, એક પ્રમાણપત્ર અને રોકડ રકમ અપાય છે. ૧૯૯૦ના વર્ષમાં આ રકમ પ્રત્યેકને સાત લાખ અમેરિકન ડૉલર જેટલી અપાઈ હતી. કેટલીક વાર એક જ ક્ષેત્રમાં આ પારિતોષિક બે કે ત્રણ વ્યક્તિવિશેષને ફાળે જાય છે ત્યારે આ રોકડ રકમ તેમની વચ્ચે તે પ્રમાણે વહેંચાઈ જાય છે. હાલના તબક્કે આ પારિતોષિકને વિશ્વનું સર્વોત્તમ પારિતોષિક માનવામાં આવે છે.

જેમની સ્મૃતિમાં આ ઉચ્ચતમ પારિતોષિક અપાય છે તે આલ્ફ્રેડ બર્નાર્ડ નોબેલનો જન્મ ૧૮૩૩ના ઑક્ટોબર, ૨૧ના રોજ સ્વીડનના સ્ટોકહોમ શહેરમાં થયો હતો. નવ વર્ષની વયે તેઓ પિતાશ્રીને સાથે રશિયાના પિટર્સબર્ગ ગયા. આ એ જ મહાનગર કે જનું કૉમ્યુનિસ્ટ રશિયાએ લેનિનગ્રાડ નામ આપ્યું હતું અને હવે તે ફરીથી જૂના નામે ઓળખાવા લાગ્યું છે. આમ, તેમનો બાળપણનો અભ્યાસ આ નગરમાં થયો હતો. ૧૬ વર્ષની વયે તેઓએ રસાયણશાસ્ત્રમાં તેમજ પાંચ ભાષાઓમાં નિપુણતા મેળવી હતી.

થોડાં વર્ષો માટે તેઓ અમેરિકા ગયા અને ત્યાં ઇજનેરી શાખામાં અભ્યાસ કર્યો અને તેમાં પીએચ.ડી. થયા. ત્યાંથી પાછા આવીને પિતાશ્રીના કારખાનામાં જોડાયા. પણ ૧૮૫૧માં આર્થિક મુશ્કેલીઓને લીધે પિતાશ્રીનું કારખાનું બંધ કરવું પડ્યું. અહીંથી તે વતન સ્વીડન પાછા ફર્યા.

તેઓ પણ પિતાશ્રીની માફક રસાયણશાસ્ત્રમાં કાંઈ નવું કરી બતાવવાના ઉત્સાહી હતા. સંશોધક પિતાના આ પુત્રે ડાઈનેમાઈટ - વિસ્ફોટકની શોધ કરી અને તેમાંથી સારું નામ અને ધન કમાયા હતા. નાઈટ્રોગ્લિસરીન જેવા ભયંકર અને જોખમી પદાર્થ ઉપર પ્રયોગો કરીને જોખમ રહિત અને ઉપયોગી વિસ્ફોટક બનાવવા માગતા હતા.

તેમણે તે બનાવ્યા અને બજારમાં મૂક્યા પણ ખરા, પણ તે દરમિયાન તેને એક સ્થળેથી બીજા સ્થળે ખસેડતાં તથા તેના ઉપયોગ દરમિયાન ઘણા અકસ્માતો પણ સર્જાયા હતા. ઘણાં લોકોએ તેમના જાન પણ ગુમાવ્યા હતા. આથી કેટલાંક તેમને સમાજના શત્રુ પણ માનતા હતા, પણ ૧૮૬૭માં તેમણે લગભગ સલામત કહી શકાય તેવો ઉપયોગી વિસ્ફોટક બનાવ્યો. આ વિસ્ફોટકને હવે એક સ્થળેથી બીજા સ્થળે સલામતીપૂર્વક લઈ જવાય તેવો હતો. આમ, પ્રારંભમાં થોડાક અકસ્માતો થયા. તેમના કારખાનામાં પણ કેટલાક સાથી મિત્રોએ જાન ગુમાવ્યા, પણ અંતે અકસ્માત ન સર્જાય તેવા સારી જાતના વિસ્ફોટક બનાવવામાં સફળતા મેળવી.



૧૮૬૭માં બ્રિટનમાં અને ૧૮૬૮માં અમેરિકામાં તેમણે આ અંગેનાં પેટન્ટો પણ મેળવી લીધાં. આમાંથી તેઓ ઘણું ધન કમાયા અને વિશ્વભરમાં સંપત્તિધર માનવીઓમાં તેમની ગણના થવા લાગી. દુનિયાના વિવિધ ભાગોમાં તેમનાં વિસ્ફોટક બનાવવાનાં કારખાનાંઓ ધમધમવા લાગ્યાં. સ્વીડનમાં પણ તેમનો આવો એક મોટો પ્લાન્ટ અઢળક ધન કમાવી આપતો હતો. એમ કહેવાય છે કે તેમણે ૧૨૦ જાતના વિસ્ફોટકો બનાવ્યા હતા. આ ઉપરાંત પણ તેમણે કૃત્રિમ રબર, કૃત્રિમ રેશમ અને બીજી ઘણી બનાવટોનાં ઉત્પાદનમાં પણ ઝંપલાવ્યું હતું.

આ સ્ફોટક પદાર્થોનો ઉપયોગ ખડકો તોડવા તથા ખાણો ખોદવામાં થતો હતો. તેઓ સુરંગોના સમ્રાટ તરીકે ઓળખાવા લાગ્યા હતા. એ વેળા તેમને ખ્યાલ પણ નહોતો કે તેનો ઉપયોગ યુદ્ધમાં પણ થશે. આમ, આલ્ફ્રેડ નોબેલ આવી વિનાશકારી વસ્તુઓના વ્યવસાયમાં વ્યસ્ત રહેતા હતા. છતાં પણ અંતરથી શાંતિવાદી હતા. હવે તો તેઓ અઢળક સંપત્તિના માલિક બની ચૂક્યા હતા. અને દેશ-વિદેશોમાં તેમનાં કારખાનાંઓ ધમધોકાર ચાલતાં હતાં.

આટલી બધી સિદ્ધિઓ અને ધન કમાયા હોવા છતાં તેઓને માનસિક અજંપો ખૂબ રહેતો હતો. તેઓ અવિવાહિત હતા. વિવિધ જોખમી રસાયણોના પ્રયોગ કરતા હોવાથી તેની અસર તેમની તંદુરસ્તી ઉપર પણ પડી હતી. તેમની તબિયત બહુ સારી રહેતી નહોતી. આ ઉપરાંત તેમણે વિકસાવેલા વિસ્ફોટકોના શક્ય ખોટા ઉપયોગોથી તેઓ પોતાની જાતને એ માટે ગુનેગાર માનતા હતા. આથી તેઓ ચિંતાતુર અને માનસિક રીતે અસ્વસ્થ રહેતા હતા. તેઓ પોતે મનથી એવું માનતા કે તેમણે કરેલી શોધોથી ઘણાં માણસોએ પોતાના જાન ગુમાવ્યા છે. આ ઉપરાંત વિસ્ફોટકોના શાંતિમય ઉપયોગોને બદલે યુદ્ધમાં દારૂગોળા તરીકે ઉપયોગ થાય તો તેનાથી ઘણી મોટી જાનહાનિ સર્જાય. આ બધા માટે પણ તેઓ પોતાની જાતને દોષિત માનતા હતા. અને સાચા મનથી ઇચ્છતા કે વિસ્ફોટકોનો શાંતિમય ઉપયોગ થાય.

આથી જ માનવતાને મહેકાવવા તેમણે પોતાની જિંદગી ભરની કમાણી વડે ઊભી કરેલી મોટી મિલ્કતોનું એક ભંડોળ ઊભું કર્યું અને તેમાંથી ૯૦ લાખ અમેરિકન ડૉલરનું ફંડ જુદું તારવ્યું હતું. તેના વ્યાજમાંથી પ્રતિવર્ષે અગાઉ જણાવ્યાં તે ક્ષેત્રોમાં સર્વોત્તમ કાર્ય કરનારને પારિતોષિક અપાય તેવું તેમણે આયોજન

કર્યું હતું. આ અંગેનું વસિયતનામું પણ તેમણે બનાવ્યું હતું. ૧૮૯૬ના ડિસેમ્બરની ૧૦ના રોજ ૬૩ વર્ષની વયે ઈટાલીમાં તેમનો દેહાંત થયો.

નોબેલ પારિતોષિક ડિસેમ્બર ૧૦, ૧૮૯૬ના રોજ આલ્ફ્રેડ નોબેલનું નિધન થયું તેના થોડા દિવસો બાદ શરૂ થતા નવા વર્ષમાં વિશ્વને આ મહાન દાની અને જ્ઞાનીના વિલ અંગેની જાણકારી મળી. ૧૯૦૧થી પાંચ વિવિધ ક્ષેત્રોમાં આ નોબેલ પારિતોષિક એનાયત થવા લાગ્યું. તેમની ઇચ્છા પ્રમાણે જ માનવતાના ભલા માટે તેમણે નક્કી કરેલાં પાંચ ક્ષેત્રોમાં પોતે કરેલી શોધખોળથી કે કાર્યથી અમૂલ્ય યોગદાન આપ્યું હોય તેવી વ્યક્તિ કે વ્યક્તિઓની પસંદગી વિવિધ સમિતિઓ કરે છે.

સ્ટોકહોમ, સ્વીડન ખાતેની રૉયલ વિજ્ઞાન અકાદમી ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્રના વિજેતાઓની પસંદગી વિશિષ્ટ પદ્ધતિથી કરે છે. ઔષધશાસ્ત્ર અને શરીરરચનાના ક્ષેત્રના પારિતોષિક વિજેતાની પસંદગી સ્ટોકહોમ ખાતેનાં કારોલિન્સકા ઇન્સ્ટિટ્યૂટની નોબલ ઍસેમ્બલી કરે છે. સાહિત્ય અંગના પારિતોષિકના વિજેતાની પસંદગી સ્વીડનની અકાદમી કરે છે. શાંતિ અંગેના વિશ્વ પારિતોષિક માટેના વિજેતાની પસંદગી નોર્વેની પાર્લામેન્ટે ચૂંટેલી નોર્વેની નોબેલ સમિતિ નક્કી કરે છે.

ઉમેદવારે આ અંગે કોઈ અરજી કરવાની નથી રહેતી, પણ તેમનાં નામ અને કાર્ય અંગેની લેખિત ભલામણો વિવિધ એજન્સીઓ મારફતે આવે તેમાંથી પસંદગી થાય છે. પારિતોષિક વિજેતાઓને પ્રતિ વર્ષે આલ્ફ્રેડ નોબેલની મૃત્યુતિથિ ડિસેમ્બર૧૦ના રોજ સ્ટોકહોમ ખાતેના એક ભવ્ય સમારંભમાં આ પારિતોષિકો અપાય છે. શાંતિ માટેનું આ પારિતોષિક નોર્વેમાં ઓસ્લો ખાતે અપાય છે.

૧૯૬૯થી હવે પાંચને બદલે છ નોબેલ પારિતોષિકો આપવાનું શરૂ કરાયું છે. સ્વીડનની કેન્દ્રિય બૅન્કે અર્થશાસ્ત્ર માટેના આ છઠ્ઠા નવા પારિતોષિક માટે આર્થિક જવાબદારી ઉપાડી છે અને તેને નોબેલ સ્મૃતિ પારિતોષિક તરીકે પ્રાયોજિત કર્યું છે. અર્થશાસ્ત્રના ક્ષેત્રમાં આમ ૧૯૬૯થી નોબેલ પારિતોષિક આપવાનું શરૂ કરવામાં આવ્યું છે. પહેલે જ વર્ષે એટલે કે ૧૯૬૯માં ડૉ. રેગનાર ફ્રિશ્ચને તથા ડૉ. ટિન્બર્જને સંયુક્તપણે આ પારિતોષિક એનાયત થયું હતું. હકીકતમાં ડૉ.ફ્રિશ્ચ એક વિદ્વાન ગણિતજ્ઞ હતા. તેમણે અર્થશાસ્ત્ર અંગેનાં ગણિતીય મોડેલો બનાવ્યાં હતાં. બીજા સહ વિજેતા ડૉ. ટિન્બર્જન, યાને નેધરલેન્ડ યુનિવર્સિટીમાંથી પ્રોબલમ ઇન ફિઝિક્સ ઍન્ડ ઇકોનોમિક્સમાં પીએચ.ડી. ડિગ્રી મેળવી હતી. બન્ને વિજેતાઓએ અર્થશાસ્ત્ર અંગેનાં ગણિતીય મોડેલો બનાવ્યાં હતાં. અને આ માટે તેમને સંયુક્ત રીતે ૧૯૬૯ના અર્થશાસ્ત્રના નોબેલ પારિતોષિક વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

ભારતના મહાકવિ રવીન્દ્રનાથ ટાગોર અને ભૌતિકવિજ્ઞાની ડૉ. સી.વી. રામનને નોબેલ પારિતોષિકથી સન્માનિત કરવામાં આવ્યા હતા. રવીન્દ્રનાથ ટાગોરને સાહિત્ય ક્ષેત્રે તેમના કાવ્યસંગ્રહ 'ગીતાંજલી' માટે પારિતોષિક અપાયું હતું. ૧૯૩૦નું ભૌતિકવિજ્ઞાન આ નોબેલ પારિતોષિક ડૉ. સી.વી. રામનને તેમની શોધ રામન પ્રભાવ - રામન ઇફેક્ટ્ માટે અપાયું હતું. રામન પ્રભાવ અંગેના તેમના પ્રાથમિક પ્રયોગો કરવામાં તેમના સાથી ડૉ. કે. આર. રામનાથન હતા. ડૉ. રામનાથને તેમનાં નિવૃત્તિનાં વર્ષો દરમિયાન જીવનના અંત સુધી અમદાવાદને તેમની કર્મભૂમિ બનાવી હતી. ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી (પી.આર.એલ.)ની સ્થાપનાકાળથી તેઓશ્રીએ સંસ્થાનું નિયામકપદ સંભાળ્યું હતું અને પાછળથી તેઓશ્રીએ તેના નિયામક મંડળના અધ્યક્ષ તરીકે સેવાઓ આપી હતી. આમ લગભગ ત્રણ દાયકાથી વધુ સમય સુધી તેમણે અમદાવાદને વતન બનાવીને વિજ્ઞાનના અને તેમાં પણ ખાસ કરીને ભૌતિકવિજ્ઞાનના સંશોધનમાં અનેરો ફાળો આપ્યો હતો. આ લખનાર પણ ડૉ. રામનાથનના માર્ગદર્શન હેઠળ સંશોધન કરવાની તકો સાંપડી હતી તેનો સગૌરવ ઋણસ્વીકાર કરે છે.

અંતે એક બાબતનો અત્રે નિર્દેશ કરવો જરૂરી લાગે છે. કેટલાક આ નોબેલ પ્રાઈઝને નોબલ (ઉમદા) પ્રઈઝ સમજે છે. હકીકતમાં નોબેલ એ આપણા જાયું તે મહાદાની અને જ્ઞાની આલ્ફ્રેડ નોબેલના નામ સાથે સંકળાયેલું છે. હમણાં બહાર પડેલા એક સાહિત્યપ્રેમી લેખકના એક પુસ્તકમાં તેનો નોબલ પ્રાઈઝ તરીકે ઉલ્લેખ કરાયો છે એટલું જ નહિ, પણ નોબલનો અર્થ ઉમદા એમ સમજાવીને તેને ઉમદા પ્રાઈઝ તરીકે બિરદાવવામાં આવ્યું છે ! □

અનુસંધાન] અમર્ત્યસેન [પૃ.૮૧૯

લોકશાહી વચ્ચેના સંબંધ અંગે શ્રી સેને જે વ્યાપ્તિ કરી છે તે વિવાદાસ્પદ છે.

અર્થતંત્રમાં બજાર અને રાજ્યની ભૂમિકા અંગેના શ્રી સેનના વિચારોને દુષ્કાળના સંદર્ભમાં સારી રીતે સમજી શકાય તેમ છે. દુષ્કાળની પરિસ્થિતિમાં ખેતીની સાથે સંકળાયેલાં લોકો રોજી ગુમાવીને આવકથી વંચિત રહે છે. બજાર આ લોકોને રોજગારી પૂરી પાડવાની ક્ષમતા ધરાવતું નથી, તેથી રાજ્યે લોકોને રોજગારી પૂરી પાડવી જોઇએ, પરંતુ લોકોને અનાજ પૂરું પાડવાની જવાબદારી રાજ્યે ઉપાડવાની જરૂર નથી. લોકો પાસે ખરીદશક્તિ આવશે તો બજાર તેમને અનાજ પૂરું પાડી શકશે. જે કામ બજાર દ્વારા થઇ શકે તેમ છે તે રાજ્યે કરવાં જરૂરી નથી. □

અમેરિકામાં ભારતીયો : આત્મઓળખની ખોજમાં (૭)

પ્રા. પ્રવીણ ન. શેઠ

માંડળીય પ્રવૃત્તિઓ : પ્રમુખો ઘણા, પણ નેતા કેટલા ?

અમેરિકામાં સમયાન્તરે આવતી ભરતીનાં મોજાંઓ કિનારા પર ઓછાવત્તા પ્રમાણમાં શંખલાં અને છીપલાં પાથરી દે, તેમ ભારતીયો આવ્યા અને અમેરિકન ભૂમિપટ પર પથરાઈ ગયા. આવા ભારતીયો ગોરાઓ સહિત બીજી વસાહતી જાતિઓ કરતાં શિક્ષણ, આવક અને વ્યવસાય-ધંધાને ધોરણે ઠીક પ્રમાણમાં આગળ છે. પરન્તુ તેમનું અમેરિકાના સમાજ, જાહેરનીતિ અને અર્થકારણમાં, એક સમૂહ તરીકે, સંયુક્ત રૂપની અસર હજુ ખાસ વર્તાતી નથી, એનું કારણ એ છે કે ભારતીયો પૂરતા પ્રમાણમાં સંગઠિત નથી.

આમે ય સક્ષમ સંગઠનો રચવાં કે પ્રાણવાન સંસ્થાઓનું ઘડતર કરવું એ ભારતીય સમાજ અને ઇતિહાસમાં વિશેષ લાક્ષણિકતા હોય તેવું જણાયું નથી. સમગ્ર ભારતવ્યાપી બની શકે અને લાંબા સમયગાળા સુધી શક્તિશાળી તથા પ્રભાવી સંસ્થાકીય વ્યવસ્થા (ઇન્સ્ટિટ્યુશનલ સિસ્ટમ) તરીકે નોંધી શકાય તેવી હોય તો ત્રણ જ વ્યવસ્થાઓનું પ્રદાન ભારતીયો કરી શક્યા છે : હિન્દુ સમાજવ્યવસ્થા, આઈ.સી.એસ. - આઈ.એ.એસ. શાસનતંત્ર અને ભારતવ્યાપી રાષ્ટ્રિય આંદોલન અને રાજકીય પક્ષ તરીકે સદી પર્યન્ત ભૂમિકા ભજવનાર કૉંગ્રેસ પક્ષ.

અમેરિકામાં પણ ભારતીયો ડૉક્ટરો અને મોટેલ-હોટેલ ચલાવનારાનાં શક્તિશાળી સંગઠનો વિકસાવી શક્યા છે, તથા ઇન્ડિયન-અમેરિકન ફોરમ ફૉર પબ્લિક અવેરનેસ ('ઇન્ડિયા એબ્રોડ' એ પત્રપ્રેરિત)નું સંસ્થાકીય માધ્યમ રાજકીય પ્રક્રિયામાં કાઠું કાઢી શક્યું છે, પણ બધા ભારતીયોને જોડે, પ્રેરે અને ભારતીયોને સ્પર્શતા મહત્ત્વના મુદ્દાઓ સંગઠિત કરીને 'મોબિલાઇઝ' કરે તેવા અમેરિકાવ્યાપી, અને 'અખિલ-ભારતીયઅમેરિકન' કહી શકાય તેવા સંગઠનને આકાર આપવાનો પડકાર તો હજુ ઊભો જ છે. અમેરિકન રાજવ્યવસ્થાનું માળખું અને સ્વરૂપ એવું છે કે તેમાં હિતજૂથો કે દાબજૂથો સંગઠિત રહીને, વ્યવસ્થિત દબાણ લાવે તો તેમને સ્પર્શતા નીતિ-કાયદાના ઘડતરની પ્રક્રિયા દરમિયાન, વ્હાઇટ હાઉસ, કૉંગ્રેસ કે રાજ્ય-શહેરના મતવિભાગોના શાસકો પર ધારી અસર પાડી શકાય અને ભારતીય સમુદાયનું હિત અને હકો અંકે કરી શકાય તેમ છે. અહીં યહૂદીઓએ સંગઠનીય કૌશલ બતાવીને આમ કરી બતાવ્યું પણ છે.

તાન્યા આનંદ જેવી તેજસ્વી પત્રકાર અનુસાર અમેરિકામાં પથરાયેલ હોય તેવા ભરતીયોનાં પાંચસો કરતાં વધુ મંડળો છે. તેમાં કેટલાંક સક્રિય છે, તો કેટલાંક માત્ર તેના પ્રમુખ કે ચાલકનાં નામો જાહેરમાં રહે તે પૂરતાં (મુખ્યત્વે કાગળ પર કે તહેવારોની ઉજવણી પૂરતાં) ચાલતાં હોય છે.

ભારતની સામાજિક વાસ્તવિકતાનું પ્રતિબિંબ અમેરિકાના વસાહતી ભારતીયોએ પાડ્યું છે. એક ભારતીય કહે છે : 'અમેરિકામાં આપણે કદાચ બધા જાતિક-સમુદાયોમાં સૌથી વધુ કજિયાખોર અને અલગાવ રાખનારા તથા સૌથી વધુ વિભક્ત હોય તેવા વસાહતી આગંતુક સમુદાય છીએ.'

તાન્યા કહે છે તેના કરતાં લઘુ અને કંઈક મોટાં સ્વરૂપનાં હોય, તેવાં ઘણાં મંડળો અહીં રચાયાં છે. મોટા ભાગનાં જ્ઞાતિ અથવા પ્રાદેશિક ધોરણે રચાયેલાં છેઃ કર્ણાટક સમાજ, બંગાળી સમાજ, ગુજરાતી સમાજ, પાટીદાર સમાજ/મંડળો, નાગર મંડળ, તમિળ બ્રાહ્મણ સમાજ, હિન્દુ સંગઠનો, મુસ્લિમ ફોરમો, ખ્રિસ્તી મંડળો, જૈન સંસ્થાઓ વગેરે. વળી, કેટલાક પ્રદેશોમાં પેટા પ્રદેશવાર મંડળો રચાયાં છે. દક્ષિણ ગુજરાતના રહેવાસીઓનું મંડળ હોય, તો કચ્છીઓનું મંડળ પણ હોય. પાટીદારોમાં છ ગામનાં, ૧૨ ગામનાં પટેલ-પેટાજ્ઞાતિઓનાં અલગ મંડળો તેમજ લેઉઆ-કડવા પાટીદારોનાં અલગ મંડળો. આવાં મંડળો કેટલીક વાર એક બૃહદ્ પાટીદાર સમાજ તરીકે કે એક ગુજરાતી યા તેલુગુ સમાજ તરીકે સાથે કામ કરે, તો બીજી કેટલીક બાબતોમાં એકમેકથી અલગ રહીને પોતપોતાના ચોકા રચે કે પોતાનાં ચોકઠાં પૂરતી જ સહિયારી પ્રવૃત્તિ કરે. બંગાળીઓ દુર્ગાપૂજા વખતે, તો ગુજરાતીઓ નવરાત્રિની ઉજવણી વખતે બૃહદ્ પ્રાદેશિક અભિમુખતાઓથી પ્રેરાય છે અને સમગ્ર પ્રાદેશિક સમાજની આત્મઓળખ ત્યારે નીખરી ઊઠે છે એમના તહેવાર વખતે પ્રાદેશિક ભાષામાં, પહેરવેશમાં, કાર્યક્રમના સંચાલનની શૈલીમાં. વળી, દિવાળી જેવા ઉત્સવોમાં તો ઉત્તર ભારતીયો, ગુજરાતીઓ અને મરાઠીઓ એકસાથે તેની નૃત્ય, સંગીત અને સમૂહભોજન દ્વારા ઉજવણી કરે. તેવું જ જે તે શહેરમાં મહિને દહાડે રીતસર યોજાતાં ભજન- મિલનોમાં પણ પ્રાદેશિક કે જ્ઞાતિની નિજી ઓળખોને ભૂલી જઈને બધા પ્રદેશો-જ્ઞાતિ-સમુદાયોનાં લોકો નાના નાના સમૂહોમાં મળે, ગીત-ભજનો ગાય અને પછી ભોજન કરે.

ઓહાયો રાજ્યમાં 'ફોગાના' જેવી સમવાય સંસ્થા વિવિધ શહેરો અને પ્રદેશોમાં કામ કરતાં મંડળોને નિમંત્રીને

મોટા ગરબા અને ગીતનૃત્યોનો સમૂહ-ઉત્સવ દિવસો પર્યન્ત સફળતાપૂર્વક ઊજવે છે. ઘણાં પોતાનાં અનિયતકાલીન સામયિકો કે સુવિનીર પણ સારી રીતે કાઢતાં હોય છે.

પરન્તુ એકંદરે, આ બધાંમાં જેટલું સાંસ્કૃતિક પ્રસંગ નિમિત્તે કામચલાઉ સંગઠન થતું હોય છે, ભારતીયોના પ્રશ્નો વિશે વ્યવસ્થિત વિચારીને, તેના ઉકેલ માટે કે એક પ્રજા તરીકેનો વિકાસપથ અમેરિકામાં કઈ દિશામાં, ક્યા માર્ગે, કેવી રીતે આકારી શકાય તથા તેને કેવી રીતે સામૂહિક રાહે સાંગઠનીય રૂપ આપી કાર્યાન્વિત રાખી શકાય, તેવું ખાસ વિચારાતું નથી. ફોગાના, ફોફાના, તાના જેવાં અનેક સાંસ્કૃતિક મંડળોના નેટવર્ક જેવાં મહામંડળો જે તે પ્રદેશમાં સાંસ્કૃતિક કાર્યક્રમોના 'શૉ' કે સ્પર્ધાત્મક કાર્યક્રમો યોજીને, ભારતીયોની બે પેઢીઓને સાથે લાવે છે, તેમજ કેટલેક અંશે એકતાનો અનુભવ કરાવે તેવા સાંસ્કૃતિક / ભાષાકીય 'બેનર્સ' નીચે કામ કરે છે, પણ અમેરિકામાં વસતા ભારતીયોને અખિલાઈમાં જુએ અને તે ધોરણે પોતાનું માળખું અને કાર્યક્રમો-પ્રવૃત્તિઓ ગોઠવતા હોય, - સાંસ્કૃતિક, રાજનૈતિક ક્ષેત્રોમાં- તેવું કદાચ એક અને તે પણ પહેલી પેઢીમાં શક્ય કે વ્યવહારુ નથી.

તો પણ બીજા સ્તરોએ થતા કેટલાક પ્રયત્નોની નોંધ લઈ શકાય. પહેલું અમેરિકાવ્યાપી સંગઠન વ્યવસાયી ધોરણે રચાયું છે. 'આપી' (AAPI) કે 'અમેરિકન એસોસિયેશન ઑફ ફિઝિશિયન્સ ફ્રૉમ ઇન્ડિયા' એ અહીંના ડૉક્ટરોનું જોમવંતુ સંગઠન છે. લગભગ ૨૬,૦૦૦ ડૉક્ટરોની સભ્ય-સંખ્યા ધરાવતું 'આપી' અહીં સૌથી વધુ આવક ધરાવતાં અને પ્રતિષ્ઠા ધરાવતાં ભારતીયોનું અગ્રવર્ગી (એલિટ) મહોરું છે. શરૂઆતમાં ભારતીય ડિગ્રી ધરાવતાં ડૉક્ટરોને અહીં આગળ અભ્યાસ માટે અને 'રેસિડન્સી' મેળવવા માટે ખૂબ પ્રયાસ કરવો પડતો. અહીં ગોરા ડૉક્ટરોના શક્તિશાળી વ્યવસાયી સંગઠન 'આમા' (અમેરિકન મેડિકલ એસોસિયેશન) સરકાર અને કૉંગ્રેસમાં એમના પ્રભાવને કારણે ભારતીય ડૉક્ટરોને રેસિડન્સી ન મળે તેવા પેંતરામાં સફળ રહ્યું હતું. અને તેથી અનિશ્ચિતતાને કારણે ભારતીય ડૉક્ટરોને બીજી રીતે કૌશલ કે યોગ્યતા ધરાવવા છતાં માનસિક સંતાપ સહન કરવો પડતો. પણ 'આપી'ના પ્રયત્નો પછી આવા ડૉક્ટરોને રેસિડન્સીનો અનુભવ અને આર્થિક લાભ મળ્યો. તેઓ પોતાની કન્સલ્ટન્સી કરવા કે હૉસ્પિટલમાં યોગ્ય નોકરીનાં સ્થાન મેળવવા માટે તક અને હક મેળવી શક્યા છે. તેઓ હવે અમેરિકન સરકારે રજૂ કરેલ 'મેનેજડ કેર' નામની વ્યવસ્થામાં પણ ભારતીય વગેરે બિન-અમેરિકન (બિનગોરા) ડૉક્ટરો સામે જે ભેદભાવભરી નીતિના નિયમો છે, તેની સામે વ્યવસ્થિત વિરોધ કરીને 'આપી'એ ભારતીય ડૉક્ટરોને ન્યાય મળે તેવી ઝુંબેશ આદરી છે, ('આપી' અંગે વિગતવાર પાછળથી એક જુદા પ્રકરણમાં વિસ્તૃત વાત કરીશું). આપીએ ન્યૂ જર્સીના ડેમોક્રેટિક પક્ષના કૉંગ્રેસમેન ફ્રેન્ક પેલોન દ્વારા હેલ્થ કેર કન્ઝ્યુમર પ્રોટેક્શન એક્ટ રજૂ કરાવીને આપીએ તે માટે ધરાતલ પર લૉબિંગ કરવામાં સારી ખંત બતાવી છે. આમ છતાં 'આપી' તેનો પહેલાંનો જોસ્સો અને એકતા ગુમાવવા માંડ્યું છે, તેવી છાપ ઊભી થવા માંડી છે એમ ડૉ. ગૌતમ શાહ વગેરે જેવા તેના બે દશકા પહેલાંના સક્રિય સભ્યોના અનુભવ પરથી લાગે છે.

મોટેલ-હોટેલ માલિકો-સંચાલકોના શક્તિશાળી સંગઠન 'આહોઆ' વિશે આપણે આગળના લેખમાં ચર્ચા કરી છે, આહોઆએ મોટેલ-સંચાલનને અતિથિની મહેમાનગતિ કરતા ઉદ્યોગ (હૉસ્પિટાલિટી)નું સ્ટેટસ અપાવ્યું છે. તેમને બેન્ક વગેરેનું ધિરાણ સરળતાથી મળે તેવી સ્થિતિ ઊભી કરી છે. નવા મોટેલીઅરોને આ ધંધામાં રાતવાસો કરવા આવનારને સુવિધા આપવી, મોટેલના રૂમો-પથારી વગેરે યોગ્ય સ્થિતિમાં રાખવા, તેના રિપેરકામને આટોપવું - વગેરે અંગેની તાલીમ આપવા માટે વ્યવસ્થિત રીતે ચાલતાં તાલીમકેન્દ્રો ચલાવવાનું શરૂ કર્યું છે. પ્રાદેશિક શાખાઓ કે મંડળોનું નેટવર્ક સાધવા માંડ્યું છે. અરે, મહિલાઓને મોટેલ ચલાવવા માટે તાલીમ આપવા માટે આ વર્ષથી પ્રાદેશિક શિબિરો અને સંમેલનો યોજવાનું શરૂ કર્યું છે. આગેકૂચ કરતી કે આવનાર દિવસો માટે પોતાના વિશાળ બનતા જતા મોટેલ-પરિવારને સજ્જ કરવા માટે સાંગઠનીય વ્યૂહ ઘડી કાઢ્યો છે. તેના ગ્લૉસી મુખપત્ર અને એના આકર્ષક ફૉર્મેટ અને ઉદ્યોગ સાથે સુસંગત લેખો અને હેવાલોને તપાસીએ તો 'આહોઆ' કેટલું પ્રગતિશીલ અને ગતિશીલ સંગઠન છે, તેનો હક પ્રતીત થશે.

અમેરિકામાં રાજકીય ક્ષેત્રમાં ભારતીયો ઘણા સમય પર્યન્ત ઉદાસીન રહ્યા હતા. શરૂઆતના તબક્કામાં અહીં વ્યવસ્થિત રીતે સ્થિર થવામાં, જીવનધોરણ ઊંચું લાવવા તથા ધંધા-વ્યવસાયી કારકિર્દીને ઊંચું લાવવામાં તેમનો સમય અને ધ્યાન કેન્દ્રિત થાય, તે સ્વાભાવિક છે. પણ હવે કેટલાક સારી રીતે સ્થિર થયેલા કે બહોળું શુભેચ્છક વર્તુળ ઊભું કરનાર ભારતીયો રાજકીય બાબતમાં સભાન અને સક્રિય બનવા માંડ્યા છે. આવી પ્રક્રિયામાં બે મોટાં મંડળો કાઠું કાઢી રહ્યાં છેઃ ન્યૂ યૉર્કનું ઇન્ડિયા એબ્રોડ સેન્ટર ફોર પોલિટિકલ એવેરનેસ (IACPA) અને નૉર્થ કેલોલિનાનું ઇન્ડિયન અમેરિકન ફોરમ ફૉર પોલિટિકલ એડ્યુકેશન. આમાં ન્યૂ યૉર્કની સંસ્થા અહીં ઊછરેલ ભારતીય-અમેરિકન યુવક-યુવતીઓને પદ્ધતિસરની તાલીમ આપીને તેઓ અમેરિકન સત્તાતંત્રમાં- વ્હાઇટ હાઉસ અને કૉંગ્રેસ કક્ષાએ અસરકારક ભૂમિકા ભજવી શકે, તે માટે તૈયાર કરે છે. કૉંગ્રેસ સભ્યોની

ઑફિસમાં આવા કાળજીપૂર્વક પસંદ કરાયેલ યુવા તાલીમાર્થીઓને એમના સેવાનિભાવ ખર્ચની પૂરતી સુવિધા આ સંસ્થા સેન્ટર આપે છે. આવા તાલીમ પામેલા ભારતીય-અમેરિકનોની 'ઉચ્ચ ગુણવત્તા'ની ગોરા વર્તુળોમાં પણ પ્રશંસા થઈ રહી છે. ઓહાયોના ડેમોક્રેટ કૉંગ્રેસમેન શેરોડ બ્રાઉને આવા કાર્યક્રમને 'વૉશિંગ્ટનમાં એના જેવા અમલમાં મુકાતા કાર્યક્રમોમાં શ્રેષ્ઠ તાલીમ કાર્યક્રમ' તરીકે નવાજ્યો છે. આ સેન્ટરે ૧૯૯૮ના ગ્રીષ્મસત્ર સુધીમાં પાંચ તાલીમ કાર્યક્રમો સફળતાપૂર્વક યોજયા છે. તેઓ ભારતીય-અમેરિકનોનાં હિતોની રક્ષા, ભારત-અમેરિકા સંબંધોને મૈત્રીભર્યા બનાવવા માટે, તથા અમેરિકામાં ભારતીયોને નોંધપાત્ર રાજકીય રીતે પ્રસ્તુત બળ બનાવવામાં ફાળો આપશે, એમ અગાઉના તાલીમાર્થીઓ અહીંના રાજકારણમાં ધ્યાન ખેંચે તેવી સક્રિય કામગીરી બજાવી રહ્યા છે, તે જોતાં કહી શકાય.

એક વિશિષ્ટ પ્રકારનાં મંડળોની નોંધ લેવાનો આનંદ થાય તેવું છે. એ છે અહીં વસતાં સીનિઅર સિટિઝનોનાં સ્થાનિક મંડળો. અહીં છેલ્લાં બારેક વર્ષથી પોતાનાં બાળકોના બોલાવવાથી ગ્રીનકાર્ડધારક કે નાગરિકપદ લઈ લેનાર ૬૦-૬૫ કે તેથી વધુ વયના ભારતીયોની વસતી ઠીક ઠીક વધી છે. ન્યૂ જર્સી, ન્યૂ યૉર્ક, શિકાગો અને સિલીકોન વેલી જેવા વિસ્તારોમાં આવી વડીલ પેઢીના ભારતીયોના સીનિઅર સિટિઝન્સ ક્લબ / ઍસોસિયેશનો રચાયાં છે. તેઓ નિયમિત બેઠકો યોજીને મળે છે, ચર્ચા કરે છે. ઘડપણ, ભારતીય સંસ્કૃતિ, અમેરિકાના સમાજજીવન અને મોટી વયે ત્યાં વસવા માટે અનુકૂલન (ઍડજસ્ટમેન્ટ) કેવી રીતે સાધી શકાય તેના અનુભવોની આપ-લે કરે છે. મોટી વયની મહિલાઓની પણ તેમાં સારી એવી હાજરી વર્તાય છે. ત્યાં સરકાર દ્વારા કે બીજાં સ્થાનિક તંત્રો/એજન્સી દ્વારા સિટી બસ, ટ્રેન વગેરેમાં મળતી રાહતો - સરકાર પાસે મેડિકેર, મેડિકેઈડ, સોશ્યલ સિક્યોરિટીના લાભોની વિગતો તેમજ તે મેળવવાના નિયમો અને કાર્યવાહી યોજે છે. ન્યૂ જર્સી, શિકાગો, સાન્તા ક્લેરા, લોસ એન્જલીસ વગેરે ઘણાં સ્થળોએ ચાલતાં સીનિઅર સિટિઝન્સ મંડળો-કાઉન્સિલોમાં ભારતીય અને ગોરા ડૉક્ટરોને નિમંત્રવામાં આવે છે, જેઓ ફી લીધા વિના વૃદ્ધ સભ્યોની ડૉક્ટરી તપાસ કરી આપે છે, તથા તેમની શારીરિક તકલીફોમાં રાહત આપવા માટે સલાહસૂચનો આપે છે. વિવિધ દર્દોના સ્પેશ્યાલિસ્ટ ડૉક્ટરોનાં પ્રવચનો પણ ગોઠવાય છે. ભારતમાં બાળકોનાં દર્દોના ખાસ સ્પેશ્યાલિસ્ટ ડૉક્ટરો (પેડિયાટ્રિશિયનો) હોય છે, પણ વૃદ્ધોના વિશિષ્ટ પ્રકારના દર્દોના ખાસ ડૉક્ટરો (ગેરીઆટ્રિશ્યનો) સુલભ નથી. આ મુદ્દે અમેરિકાના ભારતીય વડીલ વર્ગને વિશેષ સુવિધા મળી શકે છે. પાછલી જિંદગીમાં તદ્દન નવા પ્રકારની સભ્યતા અને સંસ્કૃતિ ધરાવતી આધુનિક વ્યવસ્થામાં બને એટલી અનુકૂળ જીવનતરેહ ઊભી કરીને સારી રીતે સમય ગાળવાનો આધેડ-વૃદ્ધજનોનો સાંગઠનીય પ્રયાસ દાદ માગી લે તેવો છે.

ધાર્મિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓને વેગ આપતી સ્વાધ્યાય પરિવાર, સ્વામીનારાયણ સંપ્રદાયનાં સંગઠનો; ચિન્મયાનંદપંથીઓ અને સાંઈબાબા / સત્ય સાંઈબાબાના અનુયાયીઓનાં મંડળો, વૈષ્ણવો, જૈનો, શીખોનાં અભ્યાસ કે વિચારકેન્દ્રો જુદા પ્રકારનાં સામુદાયિક અભિયાનો છે. તે જ પ્રમાણે હિન્દુ, ગુરુદ્વારા, જૈન અને મસ્જિદોને આકાર આપીને તેનું સંચાલન કરતાં ટ્રસ્ટો સારા પ્રમાણમાં સાધન-સંપન્ન છે. આવા સ્વામીનારાયણ - સ્વાધ્યાય કેન્દ્રો કેટલાંક ભારતીયોને તેમની ધાર્મિક ભાવનાને સંતોષવા માટે તેમજ સાંસ્કૃતિક કે આત્મઓળખ માટેનાં ધ્યાનકેન્દ્રો બન્યાં છે. અહીં જન્મેલી- ઊછરેલી એવી બીજી પેઢીઓને ભારતની સંસ્કૃતિનો પરિચય આપવા તથા તે પ્રતિ સમભાવ કે અભિમુખતા કેળવવા આવાં કેન્દ્રો ઉપયોગી કાર્ય કરી શકે, જો તેમના કાર્યક્રમોને અહીંના વિશિષ્ટ સંદર્ભને અનુલક્ષી વિચારી, પ્રયોજી, ગોઠવી શકે તો. હિન્દુ ધર્મ અને સંસ્કૃતિ વિશે યુવાપેઢીને અભિમુખ કરવા માટે હિન્દુ સંગઠનો, વિશ્વ હિન્દુ પરિષદ વગેરેનું અમેરિકાવ્યાપી નેટવર્ક છે. તેઓ એક-થી બે અઠવાડિયાંની તાલીમ શિબિરો કે સાંસ્કૃતિક કાર્યશાળાઓ યોજે છે (આવાં વિવિધ પ્રકારનાં મંડળોમાંથી કેટલાંકની સવિસ્તાર નોંધ બવે પછીના પછીના લેખોમાં લઈશું).

જ્ઞાતિમંડળોમાં લેઉઆ પટેલોનું મંડળ અનેક રાજ્યોના પાટીદારોનાં સભ્યો ધરાવે છે અને જ્ઞાતિમંડળોમાં સભ્યસંખ્યાની દૃષ્ટિએ કદાચ સૌથી મોટું છે. તેવું જ તેના નાણાંકીય ફંડ બાબતમાં કહી શકાય. બ્રાહ્મણ સમાજ, નાગરોનું મંડળ; મહારાષ્ટ્રી, તમિળ બ્રાહ્મણોનાં અલગ મંડળો; ભારતીય કૅથોલિકો; લિંગાયતો અને રેડ્ડીઓ; અને હવે દલિતોનાં સંગઠનો પણ ભારતીય લૅન્ડસ્કેપ પર દેખાવા માંડ્યાં છે. જેમની પાસે કલાકૌશલનો સમૃદ્ધ વારસો છે તેવા નાગર મંડળે ૧૯૯૮માં શિકાગોમાં ગીત-સંગીત-નાટ્યનો સરસ મનોરંજક કાર્યક્રમ યોજી બતાવ્યો. ખુદ ખેડૂત / ગ્રામીણ ગણાતી પાટીદાર જ્ઞાતિની બીજી પેઢીની કન્યાઓ તેમનાં જ્ઞાતિમંડળોનાં સંમેલનોમાં આધુનિક ફેન્સી ડ્રેસ ગણાય તેવા પરિધાન અને હાવભાવ સાથે તખ્તા પર દેખાય છે. આવાં જ્ઞાતિમંડળો અહીં આમ પરંપરાની સાથે જ અમેરિકન છાપ ઝીલતા આધુનિકતાનાં સંસ્કારપ્રતીકોનાં સંસ્થાકીય માધ્યમો બની રહ્યાં છે તે સૂચક છે. તો જે તે જ્ઞાતિનાં તેજસ્વી વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને પારિતોષિક કે ઍવૉર્ડ જેવા કદર-સન્માનના કાર્યક્રમો દ્વારા શૈક્ષણિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન

આપવામાં પણ ઘણાં મંડળો ઉપયોગી કામ કરે છે. શરૂઆતમાં ભારતના વતનનાં રાજ્યોમાં પ્રભાવક સ્થાન ધરાવનાર પટેલ, રેડ્ડી, બ્રાહ્મણો (ઝા, ચેટ્ટિયારો, નાગરો, ચિત્તપાવનો) વગેરેનાં મંડળો રચાયાં. હવે ભારતથી સવર્ણેતર ગણાતી જ્ઞાતિઓનાં લોકો પણ ક્રમશઃ વધતાં તેમનાં મંડળો પણ રચાવા માંડ્યાં છે. અલબત્ત, આવાં મંડળો કરતાં પ્રાદેશિક ધોરણે રચાયેલાં મંડળો વધારે કાર્યક્રમો યોજે છે અને તેમાં વિશાળ સંખ્યામાં ગુજરાતીઓ, બંગાળીઓ, તમિળો, મરાઠીઓ, પંજાબીઓ વગેરે ભાગ લે છે. આમાંનાં કેટલાંક ભેગાં મળીને ઇન્ડિયા પરેડ જેવા સેક્યુલર (બિનસાંપ્રદાયિક) કાર્યક્રમો યોજે છે, તો મોરારીબાપુ, રમેશભાઈ ઓઝા, ઇન્દિરા બેટીજી, કૃષ્ણશંકર શાસ્ત્રીના કાર્યક્રમો યોજીને પોતાના સાંસ્કૃતિક મૂળ અને ભારતીય ભૂમિથી સુદૂર રહેવાના અને અળગા પડી જવાના મનોભાવને સંતોષવાનો પ્રયત્ન કરે છે. ભારતના દુઃખે દુઃખી કે એની સમસ્યાઓથી મુક્ત થઈને, પશ્ચિમની રહેણીકરણી તથા અમેરિકાનાં લાક્ષણિક ઊંચા જીવનધોરણ જીવતાં જો મનમાં ઊંડે ઊંડે અપરાધબોધ (ગિલ્ટ સેન્સ) થતો હોય, તો તેનું નિરસન કરવા માટે પણ આવી પ્રવૃત્તિઓ ઉપકારક બને છે.

આ બધાંથી જુદાં, પણ જેમાં ભારતીયોની ભૂમિકા મહત્ત્વની હોય એવાં બે સંગઠનોની ટૂંકમાં નોંધ લેવા યોગ્ય છે, એક છે ન્યૂ યૉર્ક ન્યૂઝપેપર વેચનારાઓનું સંગઠન. વહેલી સવારે છાપાં મેળવીને, તે આ મહાનગરના સબ-વેઝ તેમજ સાઇડવૉક (ફૂટપાથ) પર ચાલતા સ્ટોલમાં વેચવા માટેનો ધંધો મુખ્યત્વે ભારતીયોના હાથમાં છે. ને તેમાં ય ગુજરાતી યુવાનો આગળ તરી આવે છે. જ્યાં અવરજવર જૂજ પ્રમાણમાં હોય છે અને તેય વહેલી સવારે અને અહીં પાંચેક માસ ચાલતા કડકડતી ટાઢ, બરફ અને વાદળિયા હવામાન માટે જાણીતા સમયગાળામાં હાડમારી અને જોખમ વેઠીને તેઓ છાપાં વગેરે વેચે છે. આવા નિર્જન સ્થળે અને સમયે ઘણી વાર ગુજરાતી સહિત બીજા છાપાંસ્ટોલો લૂંટાઈ ગયા હોય કે સ્ટોલધારીની પૈસા માટે હત્ય. થઈ હોય તેવું બનતું રહ્યું છે. તેમના આવા કઠોર પરિશ્રમ અને જોખમભર્યા ધંધા માટે રાહત આપવાને બદલે, તેમના પર વધુ વેરા નાખીને તથા છાપાં વેચનારાના ધંધા માટે પ્રતિકૂળ શરતો સ્થાનિક તંત્રે લાદી, તે માટે ઝુંબેશ ચલાવવામાં ભારતીયો - પાકિસ્તાનીઓ મોખરે હતા. પટેલો અને શાહોનાં નામ આવી ઝુંબેશમાં છાપામાં આગળ તરી આવે તેવાં હતાં. જોકે ન્યૂ યૉર્ક સિટી કાઉન્સિલ (મહાનગરની સ્થાનિક રાજયવ્યવસ્થા) સામે લડત બિનઅસરકારક રહી, ત્યારે ઘણા ભારતીયો આ ધંધો છોડી ગયા છે.

બીજું સંગઠન ન્યૂ યૉર્કનું છે, તે છે ન્યૂ યૉર્ક ટેક્સી વર્કર્સ એલાયન્સ. ભારતીયો-પાકિસ્તાની સહિતના એશિયનો તથા હૈતીવાસીઓ ટેક્સી ચલાવવાના ક્ષેત્રમાં ખૂબ મોટી સંખ્યામાં છે. મે ૧૯૯૮માં ન્યૂ યૉર્કના શક્તિશાળી મેયર ગિલીઆનીની સૂચના પ્રમાણે અહીંના ટેક્સી એન્ડ લીમુઝીન કમિશને ટેક્સીઓનું નિયમન કરવા 'સલામતી'ના નામે કેટલાક આકરા નિયમો લાદ્યા છે. નાના-મોટા નિયમોના ભંગ કરવા માટે ટેક્સી ડ્રાઇવરો પર ભારે દંડ ભરવાની રકમ નક્કી કરાઈ. વીમો ઉતરાવવાની જરૂરિયાતો અને શરતો ક્યાંય વધારી દેવાઈ. ટેક્સી ડ્રાઇવર જ્યારે પોતાની કેબ(કાર) ચલાવતો ન હોય અને કેબમાં સિગારેટ ફૂંકતો હોય એટલે ફરજ બજાવતો ન હોય ત્યારે પણ તેનો દંડ કરાય. ત્યારે એક મકાનના દસમા માળે આવેલા એક જૂના ગારમેન્ટ સેન્ટરના ખૂણામાં આ મંડળની ઑફિસેથી બિજુ મથાઈ તથા ભૈરવી દેસાઈએ આવા નિયમો સામે વિરોધની લડત ઉપાડી. ગિલીઆનીને એમ હતું કે ૮૫ જેટલી વિવિધ જાતિઓમાંથી આવતા પીળા રંગની ટેક્સીકેબ ચલાવતાં કદીય એક થઈ શકશે નહીં. આટલી બધી જુદી ભાષાઓ બોલતા, વિવિધ દેશની ઓળખો ધરાવતા અને ડૉલર કમાવવાની ગરજવાળા નવાસવા આવેલા આ વસાહતીઓને એક કરવાનું કામ આ 'એલાયન્સ' અને તેના નેતા બિજુએ કર્યું. ૧૩ મેએ મહાનગરના ૯૫ ટકા કેબ્બીઓ (ડ્રાઇવરો)એ ત્યાંના રસ્તાને ટેક્સી વિના સૂમસામ કરી બતાવ્યો. બિજુની નેતાગીરીનો આવા મંડળને જોમ આપવામાં મોટો ફાળો છે. (૩૫ વર્ષનો બિજુ ન્યૂ જર્સીની રાઈડર યુનિવર્સિટીમાં ઇન્ફર્મેશન સિસ્ટમનો આસિસ્ટન્ટ પ્રોફેસર છે, પણ ભારતીયો માટે લાક્ષણિક એવા સુવિધાભર્યા ને સલામત પરાવિસ્તારમાં નહીં રહેતાં, કે મોડેલ માઇનોરિટીની ઉચ્ચ વસાહતી જીવનશૈલીને છોડીને, લેટિનો - કાળાઓના હાર્લેમ જેવા સ્લમવિસ્તાર પાસે રહે છે) ૧૯૯૬માં છએક સભ્યોથી શરૂ થયું તે આ સંગઠન બીજે વર્ષે ૮૦૦ કેબ્બી સભ્યો ધરાવતું હતું. ૧૯૯૮માં તેની સભ્યસંખ્યા ૧૨૦૦ કરતાં વધુ થઈ ગઈ છે. બીજા એક ભારતીય વસાહતી ડાબેરી વિચાર ધરાવતા પ્રો. મીર અલી હુસેન (ઇન્ડિયાના - પર્દુ યુનિવર્સિટી) આ સાંગઠનીય લડતને આ રીતે મૂલવે છે : 'ટેક્સી ડ્રાઇવરોની આ હડતાળ અમેરિકામાં આગંતુક વસાહતીઓના રાજકારણ-માં વળાંકબિંદુ બને તેવું સંગઠિત કાર્ય છે. તેઓ અહીંના બહુતંત સામાજિક પોતના ભાગ છે અને તેઓ ન્યાય માગી રહ્યા છે.' ન્યૂ યૉર્ક ટાઇમ્સ વગેરે છાપાંઓએ એને મહત્ત્વ આપ્યું છે. ગિલીઆની જેવા સફળ અને પ્રભાવશાળી રાજનેતા કેબ્બીઓનું એલાયન્સ સફળ થશે કે નહિ, તે વિશે જરૂર પ્રશ્નાર્થ રહે છે. પરન્તુ બિજુ જેવાએ વર્ષોનાં સખત કામ, ધીરજ અને પ્રતિબદ્ધતાથી એલાયન્સને તૈયાર કર્યું છે.

મૂડીવાદી વ્યવસ્થામાં આવી હડતાળ પાડી બતાવવી, એ કંઈ સામાન્ય બનાવ નથી.

પરન્તુ એકંદરે સક્ષમ અને સુમેળવાળાં મંડળોને લાંબા સમય સુધી ચલાવવાનાં રુચિ, દિમાગ અને ક્ષમતા અહીં પણ ભારતીયોએ વિકસાવ્યાં નથી. એક ભારતીય અમેરિકન બીજી બધી જાતિઓની વસાહતી વ્યક્તિ કરતાં, કદાચ સૌથી આગળ વધેલો હોય તેવું કહી શકાય. પણ અહીં વિનોદમાં કહેવાય છે કે, જ્યાં કોઈ મંડળમાં બે (મહત્ત્વાકાંક્ષી) ભારતીય અમેરિકનો હશે, ત્યાં ત્રણ મંડળ-પ્રમુખો ઊભા થશે! એક ભારતીય પત્રકારના નિરીક્ષણ અનુસાર, 'અમેરિકામાં આપણે મહદંશે સૌથી વધુ કજિયાખોર અને સૌથી વધુ વિભક્ત વસાહતી પ્રજા હોઈશું,' ઇન્ડિયન વર્લ્ડવ્યૂના એક સર્વેક્ષણ પ્રમાણે (નવેમ્બર ૧૯૯૬) વિવિધ ભાષા, ધર્મ, વર્ગ, સ્તરમાંથી આવેલાં હોય એવા ભારતીય મુલાકાતીઓના સામાન્ય અભિપ્રાયો આવા નિરીક્ષણને સમર્થન આપે છે. અનેક મંડળોના સંયુક્ત એકમ એવા ઇન્ડિયન કલ્ચરલ કૉર્ડિનેશન કમિટીના પ્રમુખ રેણુકા મિશ્ર કટાક્ષ કરે છે : ' કેરલ, ગુજરાત, ઓરિસાથી આવતા લોકોનાં મંડળો પોતે જ ભારતીયોનું પ્રતિનિધિત્વ કરે છે, તેવું ઠસાવવા માટે હરીફાઈ કરતા હોય છે. અરે, જે તે પ્રાદેશિક સમૂહોમાં પણ ભંગાણ થતાં રહે છે અને પેટા જૂથો રચાતાં હોય છે.' ફોટો જર્નાલિસ્ટ રાજન દેવદાસે થોડા દસકાઓથી ભારતીય સમાજને આકાર લેતો અવલોક્યો છે. તેઓ કહે છે : ' ઘણી વાર કોઈ મંડળ / સંસ્થાના પ્રમુખને મતદાનથી દૂર કરાય છે, તો તે પોતે પ્રમુખ બની રહે તે માટે નવું જ મંડળ રચતાં ખચકાતો નથી. એમાં એનો અહમ્, ટૂંકી દૃષ્ટિ અને સ્વાર્થનું મિશ્રણ થયેલું જોવા મળે છે.' આવા કંઈક શક્તિવાળા હોય તેવા અગ્રણીઓમાં સામાજિક સભાનતા જોવા મળતી નથી.

લૉસ ઍન્જલસ પાસેના પાર્વતીય ભૂમિ પર આવેલા માલીબૂના સોહામણા મંદિરસંકુલ ચલાવતા ટ્રસ્ટમાં મુખ્યત્વે વ્યક્તિગત મતભેદ ઉગ્ર બન્યો ત્યારે તેના ટ્રસ્ટથી છૂટા પડનાર દક્ષિણ ભારતીયે બીજું ટ્રસ્ટ ઊભું કરીને, નવું મંદિરસંકુલ રચવાનો પ્રારંભ ૧૯૯૮માં કરી દીધો છે. આવું જ ઉત્તર-પૂર્વના એક જાણીતા ગુજરાતી સમાજ બાબત પણ બન્યું છે. સાન્તા કલેરા - સનીવેલમાં થોડા સમયથી અલગ મંડળ દ્વારા ચાલતાં બે ભારતીય પ્રવૃત્તિકેન્દ્રો પણ આ જ પૅટર્નના દાખલા છે.

વૉશિંગ્ટન શાસનતંત્રમાં બિન-રાજકીય અમલદાર તરીકે સૌથી વરિષ્ઠ ભારતીય અમેરિકન તરીકે જાણીતા નટવર ગાંધી આવી ઘટનાને સમજાવતાં કહે છે : 'આપણે અહીં એક, સંગઠિત નથી રહેતા, કારણ આપણે બહારના કોઈ બળનો ભય અનુભવતા નથી.' આપણે અહીં લઘુમતી તરીકે કોઈ વાર કેવા શક્ય પ્રશ્નો ઊભા થશે તો ? - તેનું કોઈ દર્શન ધરાવતા નથી. પણ આપણે ભારતથી આપણા ભાષા, પ્રદેશ ને એવા સાંસ્કૃતિક સામાનને પણ અહીં લાવીને, શા માટે તેને અહીં પણ આમતેમ ગોઠવતાં રહીશું?'

પણ આને કારણે તો ભારતીય અમેરિકનો જે તે મંડળની નેતાગીરીથી ઉદાસીન થતા જશે, તેનું શું ? જો કે આ મુદ્દે સધિયારો આપે તેવા પ્રયાસો થતા જોવા મળે છે. જેમ કે, રેણુકા મિશ્રાએ વૉશિંગ્ટન ડી.સી., મેરીલંન્ડ અને વર્જિનીઆના ત્રિ-રાજ્ય પ્રદેશનાં ત્રીસ જેટલાં મંડળોના પ્રમુખોને એક તખ્તા પર ભેગા કરીને સહિયારી કાર્યપ્રવૃત્તિ માટે સમજાવ્યા છે. તેમણે ભારતના સ્વાતંત્ર્ય દિનને જુદા ચોકા નીચે ઊજવવાને બદલે એક નેજા નીચે આવા દિન ઊજવ્યા છે, જેથી મોટી સંખ્યામાં ભારતીયોની હાજરી દશ્ય માન બને. અને તેથી આવી ઉજવણી વધુ પ્રભાવશાળી બની રહી, તથા ભારતીયોની જાહેર હસ્તીને દશ્યશ્રાવ્ય બનાવી શકાઈ. આ પ્રદેશમાં મહારાષ્ટ્ર કલામંડળ, ગુજરાતી સમાજ, કેરલ સોસાયટી, હિન્દી ઍસોસિયેશન વગેરે મંડળોએ જે સાંગઠનીય નેટવર્કને આકાર આપ્યો, તેથી ભારતીય 'મોઝેક' કે અનેક (ભાષા-પ્રદેશ જેવા) રંગ, ભાત અને કાપડ-પટ્ટીઓની રજાઈ સાંસ્કૃતિક ઉષ્મા આપી ગઈ.

તો, આપણે ભારતીયો અને અમેરિકન વી.આઈ.પી.-ઓનું ધ્યાન ખેંચવા મથતા અગ્રણીઓને બદલે ભારતીયોની એકતાનું વિશાલ દર્શન વિકસાવવું પડશે. ને તેથી અંદરો-અંદર તેજોદ્વેષ કે સ્પર્ધા નહિ પણ સહકારની રમત રમવી પડશે. અહીં ભારતીયો કોઈનો અંગત એજન્ડા નહિ હોય તેવું નેતૃત્વ આપી શકશે? પ્રમુખપદના પેડ કે લેબલ વિનાના સંગઠનચાલકો વધુ ને વધુ મળે, તેવું થઈ શકશે? જ્યારે અમેરિકન નીતિનિર્માતાઓમાં વસાહતીઓને દૂર રાખવાનું કે તેમને આ રાજ્યમાં મળતા કલ્યાણલાભો ન મળે તેવી વૃત્તિ મીડિઆ અને કૉંગ્રેસમેનોમાં બળવત્તર બનતી જાય છે, ત્યારે ભારતીય અમેરિકનો સંયુક્ત બનીને સહિયારા પ્રયાસથી સામૂહિક દબાણ લાવીને, શાસકો પાસેથી આવશ્યક સુવિધાઓ અને લાભ મેળવી શકશે. અહીં મંડળો ઘણાં છે; સક્ષમ સંગઠન કેટલાં? મંડળ પ્રમુખો અસંખ્ય છે; પણ સમાજનેતા ક્યાં છે! □

ગ્રાહકોને વિનતિ : પત્રવ્યવહાર કે લવાજમ મોકલતી વખતે આપનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું લખવું અગત્યનું છે. મનીઓર્ડરની સ્લિપમાં ગ્રાહકનંબર અને પૂરું સરનામું લખવાનું રહી ન જાય એની ચોકસાઈ કરવી જરૂરી છે.

જ્યોતિર્ધર કનૈયાલાલ મુનશી (૧૭)

— જયન્તીલાલ મહેતા



મુનશીને તો આમ જેલવાસ ફળ્યો. કારણ 'ગુજરાત ઍન્ડ ઇટ્સ લિટરેચર' માટે મુનશીએ ઊંડા પરિશીલન અને વ્યાપક સંશોધનનો જે યજ્ઞ આદર્યો તેમાં તેમને સદાય લાગ્યા કર્યું કે આદિકવિ નરસિંહ મહેતાનું એક અપૂર્વ અને અનન્ય વ્યક્તિત્વ હતું. તેથી 'ગુજરાત ઍન્ડ ઇટ્સ લિટરેચર'માં તેમને ફાળવેલાં થોડાંક પાનાં આ આદિકવિ માટે ઘણાં અપૂરતાં હતાં. નાગર ભક્તશિરોમણિ અને આદિકવિ માટે તો એક પૂરો ગ્રંથ પણ કદાચ ઓછો પડે. એટલે તેમના મનનો નરસૈયાએ કબજો લઈ લીધો. અને સર્વપ્રથમ મુનશીમાં વસેલ એક ન્યાયાધીશે એમ વિચાર્યું કે આવી મહાન વિભૂતિને ન્યાય આપવો હોય તો સર્વપ્રથમ તો તેમના જન્મની ઐતિહાસિકતા અકાટ્યપણે સિદ્ધ કરવી જોઈએ. ગુજરાતી સાહિત્યના સંશોધનકારોમાં દસ્તાવેજી લેખિત હકીકતોના અભાવને કારણે નરસિંહ મહેતાના જીવનકાળ વિષે મહાન વિવાદો થતા હતા. અને આડેધડ અનુમાનો પર આધારિત વિધાનો કરાતાં હતાં. કેટલાક ઉસ્તાદ લેખકોએ તો પોતે રચેલી કૃતિઓને નરસિંહને નામે ઠઠાડી અને તે કૃતિઓની ભાષા, વસ્તુ, શૈલીના આધારે નરસિંહનો જીવનકાળ ૧૪૦૦ થી ૧૫૦૦ વચ્ચે હતો તેવી થીઅરિ ચાલાકીપૂર્વક જૂના દસ્તાવેજો જેવા બનાવટી કાગળો બનાવી પ્રચલિત હતી. આ થીઅરિને ગુજરાતી સાહિત્યના ધુરંધરો પણ સાચી માનવા લાગ્યા હતા. પરંતુ મુનશીએ પોતે કરેલા તાત્ત્વિક અને તાર્કિક સંશોધનથી એવું સિદ્ધ કરી બતાવ્યું કે નરસિંહનો જીવનકાળ ૧૫૦૦ થી ૧૬૦૦ વચ્ચે જ હતો. ત્યારે 'પોતે શું ખોટા હતા? કે ભોળા ભટ્ટ હતા?' એવી આત્મવંચનાથી પિડાતા આ ધુરંધરોએ મુનશી પર માછલાં ધોયાં - પણ તેમાંના કોઈ જ મુનશીની એક બાહોશ વકીલ જેટલી ચુસ્ત અને તર્કશુદ્ધ દલીલોને ખોટી ઠેરવી શક્યા નહિ. પરિણામે નરસિંહ મહેતાનો જીવનકાળ મુનશીએ સિદ્ધ કર્યા



મુજબ નક્કી થયો કે (૧) નરસિંહના કવનકાળની મર્યાદા ૧૫૦૪ - ૧૫૧૦ પહેલાં ન હોઈ શકે કે ૧૫૭૯ - ૧૫૮૪ પછીની પણ ન હોઈ શકે (૨) અને પરિણામે જન્મ (સંવત ૧૫૩૦) ઈ.સ. ૧૪૭૬થી વહેલો ન હોઈ શકે કે (સંવત ૧૫૮૦) ઈ.સ. ૧૫૨૪થી મોડો ન હોઈ શકે. 'નરસૈયો : ભક્ત હરિનો'નું પુસ્તક પ્રથમ પ્રસિદ્ધ થયું ૧૯૩૩માં અને તેનાં કુલ ૧૧૮ પૃષ્ઠોમાંથી તેનો સંશોધનાત્મક ઐતિહાસિક ઉપોદ્‌ઘાત પૂરાં બાવન પૃષ્ઠો રોકે છે. આ બાવન પૃષ્ઠોમાં પંક્તિએ પંક્તિ એક સન્નિષ્ઠ, સજાગ સંશોધનકારની કલમમાંથી ઊતરી છે તેમ આજે પણ લાગે છે. પરંતુ આ જ કલમ જ્યારે કવિ નરસિંહને શ્રદ્ધાંજલિ આપવા ઉદ્યુક્ત થાય છે ત્યારે સંશોધનાત્મક તાર્કિકતા અને નીવડેલા બૅરિસ્ટરની ચતુરાઈ તજી એક રસિક સહૃદયીની ભૂમિકા ભરપૂર ભજવે છે. કારણ મુનશીનું વ્યક્તિત્વ હંમેશાં બહુપાર્શ્વ જ રહ્યું છે. જેવી રાત તેવો વેશ અને જેવો વેશ તેવો ભાષાનો ખેલ.

મુનશી 'નરસૈયો : ભક્ત હરિનો'નો શુભારંભ આમ કરે છે : '...નરસિંહ મહેતો ગુજરાતનો મહાપ્રતાપી જ્યોતિર્ધર છે. સત્તરમી સદીમાં તે કવિઓને પ્રેરે છે. વિશ્વનાથ જાનીને અમરતા આપે છે. અઢારમીમાં તે પ્રેમાનંદની મેધાને ઉત્તેજે છે, પોષે છે, ફૂલતી-ફાલતી કરી મૂકે છે. કવિકુલને અને વલ્લભ સંપ્રદાયને સમૃદ્ધ કરે છે. ઓગણીસમીમાં એ દયારામને પ્રેરે છે; નર્મદની મેધાને નવી ફળદ્રૂપતા દે છે; દલપતરામ, મનસુખરામ અને ઇચ્છારામને સંશોધવા પ્રેરે છે. ગાંધીજીને વૈષ્ણવમંત્રથી આકર્ષે છે. વીસમીમાં નાનાલાલ, ખબરદાર અને લલિતને ઋણી બનાવી મૂકે છે. મને પણ એની ભક્તિનાં રહસ્ય શોધવા, એના અણઉકેલાયા કોયડા ઉકેલવા, એનાં ઊર્મિગાનોથી રસસમૃદ્ધ થવા, ફરીને ફરીથી પ્રેરે છે. ત્રણ સૈકામાં એના વડે ગુજરાતનાં કયાં નરનારી સમૃદ્ધ થયાં નથી?...'

નરસિંહ મહેતા કદી વાસી થયા નથી કે થશે નહિ. એ ગુજરાતી કવિતાનો પ્ર...પ્ર...પ્ર...પ્રપિતામહ છે. હિમાલય જેવો જ ઉત્તુંગ અને અનિર્વચનીય. જેમ જ્યાં સુધી માનવીના રુદિયામાં રામ વસે છે ત્યાં સુધી આદિકવિ વાલ્મીકિ નહિ વીસરાય તેમ જ જ્યાં સુધી ગુજરાત ને ગુજરાતી જીવે છે ત્યાં સુધી નરસિંહની નિર્મળ વાણી ગુંજતી ને ગાજતી રહેશે અને મુનશીનો ગ્રંથ 'નરસૈયો : ભક્ત હરિનો'નું અધ્યયન પણ થતું જ રહેશે.

પ્રસ્તાવનામાં મુનશી લખે છે : '...વ્યક્તિત્વનું નાટ્યકલાત્મક ઐતિહાસિક અને મનોવિકાસપ્રધાન નિરૂપણ કરવાનો મારો આ પહેલો પ્રયત્ન છે. એવા નિરૂપણ વિના સદ્‌ગત મહાત્મા સજીવન ન થઈ શકે...' અને 'નરસૈયો'ની રચના મુનશીએ

ઇતિહાસને વફાદાર રહી, નરસિંહનો કવિ, ભક્ત, જ્ઞાની, મહાત્મા તરીકેનો ક્રમિક વિકાસ એટલો તો રસિકતાપૂર્વક અને સટિક ચીતર્યો છે કે માત્ર સાઠેક પૃષ્ઠોમાં વાચક નરસિંહને આકંઠ પામી જઈ ધન્ય થઈ જાય છે.

મુનશી લખે છે : '...દુનિયાના ડાહ્યાની દષ્ટિએ એનું જીવન ક્ષુદ્ર હતું. એ અણઘડ, નાટકી અને રઝળતો છોકરો હતો. એવા કરોડો જન્મે છે ને મરે છે. એ ભાભીથી અકળાઈ ઘેરથી નાસી ગયો - ઘણાય નાસી જાય છે, તેમ. એક બાવો મળ્યો. તેણે એને દ્વારિકામાં રાસલીલા બતાવી - જ્યાં જ્યાં મેળા હોય ત્યાં ત્યાં એવું જોવા મળે છે. તે પાછો આવી બૈરીને લઈ ભાઈથી જુદો રહ્યો. ન કમાયો. ન ધંધો કર્યો. ન બહાદુરી મારી. અવતાર બધો ગાયું અને વગાડ્યું. પ્રતિષ્ઠાવાન લોકોએ એને તિરસ્કાર્યો, અવગણ્યો, ભૂખ્યે માર્યો. પ્રતિષ્ઠાના ઇજારદારો કોને શું નથી કરતા? એની ગરીબી જોઈ કોઈ ધનાઢ્ય ઉદારદિલે એની છોકરીનું મામેરું કર્યું, એના પુત્રને પરણાવી આપ્યો. આજે પણ રોજરોજ આ ભવે કીર્તિ ને પેલે ભવે મોક્ષ ખરીદવા ધનાઢ્યો એવું કંઈક કર્યા જ કરે છે. એ હતો એવો રંક, ને ગાતો ગાતો મરી ગયો. એના જીવનની હકીકત આટલી જ પૂરી થઈ...

'...પણ જે ત્રણસો વર્ષમાં કોઈ ગુજરાતી પાસે નહોતું તે એની પાસે હતું. એને હતાં દિવ્યચક્ષુઓ - સ્વપ્નો જોવાનાં. એને હતું રસભીનું હૃદય-પ્રેમથી ઉભરાતું અને વાસનાનું ભૂખ્યું. એને હતી જીભ - એ બધાંને સજીવ કરવાની શક્તિવાળી. એણે એક સ્વપ્નું જોયું, સાચું માન્યું. એ 'સાચા સ્વપ્ન' વડે જીવન બધું સ્વપ્નું કર્યું. અને એ સ્વપ્નું સનાતન સત્યનો પ્રવાહ આપણાં હૃદયને સ્વપ્નાં સેવવાની અને તે પર જીવન રચવાની પ્રેરણા દઈ રહ્યો છે.

'...મને દંતકથાની પરવા નથી. મને ધૂળ ધોનારાઓના બીક નથી. હું એના સપનામાં મારી કલ્પનાને સ્નાન કરાવું છું. એનાં જીવંત શબ્દચિત્રો પર હું અનુષ્ઠાન કરું છું. અને એ શબ્દાવલિઓને એના શાસ્ત્રનું સ્વરૂપ અસલ હતું એવું સજીવન કરવાને આહ્વાન કરું છું...'

અને પછીનાં ૭૦ પૃષ્ઠોમાં મુનશીએ જે મહાત્મા કવિનું આહ્વાન કર્યું તે એવા તો સજીવન થાય છે, જાણે આપણે નરસિંહ મહેતાને સદેહે તખ્તા પર ઊઠતા, બેસતા, ખાતા-પીતા, ગાતા-ગવરાવતા, નાચતા, કવન કરતા, રાસલીલા નિહાળતા, શામળિયા સંગ અવનવા ખેલ ખેલતા અને અન્તમાં એ પરબ્રહ્મરૂપી તેના ઇષ્ટ દેવ શ્રીકૃષ્ણના સ્વરૂપમાં સાયુજ્ય સાધી સમાઈ જતા નરી આંખે જોઈએ છીએ. એ જોતાં જોતાં આપણું અંતર ઉભરાઈ આવે છે, કંઠ ગદ્‌ગદ થાય છે, નયણે નીર વહે છે, અને...

પ્રથમ પ્રવેશમાં નરસૈયો રાસદ્રષ્ટા તરીકે વિહરે છે. દેવાધિદેવ શંકરની અખંડ આરાધના કરી તેમની આંગળીએ યુવાન નરસિંહ જગન્નિયન્તા શ્રીકૃષ્ણની રાસલીલા નીરખે છે. તલ્લીન થઈ જતાં હાથમાં પકડેલી મશાલનું તેલ ખૂટી જતાં, ત્રીજા પ્રકરણમાં, દિવેટિયો બની હાથને જલવા દે છે અને નરસૈયાના કંઠમાંથી સ્વયં શ્રીકૃષ્ણ પોતાની બાંસૂરી બજાવતા હોય તેવા રસિકરંજની. આનંદપલ્લવિત પદોનો ધોધ વછૂટે છે. એ પદોમાંથી ચૂંટેલી પંક્તિઓ અને કડીઓ ગાતા રહી નરસિંહરૂપે જાણે સ્વયં કનૈયો (કનૈયાલાલ મુનશી) તખ્તા પર લહેરથી લયલીન બની જઈ પોતાનો પાઠ ભજવે છે અને રાસલીલાનો આ મશાલધારી પછી તો પોતાનું પુરુષપણું વીસરી જઈ સ્વયં એક ગોપી બની જાય છે તેના ત્રીજા પ્રવેશમાં. અને ગાય છે :

ગોપીમાં હું તો નરસૈયો પ્રેમસુધારસ પીધો રે...
દિવેટિયો રે દિવેટિયો, નરસૈયો હરિનો દિવેટિયો,
પૂર્વ પ્રીત ધરી મન માંહે, તો રસનાએ રસ ભરિયો...
મનગમતું ભોગવતાં ભામની, કરે નેણના ચાળા રે,
નરસૈયાનું પુરુષપણું રે જાણ્યું ગયું તે વેળા રે...
વાંસલડી વાઈ મારે વહાલે, મંદિરમાં ન રહેવાય રે;
વ્યાકુલ થઈને વહાલાને જોયા કરું, શું કરું ઉપાય રે?

મુનશી પાછા સૂત્રધારરૂપે સ્ટેજ પર આવે છે અને કહે છે : '...આમ નરસૈયો વર્ષોનાં વર્ષો સુધી પ્રણયની સારીગમ ઘૂંટ્યા કરે છે. એનું પુરુષપણું ખરે જ અલોપ થઈ ગયું છે. ગોપીભાવ એને સરલ થઈ પડ્યો છે. ને એ ભાવ કેળવવામાં જ એને મોક્ષ દેખાય છે. એ ભાવમાં સંસ્કારી સ્ત્રીનું શરમાળપણું નથી; પણ મસ્તી અને ધૃષ્ટ સ્ત્રીની પ્રેમવિહ્‌વળ મનોદશા દરેક પદમાં જુદો પ્રસંગ રચવા મથે છે. અને દરેક પ્રસંગમાં માનવ હૃદયની ઊંડી ઊર્મિઓ સમાવે છે. પણ સંકલના એને સાધ્ય નથી. ગમે તેમ કોઈ ને કોઈ ઊર્મિ સુંદર રીતે એ મૂકે છે. અને એવી રીતે ગુજરાતીમાં એક અદ્‌ભુત પ્રણયગીત રચે છે...'

ચોથા પ્રકરણનું શીર્ષક છે : 'કવિ' અને નરસૈયાની ગોપીભાવની વિરહવિલાસી મનોદશામાંથી ધીરે ધીરે વય વધતાં કવિતાકલા પણ કેમ ઠરી ઠરીને પરિપક્વતા પામે છે તે મુનશી નરસિંહની પછીની રચનાઓમાંથી કંડિકાઓનું ઉદ્ધરણ કરતા રહી સિદ્ધ કરે છે. કાળક્રમ સાચવીને નરસિંહની કાવ્યકલા અને ભક્તિભાવ ધીરેધીરે પરંતુ અનિવાર્યપણે કેમ વિકાસ પામતાં રહે છે, તે દર્શાવી પ્રકરણને અંતે લખે છે : '...રાસ જોઈ તે નારીરૂપ બને છે અને કલ્પનામાં જોયેલા કૃષ્ણને હૃદયના વિલાસી રસનો અર્ધ્ય આપે છે.'

'...વર્ષો જાય છે. નરસૈયાની આધેડ વય ઊતરવા આવે છે ત્યારે એનામાં પરિવર્તન આવે છે. વિલાસી કલ્પનામાંથી શૃંગારના રંગો ફટકી જાય છે. અને સ્વભાવમાં જે દૈન્ય અને સરલતા વણાયાં છે તે વધારે ને વધારે સ્પષ્ટ થતાં, અનુપમ

ભાત પડે છે. નિર્મળતાના અવતાર એવા હરિજનને મોહક સ્વરૂપે તે નજરે પડે છે. કીટનો ભ્રમર થઈ જાય છે. શુદ્ધ ભક્ત સંત બને છે...વૈષ્ણવપદ દુનિયાની પ્રતિષ્ઠા કરતાંય ગૌરવપ્રદ છે એમ એને પ્રતીતિ થાય છે અને એની પંક્તિઓમાં પયગંબરી ધ્વનિ આવવા લાગે છે ...

કુળને તજશે ને હરિને ભજશે, સહેશે સંસારનું મેણું રે,
ભણે નરસૈયો તેને હરિ મળશે, બીજી વાતે વાશે વાણું રે...
દેહ ધરીને હરિનો દાસ ન કહાવ્યો, તેની જનનીને ધિક્કાર રે;
નરસૈયાના સ્વામીની નિશ્ચય લીલા, બીજાં વિવિધ ધર્મ વ્યભિચાર રે...

'...પણ રાતમાં જૂનાગઢમાં જંગ મચી રહે છે. ઢેઢને ત્યાં નાગર કીર્તન કરવા જાય?!... હસી હસી નાગરો તાળીઓ લે છે. આ શા રે બ્રાહ્મણના ઢંગ?'... નરસૈયો જવાબમાં બધાને કહે છે : 'વૈષ્ણવ તણો મને છે આધાર.'

'એવા રે અમો એવા રે એવા, તમે કહો છો વળી તેવા રે;
ભક્તિ કરતાં જો ભ્રષ્ટ કહેશો તો, કરશું દામોદરની સેવા રે.'
કર્મ ધર્મની વાત છે જેટલી, તે મુજને નવ ભાવે રે;
સઘળા પદારથ જે થકી પામે, મારા પ્રભુની તોલે ના'વેરે!
હળવા કર્મનો હું નરસૈયો, મુજને તો વૈષ્ણવ વહાલા રે...

મહેતાજીએ નાગરોનું જગત ખોયું અને વૈષ્ણવોનું જગત પોતાનું કર્યું અને કાલાંત સુધી એમનાં જ કીર્તિગાનનું પ્રાયશ્ચિત્ત કરી, અમર રહેવાનું નાગરોના લલાટે લખાવી દીધું...'

મુનશી આગળ કહે છે : '...ચારે તરફ વૈષ્ણજનોથી વીંટાયેલ, તે પોતાના શુદ્ધ હૃદયની જ્વાલાથી વિશુદ્ધ જીવનની આંગ પ્રસારે છે. દુઃખ દેતા, ડામ દેતા જગતને એ સાત્ત્વિક જીવનનો નિર્વાણમંત્ર શીખવે છે :

આપણે આપણા ધર્મ સંભાળવા, કર્મનો મર્મ લેવો વિચારી;
નરસૈના સ્વામીને સ્નેહથી સમરતાં ફરી નવ અવતરે નર ને નારી.

...પણ વૈષ્ણવજન તે શું કપાળે શીંગડાં લઈને આવતા હશે? તમે વૈષ્ણવજન અને અમે નહીં? મહેતાજી વૈષ્ણવજનનાં દર્શન કરાવે છે :

વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે
પરદુઃખે ઉપકાર કરે તો યે મન અભિમાન ન આણે રે...

'...આમ એની જીભે પયગંબરની વાણી વસે છે...એને દિવ્ય મંત્ર લાધી ગયો......યો મા પશ્યતિ સર્વત્ર સર્વં ચ મયિ પશ્યતિ - એ નરસૈયાને મન સૂત્ર નહોતું, ભાવના માત્ર નહોતી, પ્રત્યક્ષ પ્રમાણ હતું. ...વ્યાસ ને ઈસુ, ઓગસ્ટાઈન ને ચૈતન્યથી ગાંધીજી સુધીના મહાત્માઓના જીવનમંત્રની એ મૂર્તિ બન્યો. જાગતાં ને ઊંઘતાં તે ભગવાન વેદવ્યાસના આ પરમ સત્ય પર એક જીવંત વૃત્તિ રચી ગયો :

મય્યેવ મન આધત્સ્વ, મયિ બુદ્ધિં તિવેરાય
નિવષ્યસિ મય્યેવ અત ઊર્ધ્વમ્ ન સંશયઃ

અને હવે છેલ્લો અંક શરૂ થાય છે. મુનશી લખે છે : '...વર્ષે વર્ષે મહેતાજીનો સંસાર સંકેલાતો જાય છે. પત્ની માણેક મહેતા, પુત્રી કુંવરબાઈ ને પુત્ર શામળદાસ તેના જીવનમાંથી પડછાયા સમા દૂર થતાં જાય છે. ક્યારે ને કેવી રીતે તેનો જરાય ઉલ્લેખ નથી. કોઈ એકાદ પદ પર આ અંગત આપત્તિઓની છાંય આવી જાય છે :

સુખદુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં;
ટાળ્યાં તે કોઈનાં નવ ટળે, રઘુનાથનાં જડિયાં.

વૈષ્ણવજન જલદીથી સાત્ત્વિક આનંદસમાધિને સ્પર્શતાં જણાય છે. જીવન તેવું ને તેવું ચાલે છે. કીર્તન, આરતી, ઓચ્છવ, રોજ નવા નવા ભાવ અનુભવવા ને ગાવા. પણ કીર્તિ વધી છે. લોકોનો પૂજ્યભાવ છે, અનેક સ્ત્રીપુરુષોનાં હૃદયમાં એમણે વાસ કર્યો છે. અનેકનાં જીવન એના પદોથી પ્રેરાતાં જાય છે. સુવાસી બનતાં જાય છે... લોકો અને શિષ્યો એમનાં પદો શીખ્યે જાય છે.....

'...મહેતાજી વૃદ્ધ થયા છે. હરવુંફરવું પણ કઠણ થઈ ગયું છે. હવે તો માત્ર પરબ્રહ્મનું રટણ ને શ્રીકૃષ્ણનું મંદ કીર્તન જ છે. જીવનની નિરર્થકતાના પ્રશ્નો થાય છે :

જ્યાં લગી આતમા તત્ત્વ ચીન્ય્યો નહિ ત્યાં લગી સાધના સર્વ જૂઠી;
કોણ છું, ક્યાં થકી આવિયો જગ વિષે, જઈશ ક્યાં છૂટશે દેહ ત્યારે?

અને આખરે એમની વૃદ્ધ આંખે સત્ય દેખાય છે :

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપ અનંત ભાસે
દેહમાં દેવ તું તેજમાં તત્ત્વ તું, શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે.

જીવનમાં ઝરણું સુકાતું જાય છે...બહાર ચોતરા પર એક નાની ગંદી પથારી પર ટૂંટિયું વાળી હાડપિંજર સમા વૃદ્ધ સૂતા છે. હંમેશની ટેવ પ્રમાણે આજે એમનાથી ઝપ દઈને ઉઠાતું નથી. શરીરમાં વેદના થાય છે. કમર ફાટે છે. આંખ આગળ લાલ વાદળો આવતાં-જતાં દેખાય છે. એ ખાંસી ખાય છે. નિર્બળતાથી એમનો શ્વાસ રૂંધાય છે... તે જેમતેમ કરતા ઊઠે છે, પથારીમાં બેસે છે ને હંમેશની માફક પરભાતિયું ગાય છે...એમની કલ્પના ઉત્તેજાય છે. એમની દૃષ્ટિએ લાડકવાયો બાલગોપાલ આંખો ચોળતો દેખાય છે. અને એમના હૈયામાં ઉષ્માનો સંચાર થાય છે :

દંત ધાવન કરો, આળસ પરહરો; રજની-તિમિર ગયું પોહ ફાટ્યું;
કરમળો કૂર ને શે ન શીરાવતો, દહીં રે દામોદરા ખાટું ન થાય.

...અવાજ ચાલતો નથી તૂટી પડે છે, દળણું દળવા ઊઠેલી તૂટ પડી સંભળાય છે. આજે તે આમ કેમ ગાય છે? બિચારા બહુ માંદા છે...ધીમેધીમે પોહ ફાટે છે. વિહંગનો શોર સંભળાય છે. લોકોની આવ-જા થાય છે. એ વૃદ્ધ દાતણ કરી બેઠાબેઠા નિર્ગતિમાં ઝોકાં ખાય છે. રસ્તે જનારાં આવે છે, પગે લાગે છે, જય શ્રીકૃષ્ણ કહે છે, પણ આજે એમને ઘણી ઊંઘ આવે છે. એક ઝોકું આવે છે. માથું નીચું પડે છે. ને તે ઝબકીને જાગે છે. વળી, કરતાલ હાથ લે છે, એક તાલ દે છે ને મોઢામાંથી અવાજ નીકળે છે :

જાગીને જોઉં તો જગત દીસે નહિ, ઊંઘમાં અટપટા ભોગ ભાસે,
ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રુપ છે, બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે...

મુનશીએ આ લખ્યું ત્યારે આજના વિજ્ઞાનીઓની સૃષ્ટિની ઉત્પત્તિ વિષેની શોધો આજના જેટલી જોરદાર, ધારદાર ચાલતી ન હતી. આઇન્સ્ટાઇનની થીઅરિ ઓફ રિલેટિવિટી હજુ જનસાધારણ સુધી પહોંચી ન હતી. અને ૧૯૩૪ સુધી તો પાર્ટિકલ થીઅરીની કલ્પના પણ કોઈને આવી ન હતી. અને વીસમી સદીના આ છેલ્લા બે દાયકામાં શોધાયેલી થૉટથીઅરિ - સમસ્ત જગત માત્ર વિચાર-તરંગોમાંથી ઉદ્ભવેલું છે તેવી થીઅરિની તો સ્વપ્ને પણ કોઈએ કલ્પના કરી ન હતી. આઠમી સદીમાં ભલે આદિ શંકરાચાર્યે આ જ થીઅરિ ઉપર 'બ્રહ્મ સત્ય જગત્ મિથ્યા' એવું મહાસત્ય ઉચ્ચારેલ. પણ તે તો આધ્યાત્મિક વિચારણામાંથી ઉદ્ભવેલ માત્ર વાત છે. તેની સાબિતી શી? પદાર્થવિજ્ઞાન આવું ક્યાં કહે છે? એસ્ટ્રોફિઝિક્સ - અંતરિક્ષવિજ્ઞાનની વિભાવના હજુ સ્થિર થઈ ન હતી. ત્યારે શંકરાચાર્ય તેમના પછીના હિંદુ વિચારકો અને તે પરંપરામાં આત્મસૂઝથી આર્ષદ્રષ્ટા બનેલા નરસિંહ મહેતા જેવા ઘણાયે પોતપોતાની ભાષામાં સમજાવેલું કે આ સમસ્ત જગત તો માત્ર ચિત્તરૂપી ચેતનતત્ત્વનો વિલાસ છે. અને તે કેવો છે? તો કહે જાણે બ્રહ્મ પોતે બ્રહ્મ પાસે લટકાં કરે છે - જેમ પાર્ટિકલો તરંગોરૂપે આમતેમ દોડાદોડ કરે છે.

ઉપનિષદના ઋષિઓ, શંકરાચાર્ય-નરસિંહ આદિને આ જાણવા-સમજવા માટે અબજો ડૉલર ખર્ચતી લૅબોરેટરીઝની આવશ્યકતા નહોતી પડી. તેમણે માત્ર આત્મા-તત્ત્વનું ચિંતન કરી આ અંતિમ સત્ય શોધી કાઢ્યું હતું. તે તેમની વશેકાઈ નથી?

મુનશીનો 'નરસૈંયો : ભક્ત હરિનો' નામના અદ્ભુત નાટકના આખરી અંકના પ્રવેશો ભજવાતા જાય છે. મુનશી લખે છે :

'...રાબડી આવે છે ને વૃદ્ધ પીએ છે...એક નાના કરંડિયામાં ફાંકી પડી ગયેલી જરી પર એક પિત્તળના લાલજી પડ્યા છે ત્યાં થરથરતા વૃદ્ધ જાય છે. ...વૃદ્ધ મૂંગા મૂંગા બેસી રહે છે. આંખો ફરી નિસ્તેજ થાય છે અને નિર્મતિ વધી પડે છે...ને બેઠેલે અવાજે બોલે છે :

ધ્યાન ધર હરિ તણું, અલ્પમતિ આળસુ; **જે થકી જન્મનાં દુઃખ જાયે;**
અંગ જોબન ગયું, પલિત પિંજર થયું; તો યે નથી લ્હેતો શ્રીકૃષ્ણ કહેવું.

આદ્ય તું, મધ્ય તું, અંત્ય તું ત્રિકમા, એક તું, એક તું એક તું પોતે;
અખિલમો બ્રહ્મ બ્રહ્માદિક નવ લહે, ભૂરચા માનવી અન્ય ગોતે.

...આખરે પૂજા પૂરી થાય છે, બે જણ એમને ઓટલા પર લઈ જાય છે...વૃદ્ધ ફરી નિર્ગત બની પડી રહે છે...

'...વૈષ્ણવ કાંઈ ભજન ગાશો?' તેમને કાને એ શબ્દ પડે છે. તેઓ અંદરથી કંઈક ચેતન પકડે છે. અને તેમના હાથ જાણ્યે-અજાણ્યે કરતાલ લેવા જાય છે. એક જણ એમના હાથમાંકરતાલ મૂકે છે. પણ એમનાથી એ વગડતી નથી. ધીમેથી, તૂટતે અવાજે ખરખરતે એ ગાય છે. બધા શાંતિથી પૂજ્ય ભાવે પ્રેરિત સાંભળે છે :

અલ્યા નામ પામ્યો, પણ રામને નવ લહ્યા, વૈષ્ણવ કેરું બિરદ ઝાલે;
પુત્ર વિના જેમ ઘર મધ્યે પારણું, વર વિના તે જેમ જાન મહાલે.
વ્યાધિની વેદના વિશ્વની ના ટળે, ઠાલો ગગનમાં મેઘ ગાજે;
હરિને જાણ્યા વગર હરિનો જન થયો, વાત પકવાનથી ભૂખ ન ભાંગે.

...એક પંડિત આડંબરી આશ્વાસન દે છે : 'વૈષ્ણવજન હવે સૂઈ જાઓ, પ્રભુ કોઈએ નીરખ્યા છે?'

મહેતાજીને કાને પ્રશ્ન અથડાય છે. એમની આંખ ઊઘડે છે. માથું ઊંચું થાય છે. ઊંચે જુએ છે ને સૂર્યબિંબ સામે નજર લટકી રહે છે. તેઓ પંડિત તરફ જુએ છે. 'નથી નીરખ્યા? નીરખવા છે?' તેમના અવાજમાં પડકાર છે. ને તેઓ કરતાલ ઊંચકે છે. એક સુકાયેલે - કંતાયેલે હાથે તેઓ સૂર્યને સત્કારે છે અને બોલે છે :

નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો, તે જ હું, તે જ હું, શબ્દ બોલે;
શ્યામના ચરણમાં ઇચ્છું છું મરણ રે, અહિંયાં નથી કોઈ કૃષ્ણ તોલે.

એકદમ તે હતા તેવા થઈ જાય છે, હસે છે, ને લોકો એમનું તેજસ્વી થતું મુખ જોઈ મુગ્ધ થાય છે. 'કૃષ્ણ નીરખવો છે? જુઓ!' તેમનો અવાજ ગાજે છે. ને હાથ કરતાલનો તાલ દે છે :

ઝળહળ જ્યોત ઉદ્યોત રવિ કોટમાં, હેમની કોર જ્યાં નીસરે તોલે;
સચ્ચિદાનંદ આનંદ-ક્રીડા કરે, સોનાના પારણા માંહિ ઝૂલે.

બત્તી વિણ, તેલ વિણ, સૂત્ર વિણ જો વળી,
અચળ ઝળકે સદા અનલ દીવો;
નેત્ર વિણ નીરખવો, રૂપ વિણ પરખવો,
વણ જિહ્વાએ રસ સરસ પીવો
અકળ અવિનાશી એ નવ જ જાયે કળ્યો,
અરધ ઉરધની માંહે મહાલે...
નરસૈયાનો સ્વામી સકળ વ્યાપી રહ્યો,
પ્રેમના તંતમાં સંત ઝીલે.

મુનશીની કલમ આગળ ચાલે છે : '...હાથ જરા હેઠા પડે છે, તેજસ્વી આંખો એકાગ્ર બની જોઈ રહે છે. હોઠમાંથી મંદ, ખંખરીભર્યો અવાજ નીકળે છે : શ્યામનાં ચરણમાં...

અવાજમાં પોણા સૈકાની દીન ભક્તિ ધ્રૂસકું આણે છે -
ઇચ્છું છું મરણ રે...

અવાજ અટકી પડે છે. એકદમ તેઓ પડે છે, ફસડાઈને. તકિયા પર તેમનું માથું ઢળી પડે છે.

'...અને એ સંતશિરોમણિ અનંત ઓચ્છવ કરતા, એમના શ્યામનાં ચરણમાં સદા વાસ કરવા સંચરે છે. અને મૂકી જાય છે ગુજરાતી સાહિત્ય અને જીવન માટે સદીઓની પ્રેરણા; આર્યસંસ્કાર કાજે મઘમઘતા જીવનનો વારસો; અને સકલ જગતને અર્થે પરમ પવિત્ર એવા વૈષ્ણવજનની સદાય અવિસ્મરણીય એવી ભાવના...જીવનભર એમણે સાચું સ્વપ્નું જોયું. આમરણ એ સાચું સ્વપ્ન જીવી ગયા. અને મરતાં સાચાં સ્વપ્ન જીવતાં કરવાની કલા શીખવી ગયા...'

અને 'નરસૈયો : ભક્ત હરિનો' જેમાં મુનશીની સર્જકતા સોળે કળાએ ખીલી ઊઠી છે તેવો એક ચિરંજીવ જીવનકવન કથાનો ગ્રંથ આપી મુનશી પણ આપણને જીવન-કવન કથા કેમ લખાય તેની કલા શીખવી ગયાં છે. (ક્રમશઃ)

ભાગેડુ

હરિત પંડ્યા

રાત્રે નવેક વાગે એના મકાનમાલિકે ઉપરથી બૂમ પાડી : 'સુરેશભાઈ, તમારો ફોન છે. મુંબઈથી.'

મુંબઈનું નામ સાંભળતાં જ, એના પગ ઢીલા થઈ ગયા. ઉમેશની તબિયત વધારે બગડી હશે, નહીં તો ફોન શું કામ કરે?

શર્ટનાં બટન ભીડતો એ ઉપર પહોંચ્યો, રિસીવર ઉપાડતાં એની છાતીના ધબકારા વધી ગયા.

'હલ્લો... હું સુરેશ...!'

'હલ્લો... સુરેશ, હું રવિ...!' પણ પછી આગળ કશું સાંભળાયું નહીં, રવિનો અવાજ એને તરડાઈ ગયેલો લાગ્યો. એ 'હલ્લો હલ્લો' કરતો રહ્યો.

'કટ થઈ ગયો કે શું?' મકાનમાલિકે પૂછ્યું.

ત્યાં ફોનમાં અવાજ સંભળાયો, 'હલ્લો, સુરેશ! હું વિજય બોલું છું... આપણો ઉમેશ ગયો!' બોલતાં વિજયનો અવાજ પણ ફાટી ગયો.

'હેં! શું કહે છે તું? પણ... હું ખબર કાઢવા આવેલો ત્યારે તો એવું કશું...' એની જીભ થોથરાવા લાગી.

'હા, પણ આજ સવારથી એકાએક...' વિજય આગળ બોલી શક્યો નહીં.

'હલ્લો... હલ્લો...!'

'હલ્લો સુરેશ' વિજયે સહેજ અટકીને ખોંખારો ખાધો પછી વાત આગળ ચલાવી. 'જો સાંભળ! અમે ઍમ્બ્યુલન્સ લઈને સીધા રાયપુર જઈએ છીએ. રાત્રે બારેક વાગે અહીંથી નીકળીશું. સવારે દસ-અગિયારની આસપાસ ત્યાં આવી પહોંચીશું. તું રમાભાભીને લઈને રાયપુર આવી રહેજે.'

'પણ...'

'પછી નિરાંતે વાત કરીશું. હજી બધી વિધિ અહીં પતાવવાની બાકી છે.' કહી વિજયે ફોન મૂકી દીધો.

એનાથી ઊભા રહી શકાયું નહીં. એ નજીકની ખુરસીમાં બેસી પડ્યો. થોડી વારે એ ઊભો થયો. સ્વપ્નમાં ચાલતો હોય એમ એ સીડીનાં પગથિયાં ઊતરી ગયો.

એ એની રૂમમાં આવીને કોટ પર બેઠો. પંદરેક દિવસ પહેલાં એ ખબર કાઢવા ગએલો ત્યારે તો ઉમેશની તબિયત એને ઠીક લાગેલી. એટલે જ એ રમાભાભીને એની સાથે પાછાં તેડી લાવેલો. રવિ અને વિજય ત્યાં રોકાઈ ગએલા. એમને ત્યાંથી છોડાવવા એ અને હરિ આજકાલમાં જવાનો વિચાર કરતા હતા ત્યાં...!

ઈલા પણ નથી. એની મમ્મીની ખબર કાઢવા એક દિવસ મોડી ગઈ હોત તો સારું થાત. એને તેડવા જવાનોય સમય નથી. આ સંજોગોમાં રમાભાભીને રાયપુર ભેગાં કરવાની કપરી કામગીરી હું એકલે હાથે કેમ કરીને બજાવી શકવાનો?

લાઇટ બુઝાવીને એ કોટમાં આડો પડ્યો. ઊંઘ તો આવવાની નો'તી. ઈલાએ એને માટે બનાવેલું ખાવાનું એની રાહ જોતું રહ્યું.

સવારે ચા પીધા વિના જ એ ટૅક્ષી કરીને ભાભીને ગામ જવા ઊપડ્યો. ભાભીને હમણાં કશી વાત કરવી નથી.

સાત પહેલાં તો એ ભાભીને બારણે આવીને ઊભો રહી ગયો. ભાભીનાં બારણાંની સાંકળ ખખડાવતાં એના હાથમાં આછો કંપ વ્યાપી ગયો.

રોઈ પડાશે કે શું? નહીં, નહીં, મારે સંયમ રાખવાનો છે. રોઈ પડાયું તો ભારે થઈ પડવાની!

એણે હોઠ ભીડી દીધા. મન મક્કમ કરીને બારણું ઊઘડવાની રાહ જોતો ઊભો રહ્યો. ને બારણું ઊઘડ્યું.

'અરે! સુરેશભાઈ!? સવારના પો'રમાં કંઈ! શું ખબર છે તમારા ભાઈબંધની?' સાડીનો છેડો ઠીક કરતાં ભાભીએ પૂછ્યું.

'મઝામાં છે. કાલે રાત્રે રવિભાઈનો મુંબઈથી ફોન હતો. ઉમેશભાઈને દવાખાનામાંથી રજા આપી દીધી છે. એ લોકો બાપુજીને ત્યાં ટૅક્ષીમાં આજે દસ-અગિયારની આસપાસ આવી રહેશે. તમને રાયપુર આવી રહેવાનું ઉમેશભાઈએ કહેવડાવ્યું છે, એટલે હું તમને લેવા આવ્યો છું. ઈલા કાલે જ એને પિયર ગઈ. નહીં તો એનેય સાથે લેતો આવત.' મોં પર પરાણે, બનાવટી સ્મિત ચીપકાવી રાખીને એ ગોખેલું બોલી ગયો.

અચાનક એનાથી ભાભી સામે જોવાઈ ગયું. ઊંઘમાં ચેરાઈ ગયેલ ભાભીનો ચાંલ્લો જોઈને એનું કાળજું કોરાઈ ગયું.

'કેમ રજા આપી દીધી એમને? આપણે ત્યાંથી આવવા નીકળ્યાં ત્યારે તો દાક્તર કે'તા'તા કે હજુ મહિનો-દોઢ મહિનો તો રોકાવું પડશે.' ભાભીએ પાણીનો ગ્લાસ એના હાથમાં આપતાં કહ્યું.

તરસ નો'તી લાગી તોય એ આખો ગ્લાસ ગટગટાવી ગયો. જરાક સારું લાગ્યું.

'હા, પણ પછી, દવા બદલી હશે, ને એ માફક આવી ગઈ હશે. રવિભાઈ ફોનમાં કેતા'તા કે દવા તો ઘેર પણ લઈ શકાય, એમ દાક્તરે કહ્યું, એટલે પછી એમણે ને વિજયભાઈએ ઉમેશભાઈને ઘેર લઈ આવવાનું નક્કી કર્યું. દવાખાના કરતાં ઘેર વધુ સારું ને?'

'એ તો ખરું! પણ એ સીધા અહીં આવવાને બદલે રાયપુર કેમ જાય છે?'

'બાપુજીનો મુંબઈ ફોન આવેલો. એ ઉમેશભાઈની ખબર કાઢવા બાને લઈને મુંબઈ આવવાની જિદ લઈને બેઠા હતા. આ ઉંમરે એમને મુંબઈની લાંબી મુસાફરી ફાવે? તે એ લોકોએ વિચાર્યું કે અહીં આવતાં પહેલાં ઉમેશભાઈ ભલે ને બા-બાપુજીને મળે! એમને ય જરા સારું લાગે ને એ સીધા અહીં

આવ્યા હોત તો બા-બાપુજી એમને મળવા અહીં આવ્યા વિના રહેત નહીં, ઉમેશભાઈ અઠવાડિયું ત્યાં રહેશે એટલે બા-બાપુજીનેય સંતોષ થશેત, એ અટક્યા વિના બોલી ગયો. એને પણ નવાઈ લાગી. પાણીનો પ્રતાપ કે શું? 'ભાભી, તમે ઝટ તૈયાર થઈ જાઓ'. એણે ઉમેર્યું.

'શી ઉતાવળ છે? જમીને નીકળીએ. નહીં વાર લાગે.'

'ના ભાભી, ટેક્ષી લઈને આવ્યો છું. મોડું થાય તો વેઇટિંગ ચાર્જ વધી જાય.'

'તે વધી જાય તો વાળી લેજો તમારા ભાઈબંધ પાસેથી!'

હવે હું ક્યાં એની પાસે વેઇટિંગ ચાર્જ લેવા જઈ શકવાનો હતો ભાભી! મનમાં થયું.

'એ તો ઠીક, પણ ટેક્ષીવાળાને પાછી અગિયાર વાગ્યાની વરધીમાં જવાનું છે, એટલે બાકી તો...'

'તમે કોઈ રીતે બંધાઓ એવા નથી. અગાઉથી બધું ગોઠવીને આવ્યા હશો. ખોટું બોલતા હો તોય શી ખબર પડે! ચા તો મૂકવા દેશો ને?'

'હા, ચા પીશું!'

ને ભાભી ચા બનાવવા રસોડામાં ગયાં.

છેક કેડ સુધી લંબાએલા ભાભીના ચોટલાને એ જોઇ રહ્યો. એનાથી ઊંડો નિઃશ્વાસ મુકાઈ ગયો. ગામડાના રિવાજ પ્રમાણે તો કદાચ... એને કમકમાં આવી ગયાં. આંખોના ખૂણામાં ઝમી આવેલી ભીનાશ એણે રૂમાલથી લૂછી નાખી.

સામેની દીવાલના ગોખલામાં ગોઠવાએલી એલાર્મ ઘડિયાળ ટક્ ટક્ કરતી રહી. આ મકાન ખરીદી લીધા પછી ઉમેશ એ ગોખલાને બારણાં કરાવવાનું કહેતો હતો. હવે ગોખલો બારણાં વિનાનો રહી જવાનો.

ત્યાં ભાભી ચા લઈને આવ્યાં. સાથે નાસ્તો પણ લેતાં આવ્યાં હતાં.

'ભાભી, નાસ્તો નથી કરવો.'

'અરે કરી લો ને! ત્યાં પહોંચતાં વહેલું-મોડું થાય તો પેટમાં પડ્યો પડ્યો જવાબ દે. ખાઓ નિરાંતે! ત્યાં એમનાથી મોડા પહોંચીશું તોય એ કંઈ આપણાથી રિસાઈને ભાગી થોડા જવાના છે!'

ભાભી! એ તો આપણાથી ભાગીને ક્યાં નો ક્યાં પહોંચી ગયો છે, એની તમને ક્યાં ખબર છે!

ઝાઝી ના પાડ્યા સિવાય એણે થેપલાનો એક ટુકડો ભાંગીને મોંમાં મૂક્યો. ટુકડો મોંમાં આમથી તેમ અટવાયા કર્યો.

'તમે લો ને!'

'ના મારે તો આજે શુક્રવારનો ઉપવાસ છે. પણ તમે કેમ આમ કોળિયો મમળાવ્યા કરો છો? તમારો ચહેરો પણ આજે ભારેભારે લાગે છે. એમને દવાખાનેથી રજા આપી દીધી તે એમની તબિયત વધારે તો નથી બગડી ને!'

હવે? ભાભીને ખ્યાલ આવી જશે કે શું?

'ના ભાભી, એવું કશું હોય તો તમને કહું નહીં? આ તો કાલનું મને ય જરા ટેમ્પરેચર જેવું હતું ને ઊંઘેય છેક મોડી રાતે આવી, તેથી.'

'ખાઓ મારા સમ?'

'તમારા સમ, બસ?'

એણે ખચકાયા વિના સમ ખાઈ નાખ્યા. જિંદગીમાં પહેલી વાર એણે ખોટા સમ ખાધા, પણ એને રંજ નો'ત..

'તો ઠીક, પછી ખોટા સમ ખાતા હો તો તમે જાણો.' કહી ભાભી ખાલી કપ લઈને રસોડામાં ગયાં, ને ઢાંકોઢૂમો કરવામાં પરોવાયાં. બાબો તો હજી ઊંઘતો હતો. ઊંઘમાં એ આછું આછું મલકાતો હતો. એને બિચારાને શું ખબર કે...

રસોડામાંથી પરવારીને ભાભી તૈયાર થવા માંડ્યાં. કબાટ ઉઘાડીને એમણે સાડીઓની થપ્પી બહાર કાઢી. થપ્પીમાંથી એક સાડી એમણે બહાર ખેંચી કાઢી. ભાભીએ પસંદ કરેલી સાડી જોઈને એનું હૈયું ચિરાઈ ગયું. ભાભી, બીજી કોઈ નહીં ને આ જ સાડી તને આજે પહેરવા મળી!

'એમને લાલ રંગની સાડી બહુ ગમે. અમે પરણીને પહેલવહેલાં અંબાજી ગયેલાં ત્યારે એમણે આ ખરીદેલી. કોઈ પ્રસંગમાં જવાનું હોય ત્યારે મને આ સાડી જ પહેરવાનું કહે. લાંબી માંદગી પછી આજે એ હેમખેમ ઘેર આછા આવે છે એટલે મને થયું લાવ આ જ પહેરું.' કહી એ સાડી બદલવા રસોડામાં ગયાં.

એ વિધિની વક્રતા જોતો રહ્યો.

લાલ સાડી પહેરીને ભાભીને રસોડામાંથી બહાર આવતાં ભાળીને એના મોંમાંથી એક આહ સરી પડી. ભાભીનું ધ્યાન એના તરફ નો'તું એટલું વળી સારું હતું.

કબાટના બારણા પર જડેલા અરીસા સામે ઊભાં રહીને ભાભીએ માથામાં બે-ચાર કાંસકા આડા-ઊભા મારી લીધા ને પછી ગાંઠ વાળી દીધી.

'એ હોય તો મને ગાંઠ વાળવા ન દે, પણ બાપુજીને ત્યાં છુટ્ટો ચોટલો રાખીને જવાનું મને ના ગમે. વાળની ગાંઠ જોઈને એ મારી સામે કેવા ડોળા કાઢશે તે જોજો ને!'

એને ફરી ડૂમો ભરાઈ આવ્યો. ખોંખારો ખાઈ એણે ગળું સાફ કર્યું.

ગાંઠ વળાઈ રહી એટલે ભાભીએ ગોખલામાંથી ચાંલ્લાની દાબડી લીધી. અરીસામાં ઝિલાતો ભાભીનો ચહેરો એ જોઈ રહ્યો. ઊગતા સૂર્ય જેવો મોટો ચાંલ્લો ભાભીએ કપાળ પર ચોડી દીધો હતો. ઊગતા સૂર્ય જેવો કે...?

'તૈયાર ચાંલ્લો ચોડું એ એમને સહેજે ન ગમે. અમે પાવાગઢ ગયેલાં ત્યારે એમણે આ કંકુ મારે માટે લીધેલું. આજ સુધી ચાલ્યું.'

ભાભીની દાબડીનું કંકુય આજે જ ખલાસ થયું!

પછી ભાભીએ બંગડીઓનો દાબડો ઉઘાડ્યો. એમાંથી રંગબેરંગી બંગડીઓ કાઢીને બન્ને કાંડાં પર ચડાવવા માંડ્યાં. એમ કરતાં એક બંગડી નીચે પડી ગઈ. એને બચાવવા જતાં બંગડીઓના દાબડાને હાથની ઝાપટ વાગી ગઈ. ઘડીમાં તો બંગડીઓના નાના-મોટા અસંખ્ય ટુકડાઓથી ઓરડાની ફર્શ છવાઈ ગઈ.

ભાભી આમાંથી પાછો કોઈ અર્થ તારવવા ન બેસે તો સારું.

'બળી ફૂટી ગઈ તો! મને કાચની પહેલેથી ન ગમે. ને એ કાચ સિવાય બીજી લેવા ન દે. પ્લાસ્ટિક કે મેટલની હોય તો ફૂટવાનો તો ભય નહીં! હવે કાચની નથી લેવા દેવાની, કહી એ બંગડીઓના ટુકડા ભેગા કરવામાં પરોવાયાં. એમ કરતાં એક ટુકડો આંગળીના ટેરવામાં ભોંકાયો. ટેરવામાંથી લોહીની ટશર ફૂટી નીકળી.

'વાગ્યું? ડેટોલ લગાવી દો, હોય તો!' એણે કહ્યું.

'ના..રે! એમાં શું ડેટોલ લગાવવાનું! આવું તો વાગ્યા કરે. પણ એ હોય તો બૂમાબૂમ કરી મૂકે. 'કાળજી રાખવી જોઈએ ને! વાગે કેમ? અમને કેમ નથી વાગતું?' એવું બધું કેટલુંય બોલી નાખે.' કહી એમણે લોહી વાળી આંગળી મોંમાં મૂકી દીધી.

ડગલે ને પગલે ભાભી ઉમેશને યાદ કરે છે! ઓ પ્રભુ! બંગડીના કાચ વીણાઈ રહ્યા પછી ભાભીએ બાબાને ઉઠાડવા માંડ્યો.

બાબાએ ઊઠતાંની વારમાં ભેંકડો તાણ્યો.

'ચાલ, રડવાનું નહીં, મારો ડાયો દીકરો રડતો ઊઠતો હશે? તારે પપ્પા પાસે જવું છે ને? જો સુરેશકાકા આપણને લેવા આવ્યા છે. આપણને પપ્પા પાસે લઈ જશે.'

એવું નૈ બોલીશ ભાભી! પપ્પા પાસે જાય તમારા દુશ્મનો.

પપ્પાનું નામ સાંભળતાં જ બાબો શાંત થઈ ગયો.

'જોયું! પપ્પાનું નામ સાંભળતાંની વારમાં રડવાનું કેવું બંધ થઈ ગયું! એની બહુ માયા એમને. ઑફિસેથી આવે એટલે પહેલાં એને લે. પછી જ કપડાં બદલે. ને બકો જે માગે તે લાવી આપે.' કહી ભાભી બાબાને લઈને બાથરૂમમાં ગયાં. એને ઝટપટ બ્રશ કરાવીને એને માટે દૂધ-નાસ્તો લઈ આવ્યાં.

'ક્યાં છે પપ્પા?' દૂધ પીતાં પીતાં બાબાએ પૂછ્યું.

'દાદાને ઘેર.'

'મારે દાદાને ઘેર જવું છે. એં...એં...'

'જો રડવાનું નહીં. તું ઝટ ઝટ દૂધ ને નાસ્તો પતાવી દે , પછી આપણે દાદાને ઘેર જઈશું. રડીશ તો કાકા તને નહીં લઈ જાય.' કહી ભાભી ઊભાં થયાં ને બાબા માટે કબાટમાંથી નવો-નકોર સૂટ કાઢ્યો.

'દાદાને ત્યાં પોંપ પોંપમાં જવું છે કે છૂક છૂકમાં?'

'પોંપ પોંપમાં.'

'જો, કાકા તારે માટે પોંપ પોંપ લઈને આવ્યા છે. તું જલદી દૂધ પી લે.' કહી ભાભી એમની થેલી તૈયાર કરવામાં પડ્યાં.

બાબાએ દૂધ અને નાસ્તો પતાવ્યાં એટલે બાભીએ એના મોં પર ભીનું પોતું ફેરવી લીધું ને પાઉડરેય છાંટી આપ્યો. પછી બાબાને કપડાં પહરાવવા માંડ્યાં.

'આ સૂટ એમણે એમની ગઈ વર્ષગાંઠ પર લીધેલો. મારે માટે એક સાડી લીધેલી. એમની દરેક વર્ષગાંઠે એ અમારે માટે કંઈ ને કંઈ લીધા વિના ના રહે. આવતી વર્ષગાંઠે તો હું એમને માટે જ કંઈક લેવડાવવાની છું. ના શું માને?'

ભાભી, તું કેટલુંય કરીશ તોય હવે ક્યાં એ તારું માનવાનો હતો!

કશુંક યાદ આવતાં ભાભી ફટ ઊભાં થયાં, ને કબાટ ઉઘાડીને અંદરનું લોકર ખોલવા માંડ્યાં.

'આ તો ભૂલી જ જાત. એમને મુંબઈ જવાનું થયું તેને આગલે દિવસે સોની આપી ગયેલો. બહાર તો આજ પહેલી વાર પહેરું છું.' કહી એમણે મંગળમૂત્ર પહેરીને એ કબાટની બાજુમાંના ગોખલામાં ગોઠવેલાં દેવલાં પાસે ગયાં. પછી પથરાના એક જ ઘાએ એક સોપારીને ભાંગી નાખીને એ હાથ જોડીને નીચાં નમ્યાં.

'આજે શુક્રવારને! મેં સંતોષીમાની બાધા રાખેલી, સવ્વાક સોપારીની. મને સંતોષીમા પર પૂરી શ્રદ્ધા. એ મુંબઈથી હેમખેમ પાછા આવ્યા એટલે મેં મારી બાધા પૂરી કરી. પણ તમને નાસ્તિકોને આ બધું નહીં સમજાય.'

હે ભગવાન! અહીંથી જલદી નાસી છુટાય તો સારું.

એણે ઘડિયાળ સામે જોયું. આઠ વાગવા આવ્યા હતા. એને આવ્યે બસ એક જ કલાક થયો હતો! પણ એને તો એક યુગ પસાર થઈ ગયો હોય એમ લાગ્યું.

ભાભીએ તાળું વાસ્યું એટલે એણે ટેક્ષી તરફ ચાલવા માંડ્યું. એના પગમાં વળી ધ્રુજારી વ્યાપી ગઈ. બાબો તો ક્યારનો ટેક્ષીમાં ગોઠવાઈ ગયો હતો.

દસેક વાગે ટેક્ષી બાપુજીને આંગણે આવીને ઊભી રહી. આંગણામાં ટેક્ષી ઊભેલી ભાળીને ડોસા બહાર આવ્યા.

'અરે! જો તો, વહુ અને બકો આવ્યાં છે.' કહી ડોસા ટેક્ષી પાસે આવીને ઊભા રહ્યા. ભાભીએ ઝટ માથે ઓઢી લીધું. ને ટેક્ષીમાંથી બહાર આવીને એ ડોસાને પગે લાગ્યાં. ત્યાં સુધીમાં માજી પણ બહાર આવી ગયાં હતાં.

'લે, સુરેશભાઈ પણ આવ્યા છે ને! શી ખબર છે મુંબઈની?'

ટેક્ષી ભાળીને આજુબાજુનાં ભેગાં થઈ ગયાં. ભાભી તો માજી સાથે ઘરમાં ચાલ્યાં ગયાં હતાં.

(અનુસંધાન પૃ. ૮૩૫)

સ્થિર નદી, સરતાં નીર

અંતે સ્મિત

• પ્રીતિ સેનગુપ્તા •

એવી હતી યાઁગ્ત્સેના સામીપ્યમાં એ સાંજ. નદીનાં દર્શન હું કરી આવેલી, વુહાનના વસવાટી વિભાગને માણેલો, હોટેલના ભોજન-ખંડમાં શાંતિથી બેસીને વટાણાવાળો સફેદ ભાત અને બટાકાની ચિપ્સ ખાધેલાં. થોડો સમય આમ એકલી, જાત સાથે, રહેવા મળ્યું તે ઘણું સારું થયું. સ્થાનથી છૂટાં પડતાં પહેલાં સ્થાન સાથે ભળી જવાયું.

મારા રૂમની બારીમાંથી મેં ફરી નદી અને વહાણની તરફ જોયું. આજે રાતે વહાણની રેખ ઉપસાવતી બત્તીઓનાં તોરણ નહોતાં લટકાવાયાં. એ વુહાનની સ્તબ્ધ રાત્રીના ગાઢ અંધકારમાં ભળી ગયું હતું. નદીની નજીકમાં મારી એ આખરી રાત હતી. એટલું જ ક્યાં? મારા એ પ્રવાસમાં ચીનની અંદર એ મારી અંતિમ નિશા હતી. એમ તો હજી આવતી કાલનો દિવસ ચીનમાં હતો, ને પછી કેટલાક દિવસો હૉન્ગકૉન્ગમાં પણ હું ગાળવાની હતી. એ પણ ચીનના ઓછાયા નીચે જ હતું ને. એનો બ્રિટિશ અવતાર પૂરો થવામાં જ હતો. એ પછી એ મહા-ચીનનો નાનકડો, પણ અતિ-સમર્થ અંશ બનવાનું હતું. છતાં, હકીકત એ જ હતી કે ઘણા દિવસો ચીનમાં ભ્રમણ કર્યા પછી હવે એને છોડવાનો સમય આવી પહોંચ્યો હતો.

ચીનના એ પ્રવાસમાંની મારી છેલ્લી રાત વુહાનમાં વીતી- અંધારાને પ્રવાહ સાથે ઘૂંટી લઈને, અદૃશ્ય થઈને સરકી જતી રહસ્યમયી યાઁગ્ત્સેની નજીકમાં. ચીનમાં મારી છેલ્લી સફર પણ વુહાનથી ઊપડવાની હતી. વહેલી સવારે હોટેલની લૉબીમાં બત્તીઓ નહોતી સળગી. થોડી વારે માઇકલ આવી લાગ્યો. બહાર નદી હજી સળવળી ન હતી, કે ન હતી વહાણ પર કશી હલન ચલન. અને આજે નદીના ઉપરવાસ પ્રતિ નીકળવાનું હતું. હજી એને ઘણી વાર હતી.

એ જળ-સિક્ત દૃશ્ય સાથે જ **વિદાય લેતો હતો જળ પર** ગાળેલો સુશાંત સમય. બહાર ટોળે વળતું હતું રોજનું સામાન્ય જીવન. વિમાન-મથક પર હલચલ થયેલી હતી. જોતજોતામાં ભીડ પણ થઈ ગઈ. પછી તો હડસેલા અને ધક્કાથી જ આગળ જવાતું હતું. નવા ચીનમાં અધૈર્યની સ્થિતિ પણ દાખલ થઈ ગઈ છે.

વળી, વિદેશી આગંતુકોને પ્રવાસ-પ્રવેશ આપવાની એની બદલાયેલી નીતિની સાથે જ, દરેક વિમાન-મથકે પોતપોતાનો આગવો કર સ્થાપિત કરી દીધો. મન થયું એ મુજબનો આંકડો દરેક મથકે રખાયો હતો, અને એ પણ સાધારણ, 'નામનો' લાગે તેવો નહીં, પણ ખાસ્સો વધારે. વુહાનમાં એ પાંત્રીસ રેન્મિન્બિ- લગભગ સાત અમેરિકન ડૉલર - હતો. તો યે એમ કહો કે વિમાન સમયથી જરા જ મોડું ઊપડ્યું. મને જરા ચિંતા હતી કે રખેને ઘણું મોડું કે નાબૂદ કે એવું કશુંક ના થાય.

વુહાનની ધૂંધળી સવારની ભીનાશ ગુઆન્ગજો પહોંચતાંમાં ઊડી ગઈ હતી. ઋતુ બદલાઈ જ ગઈ. સૂર્ય સ્પષ્ટ ન હતો, પણ હવામાં ઘણી ગરમી હતી. ખેર, વરસાદ તો ન હતો મેં વિચાર્યું. ગુઆન્ગજોના વિમાન-મથકના મકાનમાં આવી, સામાન લઈ બહાર નીકળી તો કોઈને મારા નામનું પાટિયું હાથમાં રાખીને ઊભેલું જોયું નહીં. પહેલાં તો મને એક ધ્રાસકો પડ્યો. ચીની નાણું રહ્યું ન હતું. ચીની પ્રવાસ-ખાતા સાથે કઈ રીતે સંપર્ક કરવો એનો વિચાર મગજમાં ચાલુ થઈ ગયો. પણ રાહ જોતાં થોડી વાર તો ઊભાં રહેવું જ જોઈએ, અને પછી પંદરેક મિનિટમાં એક યુવક દોડતો મારી પાસે આવ્યો, મોડા પડવા માટે માફી માગી.

એ જૅકી હતો. નવા ચીનનો આધુનિક, પશ્ચિમી અભિગમથી સજ્જ પ્રજાજન. એણે ડેનિમ શર્ટ અને જીન્સ ધારણ કરેલાં. એની ગતિ ચપળ હતી. એનો વર્તાવ વિવેકી હતો. એણે પાતળી ફ્રેમનાં ચશ્માં પહેર્યાં હતાં, પણ વારંવાર ચશ્માં કાઢીને એ આંખો ચોળ્યા કરતો હતો. પછી એણે કહેલું કે એની આંખો થાકેલી હતી. મેં સૂચન કરેલું કે એમ ચોળવાને બદલે આંખો પર એણે પાણી છાંટ્યા કરવું જોઈએ. મારો જરા જીવ બળેલો કે આવો સારો 'છોકરો' પોતાની જોઈએ તેટલી કાળજી લેતો ન હતો.

સૌથી પહેલાં અમે ડેન્ગ ફેન્ગ હોટેલ પર ગયાં. જળ-સફર પહેલાં ચોન્ગચિન્ગમાં પ્રવાસ-ખાતાના થોડા ગોટાળાને લીધે જે પૈસા ઉપરથી આપવા પડ્યા હતા, તે હવે ગુઆન્ગજોમાંથી પાછા મેળવી લેવાના હતા. તરત એ મળી ના ગયા. એમ તો દોઢેક કલાક રાહ જોવી પડી. ફરી બેજિન્ગ ફૅક્સ મોકલ્યો વગેરે. પણ પછી મેં એ વખતે સહી કરેલી તે જ રસીદ મને પાછી આપી. દેવાઈ હિસાબ ચૂકતે થઈ ગયો.

દોઢ કલાક બગડવાને કારણે હું ચિડાઈ હતી. મારો મૂડ સુધારવા (આવું કહીને!) જૅકી મને એક બાગમાં લઈ ગયો. એનું નામ હતું 'પાંચ બકરી ઉદ્યાન.' ચીની ભાષાનું વિરચન એવું છે કે એમાં છઠ્ઠી વિભક્તિ છે જ નહીં. આપણાં 'નો, ની, નું, ના' અને અંગ્રેજી ભાષાના 'એપોસ્ટ્રોફી' લાગતાં જ નથી. જ્યાં અંગ્રેજીમાં જ કામ પડતું હોય તેવા દેશોમાં રહેનારા ચીની લોકો પણ આ વિભક્તિ વાપરતા નથી હોતા. જાણે એમની જીભ વળતી જ નથી એ તરફ!

તેથી એ બાગનું નામ હતું 'પાંચ બકરી ઉદ્યાન'. એ હતો તો પાસે પણ જવાના રસ્તા ટ્રાફિકથી ખીચોખીચ હતા, અને ખોદકામમાં ફસાયેલા હતા. વળી, નવો ડ્રાઈવર વધારે અધીરો હોય. ચીનની પ્રજા પાસે ચાર ચક્રોવાળાં આ વાહન હમણાં હમણાં જ આવેલાં છે, અને ચાલકો શીઘ્ર ગતિની સખત મસ્તીમાં આવી ગયા છે. ભારતમાં હોય છે તે જ રીતે ચીનના ગુઆન્ગજો શહેરના ચાલકો ધીમા પડતા નથી. એ ચિંતા સામા ચાલક પર છોડી દેવાતી હોય છે. ક્યાં તો સાવ છેલ્લી ઘડીએ બ્રેક મારી બેસે છે, કારણ

કે સામો માણસ પણ શેનો ધીમો પડ્યો હોય?

આ બધાથી મૂડ તો ઊલટો વધારે ખરાબ થઈ જાય, પણ ઉપાય શું? જો કે ઉદ્યાન ખરાબ ન હતો. વળી, ભીડ ને ઘોંઘાટથી પરે ઘણી નિરાંત લાગતી હતી. વાહનો ઊભાં રાખવાની જગ્યામાં થોડી હાટડીઓ નંખાઈ ગઈ હતી, અને સહેલાણીઓ - સ્થાનિક લોકો, કુટુંબો તેમજ વિદેશી પ્રવાસીઓ - પણ ખાસ્સી સંખ્યામાં દેખાતાં હતાં. શુક્રવારની સવારે કોને મળ્યો હતો આવો સમય?! ઉદ્યાન ઘણો મોટો હતો, તેથી સહેલાણીઓ વિખેરાઈ જઈ શક્યાં હતાં. એની અંદર ત્રણ તળાવ બનાવાયાં હતાં, તેથી નૌકા-વિહાર શક્ય હતો. બાળકો માટે રમવાની ખાસ જગ્યા હતી. મને સૌથી વધારે ગમી ગઈ ચલન-વિહાર માટે રમ્ય વાતાવરણમાં રચેલી કેડીઓ. છેવટે જૅકીએ મને સ્મિત કરતી જોઈ!

પછી અમે એકસો પગથિયાં ચઢીને એક મોટી, ખુલ્લી, ચણેલી અગાશી પર પહોંચ્યાં. ત્યાંથી શહેરના થોડા ભાગનું વિહંગાવલોકન થતું હતું. પણ જોવાનું હતું ત્યાં મુકાયેલું પાંચ બકરી શિલ્પ! ગૂંચળાં વાળેલાં શિંગડાંવાળી બકરીઓ! પછી જૅકીએ મને સમજૂતી આપી. વાયકા એમ છે કે અતિ-પ્રાચીન કાળમાં પાંચ દયાળુ દેવદૂતો બકરીનું રૂપ ધરીને ધરતી પર ઊતરી આવેલા. એમનાં મોઢાંમાં ડાંગરના ધરુ હતા. એ સમયે ગુઆન્ગજોના પ્રદેશમાં પ્રજા ભૂખે મરી રહી હતી. આ દેવદૂતોએ પ્રજાજનોને શિખવાડ્યું કે ચોખા કેવી રીતે ઉગાડવા, અને એ રીતે એમણે ગુઆન્ગજોની પ્રજાને ભૂખમરામાંથી ઉગારી લીધેલી. આ કારણે આ શહેર પણ 'બકરી પુરમ્' તરીકે ઓળખાય છે.

ભઈ, લોક-વાયકા એટલે લોક-વાયકા. એમાં આપણાથી હસાય નહીં! આપણે ત્યાં આવી કથાઓની ક્યાં ઓછપ છે?!

અગિયાર વાગી ગયેલા. આમ તો મેં સવારથી કાંઈ જ ખાધું ન હતું, છતાં મને લાગ્યું કે લંચ માટે હજી વહેલું હતું. તેથી જૅકી મને ચેન ક્લાન મંદિર જોવા લઈ ગયો. ૧૮૯૦ થી ૧૮૯૪માં એ બનેલું. ગુઆન્ગજો પરગણામાંની બોંતેર નગરપાલિકાઓમાં વસતાં અસંખ્ય ચેન કુટુંબોએ એ માટે પૈસા ભેગા કરેલા. કુલ ઓગણીસ ગૃહો અને મંડપોનું એ સંકુલ હતું. બધાંનાં છાપરાં પર સિરામિકનાં, ભૂખરા-રાખોડી રંગનાં નળિયાં હતાં. છાપરાંની કિનારીઓ પર સુંદર કોતરણીકામ હતું, ને એ પછી ખૂબ રંગબેરંગી લાક્ષણિક ચીની સુશોભન-શિલ્પ હતાં : ફૂલો, પતંગિયાં, અજગર ઇત્યાદિ. એ રંગો જોઈ નવાઈ લાગેલી, કારણ કે પહેલી જ વાર ચીનમાં રંગોનો એવો અનાકર્ષક ઉપયોગ જોયો. વધારે પડતા ઘેરા ને બિન-કલાત્મક હતા. મને દક્ષિણ ભારતનાં મંદિરોનાં ગોપુરમ્‌ની યાદ આવેલી.

પરન્તુ એ સ્થાન મને ખૂબ જ પસંદ પડી ગયું, ને એના કારણમાં હતું, એનું પૂરેપૂરું ચીનીપણું. ઉત્તમ કળા તથા અતિ-પુરાતન સંસ્કૃતિથી સમૃદ્ધ એવા દેશને શોભે તેવું ને ત્યાં અપેક્ષિત હોય તેવું, નિરાડંબર અને સાહજિકતાથી સભર વાતાવરણ ધરાવતું સ્થાન મને એ લાગ્યું. એનાં ચાર આંગણ અને સ્તંભ-યુક્ત વરંડા હવા, ઉજાસ અને મોકળાશની ઉપસ્થિતિ શક્ય બનાવતાં હતાં. કોમળ, સુરેખ તરુ-સંખ્યા દ્વારા પરિસર હૃદ્ય-ચારુ થયો હતો. વળી, 'બૉન્સાઈ' ઝાડનું ત્યાં પ્રાચુર્ય હતું. ચીની ભાષામાં 'બૉન્સાઈ' માટેનો શબ્દ મારે જાણવો હતો. જૅકી મારો પ્રશ્ન સમજ્યો હતો કે નહીં તે હું નથી જાણતી, પણ એણે 'બૉન્સાઈ' - જાપાની લઘુ-તરુ- માટેનો ચીની પર્યાય 'પેન્જિંગ' આપ્યો. ખૂબ જ સુંદર હતાં એ બધાં - એટલાં નાનકડાં, એટલી કાળજી ને કળાથી ઉગાડેલાં. લઘુ-તરુ માટેની વિક્રય-વાટિકા એ હશે, એમ મને લાગ્યું. વિવિધ પ્રકારનાં ચારસો-પાંચસો 'બૉન્સાઈ'- ઝાડ ત્યાં હશે. એમની તાજગી અને ભીનાશથી એ સ્થાન પણ શીતળ બનેલું હતું.

ત્યાં કલાકો બેસી રહેવું ગમ્યું હોત, પણ એકદમ હું ભૂખને કારણે ક્લાન્ત થઈ ગઈ. જૅકી મને શહેરના જૂના વિભાગમાં એક બહુ સરસ, લાક્ષણિક પ્રકારનું ભોજન બનાવતી, રેસ્ટોરાંમાં લઈ ગયો. 'લાન શ્યાન' એનું નામ હતું. એની અંદર નાના નાના કક્ષ હતા. પૂરતા પ્રકાશવાળા કક્ષ. એમાં જૂથ માટે કે બેએક જણ બેસી શકે તેવાં ટેબલ ગોઠવેલાં હતાં. મારે માટે તોફુ, ગાજર-વટાણા, નૂડલ્સ, મકાઈનો શોરબા જેવી વાનગીઓ આવી. રિવાજ પ્રમાણે થોડી થોડી. ભાજી ઘણી હતી, પણ એ બહુ ખવાય નહીં. થોડી ભૂખ રહી, પણ બધું આવી ગયું, એમ માની હું ઊભી થઈ. ત્યાં જ નાના વાડકામાં ભાત આવ્યો, જે મેં તીખી ચટણી સાથે ખાધો. વળી, પૂરું થયું માની હું ઊઠી, તો પીરસનાર છોકરીએ કહ્યું કે ગળપણ અને ફળ હજી બાકી હતાં. જૅકી કહે કે, 'કેવળ ગુઆન્ગજોમાં જ ભોજનાન્તે ગળ્યું આપવાની પ્રથા છે - પશ્ચિમી અસરને લીધે.' મુંબઈના હલવા જેવું એક ચકતું અને ઓલાઝોલાની માફક તળીને ચાસણીમાં નાખેલી એક મીઠાઈ મળી. હવે બરાબર પેટ ભરાયું ખરું! બે-એક કટકા નારંગીના પણ ખાધા. ત્રણ વાર તો ભોજન દરમિયાન ભીના રૂમાલ અપાયા હતા - હાથ ને મોઢું સાફ રહે તે માટે.

ફરિયાદનું કોઈ કારણ રહ્યું ન હતું. હું સંતોષ અને આનંદ અનુભવી શકી હતી - ગુઆન્ગજોમાં. □

અનુસંધાન] ભાગેડુ [પૃ.૮૩૩થી

એણે ડોસાને બાજુ પર લઈ જઈને ધીમા અવાજમાં કહ્યું...

સાંભળીને ડોસો ઘડીભર તો અવાક્ થઈને એની સામે ડોળા ફાડીને જોતો રહ્યો.

ડોસાનું ચસકી જશે કે શું?

પણ જમાનાના ખાધેલ ડોસાએ ફટ મન પર કાબૂ મેળવી લીધો.

'બાપુજી, રમાભાભીને હજુ કશી વાત નથી કરી. એમને અહીં સુધી લઈ આવવાની જવાબદારી મેં લીધેલી. હવે તમારે એમને સમાલવાનાં.'

ત્યાં દૂરથી ઍમ્બ્યુલન્સ આવતી દેખાઈ.

એનાથી ત્યાં ઊભા રહી શકાયું નહીં. એ દોડીને નજીકના ઘરમાં ભરાઈ ગયો. ઍમ્બ્યુલન્સ પાસે હશે પછી જે દૃશ્ય રચાવાનું હતું એ જોવા-જીરવવાની હામ એનામાં રહી નો'તી. □

૧૯૯૮ સંબંધિત ગણિત - અંકયંત્રો

માધવજી દેવળિયા

૯૦	૦૧	૦૮	૯૯
૧૯	૮૮	૮૧	૧૦
૮૯	૧૮	૧૧	૮૦
૦૦	૯૧	૯૮	૦૯

ઉપરોક્ત આકૃતિમાં ૦,૧,૮ અને ૯ એ ચાર આંકડાઓથી બબ્બે આંકડાઓવાળી સોળ સંખ્યાઓને એવી રીતે ગોઠવવામાં આવી છે કે દરેક હારમાં, દરેક સ્તંભમાં અને બંને વિકર્ણોમાં આવતી ચારેય સંખ્યાઓનો સરવાળો ૧૯૮ થાય છે.

પરંતુ, જો દરેક ખાનામાં આવેલી દરેક સંખ્યામાં ૪૫૦ ઉમેરીને સરવાળો કરવામાં આવે તો દરેક હારમાં, દરેક સ્તંભમાં અને બંને વિકર્ણોમાં આવતી ચારેય સંખ્યાઓનો સરવાળો ૧૯૯૮ થાય છે.

પહેલા સ્તંભમાં	પહેલી હારમાં
૯૦ + ૪૫૦ = ૫૪૦	૯૦ + ૪૫૦ = ૫૪૦
૧૯ + ૪૫૦ = ૪૬૯	૦૧ + ૪૫૦ = ૪૫૧
૮૯ + ૪૫૦ = ૫૩૯	૦૮ + ૪૫૦ = ૪૫૮
૦૦ + ૪૫૦ = ૪૫૦	૯૯ + ૪૫૦ = ૫૪૯
૧૯૮ +૧૮૦૦ = ૧૯૯૮	૧૯૮ +૧૮૦૦ = ૧૯૯૮

૧૯૯૮ વિષે અવનવું : કોઈ પણ ચાર આંકડાની રકમમાં, તે રકમને ઉલટાવતાં જે રકમ બને, તે બંને રકમમાંથી જે મોટી હોય તેમાંથી નાની રકમ બાદ કરવી. બાદ કરતાં આવેલી રકમમાં તે જ રકમને ઉલટાવી તે બંનેનો સરવાળો કરો. આવી રીતે સરવાળો કરતાં એક સરખી રકમ નહીં આવે. ક્યારેક ૯૯૯૯, ૧૦૯૮૯ અથવા ૧૦૯૯૦ આવશે. ૧૯૯૮ વિષે આગળ વધીએ..... ૧૯૯૮ને ઉલટાવતાં ૮૯૯૧ થયા.

	૮૯૯૧
નાની રકમ બાદ કરીએ	- ૧૯૯૮
બાદ કરતાં આવેલી રકમ	૬૯૯૩
તે રકમને ઉલટાવતાં	+ ૩૯૯૬
	૧૦૯૮૯
૧૯૯૮ના ઊલટા બાદ કરીએ	- ૮૯૯૧
મૂળ ૧૯૯૮ની રકમ	૧૯૯૮

	૮૯૯૧
નાની રકમ બાદ કરીએ	- ૧૯૯૮
બાદ કરતાં આવેલી રકમ	૬૯૯૩
તે રકમને ઉલટાવતાં	- ૩૯૯૬
	૨૯૯૭
તે રકમને ઉલટાવીને	+ ૭૯૯૨
	૧૦૯૮૯
બાદ કરીએ	- ૧૯૯૮
૧૯૯૮ની ઉલટાવેલી રકમ	= ૮૯૯૧

આવું ભાગ્યે જ કોઈ સંખ્યામાં બને છે. કોશિશ કરી જુઓ.

૧૯૯૮ની વિચિત્રતા :

(૧) ચાલુ વર્ષ ૧૯૯૮માં '૨' ઉમેરતાં '૨' આંકડાથી શરૂ થતું પહેલું જ નવું વર્ષ ૨૦૦૦ શરૂ થાય છે. આવો યોગ એક હજાર વર્ષ પહેલાં ૯૯૯ના વર્ષ માટે હતો અને હવે એક હજાર વર્ષ પછી ૨૯૯૭ના વર્ષ માટે આવશે.

(૨) ચાલુ સાલના આંકડાઓ ૧૯૯૮માંથી હજારની જગ્યાએ રહેલા '૧'ને એકમની જગ્યાએ રહેલા '૮'માં ઉમેરતાં ૯૯૯ થાય છે જે ૧૯૯૮ના બરોબર અર્ધા થાય છે. આવો યોગ કોઈ પણ વર્ષ માટે થતો નથી. ૧૩૩૨માં હજારની જગ્યાએ રહેલા '૧'ને એકમની જગ્યાએ રહેલ '૨'માં ઉમેરતાં ૩૩૩ થાય છે. ૧૩૩૨ના ચોથા ભાગના - પા ભાગના છે. ૧૩૩૨ના બમણા ૨૬૬૪ના વર્ષ માટે એકમની જગ્યાએ રહેલા '૪'માં હજારની જગ્યાએ રહેલ '૨' ઉમેરતાં '૬૬૬' થાય છે, જે ૨૬૬૪ ના ચોથા ભાગના - પા ભાગના થાય છે.

(૩) ૧૯૯૮ની સંખ્યામાં દશક અને શતકની જગ્યાએ આવતી સંખ્યા '૯૯'માંથી હજારની જગ્યાએ આવેલ '૧'ને બાદ કરતાં ૯૮ રહે છે, જે રકમ દશકની જગ્યાએ આવેલ છે. આની પહેલાંની સંખ્યા ૧૮૮૭ના વર્ષ માટેની હતી અને હવે પછીની સંખ્યા ૨૧૦૮ના વર્ષ માટેની હશે.

(૪) ૧૯૯૮ના આંકડાઓનો સરવાળો કરતાં ૧+૯+૯+૮=૨૭=૨+૭=૯ થાય છે. જેથી ૧૯૯૮ને '૯'થી ભાગી શકાય છે. આવી સંખ્યા ૧૯૮૯ ના વર્ષ માટેની હતી અને હવે પછી ૨૦૦૭ના વર્ષ માટેની હશે. એ બંને સંખ્યાઓની વચ્ચેની સંખ્યા ૧૯૯૮ છે. □

કલાવાર્તા

ડૉ. સુરેશ શેઠ

ગુજરાતના કલાક્ષેત્રે છેલ્લી પચીસીમાં અનેક કલાકારોએ પોતાનાં નામ નોંધાવ્યાં છે. આર્ટગેલેરીઓ હવે ચિત્ર-શિલ્પોથી ભરેલી રહે છે. ખાસ કરીને અમદાવાદ અને વડોદરામાં ચિત્રકારો વનમૅન શો દ્વારા પોતાનાં ચિત્રો લોકો સમક્ષ મૂકે છે. સુરત અને રાજકોટમાં પણ ગેલેરીઓ વૈયક્તિક શોથી ભરેલી રહે છે. આવા સંજોગોમાં કલાકારો અને કલારસિકો વચ્ચે કોઈ સેતુની જરૂર ખરી, જેથી લોકો નવા પ્રયોગો કે નવી કલાને સમજે. આ કામ શ્રી સુરેશ શેઠ કરી રહ્યા છે. શ્રી સુરેશ શેઠ ટાઈમ્સ ઑવ્ ઇન્ડિયામાં ઠીકઠીક વર્ષોથી પ્રદર્શનોના રિવ્યૂ લખે છે. આ પ્રચાર માધ્યમથી પણ લોકો ગેલેરી સુધી આવતા થયા છે.

તેઓ ૧૮૬૩માં બી.એ. ફાઈન આર્ટ્સ થયા બાદ એમ.એ. થઈ ૧૯૮૧માં ડૉક્ટરેટ પામ્યા. ફેકલ્ટીના એ પ્રથમ ડૉક્ટરેટ. ઠીકઠીક વર્ષોના તપ પછી સૌરાષ્ટ્રની ખરક જાતિના હાલના (ભરતકામ) આર્ટ અને ક્રાફ્ટ પર એમણે મહાનિબંધ તૈયાર કર્યો. તેમના માર્ગદર્શક હતા કે.જી. સુબ્રહ્મણ્યમ્ - સ્કૉલર, આર્ટ ટીચર અને કલાકાર.

તેમની ઊંડી સૂઝથી તેમના સંપર્કમાં



રહી સુરેશભાઈ લેખન અને સંશોધનનો રાહ શીખ્યા. ખરક જાતિ પાસે ભરતકામનું વારસાગત કૌશલ છે. દીકરીના લગ્નમાં ભરતગૂંથણના અનેક નમૂના દાયજામાં અપાય છે. તકિયા, કવર, તોરણો, ચાકળા, ટોડલિયા, વગેરે સુશોભિત કરવાનું કામ મહિલાઓ પોતાની રીતે કરે છે. આ માટે ગુજરાત રાજ્ય તરફથી તેમને સ્કૉલરશિપ મળેલી. ડૉક્ટરેટની પદવી બાદ આહીર જાતિના લોકોની કલાકારીગરી અને લોકજીવન પર સંશોધન માટે ઑલ ઇન્ડિયા હેન્ડિક્રાફ્ટ બોર્ડ તરફથી સંશોધન માટે તેમને પૂરતી રકમ ફાળવાઈ. મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લામાં રહેતી વણઝારી કોમની લોકકલા અંગે પણ તેમનું સંશોધન ચાલુ છે. સૌરાષ્ટ્રના ધાબળા, ખરક જાતિનાં ભીંતચિત્રો અને અંજાર તથા પાલનપુરના ભરતકામવાળા જોડા અંગે પણ ક્રાફ્ટ મ્યૂઝીઅમ દિલ્હીના અનુરોધથી સુરેશભાઈ સંશોધન કરી રહ્યા છે. સુરેશભાઈએ ઉષાકાન્ત મહેતાના સાથમાં 'પીળી ભોમકા' પુસ્તક લખ્યું, જે દ્વારા સૌરાષ્ટ્રની કારીગરી પર પ્રકાશ પડ્યો. ગરીબોની ભીંતો છાણ-લીંપણથી તૈયાર કરેલી હોય અને તે પર ચિત્રો તો વર્ષોથી થતાં, ખડીથી - તેને લોકનજરમાં આણ્યાં.

શ્રી શેઠ વડોદરાના વાસ દરમિયાન ફેકલ્ટિની હૉસ્ટેલમાં રહેતા. ઘણા એકાંત પ્રિય. અભ્યાસ અને પીંછી એમનાં સાથી. પુસ્તકો વાંચવામાં વધુ સમય ગાળે. આજે પણ પુસ્તક ખરીદવામાં ને વાંચવામાં ઉદાર ખરા. ત્યાં શ્રી ભૂપેન ખખ્ખર અને ગુલામ શેખનો સાથસહકાર મળ્યો. મહાનિબંધ વખતે શ્રી જ્યોતિ ભટ્ટ અને કનેરિયાએ ફોટોગ્રાફીમાં મદદ કરી. મહાનિબંધ વેળા તેમની પાસે કેમેરા નહોતો. આ નાની બાબતથી પણ ચિંતિત રહેતા. પરંતુ તેમની નિષ્ઠા જોતાં મિત્રો મદદમાં આવી જતા.

અભ્યાસ વખતે ચિત્રકામ કરતા, તેમનો વિષય વહાણ અને દરિયો રહેતાં. નાનપણથી દરિયાનું સાન્નિધ્ય સેવેલું એટલે તે વિષય સહજ રીતે આવી જતો. શ્રી બેન્દ્રે એમના આચાર્ય હતા. તેમનો શ્રી સુરેશભાઈને પૂરો લાભ મળ્યો. શ્રી મની સાહેબનો સંપર્ક પછી થયેલો. ચિત્રકળાની મૂળભૂત સમજ તેમની પાસેથી મળી.

તેમણે પ્રથમ વનમૅન શો અમદાવાદમાં ૧૯૯૨માં કર્યો, જેનો વિષય વહાણ હતો, બીજો વનમૅન શો ૧૯૯૬માં કર્યો, જેનો વિષય મશિન હતો. બન્નેમાં અદ્યતન કલાનો પ્રભાવ ઝિલાયો હતો.

તેઓ પોતાનું બાળપણ આજેય વાગોળે છે. કેવો હતો એ જીવનનો સુવર્ણયુગ! દરરોજ નદીએ નાહવા જવું. મોસાળ જાય ત્યારે પણ મામા દરિયે નાહવા લઈ જાય. એ નાવડાં, વિશાળ જળરાશી અને તે પર ખુલ્લું આકાશ તેમના મનમાંથી આજેય ખસતાં નથી. ખડકોને અથડાતાં પાણી આજેય સંભળાય છે ને બંધાતાં વહાણ નજર સમક્ષ છે. તેમનાં માસી જાફરાબાદમાં. ત્યાં પણ દરિયો. આમ, દરિયાની હાજરી બાળપણ સાથે સતત રહી. સુરેશભાઈનાં ચિત્રોમાં આજેય દરિયો ને હોડકાં ખરાં. તેઓ આજે અમદાવાદમાં રહે છે. પણ ક્યારેક થઈ આવે કે ભાવનગર કે મહુવા જતા રહેવું. અંગત મિત્રો સાથે બેસે ત્યારે તે બાળપણની આવી યાદો વાગોળે છે.

અભ્યાસનો આરંભ માતૃભૂમિ ભાવનગરમાં થયો. ૧૯૫૮માં S.S.C. થયા. ભાવનગર સાહિત્ય ને કલા-સંસ્કારોથી ગાજતું હતું. ત્યાંની આલ્ફ્રેડ હાઈ સ્કૂલમાં ચિત્રકાર શ્રી સોમાલાલ શાહ શિક્ષક તરીકે હતા. તેમની પાસે કલાના સંસ્કારો બલવત્તર બન્યા ને વડોદરાની કલાશાળામાં જવાનું મન થયું. એમ. એ. પછી નોકરી માટે અહીંતહીં પ્રયત્નો કર્યા તે નિષ્ફળતા પછી ભાવનગરે તેમને આવકાર્યા. સામળદાસ કોલેજમાં જુદા જુદા વિભાગોમાં તેઓ કલાનો ઇતિહાસ શીખવતા. સંસ્થાની સદ્‌ભાવના છતાં જીવ અકળાતો, ગુંગળાતો ને મનને હળવું કરવા તે વડોદરા જઈ અવારનવાર



ખરક જાતિની લોકકલા



જળરંગી - તેજસ્વી રંગો

શ્રી મની સાહેબને મળતા. એ મુલાકાતો-માંથી જ ડૉક્ટરેટ કરવાનો વિચાર આવ્યો ને ફળદાયી બન્યો.


તેમના સૌરાષ્ટ્ર-ભાવનગરના વાસ દરમિયાન ૧૯૬૭ થી ૧૯૬૯ સૌરાષ્ટ્ર સમાચારમાં સૌરાષ્ટ્રની દશ્યકલા પર લખ્યું અને સહતંત્રી રહ્યા. બાદ લેખનકાર્યનો એકધારો પ્રવાહ ચાલતો રહ્યો, જેમાં લોકગુર્જરી, સુધા, સ્ત્રીજીવન, ગુજરાત રીસર્ચ જર્નલ અને ધર્મયુગમાં છૂટક લેખો પ્રકટ થયા. ધી ઇન્ડિયન આર્કીવ્ઝ માટે પણ લખ્યું. જ્ઞાનગંગોત્રીમાં પશ્ચિમની અદ્યતન મુવમેન્ટ પર લખ્યું. આમ, સતત વાચન-લેખન ચાલ્યા કરે છે. વિશ્વકોશ માટે અધિકરણો પણ લખ્યાં. તેમના જીવનનો સુદીર્ઘકાળ ભણવા-ભણાવવામાં પસાર થયો તે એમનો આનંદ છે.

૧૯૩૮માં એમનો જન્મ ભાવનગરમાં, તેમના જીવનનો પાછળનો ભાગ અમદાવાદના સી.એન. કલાવિદ્યાલયમાં અધ્યાપક તરીકે રહ્યો. ત્યાં પણ સૌની સાથે સરખા ભાવથી કશામાં પડ્યા વિના શિક્ષણકાર્ય કર્યું.

તેમના જીવનના અગત્યના પ્રસંગો ક્યારેક સળવળી ઊઠે છે. ડૉક્ટરેટ વેળા ક્રાફ્ટના કેટલાય નમૂનાની ફોટોગ્રાફી શી રીતે કરવી, બહાર કરાવે તો ખર્ચ વધે ને ધાર્યું પરિણામ ન આવે ને આ મૂંઝવણ કોને કોને કહેવી? મિત્ર જ્યોતિ ભટ્ટ (ત્યારે અધ્યાપક હતા) ને શ્રી રાઘવ કનેરિયા મદદમાં આવ્યા. શ્રી સુરેશભાઈ પોતાની મૂંઝવણ કોઈને કહે નહિ. ચિંતન સાથે ચિંતા કરવાની ટેવ પણ ખરી. ડૉક્ટરેટ- વેળાએ પિતાનું અવસાન થયું. સગાં- સંબંધીએ એ ખોટ પૂરી. મદદ તો કેવી ? બાપુજીના કાકાએ કેમેરો અપાવ્યો. એ કેમેરાને હાથ અડાડતાં એમને અનહદ આનંદ થયેલો.

૨૨મી જુલાઈ ૧૯૮૧નો દિવસ હતો. વાઈવા માટે દિલ્હી જવાનું. પુપુલ જયકર અને મુલ્કરાજ આનંદ જેવા પરીક્ષક હતા. ચોમાસાની ઋતુ ને મૂશળધાર વરસાદ. દિલ્હી શે જવાય? ટ્રેનો રદ થયેલી. બીજી બાજુ ભાભી ગુજરી ગયાં. પ્રથમ વડોદરા પહોંચવા ધંધુકાથી માંડ બસ મળી. ચોમાસુ તોફાની ને ટ્રેનની ટિકિટ ન મળે. તે સામે દસ વર્ષની મહેનત હતી. વડોદરાથી કોટા અટક્યા. ત્યાં પહોંચતાં સ્ટેશન માસ્તરને મળ્યા. પૂરની પરિસ્થિતિ હતી. સ્ટેશન માસ્તરે ડિલક્સમાં બેસાડી દીધા. દિલ્હી પહોંચ્યા ત્યાં વળી રિક્ષાવાળાની હડતાળ. અંતે સ્થળ પર ચાલતા પહોંચ્યા. વાઈવામાં બેસતાં જ બન્ને પરીક્ષકોએ પ્રસન્નતાપૂર્વક જણાવી દીધું કે 'We have awarded you Ph.D.' જીવન એટલે માત્ર સુખ કે દુઃખ નહિ, પણ સંઘર્ષ તો ખરો જ.

સામાન્ય રીતે સુરેશભાઈથી સંઘર્ષ ખમાય નહિ. આનું કારણ સુખી ઉછેર. મા મહુવાનાં નગરશેઠનાં દીકરી.



ત્વરિતાલેખન



આળેખ - ખરક જાતિ

હોમિયોપથીનું ઔષધશાસ્ત્ર.............................**પેટ્રોલિયમ**............................. હેમેન્દ્ર એ. શાહ

શુદ્ધ કરેલ પેટ્રોલ (ગેસ ઓઈલ) કોલ ઓઈલને શક્તકૃત કરીને આ ઔષધ બનાવવામાં આવે છે. હનેમને આ દવાનો પ્રયોગ કરી સફળતા મેળવી હતી.

હથેળીના આગળના તથા પાછળના ભાગમાં પરુ જેવું પાણી નીકળે, હથેળીની ચામડી બરછટ થાય, ચીરા પડે, કાનની આસપાસ, કાનની અંદર છૂટા અથવા મોટા સમૂહમાં ફોડકીઓ થાય ત્યારે આ ઔષધ ઉપયોગી છે. શિયાળામાં ચામડીનું દર્દ વધે, આંગળી ચીકણી થઈ ચોંટી જાય તેવું પ્રવાહી નીકળે, શરીરની ચામડી પાતળી તથા નાજુક હોય, ચામડી પહેરેલાં કપડાંથી પણ ઘસાતી હોય તેવી લાગણી થાય, બસ, રેલ્વે અને સ્ટીમરની મુસાફરીથી બેચેની લાગતી હોય તો પેટ્રોલિયમ લેવું જોઈએ.

પેટ્રોલિયમના દર્દીને ઊંઘમાં અથવા ઝોકાં ખાતી વખતે એવો ભ્રમ થતો હોય છે કે તેના પગના બે ભાગ થઈ ગયા છે. તેની પથારીમાં બીજી કોઈ વ્યક્તિ કે બે બાળકો સૂતેલાં છે અને તેનો ઉછેર હું કેવી રીતે કરી શકીશ! આવી ભ્રામક ચિંતાથી દુઃખી થાય છે. પેટ ખાલી હોય ત્યારે દુઃખાવો થતો હોય અને થોડું-વધારે ખાવાથી રાહત લાગતી હોય ત્યારે પેટ્રોલિયમ ઉપયોગી છે. દિવસ દરમિયાન જ વારેઘડીએ ઝાડા થઈ જાય અને સંડાશ ગયા પછી એકદમ ભૂખ લાગવા માંડે ત્યારે પેટ્રોલિયમની સારવાર કરવી જોઈએ.

માથાના પાછળના ભાગમાં દુઃખાવો તથા દુઃખાવા સાથે ઊલટી-ઊબકા આવવા તથા અત્યંત દુઃખાવામાં બેહોશી જેવી પરિસ્થિતિ સર્જાવી, ઊંઘ નિયમિત ન આવવી, મૃત્યુના વારંવાર વિચારથી ગમગીની વર્તાવી, એલોપથીના વધુ પડતા ઉપયોગથી થયેલી આડ અસરને દૂર કરવા પેટ્રોલિયમ ઔષધ ઘણું ઉપયોગી છે.

ખરજવું, મોઢા ઉપર લકવા જેવી અસર, ચીડિયો સ્વભાવ, બરફના પ્રદેશમાં ફરવાથી થયેલ ફ્રોસ્ટ બાઈટમાં અને આ ઉપરાંત બહેરાશ, શરીરના કોઈ પણ ભાગમાં ચામડી બરછટ થઈ જવી, ચામડીમાં ચીરા પડવા, ગેસને લીધે થયેલ ચાંદી, સિફીલીસ, ચામડી લાલ પડી જવી, દાંતનો દુઃખાવો વગેરેમાં પણ આ ઔષધ કામ કરે છે.

કેમિકલ ફેકટરીમાં થતા પોલ્યુશનને લીધે બીમારી આવતી હોય, અમુક ઝેરી ગેસની ફેકટરીમાં કામ કરતા કારીગરો ગાંડા જેવા થઈ જાય, એકદમ બીજા ઉપર હુમલો કરવાની-મારવાની ઇચ્છા થઈ જાય તેવું માનસ ધરાવે ત્યારે પેટ્રોલિયમની જાદુઈ અસર થાય છે. એનિમિયા, લોહીની ઊણપ, અશક્તિ, અત્યંત દુબળું શરીર અને વારંવાર ખિજાવાનો સ્વભાવ પેટ્રોલિયમના ઉપયોગનો સૂચક છે. આંખમાં દુઃખાવો, કાળાં કૂંડાળાં, આંખમાં થતી બળતરા, માથાના દુઃખાવામાં ક્યારેક દેખાતું બંધ થાય, મોઢું લાલ અને ગરમ થઈ જાય, ગાલ ચમકતા દેખાય પણ બેસી ગયા હોય - આ ચિહ્નોમાં પેટ્રોલિયમ અવશ્ય આપવું જોઈએ.

જમ્યા પછી પેઢુના દુઃખાવા માટે, પેટ ખાલી થઈ ગયું હોય તેવી વારંવાર લાગણી થતી હોય ત્યારે, થોડો થોડો પેશાબ વારંવાર થતો હોય ત્યારે, પેશાબમાં લોહી તથા પરુ પણ જતું હોય ત્યારે, અચાનક પુરુષત્વ ઓછું થઈ ગયું છે તેમ લાગે ત્યારે, સાંધામાં કડકડ અવાજ થતો હોય, હાથ અચાનક અશક્ત થઈ ગયા હોય ત્યારે, કાંડામાં દુઃખાવો રહેતો હોય ત્યારે, પગમાં અત્યંત પરસેવો વળતો હોય ત્યારે પેટ્રોલિયમ ઘણી અસરકારક દવા સાબિત થઈ છે. ☐

જાજરમાન, ઉદાર. કોઠીયે ધાન છલક ને અને બાપ ભાવનગરના નગરશેઠના દીકરા. મા હીંચકે બેઠાં હોય તો હીંચકો શોભે. આ સૌ તરફથી સુરેશભાઈ લાડમાં ઊછર્યા. સુરેશભાઈ આ વાત સ્વીકારે છે. ઉનાળામાં કહે, 'હમણાં જવા દો ખૂબ ગરમી છે' ને શિયાળે કહે, 'શરદી થાય, ચોમાસે વરસાદ પજવે'. પરિણામે ઘરમાં રહેતાં અધ્યયન વધુ થાય તે ફાયદો.

તેમનાં પત્ની રેણુકાબહેન તેમની બધી અધૂરપ પૂરી કરે. તેઓ અંગ્રેજીનાં પ્રાધ્યાપિકા, ખૂબ બોલ્ડ, સાહસિક. તાજેતરમાં 'વૉલ્ડ સિટી'નું ભાષાંતર કરી સાહિત્ય ક્ષેત્રે પણ પદાર્પણ કર્યું. શ્રી સુરેશભાઈ મોટી ઉંમરે - ૪૫ વર્ષે પરણ્યા. બન્નેને સાહિત્યમાં સરખો રસ. મિત્રો મહેમાનોને આવકારે ને ભાતભાતની વાનગીઓ પીરસે. શ્રીમતી રેણુકાબહેન શ્રી મણિભાઈ શાહ, ભૂતપૂર્વ માહિતી નિયામકનાં પુત્રી.

સદાય સદ્‌નું આચરણ કરનાર, નિરુપદ્રવી અને અભ્યાસી એવા ડૉ. સુરેશભાઈ હવે નિવૃત્તિને આરે છે. તે ગુજરાતને ઘણું આપી શકશે. - **નટુ પરીખ**

સુધારો : ઑકટોબર અંકમાં ૭૩૦ પૃષ્ઠ પર ત્રીજા સ્તંભમાં નીચેથી ચોથી લીટીમાં 'એકુથી મણ' નહિ પણ 'એકુથી દાણ' જોઈએ. ૭૩૧ પૃષ્ઠ પર બીજા સ્તંભમાં પાંચમી લીટીમાં 'સંસ્કૃતિકરણ' નહિ પણ 'સંસ્કૃતીકરણ' જોઈએ.

પસ્તીનાં પાનાં


ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

ડૉ. ખત્રી અને પન્નાલાલ પટેલ

તા. ૯-૪-૮૯. યુનિવર્સિટીના સ્ટેટિસ્ટિક્સના પ્રોફેસર અને વિશ્વમાન્ય આંકડાશાસ્ત્રી ચિનુભાઈ ઘેલાભાઈ ખત્રીનું બીજી એપ્રિલે ૫૦ વર્ષની ઉંમરે અવસાન થયું! આ ઓલિયો શિક્ષક નિયમ મુજબ આંકડાશાસ્ત્ર વિભાગની પોતાની ઑફિસે બેસીને કામ કરતો હતો ત્યાં છાતીમાં દુખાવો થયો, તેમના સાથીદારો દોડીને યુનિવર્સિટીના ડૉક્ટરને બોલાવી લાવ્યા. ડૉક્ટરે સલાહ આપી કે તેમને તત્કાલ હૉસ્પિટલમાં દાખલ કરવા જોઈએ. બપોરે ૩.૦૦ વાગે હૉસ્પિટલમાં દાખલ કર્યા અને સાંજે ૫.૩૦ને શુમારે ગુજરી ગયા.

તા. ૬ઠીને ગુરુવારે પન્નાલાલ પટેલનું અવસાન થયું. તેમને લો બ્લડ પ્રેશર અને લકવાની હળવી અસર તો ઘણા વખતથી હતી. પણ હૉસ્પિટલો કે એલોપથી સારવારમાં તેમને શ્રદ્ધા ન હતી. બલ્કે ઘૃણા હતી. ત્યાં સુધી કે ઘરનાં પાસેથી તેમણે વચન લીધું હતું કે ગમે તે થાય પણ તેમને હૉસ્પિટલમાં ખસેડવા નહિ.

સોમવાર તા.૩જી એપ્રિલે બપોરે નિત્યનિયમ મુજબ ચાર વાગે સૂઈને ઊઠ્યા અને પુત્રવધૂ ચા લાવે તેની વાટ જોતા ટી



ટેબલ પર બેઠા. બેઠા બેઠા ચક્કર આવવા જેવું લાગ્યું અને તેની સૂચના મળે તેવો અસ્પષ્ટ અવાજ કાઢી બેહોશ થઈ ગયા. પુત્રે પિતાનું આપેલું વચન કોરાણે મૂકી તેમને હૉસ્પિટલમાં ખસેડ્યા. ભાનમાં ન જ આવ્યા અને ગુરુવારે સવારે મૃત્યુ પામ્યા

ડૉ.ખત્રી અને પન્નાલાલ પટેલ બન્નેની મૌલિક સર્જનની પ્રતિભા લગભગ સરખી. છતાં ચાર દિવસને અન્તરે થયેલાં આ બે મહાનુભાવોનાં નિધન પ્રત્યે લોકપ્રતિભાવમાં ઘણો ફેર. કારણ સમજાય તેવું છે. પન્નાલાલનાં સર્જનનો આનંદ સમાજ સીધો માણી શકે. ખત્રીનાં સર્જનનો સમાજને સીધો સ્પર્શ નહિ. પરંતુ એક બીજું કારણ પણ છે. પન્નાલાલ તો નરસિંહ મહેતાથી શરૂ થયેલી પરંપરાના પ્રતિનિધિ હતા. ડૉ. ખત્રી આંકડાશાસ્ત્ર માટેની ગુજરાતી પરંપરાના પ્રારંભક હતા.

પરીક્ષામાં ચોરી - અમદાવાદી રીત

તા. ૩૦-૪-૮૯. ગુજરાત ખગોળ મંડળ તરફથી હમણાં ત્રણ દિવસનો આકાશ-દર્શનનો શિબિર રાતના ૭.૦૦ થી ૧૦.૦૦ વાગ્યા સુધી હતો. તેમાં આકાશી જ્યોતિઓનાં સ્થાન નક્કી કરવા માટેની યામ પદ્ધતિઓ વિશે મેં વ્યાખ્યાનો આપ્યાં. કાર્યક્રમ ભવનની ખાનપુરમાં આવેલી કૉલેજમાં હતો.

ત્યાં ક્લાસરૂમમાં એક નવી વાત જોઈ. બાંકડાના લેવલે બધી જ ભીતો ઉપર પેન્સિલનું ઝીણા અક્ષરે લખાણ હતું. કેમિસ્ટ્રિનાં સૂત્રો, ફિઝિક્સની અટપટી આકૃતિઓ. ગણિત કે ફિઝિક્સના અટપટા પ્રમેયની આખી સાબિતી. આ આખું રૂમની ત્રણે દીવાલો ઉપર બાંકડે બેઠાં બેઠાં વાંચી શકાય તેમ લખેલું હતું. વાતચીત કરતાં ખબર પડી કે અત્યારે પરીક્ષાની સીઝન ચાલે છે એટલે અમદાવાદની બધી જ કૉલેજમાં આ સ્થિતિ છે!

પરીક્ષામાં ચોરી કરી કુખ્યાતિ પ્રાપ્ત કરવાનું શ્રેય નડીઆદ-ડાકોરને જાય છે. પણ એમની રીત પકડાઈ જવાય તેવી, ખિસ્સામાં કાગળની ચબરખી લઈ જાય. હૉલમાં કાગળ વાંચવાનો મેળ ન ખાય તો મુતરડીમાં જઈને વાંચી આવે. પણ રાજકોટ-વાળા એક ડગલું આગળ ગયા, ત્યાં તો યુનિવર્સિટીએ જ 'જગોજગ'નો નિયમ બનાવ્યો. દરેક વિદ્યાર્થીની બેઠક પોતાની કૉલેજમાં જ આવે. એટલે વિદ્યાર્થી બાંકડા ઉપર ઉઘાડો છરો મૂકે અને નિરાંતે ચોપડીમાં જોઈને જવાબ લખે.

પણ અમદાવાદીને તો કહેવું પડે! નડીઆદવાળાની જેમ પકડાઈ જવું પોષાય નહિ. રાજકોટ જેવો ઉઘાડો છરો જોઈને તો અમદાવાદીનાં પોતાનાં જ પોતિયાં ઢીલાં થઈ જાય! એટલે એણે આ નવો રસ્તો કાઢ્યો. સીટ નંબર મળ્યે કૉલેજના પટાવાળાને રાજી કરી ભીંત-પત્રો તૈયાર કરી લેવાં!!

આપણી પરીક્ષાઓ બીજું કાંઈ ન કરતી હોય પણ ચોરી કે છેતરપિંડીના એકએકથી ચઢિયાતા રસ્તા તો દેશના યુવાનોને શીખવે છે અને કદાચ તેટલા માટે જ આપણે આ પરીક્ષા-વ્યવસ્થા સાચવી રાખી છે!!

લિજ્જત ડિટર્જન્ટ

તા. ૨૩-૭-૮૯. સુરત જિલ્લાના વાલોડ ગામની મહિલા ગૃહ-ઉદ્યોગ મંડળી તેના 'લિજ્જત' પાપડથી આખી દુનિયામાં ફેલાયેલા ભારતીયોમાં મશહૂર છે. લિજ્જત પાપડ તો આખા દેશમાં બધે જ વેચાતા મળે છે. તેઓ લિજ્જત ખાખરા પણ બનાવે છે, પણ તે સુરત જિલ્લાની બહાર જાણીતા નથી. હવે લિજ્જત ચા-મસાલાની પણ જાહેર ખબર જોઈ. આ બધું તો સમજાય, પણ હમણાં જાહેર ખબર વાંચી કે લિજ્જત પાપડ વાળી મંડળી હવે ડિટરજન્ટ પાઉડર પણ બનાવે છે અને દિલ્હી, વાલોડ, મુંબઈ અને પૂના પછી હવે કલકત્તામાં મહિલા ગૃહ ઉદ્યોગ તરીકે ડિટરજન્ટ પાઉડર બનાવવો શરૂ કર્યો છે! આશ્ચર્ય થાય તેવું છે ને? ક્યાં પાપડ અને ક્યાં ડિટરજન્ટ પાઉડર?

ડિટરજન્ટ પાઉડર ગૃહ-ઉદ્યોગમાં બનાવી શકાય તેનું આશ્ચર્ય નથી. સવાલ એ છે કે લિજ્જત પાપડનો કાચો માલ (મગ, અડદ) તો મળી રહે પણ ડિટરજન્ટ પાઉડર માટેનાં કેમિકલ્સ

પાપડવાળા ક્યાંથી લાવે? એનો ભેદ હમણાં ખૂલ્યો, વિમલ ફબ્રિક્સવાળા રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે હવે પેટ્રો-કેમિકલ ઉદ્યોગો શરૂ કર્યા છે. તેના માલિક (ગુજરાતી)ને સૂઝ્યું કે મહિલા ગૃહઉદ્યોગ મંડળી ખાદી ગ્રામોદ્યોગ કમિશને માન્ય કરેલી મંડળી છે. તે જે કોઈ માલ તૈયાર કરે તેને કાચો માલ આ મંડળીને વેચવો. જકાતમાફીને કારણે તેણે બનાવેલો પાઉડર સસ્તો પડશે, એટલે માર્કેટમાં ઝપાટાબંધ વેચાશે! અને હરીફાઈમાં ટકી જવાશે. ગુજરાતી વ્યાપારીની કુનેહ માટે કહેવું પડે.

શનિ-રવિની રજા અને નાતાલની મજા

તા. ૬-૮-૮૯. શનિવારે અડધો દિવસ અને રવિવારે આખો દિવસ રજાની મજા તો અંગ્રેજોના જમાનાથી ચાલી આવે છે. પણ તેની ખરેખરી મજા, ખરો આનંદ તો હમણાં બેત્રણ મહિનાથી માણવા મળે છે. થયું છે એવું કે હિટલરના પ્રચારમંત્રી ગોબેલ્સનો એકમાત્ર સિદ્ધાન્ત કોઈ પણ જૂઠાણાને સતત દસ બાર વખત સાચી વાત તરીકે રજૂ કરો એટલે જૂઠાણું સત્ય થઈ જાય છે. આ ગોબેલ્સના શિષ્ય જેવો એક પ્રોફેસર અમારા રેડીઓ અને ટી.વી. ખાતાનો પ્રધાન થયો છે. તેના આવ્યા પછી ટી.વી. કે રેડિયો પરના સમાચારમાં ૨૦ મિનિટમાંથી ૧૦ મિનિટ વડાપ્રધાનનાં ગુણગાન, ૭ મિનિટ વિરોધપક્ષનાં કવખાણ અને બાકીની ૩ મિનિટમાં બસ-અકસ્માત કે પૂરસંકટ જેવી વાત. સોમ થી શુક્ર આ પેટર્ન ચાલે. પણ અમારો વડો પ્રધાન સંસ્કારે થોડો ભારતીય પણ ઝાઝેરો વિલાયતી છે. એટલે શનિ-રવિ પૂરી રજા પાળે છે. ન કોઈને મળે કે ન કોઈ રેલી સંબોધે કે ન કોઈ સભામાં ભાષણ કરે. એટલે ટી.વી.-વાળા સમાચારમાં વડા પ્રધાનને દેખાડી શકે નહિ. આમ સોમ થી શુક્ર વડાપ્રધાન, વડાપ્રધાન કર્યા પછી શનિ-રવિ, રેડિયો અને ટી.વી. મૂળ સ્વરૂપમાં જોવા મળે અને તેથી હવે અમને શનિ-રવિની મજા માણવા મળે છે!!

તા. ૧૯-૧૦-૮૯. ઇન્ડીઅન સાયન્સ કૉંગ્રેસ ૭૮ વર્ષની થઈ. પહેલા જ વર્ષથી રિવાજ પડી ગયો છે કે દર વર્ષે સાયન્સ કૉંગ્રેસ ૩જી જાન્યુઆરીએ શરૂ થાય અને ૧૦મીએ પૂરી થાય. આ સિલસિલો ૭૨ વર્ષ ચાલ્યો. આઝાદી પછી હંમેશાં દેશનો વડો પ્રધાન ૩જી જાન્યુઆરીને દિને ઉદ્ઘાટન કરે. નેહરુ, મોરારજી અને ઇન્દિરાએ આ નિયમ નિભાવ્યો હતો. પણ એ બધાં તો સંસ્કારે ભારતીય હતા પણ હાલના વડા પ્રધાનના અડધા સંસ્કાર યુરોપીઅન છે. એટલે ૩જી જાન્યુઆરી એમના સંસ્કાર પ્રમાણે નાતાલ પછી આરામનો દિવસ છે. એટલે તેમણે સાયન્સ કૉંગ્રેસના ઉદ્ઘાટનમાં જવાની ના પાડી અને 'જી હાં, સરકાર'ની વૃત્તિ દાખવી સાયન્સ કૉંગ્રેસે તેની ૭૨ વર્ષની પ્રણાલી તોડી ઉદ્ઘાટન ૭મી જાન્યુઆરીએ ગોઠવ્યું. પણ એક વાર રાજકારણનું શરણું લીધું એટલે વિજ્ઞાનની ચોક્કસતાને સ્થાને અનિર્ણાયકતા ડગલે અને પગલે દાખલ થાય. ૧૯૯૦ની ૭મી જાન્યુઆરીના અરસામાં ચૂંટણી હશે અને વડો પ્રધાન નવરો નહિ હોય એટલે સાયન્સ કૉંગ્રેસની તારીખ ૪ ફેબ્રુઆરી કરી, પણ રાજકારણનું ભલું પૂછવું! હાસ્યાત્મક હાલત થઈ! વિજ્ઞાનીઓ રાજકારણીઓના ગુલામ બને ત્યારે કેવી વિચિત્ર પરિસ્થિતિ સર્જાય છે!

ચૂંટણીખર્ચ માટે નાણાં

તા. ૧૨-૧૦-૮૯. અમારે ત્યાં બે મહિનામાં પાર્લમેન્ટની ચૂંટણી થશે. આઝાદી પછીની આ નવમી ચૂંટણી હશે. અને કદાચ સભ્યતા, વિવેક તથા પ્રમાણિકતાનાં ધોરણો બાબતમાં ખૂબ જ ઊતરતી કક્ષાની ચૂંટણી થશે. ચૂંટણી માટે રાજકીય પક્ષોને નાણાં જોઈએ. દુનિયાભરના રાજકીય પક્ષોને ચૂંટણીમાં જે પ્રકારનું ખર્ચ થાય તે ખર્ચ તો અમારા વડાપ્રધાનના પક્ષને પણ કરવાનું થાય. પરંતુ તે ઉપરાંત કેટલાંક સ્પેશિયલ ખર્ચ અમારા વડાપ્રધાનના પક્ષને કરવાં પડે છે. જવાહરલાલ નેહરુના વખતથી એક પરંપરા ઊભી થઈ છે કે ચૂંટણીપ્રચાર દરમિયાન વડાપ્રધાનની સભાઓમાં લાખો લોકો ઊમટે. નેહરુ કે ઇન્દિરાની સભામાં લોકો આપમેળે આવતાં. પણ અત્યારના વડાપ્રધાને તેનાં પાંચ વર્ષમાં એટલી આબરૂ બગાડી છે કે લોકો આપમેળે તેની સભામાં જતાં નથી. પણ દેશના વડા પ્રધાનની સભામાં લાખેક લોક તો આવવાં જોઈએ એટલે તે માટે ખર્ચ કરવું પડે છે. ટ્રક, બસ વગેરે વાહનની વ્યવસ્થા, દરેકને ફુડ-પૅકેટ, ખીસાખરચીના પૈસા - આમ વડાપ્રધાનની સભા માટે નહિ નહિ તો ય દસ, પંદર લાખનો સ્પેશિયલ ખર્ચ કરવો પડે! અને લગભગ ૧૦૦ જેટલી આવી સભાઓ થાય એટલે આવા ખર્ચના જ દસ-પંદર કરોડ રૂપિયા જોઈએ! અને આ બધાં નાણાં દલાલો, વેપારીઓ, કારખાનેદારો પાસેથી જ આવે. પણ આ નાણાં-કોથળીવાળા માટે તો 'લાભ વગર લાલિયો લોટે નહિ' એટલે પહેલી હત્યા પ્રામાણિકતાની થાય.


ખાંડઉદ્યોગ પાસેથી પક્ષને નાણાં લેવાં છે. ઉદ્યોગ કહે ખાંડનો ભાવ વધારી આપો. ૬ રૂપિયે કિલોમાંથી સરકાર જો સીધો ૯ રૂપિયે કિલોભાવ કરી આપે તો તો લોકોમાં ઊહાપોહ થાય અને સરકાર બદનામ થાય તે ચૂંટણીટાણે કેમ પોષાય? એટલે એક રસ્તો કાઢ્યો. સરકારે જાહેર કર્યું કે દેશમાં ખાંડનો સ્ટૉક છે એટલે વિદેશથી આયાત બંધ કરીશું. દરમિયાન કારખાનેદારોએ ઉત્પાદન ઘટાડી નાખ્યું. બજારમાંથી ખાંડ અદૃશ્ય થઈ. ૬ રૂપિયે કિલોમાંથી ભાવ ૧૩ રૂપિયે કિલો થયો. સરકારે કારખાનેદારો સાથે વાટાઘાટ કરી ૯ રૂપિએ કિલોનો ભાવ નક્કી કર્યો! જોયું નાટક! ૬ રૂપિયામાંથી સીધો ૯ રૂપિયા ભાવ નક્કી કરે તો ઊહાપોહ થાય એટલે આંખ આડા કાન કરી બજારભાવ ૬ રૂપિયામાંથી 'ઘટાડી'ને ૯ રૂપિયા ભાવ બાંધી આપ્યો! ઘીના ઠામમાં ઘી પડી રહ્યું. કારખાનેદારોને જોઈતો ભાવવધારો મળી ગયો અને પક્ષને સ્પેશિયલ ખર્ચને પહોંચી વળવા નાણાં મળી રહ્યાં!

પણ લોકોનું શું? તેમણે બહુ ખાંડ ખાધી છે તે થોડી ઓછી ખાશે તો શું બગડવાનું છે? □

સાહિત્યસંપર્ક

ગુજરાતી સાહિત્કાર પરિચયકોશ

ગુજરાત સાહિત્ય અકાદમી જે પીતે સ્વાયત્ત થયા પછી પ્રવૃત્ત થઈ છે તેનાં કેટલાંક સુફળોમાંનું એક તે કિરીટ શુક્લે સંપાદિત કરેલો ગુજરાતી સાહિત્યકારોનો મિતાક્ષરી પરિચય કરાવતો આ બૃહદ કોશ.



ગુજરાતી સાહિત્ય અકાદમીના ગ્રંથપાલ શ્રી કિરીટ શુક્લે ઉક્તિ ગ્રંથની આ બીજી આવૃત્તિને વધુ શાસ્ત્રીય બનાવવાનો સંનિષ્ઠ પુરુષાર્થ કર્યો છે. ૧૫૦ જેટલા સાહિત્યકારો દિવંગત થયા છે, એની માહિતી આ કોશમાંથી રદ કરેલ છે. સંપાદકના આ ગૃહીતને કઈ રીતે વાજબી ઠરાવી શકાય? ઠીક ચાલો! પણ આ પ્રકારના કોશની એક મોટી મુશ્કેલી અને મર્યાદા તે સર્જકો તરફથી શીઘ્ર અને શ્રદ્ધેય પ્રતિસાદનો અભાવ. આવાં કાર્યોમાં સર્જકે સંપાદકને સહાયભૂત થવામાં નાનપ નહિ, પણ ગરિમા સમજવી જોઈએ. આ સાથે સંપાદકની જવાબદારી પણ ઓછી થતી નથી એમ કબૂલવું જોઈએ. સંપાદકે પણ પરિશ્રમ કરીને સર્જકોની માહિતી અધિકાંશ માત્રમાં એકત્રિત કરવી જોઈએ.

અહીં સંપાદકનો શ્રમ વર્તાઈ આવે છે. નાના મોટા સર્જકો વિશેની સંપાદકને પ્રાપ્ય માહિતી અહીં મૂકવામાં આવી છે. અલબત્ત, આ બધું એકધારું અને એકસરખું થયું નથી, છતાંય સંપાદનનો આવો પ્રયત્ન સ્તુત્ય છે. આ પ્રકારના દસ્તાવેજી સાહિત્યગ્રંથમાં આંકડાઓની ચકાસણી ઝીણવટથી થવી જોઈએ અને જોડણી અતિશુદ્ધ રહેવી જોઈએ.

શાળા-મહાશાળાઓ અને વ્યક્તિગત અભ્યાસીઓ-સાહિત્યકારો માટે આ સંપાદન હથવગું રહે તે જરૂરી ગણાય. (પ્રકાશક ગુજરાત સાહિત્ય અકાદમી, જૂનું વિધાનસભા ભવન, ત્રીજો માળ, સેક્ટર - ૧૭, ગાંધીનગર - ૩૮૨૦૧૭;પાકું પૂંઠું, ડિમાઈ પૃષ્ઠ ૫૫૦, રૂપિયા ૧૪૦) - ધી.પ.

પ્રાપ્ત પ્રકાશનો

પરિચય ટ્રસ્ટ (મહાત્મા ગાંધી મેમૉરિયલ બિલ્ડિંગ, નેતાજી સુભાષ રોડ, મુંબઈ-૪૦૦૦૦૨)ની વિવિધ પરિચય પુસ્તિકાઓ. દરેક પ્રથમ આવૃત્તિ : ૧૯૯૭-૯૮, ક્રાઉન, પૃ.૩૨, કાચું પૂઠું, રૂ.પાંચ. (૧) **આઈ.એન. ટી.** : નિરંજન મહેતા, (૨) **સ્વતંત્ર ભારતમાં આર્થિક વિકાસ** : જિતેન્દ્ર સંઘવી, (૩) **જગપ્રખ્યાત વિજ્ઞાનકથાઓ** : રમેશ જાદવ, (૪) **નાટ્યસંસ્થા ઈપ્ટા** : દિના પાઠક, (૫) **સામાજિક ક્રાંતિકાર પરમાનંદ કાપડિયા** : ગીતા પરીખ, (૬) **અંકલ ટૉમ્સ કૅબિન** : મહેન્દ્ર પંડ્યા, (૭) **આશાપૂર્ણા દેવી** : ચન્દ્રકાન્ત મહેતા, (૮) **ગાંધીજીના ગુરુઓ** : મહેન્દ્ર વા. દેસાઈ, (૯) **અમેરિકાનો પ્રવાસ કેમ કરવો** : ચન્દ્રકાન્ત ઠક્કર, (૧૦) **સુમિત્રાનંદન પંત** : રઘુવીર ચૌધરી, (૧૧) **સ્વતંત્ર ભારતમાં લોકશાહી** : ઉષા ઠક્કર, (૧૨) **ગુજરાત આંકડામાં** : દેવરાજ ચૌહાણ.

ગુજરાત સાહિત્ય અકાદમી (જૂની વિધાનસભા, ત્રીજો માળ, સેક્ટર-૧૭, ગાંધીનગર)નાં બાળસાહિત્યનાં પુસ્તકો પ્રત્યેકની પ્રથમ આવૃત્તિ : ૧૯૯૭, ડમાઈ, પૃ.૪૨, કાચું પૂઠું, રૂ.૩૦, ૨૫ : (૧) **વનરાજસેન** : પ્રવીણસિંહજી જશવંતસિંહજી રાણા, (૨) **તલાવડાં** : માણેકલાલ પટેલ, (૩) **ઘમ્મ વલોણા ઘમ્મ ઘમ્મ** : જયંતીલાલ દવે, (૪) **ગાંધી બાપુ અને બાળકો** : ભાનુભાઈ પુ. પંડ્યા, (૫) **કેસૂડાં** : ધીરુભાઈ પુરોહિત.

'અર્થાત્' : લેખક જયન્ત પાઠક, પ્રકા. : સાહિત્ય સંકુલ, ચૌટા બજાર, સુરત - ૩૯૫૦૦૩, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૭, ડેમાઈ, પૃ.૧૭૬, પાકું પૂઠું, રૂ.૭૫. જયંત પાઠકના વિવેચનાત્મક અને અભ્યાસ લેખોનો ગ્રંથ. આ ગ્રંથમાં 'લિરિક' અને ઉચ્ચ સ્તરે ભાષા સાહિત્યનું શિક્ષણ જેવા લેખો આસ્વાદ્ય તેમ જ ઉપયોગી છે.

'મારી કાવ્યચયનિકા' : ઉશનસ્. પ્રકા. સાહિત્ય સંકુલ, ચૌટા બજાર, સુરત - ૩૯૫૦૦૩, પ્રથમ આવૃત્તિ : ૧૯૯૭, ડેમાઈ પૃ.૧૨૮, કાચું પૂઠું, રૂ.૮૦. ઉશનસે ૧૯૫૫ થી ૭૫ સુધીનાં પોતાનાં કાવ્યોમાંથી ચૂંટેલાં ૭૫ કાવ્યોનો ડૉ. પ્રમોદકુમાર પટેલની પ્રસ્તાવના સાથેનો કાવ્યસંગ્રહ.

મેઘાણીનાં નાટકો : લેખક ઝવેરચંદ મેઘાણી, પ્રકા.: મેઘાણી જન્મશતાબ્દી પ્રકાશન, ૧૮૮૮ આતાભાઈ એવન્યૂ, ભાવનગર - ૩૬૪૦૦૨, પ્રથમ આવૃત્તિ - ૧૯૯૭, ડેમાઈ, પૃ.૩૫૪, પાકું પૂઠું, રૂ.૯૦. ઝવેરચંદ મેઘાણીએ કરેલાં નાટકોના અનુવાદોનો સંગ્રહગ્રંથ. આમાં દ્વિજેન્દ્રલાલ રાય અને રવીન્દ્રનાથ ઠાકુરનાં બંગાળી નાટકો વિશેષ ધ્યાન ખેંચે છે.

બાંશી નામની એક છોકરી : લેખક મધુ રાય, ઈમેજ પબ્લિકેશન્સ, ડી - ૩૩, સિલ્વર આર્ક, એલિસબ્રિજ, અમદાવાદ - ૬, બીજી આવૃત્તિ - ૧૯૯૭, ડેમાઈ, પૃ.૧૨૯, કાચું પૂઠું, રૂ.૭૦. ઉત્તમ વાર્તાઓનો સંગ્રહ.

કાવ્યવિશેષ : ઝવેરચંદ મેઘાણી, સંપાદક : સુરેશ દલાલ, પ્ર. ઉપર મુજબ. પ્રથમ આવૃત્તિ - ૧૯૯૬, ડેમાઈ, પૃ.૧૨૦, કાચું પૂઠું, રૂ.૬૦. મેઘાણીનાં લોકભોગ્ય કાવ્યોનું સંપાદન.

અનુસંધાન] માણસ છે [૮૦૩થી

શોભતો ગૌરવવંતો ઇતિહાસ ભણાવીશ. દૂર દૂરથી પગે ચાલીને આવતાં વિદ્યાર્થીઓ માટે છાત્રાવાસ પણ શરૂ કરીશ. દસ-બાર વિદ્યાર્થીઓ હશે. પોતે સાથે રહેશે ને જાતે રાંધી-ખાઈને ભણતાં શીખવશે. જરૂર પડશે તો પોતે ય થોડઘણો ટેકો કરશે. ખુદ જાતે જઈને મા-બાપોને સમજાવશે : 'કોઈ કામ કરવામાં નાનમ નથી, પણ પાટી-પેન પકડવાની ઉમ્મરે કામધંધે વળગાડીને શું ભલું કરવાનાં આપણે? અને એમ કરતાં કરતાં એક દિવસ એવો આવશે જ્યારે પોતાના તાલુકામાં છોકરો તો શું એકેય છોકરી પણ અભણ નહીં હોય!'

પણ પાસા અવળા પડ્યા. એક કહેતાં એક વાતે ય સીધી સરાણે ન ચડી તે ન જ ચડી. લીલી-સૂકી ખેતી હતી એ બધાં તો શહેરની રૂમ કાઢીને, સામાન વેચી-સાટીને જે કંઈ મળ્યું એ ગજવે ઘાલીને દેશભેગા થઈ ગયા. પણ પોતે જિદ્દ નહોતી છોડી. આ વર્ષે નહીં, તો આવતે વર્ષે, અરે એની પછીના વર્ષેય રાતપાળીનું નહીં તો દિવસનું, એવું કંઈક કામ શોધી કાઢીશ કે સવારની તો સવારની કૉલેજમાં ભણી શકાય. પણ મેળ ન બેઠો તે ન જ બેઠો. શું શું નથી કર્યું અહીં, આ શહેરમાં ટકી રહેવા? અરે, એક વાર તો ત્રણ મહિના એક ડુંગરપુરિયાની બદલીમાં ઝાડું-પોતાં ને...ને...એને એ દિવસો યાદ કરવા ન ગમ્યા. એની સૂરદેઈ... પણ અંતે આ દિવસ દેખવા પડ્યા. આ, આમ હાથમાં પિત્તળપાનું લગાડેલો લાકડાનો ભાલો લઈને ઊભા રહેવાનું? શું કામ, તો કે સારું લખો, માણસોને જોવું ગમે! એક દિવસ નાના શેઠ પાર્ટીપ્લૉટવાળાની સાથે વાત કરતા હતા : 'આ ગુમાન છે ને, એની આંખ ને નાકનક્શ સરસ છે. શરીર સહેજ ભરાયને તો રાણા પ્રતાપ તો ઠીક પણ એનો નાનો ભાઈ અમરસિંહ તો લાગે જ!' એને તરત કહેવાનું મન થયું હતું, એનો નાનો ભાઈ અમરસિંહ નહીં સાલા ડફોળ! અમરસિંહ તો એનો દીકરો. પ્રતાપનો ભાઈ તો શક્તિસિંહ! પણ જીભે આવતા શબ્દો રોકી રાખ્યા હતા. ને છતાં થઈ આવતું કે માથાનો સાફો ખેંચી કાઢી, હાથમાંનું ભાલોડું ફેંકી દઈ પગ પછાડીને કહે : "આમ, ગાભા ને પિત્તળપાના વીંટ્યે શક્તિસિંહ થઈ જવાતું હશે! અને શક્તિસિંહ થવું ય છે કોને? એમ શક્તિસિંહ થવું રેઢું પડ્યું છે રસ્તામાં! પણ સિસોદિયા ગુમાનસિંહ મેવાસિંહ યાને માસ્સાબ તો મારે થાવું જ હતું ને હજુ ય પૂછો તો થવું છે. પણ તમે...તમે બધાએ ભેળા મળીને શું કર્યું? તો કહે : 'આંહીં પૂતળું બનાવીને ખોડી દીધો!' "

અરે, ક્યાં કાળમીંઢ ખડકની પથારીએ સૂનારો અમારો પ્રતાપ ને ક્યાં રાજપૂતી અટંકીપણું જ નહીં; શિરોહીની તલવાર તજી આ હથોડી ને ચૂંક આપ-લે કરતો હું ગુમાનસિંહ? પતન તે કંઈ જેવુંતેવું પતન? ભગવાન નાનકદેવે કેવું હૈયું બાળીને લખ્યું હશે? 'રતન જેવું રાજ્ય રફેદફે થઈ ગયું કૂતરાની તીણી રાક્ષીઓથી. કોઈ આંસુંય પાડતું નથી આના ઉપર. છતાં હે પરમ વિધાતા! તું નિર્લેપ કેમ છો?'

અને હવે તો હથોડી-ચૂંક પણ છોડ્યાં-છાંડ્યાં. ને હાથમાં શું લીધું તો કહેઃ 'પિત્તળપાનું ચોંટાડેલું લાકડાનું ભાલોડું!' અરે, આના કરતાં હળનો દાંડો શું ખોટો હતો ભલા? નાટક જ કરવું હતું તો ગામમાં ભવાઈ ક્યાં નહોતી ભજવાતી? પણ આમ સાવ પ્રતિહારી-પહેરેદાર અને એય પાછો નકલી? બીજું કંઈ તો ઠીક, પણ અમારા 'માસ્સાબ' પૂછશે તો શું જવાબ દઈશ? એમણે આપેલી અંજલિ આમ ઢોળી દેવાની?

- બોલ, લાગી શરત! હું કહું છું સ્ટેચ્યૂ જ છે.
- ના, સ્ટેચ્યૂ ન હોય માણસ જ છે. હમણાં જોજે એની પાંપણ...
- અરે એવું નથી. પૂતળું જ છે પૂતળું! શો-વિંડોમાં નથી હોતાં એવું જ. પૂતળું તે કંઈ મટકું થોડું મારતું હશે? તાકીને જોઈ રહે તું તારે!
- નથી માનતો? બોલ, અડી જોવું છે? હમણાં ખબર...
- કોઈ જોઈ જશે તો?
- પણ અડવાની જરૂર જ નથી. આ દેખાય, જો એની છાતી ફૂ... □

લઘુકથા

વસિયતનામું

- દુર્ગેશ ઓઝા

આમ તો બંને ભાઈઓ વચ્ચે ગજબનો સંપ હતો, તો ય અકળ ભવિષ્યને ધ્યાનમાં લઈ મૃત્યુ સમીપ ઊભેલા નવીનચંદ્રને વસિયતનામું બનાવી લેવાનો વિચાર આવ્યો, જેથી બંને દીકરા વચ્ચે સંભવી શકતા ખટરાગનો ય છેદ ઊડી જાય.

વસિયતનામાની વિગત વાંચતાં જ મોટાભાઈ બરાડી ઊઠ્યા, 'આ અન્યાય છે!'

ને નવીનચંદ્ર ચોંકી ઊઠ્યા, 'એ તું શું બોલે છે? ઊલટું મોટો હોઈ મેં તો તને વધારે...'

'એનો જ આ વાંધો છે ને? આ બધું મારા નાના ભાઈના નામે કરો તો જ હું આ વસિયતનામું સ્વીકારીશ.'

મોટાભાઈના વિરોધનો નાનાએ 'વિરોધ' કર્યો. વાત વધી ગઈ. કોઈ મચક આપવા તૈયાર નહોતું.

'મને હતું જ કે આ બાબતે 'ઝઘડો' થશે. જો તમારે આમ જ માથાકૂટ કરવી હોય તો... તો પછી મારે આ વસિયતનામું કરવું જ નથી.' કહી હર્ષાશ્રુ સાથે નવીનચંદ્રે કાગળના ટૂકડેટૂકડા કરી નાખ્યા. □

પ્રસંગપરાગ

'તમારી સંમતિથી....'

વિનોદ અધ્વર્યુ

એ સાહેબ નિષ્ઠાવાન તો ખરા જ, પણ અમને થતું કે એ અતિનિષ્ઠાવાન છે, કારણ કે કોઈ પણ ગેરહાજર શિક્ષકનો તાસ ખાલી હોય તો એ તાસમાં પોતે જ આવી પહોંચે. મેટ્રિકનો વર્ગ અને એમનો વિષય અંગ્રેજી વ્યાકરણ - એટલે તે વખતના અભ્યાસક્રમ મુજબ 'ઈડિયમ્સ', 'પ્રેપઝીશન્સ', 'એનેલિસિસ', 'સિન્થેસિસ' વગેરે વગેરે.

ભારે માથાકુટિયો વિષય, અને આ સાહેબ ઘણી વાર દિવસના ત્રણ ત્રણ તાસ શીખવે. અમે થાકીએ. આટલો બધો એકસામટો 'ડોઝ' પચાવવો અશક્ય થઈ પડે! શું કરવું?

'૪૨ના આંદોલનમાંથી માંડ પાછા ફરી પરીક્ષા આપવાની તૈયારી કરતા હતા એટલે ચંચલતા તો હતી જ. પણ આ આદરણીય શિક્ષક અને આવી શાળામાં પ્રકટ ઉશ્કેરાટયુક્ત વિદ્રોહનો વિચાર કરવાની વૃત્તિ જ ન હતી. છેવટે શાંત ઉપાય વિચાર્યો.

વર્ગને ત્રણ બારણાં. સાહેબ વધારાનો તાસ લેવા આવ્યા અને પહેલે બારણેથી દાખલ થવા એટલી છેલ્લી હરોળના વિદ્યાર્થીઓ ચૂપચાપ ઊઠીને છેલ્લે બારણેથી બહાર નીકળવા લાગ્યા. સાહેબે આશ્ચર્યથી જોયું ને પૂછ્યું, 'અલ્યા, કયાં જાવ છો?' કશો ઉત્તર નહીં. છેલ્લી હરોળ પૂરી થઈ. એની પાછળ એક પછી એક હરોળ જોડાતી ગઈ. સાહેબ જોતા રહ્યા, પૂછતા રહ્યા ને વિદ્યાર્થીઓ ચૂપચાપ શિસ્તબદ્ધ રીતે એક જ લાઈનમાં બહાર નીકળી, દાદર ઊતરી રસ્તો ઓળંગી રમતના મેદાન પર પહોંચી ગયા. ક્યાંય લાઈન ન તૂટી. ક્યારેય અવાજ ન થયો!

સાહેબ પણ પાછળ પાછળ આવ્યા મેદાન પર.

વિદ્યાર્થીઓએ વ્યવસ્થિત ટુકડી પાડીને કબડ્ડી-વૉલીબોલ રમવાનું શરૂ કર્યું. બાકીના મેદાન પર ટોળું વળી ગોઠવાઈ ગયા. સાહેબ એમની પાસે જઈને બેઠા. વાતોએ વળગ્યા.

રમત પૂરી થઈ. તાસ પણ પૂરો થવામાં હતો એટલે બધા સાહેબની આસપાસ એકઠા થઈને બેઠા - વિનયપૂર્વક - માનભેર.

એક જણે સાહેબને નિવેદન કર્યું - 'આપ આવા અઘરા વિષયના આટલા બધા તાસ એક જ દિવસે શીખવો તે થકવી નાખે છે!' સાહેબ ઘડીભર ચૂપ. પછી મધુર અવાજે શિષ્ટ ઉચ્ચારથી બોલ્યા : 'તમારી વાત સાચી છે. મારા અતિઉત્સાહમાં તમારી મુશ્કેલીનો મને ખ્યાલ જ ન રહ્યો. મને તો એમ હતું કે ઑગસ્ટ - સપ્ટેમ્બર ને તે પછીના આંદોલનમાં જે દિવસો ગયા તેથી ઘણો અભ્યાસક્રમ રખડી પડ્યો છે. તમને પરીક્ષામાં મુશ્કેલી ન પડે એટલે શક્ય તેટલો અભ્યાસક્રમ પૂરો કરવાની ને તમને વધુ તાલીમ આપવાની ઈચ્છા હતી.'

અમે ચૂપ!

તેમણે ઉમેર્યું, 'પણ તમારી મુશ્કેલી સાચી છે. હવે તમે સંમત હશો તો જ હું વધારાના વર્ગ લઈશ! બરાબર? અમે રિવાજ મુજબ, રમત પૂરી થઈ હોવાથી મારુતિ-પ્રાર્થના કરી. સાહેબ પણ જોડાયા. ઘંટ વાગતાં સૌ વર્ગમાં ગયા.

પણ તે દિવસ પછી સાહેબે અમને પૂછ્યા વગર વધારાનો તાસ ન લીધો; તો અમે પણ કદી 'ના' ન પાડી! અને એમણેય મનોવૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુને ધ્યાનમાં રાખી એક જ દિવસે કદી એક જ વિષયના કે એક જ પ્રકારના મુદ્દાના વર્ગો ન લીધા! એમાં વૈવિધ્ય રાખ્યું! આખો અભ્યાસક્રમ સુપેરે - રવિવારો અને રજાઓનો ઉપયોગ કરીને પણ - એમણે સમયસર પૂરો કરી આપ્યો!

અતિનિષ્ઠાની તો ખબર નથી, પણ એ પતિતપાવન શાસ્ત્રીસાહેબની આવી નિષ્ઠાનું અને સ્નેહાળતાનું આજે આદરપૂર્વક સ્મરણ થાય છે ત્યારે જાણે શિક્ષણક્ષેત્રના ઘણા પ્રશ્નોનો ઉકેલ સૂચવાઈ જતો હોય એમ લાગે છે. પણ શું થાય? પેલો ધ્વનિ ગાજે છે ને - 'કાલોડસ્મિ'! □

અનુસંધાન] **માનવ થાઉં તો...** [પૃ. ૭૯૮થી

એ એમને ખબર પડે તેમ ન હતું. મને જ્યારે ખ્યાલ આવી ગયો કે એ વૃદ્ધને એમના દીકરાની કેટલી જરૂર છે કે તરત જ મેં નક્કી કરી લીધું કે મારે રોકાઈ જવું.'

આપણી જિંદગીમાં માણસની જેમ વર્તવાના પ્રસંગો આવે જ છે. સતત આવે છે. પ્રસંગ ભલે નાનો દેખાતો હોય પણ એનું મૂલ્ય ઘણું મોટું હોય છે. સંસ્કૃતમાં એક સુભાષિત છે :

सत्पूरुषः खलु हिताचरणैरमन्द -
मानन्दयत्यखिल लोकमनुक्त एव ॥
आराधितः कथय केन करैरुदारै -
रिन्दुर्विकासयति कैरविणीकुलानि ? ॥

સત્પુરુષ પરહિત માટેનાં કાર્યો સતત કરે છે. જગતને આનંદ મળે એવાં કાર્યો, કોઈ ના કરે તો પણ કરતા જ રહે છે. પોતાના ઉદાર કરો વડે (કિરણો વડે) ચંદ્ર ખીલવે છે. તે શું એને કોઈએ કહ્યું હતું? કહો જોઈએ? □

અનુ.] **વાચકો લખે છે** [પૃ.૭૯૬થી

'કુમાર' હું નાનો હતો ત્યારનો એટલે કે મને વાંચતાંલખતાં આવડી ગયું ત્યારનો અમરેલીની બાળલાયબ્રેરીમાં બેસીને વાંચતો. મારા જીવન- ઘડતરમાં 'કુમાર'માંથી ઘણી પ્રેરણા લઈને આગળ આવવાનો ઘણો પ્રયત્ન થયો છે. તો આ તબક્કે 'કુમાર'નો આભારી છું. - બી.જી. વ્યાસ (ઊના)

વર્ષો પછી પરિવારલક્ષી સુરુચિપૂર્ણ સંસ્કારી માસિક, મૂળના અસલ સ્વરૂપે જ પ્રકાશિત થતાં ખૂબ જ આનંદ. - હું અત્યારે ૬૯ વર્ષનો નિવૃત્ત શિક્ષક છું. હું જ્યારે આઠમા ધોરણમાં અભ્યાસ કરતો ત્યારથી 'કુમાર'નો ગ્રાહક હતો. જીવનની અનેક ચડતી-પડતીના સમયે 'કુમારે' મને શ્રદ્ધા અને હિંમત આપ્યાં છે. અમારા વિદ્યાર્થીકાળના જીવનનું ઘડતર કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે એમ કહું તો તે અસ્થાને નહીં ગણાય. - વિદ્યાકાંત ભાઈલાલ માંકડ (ભૂજ-કચ્છ)

આયુર્વેદ અને ઔષધી - ૧૧

ભોંયરીંગણી

ભોંયરીંગણી પડતર જમીનમાં કે નદીના કિનારાના ભાગમાં થતી જોવા મળે છે. તેના વેલા જમીન ઉપર પથરાયેલા હોય છે. તેનાં પાન રીંગણીના પાન જેવાં હોય છે. તેથી તેને ભોંયરીંગણી કહી છે. તેનાં પાન ઉપર પુષ્કળ કાંટા હોવાથી તેનું સંસ્કૃત નામ કંટકારી છે. તેને ભૂરા રંગનાં સુંદર ફૂલ થાય છે, જે પાકીને સુકાઈ જતાં પીળાં પડે છે. તેના ઉપર સફેદ રેખાઓ હોય છે.



ભોંયરીંગણીનો રસ કડવો અને તીખો છે. તાસીરે તે ગરમ છે. ગુણમાં લૂખી, જલદ, કફવાતશામક, કૃમિઘ્ન, ગર્ભાશય સંકોચક અને સ્વેદજનક છે. તાવ, કષ્ટાર્તવ, કષ્ટપ્રસવ, નપુંસકતા, વંધ્યત્વ, પથરી, પેશાબના રોગો, પ્રમેહ, લોહીબગાડ, હેડકી, પડખાનો દુખાવો, અગ્નિમાંદ્ય, અપચો વગેરેમાં તેનું સેવન હિતકર છે.

ભોંયરીંગણી ગરમ છે. તેથી તે કફના રોગોમાં ઉપયોગી છે. તેનાં લીલાં કે સૂકાં પાનને અધકચરા ખાંડી ઉકાળો કરીને પીવાથી શ્વાસ, સસણી, કફવાળી ઉધરસ, મોટી ઉધરસ, લોહીમાં કફનું વધવું વગેરે મટે છે. ભોંયરીંગણીના ઉકાળામાં મગને પકાવીને રોજ ખાવાથી દમ મટે છે.

ભોંયરીંગણીનાં પાનનો રસ ખરજવા ઉપર લગાવવાથી ખરજવું મટે છે.

દાંત દુખતા હોય, દાંતમાં કૃમિ થયા હોય, દાંત હલતાં હોય, પેઢાં પાકી ગયા હોય કે સડી ગયાં હોય, તેમાંથી પરુ નીકળતું હોય, મોં ગંધાતું હોય, પાયોરિયા નામનો રોગ થયો હોય તો ભોંયરીંગણીનો આ પ્રયોગ કરવો. સળગતા કોલસા પર સૂકાં બી નાખી ધુમાડો થવા દેવો. આ ધુમાડો મોંમા લેવો. મોં બંધ કરી ધુમાડો ભરી રાખવો. વારંવાર આમ કરવું. દાંતના મોટા ભાગના રોગો મટે છે.

ભોંયરીંગણીનાં પાનને સૂકવી, તેનું ચૂર્ણ કરી કફના રોગી તેનું સેવન કરી શકે.

સ્વ. વૈદ્ય નવીનભાઈ ઓઝા



અર્ઘ્યકણી

રુદનનું એ જ કારણ છે કે બે આંખો સ્વપ્ન લાખો;
ને હર સ્વપ્ને ફૂટે રસધાર, એ ધારાએ ક્યાં જાવું?
મળી રહે છે સહારો દેહને કબ્રે, સ્મશાને, પણ -
ઠરીને ઠામ થાવા જીવ-વણઝારાએ ક્યાં જાવું?

- મનુભાઈ ત્રિવેદી

પ્રોફેસર મોહનલાલ લલ્લુભાઈ દાંતવાલા

પ્રો. દાંતવાલાનો જન્મ ૧૮ સપ્ટેમ્બર, ૧૯૦૯ના દિવસે થયેલો. આમ, લગભગ ૮૯ વર્ષની પાકટ વયે તેમનું અવસાન થયું. પ્રો. દાંતવાલા, મુંબઈ યુનિવર્સિટી અને કૃષિ અર્થશાસ્ત્ર આ બે કારણે મોટાભાગના લોકોમાં જાણીતા બનેલા. મુંબઈ યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગમાં ૧૯૪૫માં જોડાયા તે પહેલાં અભ્યાસ, અધ્યાપન અને જાહેર જીવન, એમ ઘણા મોરચે તેમણે કામગીરી બજાવી હતી.

તેમનો કૌટુંબિક વ્યવસાય હાથીદાંતનો અને તે રીતે તે દાંતવાલા. પણ તેમના પિતા મહારાષ્ટ્રના ધુળિયામાં રૂની જીનમાં મૅનેજર હતા. આથી બે બાબતો બની. તેમનો મૅટ્રિક સુધીનો અભ્યાસ ધુળિયામાં થયો પણ જ્યારે મુંબઈ યુનિવર્સિટીમાંથી એમ.એ. કરવાનું થયું ત્યારે સંશોધનના નિબંધ રૂપે 'માર્કેટિંગ એન્ડ ટ્રેડ રો કૉટન' - 'કાચા રૂ(કપાસ)ની વેચાણ અને બજાર વ્યવસ્થા', વિષય પસંદ કર્યો. આ વિષયમાં તેમનો રસ તથા સમજ પિતાના વ્યવસાયના કારણે ઊભાં થયાં હશે તે સહેજે સમજી શકાય.

ધુળિયામાં મૅટ્રિક થયા બાદ શ્રી દાંતવાલા પોતાના વતન સુરતમાં અભ્યાસ અર્થે આવ્યા. સુરતની એમ.ટી.બી. કૉલેજમાં આર્ટ્સમાં થોડાંક વર્ષ અભ્યાસ કરી તે મુંબઈની વિલ્સન કૉલેજમાં પહોંચ્યા. ૧૯૨૮માં તેમણે બી.એ.ની ડિગ્રી માટે વિલ્સન કૉલેજમાં પ્રવેશ મેળવ્યો અને ત્યાંની 'માચિચન હૉલ' નામની હૉસ્ટેલમાં રહેવાનું રાખ્યું. સંજોગવસાત્ આ જ હૉસ્ટેલમાં શ્રી અશોક મહેતા તથા ગુજરાતના ભૂતપૂર્વ મુખ્ય મંત્રી શ્રી બાબુભાઈ જ. પટેલ પણ રહેતા હતા. શ્રી અશોક મહેતાના સમાજવાદી જૂથ સાથે - વિશેષે યુસુફ મહેરઅલી સાથે જોડાવાનું કદાચ આ નિમિત્ત હતું.

શ્રી દાંતવાલાએ ૧૯૩૦માં - લગભગ ૨૧ વર્ષની ઉંમરે બી.એ.ની ડિગ્રી હાંસલ કરી; પણ તેમાં તેજસ્વિતા એટલી કે સમગ્ર મુંબઈ યુનિવર્સિટીમાં તે પ્રથમ વર્ગમાં પ્રથમ ક્રમે આવ્યા. તે સમયે મુંબઈ યુનિવર્સિટી કરાચીથી ધારવાડ સુધી ફેલાયેલી હતી. આટલી વિશાળ યુનિવર્સિટીમાં પ્રથમ વર્ગમાં પ્રથમ ક્રમ મેળવવો તે પ્રભાવક ગણાય. આ કારણે તેમને તે યુનિવર્સિટીનું જેમ્સ ટેલર પારિતોષિક પ્રાપ્ત થયું.

તેમણે એમ.એ.નો અભ્યાસ પણ મુંબઈમાં જ કર્યો. પરંતુ, આ દરમિયાન દેશમાં આઝાદીની લડતમાં વેગ આવ્યો હતો. પ્રો. દાંતવાલા કાંઠે ઊભા રહેનારા પૈકીના ન હતા. તેમણે આ લડતમાં ઝુકાવ્યું જ હતું. સાથે સાથે એમ.એ.નો અભ્યાસ ચાલતો હતો. ૧૯૩૩ના એપ્રિલમાં પોલીસને તેમની કામગીરીની ગંધ આવી જતાં તેમની ધરપકડ થઈ. તેમણે 'બહિષ્કાર - (બૉયકોટ)' નામની એક પત્રિકાની નકલો બનાવીને વહેંચી હતી તેથી તેમની ધરપકડ કરવામાં આવી. પણ હજુ તેમનો નિબંધ પૂરો થયો ન હતો. તેમને અઢી વરસની સખત કારાવાસની સજા થઈ, પરંતુ આ સજાનો અમલ થાય તે પહેલાં

કાચા કામના કેદી તરીકે તે એક મહિના માટે મુંબઈમાં જ આર્થર રોડની જેલમાં હતા. કેટલાક મિત્રોની મદદથી તેમણે જેલમાં જ પોતાનો નિબંધ પૂરો કર્યો અને યુનિવર્સિટીમાં રજૂ પણ કરાવી દીધો. આ નિબંધના આધારે તેમને પ્રથમ વર્ગમાં એમ.એ.ની ડિગ્રી પણ મળી. આટલી મુશ્કેલીઓ વચ્ચે પણ અભ્યાસસાધના એવી હતી કે આ નિબંધને ૧૯૩૭માં લૉંગમેન, ગ્રીન ઍન્ડ કંપનીએ છાપ્યો અને પ્રસિદ્ધ કર્યો. આ નિબંધ બી.કૉમ.ના વિદ્યાર્થીઓ માટે પાઠ્યપુસ્તક તરીકે સ્વીકારાયો.

પ્રો. દાંતવાલાએ રૂના વેપાર વિષે એટલો વિશદ્ અભ્યાસ કર્યો હતો કે, ઈસ્ટ ઇન્ડિયા કૉટન એસોસિએશને તેમને ભારતમાં છેલ્લાં સો વર્ષના રૂના વેપારનો ઈતિહાસ લખવાનું નિમંત્રણ આપ્યું. ૧૯૨૧માં સ્થપાયેલા આ ઍસોસિએશનના પ્રમુખસ્થાને સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસ (પી.ટી.) હતા. પ્રો. દાંતવાલાએ ઊંડા લગાવ અને જહેમતથી આ પુસ્તક તૈયાર કર્યું. આ પુસ્તક માટે જરૂરી સામગ્રી મેળવવા તેમણે ઘણા જૂના દસ્તાવેજો, લખાણો તથા રૅકોર્ડ્ઝ તપાસ્યાં. ૧૯૪૭માં, ઈસ્ટ ઇન્ડિયા કૉટન ઍસોસિએશનની રજત જયંતી નિમિત્તે, 'અ હન્ડ્રેડ યર્સ ઓફ ઇન્ડિયન કૉટન'ના નામથી આ ગ્રંથ પ્રકાશિત થયો. તેનો આમુખ જવાહરલાલ નેહરુએ લખ્યો હતો.

પ્રો. દાંતવાલાએ એમ.એ.નો અભ્યાસ પૂરો કર્યો તેમ જ તેમનો અઢી વરસનો કારાવાસ પૂરો થયો તે પછી, ૧૯૩૬માં અમદાવાદની એચ.એલ. કૉલેજ ઓફ કોમર્સમાં વ્યાખ્યાતા તરીકે જોડાયા. આ કામગીરી તેમણે ૧૯૪૧ સુધી નિભાવી. પણ આઝાદીની ચળવળનો રંગ તો લાગેલો જ હતો. એટલે ૧૯૪૧માં નોકરી છોડીને વ્યક્તિગત સત્યાગ્રહના આંદોલનમાં જોડાયા. આ બદલ તેમને વળી દસ મહિનાની જેલ થઈ. પણ છૂટતાંની સાથે જ વળી 'હિંદ છોડો'ના ૧૯૪૨ના આંદોલનમાં જોડાયા. ઑગસ્ટ ૧૯૪૨માં આ આંદોલનના કારણે પણ તેમની ધરપકડ થઈ અને આ વખતે વીસ મહિનાની જેલ થઈ. આ બધાને અંતે, ૧૯૪૫માં તે વળી પાછા એચ.એલ. કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાયા. પણ આ વખતે, આ કૉલેજમાંથી રાજીનામું આપી મુંબઈ યુનિવર્સિટીમાં કૃષિઅર્થશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે જોડાયા. પ્રો. દાંતવાલાએ મુંબઈ યુનિવર્સિટી પણ ૧૯૭૩માં છોડી.

પ્રો. દાંતવાલાએ અધ્યાપન, અભ્યાસ અને જાહેર જીવન એમ ત્રણે ક્ષેત્રે મોટું પ્રદાન કર્યું છે. ૧૯૩૬-૭૩નાં વર્ષો દરમિયાન, જૂજ અપવાદો બાદ કરતા, તેમણે અધ્યાપન કર્યું. આ દરમિયાન લગભગ પંદર પુસ્તકો, ૩૦૦ લેખ કે સંશોધન પેપર કે વ્યાખ્યાનો પણ પ્રસિદ્ધ થયાં છે. આ વિદ્વત્તા અને તેની વ્યવહારુ ઉપયોગિતાને કારણે તેમને ઘણી બધી સરકારી, અર્ધસરકારી તેમજ વિદેશી સંસ્થાઓમાં નિષ્ણાત તરીકે બોલાવવામાં આવતા. આ જ કારણે તેમને ઘણા ઍવોર્ડ્ઝ પણ પ્રાપ્ત થયા છે. આ પૈકી, બી.એ.માં પ્રથમ આવવા માટેના જેમ્સ ટેલર પ્રાઈઝનો ઉલ્લેખ આ અગાઉ કર્યો જ છે. ૧૯૬૯માં તેમને દાદાભાઈ નવરોજી મેમૉરિયલ ફેલોશિપ પ્રાઈઝ આપવામાં આવ્યું. ૧૯૯૧-૯૨ના વર્ષ માટેનો ફાયનાન્સિયલ એક્સપ્રેસ ઍવોર્ડ પણ તેમને મળ્યો.

આ ઉપરાંત નેધરલૅન્ડની એક યુનિવર્સિટીએ તેમને ડૉક્ટરની માનદ્ ઉપાધિથી નવાજ્યા. આ ઉપરાંત તે મુંબઈ યુનિવર્સિટીના એમેરિટસ પ્રોફેસર, નેશનલ પ્રોફેસર (૧૯૯૫થી), અને કેનેડાની ઓટાવા યુનિવર્સિટીના 'ફેલો' તરીકે પ્રતિષ્ઠા પામ્યા હતા. પ્રો. દાંતવાલા, તેમના જીવનના પ્રારંભિક કાળમાં માર્ક્સથી પ્રભાવિત થયા હતા. આથી સમાજવાદીઓ સાથે તેમનો વિશેષ નાતો હતો. છતાં જેલવાસ દરમિયાન દેશના અગ્રણી નેતાઓના સંપર્કમાં પણ તે આવ્યા હતા. ગાંધીવિચાર પણ તેમના મનમાં રમતો હતો. ગાંધીજીના કહેવાથી 'ટ્રસ્ટીશિપ' અંગેના વિચારોનો મુસદ્દો તેમણે તૈયાર કર્યો હતો. આ મુસદ્દાની ચર્ચા કરવા તે ગાંધીજી પાસે ગયા ત્યારે યોગાનુયોગ સોમવાર હોવાથી ગાંધીજી મૌનમાં હતા. આથી વાતચીત ન થઈ પણ તેની ઉપર ગાંધીજીએ હાથે લખીને જે પ્રશ્નો પૂછ્યા કે નોંધ કરી તે જળવાઈ રહ્યાં. આ મુસદ્દા ઉપર વિગતે વિચારણા કરવા 'જે.પી.' તે લઈ ગયા. એ તેની એકમાત્ર નકલ હતી, જે ખોવાઈ ગઈ. અલબત્ત, પ્રો. દાંતવાલા પાસેની નાની નોંધ જળવાઈ રહી.

'માર્ક્સ નસીબદાર કે તેના અનુયાયીઓ કે શિષ્યોએ તેના વિચારોનો અભ્યાસ કર્યો અને ચર્ચાઓ કરી; ગાંધીજી કમનસીબ કે તેમના વિચારોની ચર્ચા જ થતી નથી. ક્યાં તો લોકો સહમત થાય છે અને નહીં તો નથી થતા. બેયમાં સમજ વગરની ઉપેક્ષા જ છે' જ્યારે હું પ્રો.દાંતવાલાને ૧૯૯૫માં તેમના અંધેરીના નિવાસસ્થાને મળ્યો ત્યારે તેમણે આ પ્રમાણે કહેલું.

કદાચ એટલે જ, મોટી ઉંમર અને નાદુરસ્ત તબિયત છતાં એમણે 'દૃષ્ટિ'નું અમારું નિમંત્રણ પ્રેમથી સ્વીકારેલું અને બી.કે. સ્કૂલમાં કેટલાક બૌદ્ધિકો સાથે વાર્તાલાપ પણ કરેલો. સમાજવાદી ચળવળમાં સક્રિય અને તેના વિચારો વડે રંગાએલા હોવા છતાં, આ વાર્તાલાપમાં તેમણે ઉચ્ચ શિક્ષણમાં પ્રવર્તતી સબસિડી હટાવવાની વાત પણ કરેલી.

સાડાત્રણ દાયકા સુધી મુંબઈ યુનિવર્સિટીમાં તેમણે અધ્યાપન કર્યું. દેશ-વિદેશના વિદ્યાર્થીઓ ત્યાં આવતા. સાથોસાથ, ૨૬ જેટલા પીએચ.ડી. પણ તૈયાર કર્યા. આયોજન પંચ, જમીન સુધારણાની વિવિધ સમિતિઓ, વગેરેમાં વિરલ અભ્યાસનિષ્ઠા જ દેખાતી.

આમ છતાં, પ્રો. દાંતવાલા એક ઋજુ વ્યક્તિ હતા. ત્રણેક વર્ષ અગાઉ મળ્યો ત્યારે દોઢ કલાકથી પણ વધુ સમય અમે વાતો કરતા રહ્યા. તેમના મકાનની ફુલ સાઈઝ કાચની બારીમાંથી દૂર સુધી અરબી સાગર દેખાતો. કાંઈક હસતા અને કાંઈક ટીખળથી કહેતા, 'જીવનને તો હું ભરપૂર જીવ્યો છું, હવે જવાનું થાય તો ય શું ? ખરેખર તો મારાથી સશક્ત એવા બીજા ઘણા ચાલ્યા પણ ગયા.' આથી ૯મી ઑક્ટોબર, ૯૮ના રોજ તેમના અવસાનના સમાચારની સાથે જ તેમનાં અનેક સંસ્મરણો મનમાં તાજાં થયાં. તેમના પ્રેમાળ વ્યક્તિત્વના અંશો આ જગતમાં વધુ પાંગરતા રહે એવી એક અભ્યર્થના પણ જાગે છે. - રોહિત શુકલ

(સૌજન્ય : ફાયનાન્સિયલ એક્સપ્રેસ)

મોંઘવારી અને સરકાર

છેલ્લાં ૫૦ વર્ષમાં ચીજવસ્તુઓના ભાવ પચાસથી સો ગણા થયા છે. લોકોની ખરીદશક્તિ વધતાં વધારે ચીજવસ્તુઓ જોઈએ છે. આ ઉપરાંત નાનીમોટી હોટેલો, લારી-ગલ્લા, નાનીમોટી ખાદ્ય પદાર્થની દુકાનોમાં તેનો વપરાશ પાર વિનાનો વધી ગયો છે. તે પ્રમાણે ઉત્પાદન વધતું જાય છે, પરંતુ આમાં પણ અંધાધૂંધ થવાનો સંભવ છે. ખેતીના પાકમાં વધારો-ઘટાડો થતો હોય છે. જે વાવેતરથી વધુ લાભ હોય તે વાવેતર કરવાની પ્રેરણા ખેડૂતને થાય તે સહજ છે. ભૂતકાળમાં ટામેટા, રીંગણાં અને ડુંગળીના પાકોનો નાશ કરવામાં આવ્યાના દાખલા છે. આવી વસ્તુઓના ઉત્પાદનના ખરા આંકડા મળી શકે નહીં. પણ જ્યારે વસ્તુઓની અછત થાય છે ત્યારે લોભી વેપારીઓ કમાવા માટે અને રાજકારણીઓ સરકારની વગોવણી માટે મેદાનમાં આવી જાય છે. મીઠા જેવી વસ્તુનો પણ હાહાકાર મચી ગયો. તે દેશની પ્રજા અને રાજકારણીઓ માટે શરમ છે. ખરીદનાર છેતરાય છે અને જે વસ્તુ ૫૦ પૈસે કિલો હોય તેના રૂ. ૬૦ સુધી ભાવ ચુકવાયા છે તે ઘણું દુઃખદ છે.

તેલનો વપરાશ દરરોજ વધતો જાય છે. ઉપર જણાવેલાં મથકો જ્યાં જમવાનું-ખાવાનું તૈયાર મળે છે ત્યાં તેલનો વપરાશ પાણી જેવો છે. પાર વિનાનો બગાડ પણ થાય છે. મોટા ભોજન-સમારંભમાં પણ અનહદ બગાડ થતો રહ્યો છે. પરંતુ આ તરફ પ્રજાનું લક્ષ નથી. બીજી બાજુ એવી છે કે ખેડૂતને પણ ભાવ પરવડે નહીં તો મગફળીનું વાવેતર કરે નહીં. ગુજરાતમાં મગફળીનું વાવેતર ઘણું છે. જો મગફળી અને તેલ દેશના બીજા ભાગોમાં મોકલાય નહીં તો આજના ભાવના ધોરણે મગફળી-તેલ ઘણા ઓછા ભાવે મળે. એટલે બહુ નીચા ભાવ રખાવવા જતાં ખેડૂતને નુકસાન થાય છે અને બહુ ઊંચા ભાવે ગ્રાહકને ખરીદવાની શક્તિ નથી, એટલે સસ્તા અનાજની દુકાને જેમ અમુક વસ્તુઓ બાંધેલા ભાવે મળે છે તેમ પણ જતે દિવસે બાંધેલા ભાવે આપતા રહેવું પડશે.

૧૯૨૧ની સાલમાં ગુજરાતના પંચમહાલ જિલ્લામાં દુકાળ પડ્યો હતો. તે વખતે જારનો ભાવ એક રૂપિયે મણનો હતો. અછતના કારણે ૧। રૂપિયો થયો. કૉંગ્રેસ પક્ષે ગોધરામાં દુકાન ખોલાવી હતી અને જાર ૧ રૂપિયે મણ વેચાવવી શરૂ કરી. પછી વેપારીઓએ પણ ભાવ ઘટાડી એક રૂપિયે મણ વેચવા માંડી. નોંધપાત્ર એ છે કે જ્યાં સુધી વેપારીઓ એક રૂપિયે મણ વેચે ત્યાં સુધી કૉંગ્રેસે ખોલેલી દુકાન ગ્રાહકને માલ આપે નહીં. ખરીદનારને સલાહ આપે કે તેઓ વેપારીઓ પાસેથી ખરીદ કરે. આમ થવાથી ભાવ લગભગ સ્થિર રહ્યો. પરંતુ ભાવ ટકાવી રાખવા થોડું નુકસાન સહન કરવું પડેલું. આજે તેલનો ભાવ વાપરનારને રૂપિયા ૩૫ કિલોના કોઠે પડી ગયો છે. એટલે સરકાર તેલનો સંગ્રહ કરીને ભાવ ચડવા માંડે કે તરત જ નક્કી કરેલા ભાવે વેચે તો સ્થિરતા રહેવાનો સંભવ છે.

બટાકા મોટા ભાગે નદીના ભાઠામાં કે નીચાણવાળા વિસ્તારમાં વાવવામાં આવે છે. આ વખતની અતિવૃષ્ટિએ ઘણી જગાએ વાવેતરનો નાશ થયો હશે. આવી અછત થાય ત્યારે લોકોને મર્યાદિત ઉપયોગ કરવા અને ધીરજ ધરવા સલાહ આપવાને બદલે ઉશ્કેરાટ ફેલાવવામાં કેટલાંક દૈનિક અખબારો પણ ગભરાટ ફેલાવે છે. જેઓએ મીઠાના કિલોના ભાવ ૬૦ રૂપિયા આપ્યા તેઓ તો છેતરાઈ જ ગયા. રાજકારણ પણ આવી દુઃખદ ઘટનાઓમાં ખેલાય નહીં તો રાજકારણ શોભે.

ખાનગી ઘરોના વપરાશ કરતાં જાહેર ખાનપાનની વેચાણ કરતી સંસ્થાઓ કીમતી ખાદ્ય વસ્તુઓને વેડફે છે તે તરફ ધ્યાન દોરાતું નથી. શાકભાજીમાં અને આઇસક્રીમમાં કીમતી સૂકા મેવાનો ધૂમ ઉપયોગ થાય છે. આ વપરાશ શોભા માટે છે, પણ આવું કોણ વિચારે? સારાંશ એટલો જ છે કે જો ઉત્પાદન વધે અને વપરાશ ઓછો હોય તો જ ભાવ કાબૂમાં રહી શકે. **- બિ.પો. શાહ ('સદાચાર નિર્માણ'માંથી)**

અનુસંધાન] સુરેન્દ્રનાથ બૅનરજી [પૃ.૮૦૧થી

ખાતાંઓમાં અંગ્રેજોને બદલે ભારતીયોને નીમવા એ મંત્રીપદ દરમિયાનની તેમની સ્વીકૃત રાજનીતિ હતી. આ નીતિનો તેમણે ખંત અને યુક્તિપૂર્વક અમલ કર્યો હતો. કલકત્તાની મેડિકલ કૉલેજ હૉસ્પિટલમાં માત્ર અંગ્રેજોને નીમવામાં આવતા હતા. તેમણે ત્યાં ઑનરરી ફિઝિશિયન તથા સર્જન તરીકે ભારતીય નિષ્ણાતોની નિમણૂક કરી. તેમણે મંત્રી થયા બાદ બંગાળમાં મેડિકલ સ્કૂલોની સ્થાપનાની પ્રવૃત્તિને વેગ આપ્યો. મૈમનસિંગની મેડિકલ સ્કૂલનો પાયો એમના હાથે નંખાયો હતો. તેમના પરિશ્રમના પરિણામે સરકારે જલપાઈગુરી, ચિતાગૉંગ તથા બહેરામપુરમાં મેડિકલ સ્કૂલો શરૂ કરવાની ખાતરી આપી હતી.

ઑક્ટોબર, ૧૯૨૨માં ઉત્તર બંગાળા રેલસંકટમાં સપડાયું ત્યારે પોતાની હકૂમત બહારનો વિષય હોવા છતાં સખત ગરમીમાં ટ્રોલીમાં ૩૨ કિ.મી. પ્રવાસ ખેડીને રાહતકાર્યોનું નિરીક્ષણ કરી, તેમણે લોકોને સાન્ત્વના આપી હતી.

સુરેન્દ્રનાથ સાંસ્થાનિક સ્વરાજના અગ્રિમ લડવૈયા હતા. એના પ્રથમ સોપાન તરીકે એ જીવનભર અને અવિરતપણે સરકારી ઉચ્ચ નોકરીઓના ભારતીયકરણ માટે, સ્થાનિક સ્વરાજ્ય તથા પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓ અને પ્રજાકીય વિકાસ માટે જીવનભર ઝૂઝ્યા હતા. મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારાએ એમના આદર્શો બંધારણીય માર્ગે પૂરા કરવાની તક આપી છે એમ એમને લાગ્યું, એટલે એમણે એ સ્વીકાર્યા હતા.

૬ ઑગસ્ટ, ૧૯૨૫ના રોજ અણધારી ટૂંકી માંદગીમાં પોતાના બરાકપુરના નિવાસસ્થાને તે દેવલોક પામ્યા.

સુરેન્દ્રનાથ પોતાના જીવનમાં નિયમિત કસરત કરવી, રાતે વહેલા સૂઈ જવું અને અતિશયતાથી દૂર રહેવાને મહત્ત્વ આપતા હતા. તેઓ માનતા હતા કે પોતાના સ્વભાવને અનુકૂળ હોય એવી દરેક પ્રવૃત્તિ શક્તિવર્ધક અને આરોગ્યપ્રદ નીવડે છે. એનાથી જે આત્મસંતોષ અને હર્ષ થાય છે તથા જ્ઞાનતંતુઓને ઉત્તેજના મળે છે, એમાં એનો બધો થાક જતો રહે છે. તેઓ પ્રભાવક વક્તા તરીકે સમગ્ર દેશમાં પ્રસિદ્ધ હતા. તેમના ધીરગંભીર વક્તૃત્વથી વિરાટ મેદનીમાં શાંતિ સ્થપાઈ જતી; અને કઠોર હૃદયોમાં દેશભક્તિ, દાનશીલતા, દેશસેવા તથા કુરબાનીની ઉત્કૃષ્ટ ભાવના પેદા થતી અને હજારોની માનવમેદની મંત્રમુગ્ધ થઈ જતી. તેમણે પોતાની ઉજ્જ્વળ દેશભક્તિ અને તીવ્ર કર્તવ્યભાવના સહિત ભારતની રાષ્ટ્રિય પ્રવૃત્તિઓનું વર્ષો સુધી નેતૃત્વ લીધું હતું. ◘

અમારી વેદનાઓની ખબર ના આંખને પડજો,
જુદાઈના હિમાળાનું શિખર તો આભને મળજો.

— ચન્દા રાવળ

દીનબન્ધુ એન્ડ્રુઝ એક વાર શાન્તિનિકેતનમાં રવિવારે ફરતા હતા ત્યારે એક ખ્રિસ્તી પાદરી એમને મળ્યા. પાદરીએ આસપાસમાં ક્યાંય ચર્ચ નથી તેનું આશ્ચર્ય વ્યક્ત કરતાં એન્ડ્રુઝને કહ્યું, 'તમે રવિવારની પ્રાર્થના ક્યાં કરો છો?' ત્યાર પછી થોડી વારમાં શાન્તિનિકેતનના વિદ્યાર્થીઓ આવ્યા એટલે એમને ભણાવવાનું શરૂ કર્યું. આખો દિવસ ભણાવ્યા પછી એન્ડ્રુઝે પેલા પાદરીને જણાવ્યું, 'જ્યાં આ વિદ્યાર્થીઓ એકત્ર થયા છે તે આ સ્થળ મારે માટે ચર્ચ છે અને એમને ભણાવવા એ મારી પ્રાર્થના છે.'

*

વિશ્વનું સૌથી મોટું શહેર લંડન અને સૌથી સુન્દર શહેર પૅરિસ છે.

*

ઘઉંના લોટની કણક બાંધતી વખતે તેમાં પાણીને બદલે બે-ત્રણ ચમચા દૂધ અને પનીર નાખી લોટ બાંધશો તો રોટલી મુલાયમ બનશે.

*

હળદર અને મુલતાની માટીના મિશ્રણનો લેપ કરવાથી મચકોડનો સોજો ઊતરે છે.

*

સાધારણ કબજિયાતવાળી **વ્યક્તિ જો** એક ચમચી આમળાનું ચૂર્ણ રાત્રે સૂતી વખતે લેવાનું રાખે તો સવારે મળ સાફ આવે છે.

*

થોડા મહિના પહેલાં કચ્છમાં થએલા વાવાઝોડાને કારણે સમુદ્રમાં ૩૦ થી ૩૫ ફૂટ ઊંચાઈનાં મોજાં જોવા મળ્યાં હતાં, પણ ૧૯૩૩માં ફેબ્રુઆરીની છઠી અને સાતમી તારીખે અમેરિકાના એક ટાપુ પર ૧૧૨ ફૂટ ઊંચાં મોજાં આવ્યાં હોવાનું નોંધાયું છે.

'આંખ'ના રૂઢપ્રયોગો

- આંખ આડા કાન કરવા - સાંભળ્યું ન સાંભળ્યું કરવું.
- આંખ ઊઘડવી, ખૂલવી - સાવધાન કે સતેજ થવું.
- આંખ ઊંચી કરવી, કાઢવી, ચડાવવી, દેખાડવી, ફેરવવી, બતાવવી, લાલ થવી - ગુસ્સે થવું, ધમકાવવું.
- આંખ-કાન ખુલ્લાં રાખવાં - સાવધ - સાવચેત રહેવું.
- આંખ ચડી જવી - ગુસ્સો કે ગર્વ થવો.
- આંખ ચોરવી - નજર ચુકાવવી, થાપ આપવી.
- આંખ ટાઢી થવી - ઠરવી - સંતોષ કે નિરાંત વળવી, પસંદ પડવું.
- આંખ તળે કાઢવું - જોઈ લેવું, તપાસી લેવું.
- આંખની કીકી - અતિ પ્રિય.
- આંખ ફાટવી - અતિ આશ્ચર્યથી જોવું.
- આંખ ભારે થવી - ઊંઘ આવવી.
- આંખ મારવી - ઈશારો કરવો.
- આંખે આંખ થવી , આંખો ચાર થવી .
- આંખ મીચોલી, તારા - મૈત્રક થવું, જોવું.
- આંખમાં આવવું - નજરે ચડવું, અદેખાઈ ઊપજવી.
- આંખમાં ધૂળ નાખવી - છેતરવું, ઠગવું.
- (ઊડીને) આંખે વળગવું, બાઝવું - ખૂબ સુંદર હોવું.
- **આંખે ચડવું** - એવું દેખાવું કે અદેખાઈ થાય.
- **આંખો મીચીને** - ઊંધું ઘાલીને, સડેડાટ.

*

'તમારું સંગીત સાંભળીને મને નવાઈ લાગે છે.'

શું વાત કરું ? હું રૂપિયા દસ હજારની ફી ચૂકવીને ગાતાં શીખ્યો છું!'

'તો તો તમારે મારા પાડોશીને જરૂર મળવું જોઈએ.'

'જરૂર. એ સંગીતકાર છે ?'

'ના, વકીલ છે. એ તમારી ફીના રીફંડ માટે ચોક્કસ અરજી કરી આપશે.'

પોતાની ઇચ્છા પ્રમાણે સંસાર ગોઠવાઇ જાય તે પુણ્યાઇ જાણવી. ઇચ્છા પ્રમાણે ન રચાય તો તે જે પ્રમાણે રચાય તેમાં સહજ પ્રકૃતિથી અનુકૂળ થઇ જવું તે મોટાઇ જાણવી. ઇચ્છા પ્રમાણે જ સંસારની રચનાનો આગ્રહ રાખવો તે આપદા અંગડાઇ જાણવી. ઇચ્છા પ્રમાણે સંસાર નહિ રચાયાનો અજંપો સેવવો તે અવળચંડાઇ જાણવી.

(બાપાલાલ મનસુખલાલ)

રોજ પાંચ ખજૂર ખાવાથી શરીરમાં લોહતત્ત્વ અને લોહી વધે છે.

*

ઊંટ ઊનાળામાં ૧૨ અને શિયાળામાં ૧૯ દિવસ સુધી પાણી વિના ચલાવી શકે છે. તે ખોરાક અને પાણી લીધા વિના ૪૦૦ રતલ વજન સાથે ૧૪ દિવસ સુધી રોજના ૪૦ માઈલ ચાલી શકે છે.

*

'અંબ્રેલા' શબ્દ મૂળ ઇટાલિઅન ભાષાનો શબ્દ છે તેનો અર્થ થાય છે 'છાંયડો'.



કલાકણિકા : ૧૭મી સદીમાં ફ્રાન્સના કારીગરે તૈયાર કરેલું કલાત્મક તાળું, જે હાલ 'વિક્ટોરિયા ઍન્ડ આલ્બર્ટ મ્યૂઝીઅમ'માં પ્રદર્શિત છે.